# યોનેકો

## પ્રસન્નતાની પુત્રી



2BG47

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

103

# યોનેકો

[ડાંગરની દીકરી - પ્રસન્નતાની પુત્રી]

■ લેખિકા :

યોનેકો તાહારા

■ અનુવાદક :

ભગવતપ્રસાદ ચૌહાણ


OPERATION MOBILISATION (India)
Cama's Cold Storage, 1st Floor,
Sun Mill Compound,
Lower Parel, BOMBAY 400 013

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ
(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી)
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ટેલિફોન નં. ૪૪૫૨૮૧

■ **પ્રકાશકો :**
Operation Mobilisation (India)
Cama's Cold Storage, 1st ,
Sun Mill Compound,
Lower Parel, Bombay 400 013

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

# યોનેકો

[ડાંગરની દીકરી - પ્રસન્નતાની પુત્રી]

પ્રથમ આવૃત્તિ - જૂન, ૧૯૮૩
નકલ ૩,૦૦૦
**કીમત રૂા. ૧૫/-**
પુનઃ મુદ્રણ - જૂન ૧૯૯૪
નકલ ૩,૦૦૦

**Computerised Typesetted & Printed By :**
*JENSON COMPUTERS,*
A/4, Bethlehem Flats, Patelwadi, Khokhra,
Maninagar(E)-380008. **Phone : 34 76 41**

# નિવેદન

યોનેકો એટલે પ્રસન્નતાની પુત્રી. માણસમાં નામ પ્રમાણે ગુણ હોય એવી અપેક્ષા કદાચ વધારે પડતી કહેવાય, છતાંય 'ડાંગરની દીકરી' ની આ આત્મકથામાં વેદનાના ઓથાર નીચે પણ પ્રચ્છન્ન પ્રસન્નતા લહેરાતી દેખાય છે. આ કથા જીવનની સમસ્યાઓથી ત્રાસી જતી અને વર્તમાન ઔદ્યોગિક કે અશાંત યુગના અનેક યુવાનોની જેમ આપઘાતને માર્ગે વળી જતી એક જાપાની યુવતીની આત્મકથા છે. (પુસ્તકમાં જાપાની સમાજનું અચ્છું રેખાચિત્ર નિરૂપાયું છે). ચામત્કારિક રીતે તેનો બચાવ થાય છે અને તે પછીની તેના rehabilitation - જીવનના નવનિર્માણ - ની કથા તો સાચ્ચે જ હૃદયસ્પર્શી છે, ચિત્રાત્મક છે ને ખરા અર્થમાં પ્રેરણાદાયી છે. ઈસુ ખ્રિસ્તમાં અનેક વેદનાપીડિત ને હૃદયભંગિત, કહો કે, નિરાશાની ઊંડી ખીણમાં ડૂબેલાં માણસો નવું જીવન, નવો ઉત્સાહ ને નવો આનંદ પ્રાપ્ત કરે છે. બબ્બે વિશ્વયુદ્ધનો ભોગ બનેલી આ પેઢી મુખ ઉપર ભલે પ્રસન્નતા લહેરાવતી હોય પણ તેના હૃદય ઉપર વેદના, હતાશા, તનાવ ને તંગદિલી, સત્યદર્શનનો અભાવ ને માનવતાનો હ્રાસ જેવા અનેક ઓથારો પડેલા છે, તેવા સમયે આવાં પ્રેરણાત્મક સચ્ચરિત્રો સાચું માર્ગદર્શન પૂરું પાડશે તે નિઃશંક છે.

વેદના દ્વારા પણ વિજય મળી શકે ને અપંગાવસ્થા દ્વારા પણ ઈશ્વરની નિકટતા પામી શકાય તેવું વાસંતીદર્શન આ પુસ્તકમાંથી સાંપડે છે. આશા છે કે દર્શનભૂખી ને જ્ઞાનપિપાસુ એવી ગુજરાતની યુવાન પેઢીને આ પુસ્તકમાંથી ઘણું ઘણું જીવનભાથું પ્રાપ્ત થશે.

પુસ્તકપ્રકાશનની મંજૂરી આપવા માટે તથા પ્રકાશનમાં સહભાગી થવા માટે Operation Mobilisation નો આભારી છું. ગુજરાતી આવૃત્તિના પ્રકાશન માટે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

૭-૫-૧૯૮૩

- ભગવતપ્રસાદ ચૌહાણ

# અનુક્રમ


| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૧ | ૧ |
| ૨ | ૧૪ |
| ૩ | ૨૨ |
| ૪ | ૩૬ |
| ૫ | ૫૦ |
| ૬ | ૬૦ |
| ૭ | ૭૪ |
| ૮ | ૯૪ |
| ૯ | ૧૦૪ |
| ૧૦ | ૧૧૫ |
| ૧૧ | ૧૨૭ |
| ૧૨ | ૧૩૯ |
| ૧૩ | ૧૫૧ |

# સ્વ. વિલ્યમભાઈ જેકબભાઈ માસ્ટર

જન્મતારીખ : ૨૫-૭-૧૯૧૭

મૃત્યુ તારીખ : ૧૯-૨-૧૯૮૨



હાલ અમેરિકામાં સ્થાયી થયેલા આપણા કાયમી દાનવીર એવા શ્રી ડેવિડભાઈ માસ્ટર તરફથી તેમના ભાઈ સ્વ. શ્રી વિલ્યમભાઈ જેકબભાઈ માસ્ટરના સ્મરણાર્થે આ પુસ્તકના પ્રકાશન માટે રૂ. ૫૦૦૦/- નું ઉમદા દાન મળ્યું છે, તે માટે પરમકૃપાળુ ઈશ્વરપિતાને નામે શ્રી ડેવિડભાઈ માસ્ટરનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

# પ્રકરણ : ૧

મેં જ્યારે મારા ઘરનું પ્રવેશદ્વાર ઉઘાડવાનો પ્રયત્ન કર્યો ત્યારે મારા ભારે આશ્ચર્ય વચ્ચે તે તરત જ ઊઘડી ગયું. મારા અંગૂઠા અને આંગળીઓ વચ્ચે હજી તો હેન્ડલ હતું ત્યાં તો મારા મનમાં ગભરાટ ફેલાયો. છેલ્લા ત્રણચાર વખત હું મારા ખ્રિસ્તી મિત્રો સાથે બહાર ગઈ હતી ત્યારે દરવાજાને તાળું મારી તેને બંધ કરી દેવામાં આવ્યો હતો, અને મને બહાર રહેવા માટે વિવશ કરવામાં આવી હતી. પરંતુ આજે બધી બારીઓ ખુલ્લી હતી અને સર્વત્ર વીજળીનો પ્રકાશ ઝળહળી રહ્યો હતો. અકીતોશી સાઈકલ પર બેસાડી મને અહીં મૂકવા આવ્યા હતા.

મેં તેમના કાનમાં ધીમેથી કહ્યું, "મારા માટે પ્રાર્થના કરજો."

મારું સમસ્ત કુટુંબ બેઠકખંડમાં ઉપસ્થિત હતું. મારા આદરણીય પિતાજી, મારા બંને ભાઈઓ અને બહેન કાર્પેટ પર અર્ધવર્તુળાકારે બેઠાં હતાં. તે બધાંનાં મુખ બારણા તરફ હતાં. તે બધાં મારી સામે કરડી આંખે ઘૂરકીને જોઈ રહ્યાં. એક વર્ષ પહેલાં મેં રેલવે ટ્રેઈન આગળ પડતું મૂકી આત્મહત્યા કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો, ત્યાર પછી આ પ્રથમ જ પ્રસંગ હતો. મારા પિતાની ક્રોધથી લાલચોળ એવી આંખોમાં કશો દયાભાવ કે કશું દુ:ખ દેખાતું ન હતું. તેમણે મારા કપાઈ ગયેલા પગ, ગાયબ થયેલો ડાબો હાથ અને જમણા હાથનો બચી ગયેલો અંગૂઠો અને બે આંગળીઓ પ્રત્યે ઉપેક્ષા દાખવી.

મારા પિતા કાયમથી ઈસુ ખ્રિસ્તમાં ઊગેલ મારા વિશ્વાસના અને અમેરિકનો સાથેના મારા સંબંધોના વિરોધી રહ્યા હતા, પરંતુ આત્મહત્યા માટેના મારા નિષ્ફળ પ્રયાસ પછીના એ કષ્ટદાયક દિવસો પછી મારા મુખ પર પાછા ફરેલા સ્મિતને અને જિંદગીમાં ફરી જાગેલા મારા રસને નિહાળીને તે એટલા આભારવશ બન્યા હતા કે, તેમણે ટીકાનો એક શબ્દ સરખો ઉચ્ચાર્યો નહોતો. પરંતુ હવે પરિસ્થિતિ એ સીમાએ પહોંચી

હતી કે તેમણે કશુંક તો કરવું જ પડે.

મને વિચાર આવ્યો કે જો હું અઢાર વર્ષની હોત, અને મારા પિતાને આધીન એવી જાપાની યુવતી હોત, તો ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરવા માટે મેં મારા ધર્મનો ત્યાગ કર્યો ન હોત. ને મારા નવા મસીહી મિત્ર અકીતોશી તાહારા સાથે પેલા 'શાપિત' અમેરિકનોએ યોજેલી સભાઓમાં જવાનો પ્રયત્ન કર્યો ન હોત. મને શેરીઓમાં લઈ જવાના તેમના પ્રયત્નોનો મેં વિરોધ કર્યો હોત, અને શેરીઓમાં ટ્રાક્ટો (ચોપાનિયાં) વહેંચીને અને બીજાંઓને ઈસુ ખ્રિસ્તે મારે વિશે જે કર્યું છે તેની વાતો કહીને મારા પિતાને અને મારા પરિવારને તેમના અભિપ્રાય પ્રમાણે ઉપહાસપાત્ર બનાવ્યાં ન હોત.

મેં કાંપતે અવાજે મારા પિતા સાથે વાત કરવાનો અને સ્મિત કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમના ચહેરા પર સ્વીકૃતિનો કોઈ ભાવ દેખાયો નહિ, જાણે કે તેમણે મને જોઈ જ નથી કે મારું કહ્યું સાંભળ્યું જ નથી ! અકીતોશી તાહારા બારણા પાસે ખચકાટ અનુભવતા ઊભા હતા અને ત્યાંથી જતા રહેવું કે કેમ તે અંગે તેમના મનમાં મૂંઝવણ હતી. તે મારા પરિવાર સામે મને એકલી મૂકીને ચાલી જવા માગતા ન હતા. તેવામાં મારા એક ભાઈએ ક્રોધમાં ઊભા થઈને ઝટકા સાથે બારણું બંધ કરી દીધું. આ રીતે મારા મિત્રને આ અણગમતા દશ્યના દર્શનથી વંચિત કરી દીધા.

"યોનેકો, અહીં આવ," મારા પિતાએ કઠોર વાણીમાં ફરમાન કર્યું, "અહીં વચમાં બેસ."

મેં પિતાની આજ્ઞાનું પાલન કર્યું, જોકે આવી પરિસ્થિતિનો મેં ક્યારેય અનુભવ કર્યો ન હતો. મારું સમગ્ર અસ્તિત્વ ધ્રૂજી ઊઠ્યું. મારા પિતા કંઈક વિશેષ કહેવા માગતા હતા, પરંતુ તે લગભગ એક મિનિટ સુધી ચૂપ રહ્યા. હું હતાશ અવસ્થામાં પ્રાર્થના કરતાં કરતાં પ્રતીક્ષા કરતી રહી.

"અમારે એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત ઉપર તારી સાથે વાતચીત કરવી છે," તેમણે કઠોરતાથી કહ્યું. "અમે ઘણા સમયથી ધીરજ રાખી છે, અમે માનતા હતા કે તું હોશમાં આવશે અને આ પાશ્ચાત્ય ઈશ્વરને

ભૂલી જશે. હવે અમે વધુ રાહ ન જોવાનો નિર્ણય કર્યો છે. તારે આ ખ્રિસ્તી ધર્મ છોડવો જ પડશે."

મેં એટલે મોટેથી શ્વાસ લીધો કે બધાંને તે અવાજ સંભળાયો. મને આ પારિવારિક મિલનના હેતુ અંગે શંકા તો પડી જ ગઈ હતી. પરંતુ મારા પિતાએ તે વાતને શબ્દોમાં વ્યક્ત કરી, ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે આવા વિરોધના સામના માટેની મારી તૈયારી અત્યંત નબળી હતી. જો તેઓ મને ઈસુ ખ્રિસ્તનો ત્યાગ કરવાનો કે ઘર છોડવ:નો આદેશ આપે તો હું શું કરીશ ? મારું ગુજરાન ચલાવવા માટે હું કોઈ નોકરી પણ મેળવી શકું તેમ ન હતી. હું તો ઘરમાં પણ મારી પોતાની દેખભાળ કરવા માટે પણ અસમર્થ હતી. મારા કપાળ પર પ્રસ્વેદબિંદુઓ જામી ગયાં, અને મેં મારા હાથ વડે પરસેવો લૂછ્યો.

"મેં નિર્ણય કરી લીધો છે કે તારે ખ્રિસ્તી ધર્મથી દૂર રહેવું પડશે," તેમણે કહ્યું. "તેનાથી આ ઘરમાં જે મુશ્કેલીઓ ઊભી થાય છે તે આપણા કુટુંબને છિન્નભિન્ન કરી નાખશે. તારાથી પાછા નહીં જવાય. હવેથી એ સભાઓમાં જવાની તને રજા મળશે નહિ." મેં મારા પિતાને ક્યારેય આટલા ક્રુદ્ધ જોયા નહોતા. જ્યારે તે મારા ભાઈઓ સાથે કૉલેજ માટેના પૈસા અંગે ચર્ચા કરતા ત્યારે પણ તેમની વાણીમાં આટલો ક્રોધ વરતાતો નહોતો. "તું એ દુષ્ટ લોકોને ફરી કદી આપણા ઘરમાં પ્રવેશ નહિ આપી શકે."

મેં એક પછી એક બધાંના ચહેરા સામુ જોયું. તેમની આંખોમાં સ્પષ્ટ રીતે ધૃણા તરવરતી હતી. આ પહેલાં મારા વિરોધમાં મેં કદી તેમને આટલાં એક થયેલાં જોયાં નહોતાં. મારું હૃદય કાંપવા લાગ્યું. હું એકદમ ઉદાસ બની ગઈ.

મારા પિતા કંઈક વધુ કહે તેની હું પ્રતીક્ષા કરતી હતી, પણ તેમણે પોતાની વાત પૂરી કરી હતી. પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો. હવે ઉત્તર આપવાનો મારો વારો હતો. તેમની મારી પાસે શી અપેક્ષા હતી તે અંગે મારા મનમાં કશું સ્પષ્ટ ન હતું. મારા ભાઈઓને તો પૂરો વિશ્વાસ હતો કે હું દબાણ સામે ઝૂકી પડીશ. તેઓ આત્મવિશ્વાસથી મારી સામે

જોઈ રહ્યા હતા. તેમને તો ખાતરી હતી કે હું મારી ભૂલ કબૂલ કરીશ અને મારા મસીહી મિત્રોનો તથા ચર્ચ(પ્રભુમંદિર)માં થનારી સભાઓનો ત્યાગ કરવાનું વચન આપીશ.

પરંતુ તેઓ હજુ મને પૂરેપૂરી ઓળખતા ન હતા. તેઓને દ્રઢતા પ્રદાન કરવાની મારા ઈશ્વરની શક્તિની ખબર ન હતી. હજુ થોડી ક્ષણો પહેલાં જ મારા મનમાં ભયંકર ભય છવાઈ ગયો હતો, અને હું કાં તો ખ્રિસ્તનો ત્યાગ અથવા ઘરમાંથી કાઢી મુકાવાની સંભાવના પર ગંભીરતાપૂર્વક વિચાર કરતી હતી. પરંતુ હવે મારું હ્રદય અકળ શાંતિથી ભરાઈ ગયું હતું. મારી ધ્રુજારી હવે બંધ થઈ ગઈ હતી અને તેથી મને મનમાં શાંતિ અને રાહતનો અનુભવ થતો હતો.

વાસ્તવિક્તા તો એ હતી કે, તેઓ મારો વિરોધ કરતાં હતાં તેથી હું પ્રસન્ન હતી. હું મારા કુટુંબને ઈસુ મસીહ વિશે સાક્ષી આપવાનો નિર્બળ પ્રયાસ કરતી હતી, પરંતુ તેમને ઈસુ ખ્રિસ્ત વિશે વિશેષ બતાવી શકી ન હતી - આવા નિર્બળ શબ્દો નિષ્ફળ બને તે સ્વાભાવિક હતું. હવે મને મારો વિશ્વાસ વ્યક્ત કરવાની, મારા વિશ્વાસમાં તેમને સહભાગી બનાવવાની તક સાંપડી હતી. એ ક્ષણે તે તક માટે હું આભારી હતી, પરંતુ ભાવિમાં શું છુપાયેલું છે તેની મને કશી ખબર ન હતી !

"પિતાજી, આપ જાણો છો કે મને આપ સર્વ પ્રત્યે અપાર પ્રેમ છે," મેં ગંભીરતાપૂર્વક વાતનો આરંભ કર્યો. "આપ સર્વે મારે માટે જે કંઈ કર્યું છે તે માટે હું આપની આભારી છું, પણ તમને મારાં કાર્યો નથી ગમતાં તેથી મારા હ્રદયમાં પારાવાર વેદના થાય છે. પરંતુ જો આપ ઈશ્વરને મારી પાસેથી છીનવી લેશો તો મારી પાસે કશું જ બચશે નહિ. તેમણે જ મને બચાવી છે અને ફરીથી જીવન જીવવા માટે યોગ્ય આધાર પૂરો પાડ્યો છે. ઈશ્વર વિનાનું મારું જીવન કેવા પ્રકારનું થશે તેની તો હું કલ્પના પણ કરી શકતી નથી."

હું જે કહેતી હતી તે સાંભળીને તેઓ આઘાતથી મૂઢ જેવાં બની ગયાં. તેમને તો સંપૂર્ણ વિજયની આશા હતી. મારું આખું કુટુંબ એક બનીને મારા નવા ધર્મના વિરોધમાં મારી સામે પડ્યું હતું, તેમને ખાતરી

હતી કે હું મારા નવા વિશ્વાસનો ત્યાગ કરીશ. ઈસુ ખ્રિસ્ત મારે માટે આટલા બધા મહત્ત્વપૂર્ણ અને અર્થપૂર્ણ હશે તેની તો તેમનાં મનમાં જરાપણ કલ્પના ન હતી.

આટલું કહેતાં કહેતાં હું રુદન કરવા લાગી. અમારી જાપાની સંસ્કૃતિ લાગણીઓના આવા પ્રદર્શનની વિરોધી છે, તેથી મારા પિતા અને ભાઈઓ મૂંઝાયા, તેમને જાણે કે એક વધુ પ્રતીતિ થઈ કે મેં મારી સૂધબૂધ ખોઈ નાખી છે. છતાં, હું મારાં આંસુને રોકી શકી નહિ. આંસુની ધારા મારા ગાલ પરથી નીચે ઊતરી. મારા શરીરનો ઉપરનો ભાગ કાંપવા લાગ્યો. થોડીક ધ્રુજારીભરી મિનિટો પછી જ હું મારી જાતને કાબૂમાં રાખી શકી, અને તે પછી મેં મારી વાત ફરી શરૂ કરી.

મેં પૂરો આદર બતાવી કહ્યું, "આપે જે કાંઈ મને કહ્યું છે તે સાંભળ્યા છતાં, હું કહું છું કે ખ્રિસ્તી હોવાનો મને આનંદ છે. હું જાણું છું કે, જો ઈશ્વરે મારી રક્ષા કરી ન હોત, તો હું નર્કમાં ચાલી ગઈ હોત. જો ઈસુ ખ્રિસ્તે મારે માટે જે કર્યું છે તે ન કર્યું હોત, તો હું આજે જીવતી પણ ન હોત. મેં હોસ્પિટલમાં જ આત્મહત્યા કરી હતો. તેથી, જો મારે આપનો, આપણા ઘરનો અને ઈસુનો ત્યાગ - આ બેની વચ્ચે પસંદગી કરવાની હશે તો હું સર્વસ્વનો ત્યાગ કરીને મારા ઈસુ ખ્રિસ્તનો - ઈશ્વરનો જ મહિમા કરીશ. હું ખ્રિસ્તને સોંપાઈ ચૂકી છું."

મારો આ નિર્ણય સાંભળી તેઓ આશ્ચર્યચકિત બની ગયાં. મારી વાત સાંભળતાં તેમનાં મુખમાંથી એકે શબ્દ નીકળી શક્યો નહિ. તેમની ધારણાઓ કરતાં મારી પસંદગી જુદી જ હતી. એનું કારણ એ ન હતું કે હું અચાનક જ બહાદુર બની ગઈ હતી. તેમની કઠોર આંખો સામે મારી હિંમત ભાંગી પડી હતી. પરંતુ ઈશ્વરે બાજી સંભાળી લીધી હતી. હું પોતે આમાં સંડોવાઈ છું તે વાતથી પણ હું ભાગ્યે જ સભાન રહી હતી.

"તું અમેરિકનો સાથે કેવી રીતે સંબંધ રાખી શકે ?" મારા ભાઈ યસૂજોએ સ્પષ્ટીકરણ માગ્યું. હવે પોતાના ક્રોધને અભિવ્યક્ત કરવા માટે તેને શબ્દો મળી ગયા હતા. "તેમણે હિરોશિમાનો કેવો વિનાશ કર્યો છે

તે તું જાણે છે ? જાણે કે તે આપણા સર્વની મિત્ર હોય તે રીતે એ અમેરિકન સ્ત્રીને આપણા ઘરમાં પ્રવેશતી આપણા પડોશીઓ જુએ તો તેઓ આપણા વિશે કેવું ધારે ?"

હવે મારા બીજા ભાઈ અકીયોશીએ મને પડકાર ફેંક્યો. તેના શબ્દોમાંથી તેનો ક્રોધી સ્વભાવ પ્રગટ થતો હતો, મારા પર તેના શબ્દો વડે પ્રહાર કરતાં તેણે કહ્યું, "તું અપંગો માટેની તારી પૈડાંવાળી ગાડીમાં બેસી જા અને પેલી અમેરિકન સ્ત્રીને કહે કે એ તને આખા શહેરમાં ફેરવે, તારા બધા મિત્રો અને સંબંધીઓ પાસે તને લઈ જાય, અને તું ત્યાં તારા ખ્રિસ્ત વિશે વાતો કર, અને તારી અને અમારી આબરુનો ધજાગરો બાંધ, એના પર પાણી ફેરવ."

"યોનેકો, શું તું આટલુંયે સમજી શકતી નથી ?" મારા સૌથી મોટાભાઈ યસૂજોએ વાત આગળ ચલાવી. "એ લોકો માત્ર તારો ઉપયોગ કરી રહ્યાં છે. તેઓ તો ભલાં અને માયાળુ હોવાનો દંભ કરે છે. તેઓ કહે છે કે તેઓ તારા પર પ્રેમ રાખે છે, પરંતુ એ સાચું નથી. એમની દયા, એમનો પ્રેમ, માત્ર એમના શબ્દો સુધી સીમિત છે. એમનાં હૃદયમાં તો કંઈ બીજું જ છે. તેઓ તો આપણી પાસેથી કશું મેળવવા માગે છે, અને જ્યારે તે તેમને પ્રાપ્ત થઈ જશે, પછી એ તને કચરાની જેમ ફેંકી દેશે."

જ્યારથી મેં મારા પિતાને જણાવી દીધું હતું કે મારા જીવનમાં મુક્તિદાતા મસીહ પ્રથમ સ્થાને છે, ત્યારથી તે મૌન બની ગયા હતા. હવે તેમણે મસ્તક હલાવી મારા ભાઈની વાતનું સમર્થન કર્યું. તેમણે કહ્યું, "તારા ભાઈઓ જે કંઈ કહે છે તે સત્ય છે. તેઓ તો ધનપ્રાપ્તિ માટે તારો ઉપયોગ કરવા માગે છે. તેઓ ઇચ્છે છે કે લોકો તને વિકલાંગ સમજી, દયાભાવથી પ્રેરાઈ દાન આપે. જ્યારે તેમને લાગશે કે હવે તારો કશો ઉપયોગ રહ્યો નથી, ત્યારે યસૂજોએ કહ્યું તેવું જ થશે. તેઓ તને ઉઠાવીને બહાર કચરાટોપલીમાં ફેંકી દેશે."

"તેમણે રસ્તાઓ પર ક્યારેય નાણાં એકઠાં કર્યાં નથી." મેં વિરોધ વ્યક્ત કરતાં કહ્યું.

મારા આ ઉત્તરથી તો પિતાજીને આંચકો લાગ્યો. તેમને ખાતરી હતી કે વિષય ગમે તેટલો મહત્ત્વપૂર્ણ હોય તોયે હું કદી તેમની આગળ જૂઠું બોલીશ નહિ. છતાં તેમણે કહ્યું, "તારી સાથે તેઓ આટલા સારા સંબંધો રાખે છે તેની પાછળ કોઈ ને કોઈ કારણ તો હશે જ."

"તેનું કારણ તો છે ઈસુ ખ્રિસ્ત," મેં ધીમેથી જણાવ્યું. પરંતુ કોઈએ મારી વાત સાંભળી નહિ. યસૂજો અને અકીયોશી તો એકદમ મોટે અવાજે બોલવા લાગ્યા. તેઓ મને ધમકી આપવા લાગ્યા ને ડરાવવા લાગ્યા. તેઓ તર્ક અને વિવાદથી જે ન કરી શક્યા તે ધાકધમકીથી કરવા માગતા હતા. તેઓ તેમની ઇચ્છા પૂરી શક્યા. હું તેમનાથી ડરી ગઈ. મેં શક્તિ પ્રાપ્ત કરવા ઈશ્વરને પ્રાર્થના કરી અને પછી ફરી બોલવાનું શરૂ કર્યું.

"હું તો માત્ર એટલું જ ચાહું છું કે જે મને મળ્યું છે, તે આપ સર્વને પણ પ્રાપ્ત થાય," મેં અચકાતાં અચકાતાં કહ્યું. " હું તો માત્ર એટલું જ ચાહું છું કે ઈસુ ખ્રિસ્તે જે પ્રસન્નતા મને આપી છે, તે આપ સર્વને પણ પ્રાપ્ત થાય."

તેમની આંખો ક્રોધથી લાલચોળ થઈ ગઈ, અને તેમના કાન પથ્થર જેવા જડ બની ગયા.

અકીયોશીએ જ પ્રથમ પગલું ભર્યું. ક્રોધથી ધ્રૂજતા હાથે તે ઝડપથી મારી તરફ આગળ વધ્યો અને મને એક તમાચો માર્યો. તેનો હાથ જોરથી મારા ગાલ સાથે અથડાયો, અને હું તે પ્રહારથી પડી જતાં માંડમાંડ બચી. મને આઘાત લાગ્યો હોવાથી, સ્થિરતા મેળવવામાં પણ થોડો સમય થયો.

ખંડમાં ઉપસ્થિત બીજી વ્યક્તિઓને પણ મારા જેટલો જ આઘાત લાગ્યો. આ જ વાત ઉપર પહેલાં પણ એક વાર ચર્ચા દરમ્યાન તેણે મને થપ્પડ મારી હતી, પરંતુ પિતાજીની હાજરીમાં પહેલાં આવું ક્યારેય બન્યું નહોતું.

હિચકિચાટ અનુભવતાં મેં મારો બચી ગયેલો એકમાત્ર હાથ ઊંચક્યો . મારી બચી ગયેલી બે આંગળીઓ મારા ગાલ ઉપર મારા ભાઈ અકીયોશીના પ્રહારથી પડી ગયેલ નિશાનીઓ ઉપર ફેરવી. પિતાજીનું મૌન સંમતિસૂચક હતું. મારા હૃદયમાં જે વેદના હતી તેની સરખામણીમાં

આ પ્રહારનું દુ:ખ તો કશી વિસાતમાં ન હતું.

મારું નામ યોનેકો છે - ડાંગરની દીકરી - પ્રસન્નતાની પુત્રી . મારાં દાદીમાએ મારું નામ પાડ્યું હતું. ઘણાં પ્રાચીન નામોમાંથી તેમણે આ નામ પર પસંદગી ઉતારી હતી, જેમાં એવી શુભ કામનાઓ અને પ્રાર્થનાઓ સંમિલિત હતી (અપેક્ષિત હતી) કે મારું જીવન સુખ અને આનંદમાં વીતે. અમારા રાષ્ટ્રમાં અત્યંત ઝડપથી નામકરણવિધિ કરવામાં આવતો નથી. ઘરડાંઓને વિશ્વાસ હોય છે કે નામમાં જીવનને પ્રભાવિત કરવાની શક્તિ છે.

"યોનેકો," મારાં દાદીમાએ સહજભાવે કહ્યું હતું. "આ નામ એવું છે જે તેને જીવનભર સુખી રાખશે અને ૮૮ વર્ષનું દીર્ઘાયુષ્ય ભોગવવામાં તેને સહાયક બનશે."

મારું બચપણ સુખમાં વીત્યું હતું, પરંતુ હું મારા આદરણીય પિતાજી, બંને ભાઈઓ અને મારી બહેનને પ્રસન્નતા પહોંચાડી શકી ન હતી. જો હું આત્મહત્યા કરવામાં સફળ થઈ હોત, તો થોડો સમય શોક કર્યા પછી આ વાસ્તવિકતાથી તેમને આશ્વાસન પ્રાપ્ત થાત કે મેં શાંતિ અને બહાદુરી સહિત મૃત્યુનો સામનો કર્યો હતો.

પરંતુ હું તેમ કરી શકી નહિ.

તે રાત્રે ટોકિયોના રેલવે સ્ટેશન પર મારા મનમાં એવી હલચલ મચી હતી કે હું સ્થિરતાપૂર્વક - સ્પષ્ટતાપૂર્વક વિચાર કરી શકી ન હતી. મારા મનમાં તો એક જ વાત મહત્ત્વપૂર્ણ હતી, અને તે તો એ કે હું કેવી રીતે આ મારા નિરર્થક અને દુ:ખદાયક અસ્તિત્વનો અંત આણી શકું. રેલવે ટ્રેઇન મારા આ હેતુને પાર પાડી શકી હોત, પરંતુ તે તો મારા શરીરને આડુંઅવળું કાપી નાખવામાં જ સફળ થઈ. મારા ઘૂંટણ નીચેના બંને પગ કપાઈને અલગ થઈ ગયા, અને મારો ડાબો હાથ તથા જમણા હાથ પરની બે આંગળીઓ પછીથી કાપી નાખવામાં આવી.

શા માટે હું એટલી બધી ભ્રમિત અને દુ:ખિત બની ગઈ કે જેથી હું મૃત્યુની ઝંખના કરવા લાગી તેની સ્પષ્ટતા કરવી મારે માટે જરૂરી છે. હું મારા પરિવારને કારણે દુ:ખી ન હતી. અમારું તો એક સુખી કુટુંબ

હતું અને મારો બાલ્યકાળ આનંદમાં વ્યતીત થયો હતો.

"યોનેકો," મારા કુટુંબના સભ્યો પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યા કરતા, "દાદીમાએ તેનું પાડેલું નામ કેટલું બધું ઉચિત છે !"

અને દાદીમાના કરચલીવાળા મુખ ઉપર સંતોષનું એક મધુર સ્મિત ફરકી જતું.

કુટુંબના સભ્યો મને કહેતા કે હું મારાં માતાપિતાની સહાય કરવા માટે સદા ઉત્સુક અને તત્પર રહેતી. મારું શાળાજીવન શરૂ થયું તે અગાઉથી મારામાં મદદ કરવાની તત્પરતા દેખાતી. આ ચોક્કસ બધા જ માણસોને વિચિત્ર લાગ્યું હશે. હું સંપૂર્ણ રીતે શિસ્તનો અનાદર કરનાર બાલિકા હતી. મારી માતા તો મને અત્યંત સામાન્ય પ્રકારનાં કાર્યો કરવાનું કહેતી; દા.ત. ઘરની આગળની પરસાળ રોજ સાફ કરવાનું કામ. મારી મોટી બહેન યૂરિકોને વધુ જવાબદારીભર્યાં કામ સોંપાતાં, અને તેને ઘણી વાર સજા પણ થતી. હું તો મારી માની લાડલી દીકરી હતી. તે તો માનતી હતી કે બીજા જેટલી કામ કરવાની અપેક્ષા મારી પાસે રાખી શકાય નહિ; વળી, એ જ્યાં જતી ત્યાં મને સાથે લઈ જતી.

"તમારી પુત્રી ખૂબ સુંદર છે," દુકાનોમાં તેને દુકાનદારો કહેતા.

"ના," તે ઉત્તર દેતી, પરંતુ તેના સ્મિતમાં તેનો ગર્વ બહાર દેખાઈ આવતો. તે કહેતી, "આપની પુત્રી મારી પુત્રીથી અધિક સુંદર છે."

તેનો ઉત્તર સાંભળનારા માણસો તો જાણતા જ હતા કે તે પેલા વાત કરનાર સાથે દેખીતી રીતે સહમત તો થતી, પરંતુ તેના ઉત્તરમાં શિષ્ટાચાર અને નમ્રતા સ્પષ્ટ રીતે જણાઈ આવતાં. મારા પિતાને આવી વાતો સાંભળવી ગમતી નહિ, અને ઘણી વાર તે કંઈ બબડીને પોતાનો વિરોધ પ્રદર્શિત કરતા. મારી માતા પિતાજીના વિરોધી સૂરોને પોતાના મનમાં સ્થિર થવા દેતી નહિ. તે તો આજ્ઞાપરાયણ જાપાની પત્ની હતી, અને પતિની નાનામાં નાની ઇચ્છા સંતોષવા તૈયાર રહેતી, પરંતુ હું તેના માટે એટલી બધી મહત્ત્વની અને લાડલી હતી કે મારી કોઈ બાબતમાં કશી ત્રુટિ કે દોષ અંગે સાંભળવાનું તેને ગમતું નહિ.

"તે અત્યંત સુંદર છે તેથી લોકો તેને સુંદર કહેવાના જ," તે મારા પિતાને કહેતી.

"પરંતુ આંતરિક સૌંદર્ય વિશેષ મહત્ત્વનું હોય છે."

મારી માતાએ મારી ક્ષતિઓ શોધી તેને સુધારવી જોઈએ તેવું મારા પિતા મારી માતાને સમજાવી શકતા નહિ.

પછી તો હું શીખી ગઈ કે ઘરમાં તો શું પણ પડોશમાં પણ હું મારી ઈચ્છા પ્રમાણે વર્તી શકતી. માત્ર મારે મારી મા પાસે આંસુ સારવાં પડતાં. જો મારે મારા કોઈ મિત્ર કે સાથી સાથે ઝઘડો થઈ જતો તો હું રડતી રડતી ઘેર દોડી દતી. અને મારી મા જેમ કોઈ રીંછમાતા પોતાના બચ્ચાને બચાવવા માટે ઊછળી પડે તેમ મારા બચાવ માટે દોડતી. તેને લાગતુંવળગતું હોય ત્યાં સુધી હું કશું ખોટું કરવા માટે અસમર્થ હતી.

જો કોઈથી મને કશુંયે વાગી જાય તો તે તેનાથી સહન થતું નહિ. કેટલી બધી વાર એવું બન્યું હશે કે જ્યારે મારી માતા મારો હાથ પકડીને જેની સાથે ઝઘડો થયો હોય તેને ઘેર મને લઈ જતી અને મારે માટે લડાઈ જીતી આવતી.

મને ઘણીબધી વાતો યાદ આવતી નથી, પરંતુ આવી સુરક્ષા અને લાડકોડને પરિણામે હું અતિ ગર્વિષ્ઠ બની ગઈ હોઈશ. આવું હોવા છતાં, હું મારાં માબાપને પ્રસન્ન રાખવા માગતી, અને તેઓ કહે કે ના કહે, પરંતુ હું હંમેશાં તેમનાં કામો કરતી.

જ્યારે સંધ્યા સમયે હું મારા પિતાજીને તેમના કામ પરથી ઘેર પાછા આવતા જોતી કે દોડીને રસોડામાંથી તેમની એશ-ટ્રે લઈ આવતી. ઘેર આવતી વખતનો તેમનો વ્યવહાર લગભગ એકસરખો રહેતો. મારી માતા સાથે અભિવાદન કરી શકે અને પોતાના બૂટ ઉતારી માએ આણેલાં ચંપલો પહેરી લે ત્યાં સુધી તે દ્વાર પાસે થોભતા.

અમારું જાપાની અભિવાદન અમેરિકન કે યુરોપનાં ઘરોમાં જોવા મળે છે તેવું સીધુંસાદું હોતું નથી. તેમાં પણ ચોક્કસ વિધિ હોય છે, અને તે પરાપૂર્વથી ચાલ્યું આવે છે. કહો કે તેનો એક પગ ભૂતકાળમાં હોય છે. જોકે કેટલાંક અદ્યતન કુટુંબોમાં આવા રિવાજો બદલાઈ રહ્યા

છે. કારણ, તેમના ઉપર પાશ્ચાત્ય સંસ્કૃતિએ સીધી અસરો પહોંચાડી છે. પરંતુ અમારું કુટુંબ તો અમારા ટાપુઓને ઘેરીને પડેલા સાગર જેવું કે ફ્યુજીયામા પર્વત જેવું અવિચળ હતું.

થોડુંક નમીને મારી મા કહેતી, "સ્વાગતમ્."

પછી તે મારા પિતાની બ્રીફકેસ લઈ લેતી, અને એમના હાથમાં બીજું જે કંઈ હોય તે પણ ઊંચકી લેતી, અને પછી પોતે આણેલાં પિતાજીનાં ચંપલ તેમને આપતી, જેથી તે પોતાના બૂટ કાઢીને પહેરી શકે.

"ઓફુરો (જાપાનીઝ સ્નાન) તૈયાર છે, શું આપ પહેલાં જમશો કે પછી કશું પીણું લેવાનું પસંદ કરશો ?"

હું પણ ગુપચુપ પાસે જ ઊભી રહેતી. હું જાણતી હતી કે મારે તેમના નિયમિત કાર્યક્રમમાં કશી ખલેલ પહોંચાડવી જોઈએ નહિ. પછી હું કલાત્મક બનાવટનું એક માટીનું પાત્ર મારા બંને હાથોમાં ઊંચકીને તેમની તરફ લઈ જતી.

તેમના મુખ પર સ્વીકૃતિનું એક મંદ સ્મિત ફરકી રહેતું. મને થતું કે તેમના મનોરંજનમાં મારું પણ નાનુંઅમથું યોગદાન છે. શતાબ્દીઓથી આ અમારી સભ્યતા છે. સુશિક્ષિત જાપાનીઓએ શાંતિ અને સ્વસ્થતા પ્રદર્શિત કરવી જોઈએ. પિતાજી માટે તો આ સવિશેષ સત્ય હતું, કારણ, તેમનો એક પગ ભૂતકાળમાં હતો અને એક પગ વર્તમાનકાળમાં.

"મને તારા પર પ્રેમ છે," મેં મારા પિતાજીને એવું ક્યારેય કહેતા સાંભળ્યા ન હતા. તેમણે ક્યારેય મને ગોદમાં ઊંચકી લીધી હોય કે મને ચુંબન કર્યું હોય તેવું મને યાદ નથી. લાગણીઓના આવા અશિષ્ટ પ્રદર્શનથી તો કુટુંબના સભ્યો સમક્ષ તેમને ગૌરવ ગુમાવવું પડે ! ઘરમાં આવ્યા પછી ફર્શ પર મૂકેલી એક ગાદી તરફ તે ઇશારો કરતા. આ ગાદી તો માત્ર તેમને માટે જ ખાસ અલગ રાખવામાં આવતી. તે તો તેમના સ્થાનની સૂચક હતી, કારણ, તે જ આ ઘરના વડા હતા. તેમના પિતાને પણ આ ઘરમાં તેમના જેવું જ સન્માન અપાતું. હવે પિતાજી તે સન્માનના અધિકારી બન્યા હતા. હવે, તેમના પછી તેમના પુત્રોને તેમનાં કુટુંબોમાં એવું જ માન પ્રાપ્ત થશે.

"કૃપા કરી તેને ત્યાં મૂક," તેમણે મને કહ્યું. જોકે પોતાના પદની મર્યાદાને અનુરૂપ તેમની વાણીને અંકુશમાં રાખવાનો તેમણે પ્રયાસ કર્યો. પરંતુ તેમના અવાજમાં રહેલી કોમળતાએ મને પ્રતીતિ કરાવી કે પિતાજી મને ચાહે છે. અને તરત જ તેમના પ્રતિ મારો પ્રેમ છલકાઈ ઊઠ્યો. તેથી જ, હું તેમને માટે એસ- ટ્રે લાવવા જેવાં નાનાંમોટાં કામો કરવામાં પ્રસન્નતા અનુભવતી.

પિતાજી બેસતા તે કાર્પેટ પામે મેં એશ-ટ્રે મૂકી. ત્યાં તેઓ હંમેશાં રાત્રિભોજન પહેલાં સિગારેટ પીવા બેસતા. જ્યારે ભોજન તૈયાર થઈ જતું, ત્યારે અમારું કુટુંબ એક નીચા ટેબલ પાસે જમવા માટે બેસતું.

ટેબલ પાસે બેસવા માટે પણ એક ચોક્કસ વ્યવસ્થા હતી. પિતાજી, કુટુંબના વડા તરીકે સૌથી મહત્ત્વના ઊંચા સ્થાને બેસતા. મા રસોડા પાસે બેસતી, જેથી તે કુટુંબના સભ્યો માટે ખાદ્યસામગ્રી લાવીને પીરસી શકે. સૌથી મોટો પુત્ર યસૂજો પિતાજી પાસે બેસતો. બાળકોમાં તેનું સૌથી વિશેષ મહત્ત્વ હતું. તેની પાસે અકીયોશી, તે પછી યૂરિકો અને તે પછી હું, એમ બેઠક વ્યવસ્થા રહેતી. છોકરીઓ હોવાને કારણે મહત્ત્વની વાતોમાં અમને સામેલ કરવામાં આવતી નહિ.

માએ મારી પ્લેટમાં માછલીનો એક ટુકડો મૂક્યા. તે ટુકડો જોતાં જ મેં નાક મચકોડ્યું. આમ તો અમારા ઘરમાં માછલી ઘણી વાર રંધાતી નહિ, પરંતુ તેમ છતાં મને તે બહુ ભાવતી નહિ.

"પિતાજી, આમાંથી કાંટા કાઢી આપશો ?" મેં મારા પિતાને પૂછ્યું.

તેમણે મારી પ્લેટ લીધી અને પોતાની ચોપસ્ટીક વડે માછલીના નાના નાના ટુકડા કર્યા, જેથી તે કાંટા દૂર કરી શકે. હું અધીરતાપૂર્વક, શરમની મારી, સંકોચાઈને તેમની સામે જોઈ રહી.

"શી વાત છે, યોનેકો ?" અકીયોશીએ જાણવા માગ્યું. તે યસૂજો કરતાં બે વર્ષ નાનો હતો. જોકે હજુ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો છતાં તે મને પુરુષ જેવો મોટો અને પિતાજી જેવો જ્ઞાની અને મહત્ત્વપૂર્ણ લાગતો. "શું તને ડર છે કે પિતાજી તારી માછલી ખાઈ જશે ?"

મેં તેની પજવણીની ઉપેક્ષા કરી. બે ભાઈઓ હોવાથી, તે ચીઢવે તેથી હું ટેવાઈ ગઈ હતી. "પિતાજી, શું તમે બધા કાંટા કાઢી નાખ્યા ?" મેં પૂછ્યું.

"મેં બધા કાંટા દૂર કર્યા છે," તેમણે કહ્યું, "હવે કાંટા ગળામાં ભરાઈ જશે તેવી બીક રાખવાની તારે જરૂર નથી."

"શું ઝીણા ઝીણા કાંટા પણ ?" મેં પૂછ્યું.

"હા, નાના કાંટા પણ."

"યોનેકો ક્યારેય પરણી નહિ શકે," યૂરિકોએ કહ્યું. "તેને તો આખી જિંદગીભર પિતાજી સાથે રહેવું પડશે, જેથી પિતાજી તેની માછલીમાંથી કાંટા કાઢી શકે."

"કદાચ પિતાજીને તેના પતિને માછલીમાંથી કાંટા કાઢવાનું શીખવવું પડશે," યસૂજોએ કહ્યું.

"હું લગ્ન કરીશ ત્યારે માછલી ખાવાનું બંધ કરી દઈશ," મેં ઉત્તર આપ્યો.

"માછલી તો તારે ખાવી જ પડશે. પિતાજી તારાં લગ્ન માછલીના એક વેપારીના પુત્ર સાથે ગોઠવી રહ્યા છે." અકીયોશીએ માહિતી આપતાં કહ્યું.

મારા ગાલ લાલ થઈ ગયા. "હું મારાં લગ્ન મારી જાતે ગોઠવીશ," મેં જણાવ્યું.

માની આંખો ક્રોધથી સંકોચાઈ. તેની નારાજગી મારા પ્રત્યે નહિ , પરંતુ મારા ભાઈ અકીયોશી પ્રત્યે હતી. છતાં, તેણે કશું કહ્યું નહિ. ભાઈઓને ચૂપ કરવાનું કામ પિતાજીનું હતું. તે જ ઘરના મુખ્ય માણસ હતા. છતાં, જાણે એકે શબ્દ સાંભળ્યો જ ન હોય, તેમ તેમણે કશું બોલ્યા વિના મારી પ્લેટ મને પાછી આપી.

# પ્રકરણ : ૨

મારા પિતાને અને મને એકબીજા પ્રત્યે પ્રેમ હતો, પરંતુ માતા પ્રત્યે જેટલી નિકટતા હતી તેટલી તેમના પ્રત્યે ન હતી. હું તેમને એક એવી વ્યક્તિ તરીકે ઓળખતી હતી, જેમનો અધિકાંશ સમય ઘરની બહાર વ્યતીત થતો હતો. સવારમાં હું ઊઠું તે પહેલાં તે ઘરમાંથી નીકળી જતા અને રાતે મારી સ્કૂલ છૂટી જાય તે પછી આવતા.

તે મારી સાથે બહુ જ ઓછી વાત કરતા; અને મારી શાળા કે મારા મિત્રોમાં બહુ ઓછો રસ બતાવતા. જોકે આનાથી મને કશી નિરાશા ઊપજતી નહિ. મોટા ભાગના જાપાની પુરુષોની જેમ તે પોતાની લાગણી ઝટ વ્યક્ત ન કરનાર કે સંકોચશીલ હતા. તે પોતાના પિતાની જેમ પોતાની પત્ની અને સંતાનો ઉપર નમ્ર એકાધિકારથી શાસન કરતા.

મારા ભાઈઓ સિવાય તે બીજા કોઈની સાથે લંબાણથી વાતચીત ન કરતા . યસૂજો તેમનો જ્યેષ્ઠ પુત્ર હતો અને ઘરમાં તેનું ઊંચું સ્થાન હતું, અને પિતાજી મુખ્યત્વે તેના પ્રત્યે જ ધ્યાન આપતા. અકીયોશી તેમનો બીજા નંબરનો પુત્ર હતો, અને ઘરમાં મોટાભાઈથી થોડુંક જ ઓછું એવું તેનું પણ મહત્ત્વ હતું.

મારા ભાઈ યસૂજોને પુસ્તકોમાં સવિશેષ રુચિ હતી અને હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યા પછી તે કૉલેજમાં જવા ઝંખતો હતો. આ બાબત વિશે ઘરમાં ઘણી ચર્ચા થતી. ઘરમાં જે કંઈ વાતચીતો થતી તે બરોબર સમજવા માટે હું ઘણી નાની હતી, છતાં કુટુંબના સભ્યોનાં મુખ જોઈને હું અમુક અનુમાન કરી શકતી. જ્યારે જ્યારે કૉલેજ અભ્યાસની વાત નીકળતી, ત્યારે ત્યારે પિતાજી ગુસ્સે થઈ જતા, તેથી મને ડર લાગતો.

"આવતે વર્ષે કૉલેજમાં પ્રવેશ મેળવવાની મારી ઈચ્છા છે," યસૂજો વિરોધ પ્રગટ કરતો હતો. તેની વાણીમાંથી તેની અસહાય સ્થિતિ પ્રગટ થતી હતી.

"હું જાણું છું કે તને શાની ઇચ્છા છે !" આ વાતની સાથે જ પિતાજીનું એકવડિયું શરીરી કંપી ઊઠ્યું. પછીથી મને ખબર પડી કે પિતાજી અત્યંત હઠાગ્રહી બની જાય તેવા સ્વભાવના હતા, પરંતુ તે સમયે હું માત્ર પાંચ કે છ વર્ષની બાલિકા હોવાથી સમજી શકતી ન હતી. તે સમયે તો માત્ર આટલું જ જાણી શકી હતી કે બંને ખૂબ પરેશાન દેખાતા હતા. "તું માને છે કે હાઈસ્કૂલ પછી હું તને કૉલેજની ફી પણ આપીશ ? એવો વિચાર તારા મનમાંથી કાઢી નાખજે. એવી મૂર્ખતા માટે હું તને નવો પૈસો પણ આપીશ નહિ."

"મને આપની મદદની જરૂર નથી," મારા ભાઈએ તરત જ સામો જવાબ આપતાં કહ્યું. "મેં તો નિશ્ચય કરી જ લીધો છે કે હું કૉલેજમાં જવાનો."

"એ તારી ઇચ્છાની વાત છે. તારે જવું જ હોય તો જા. ફક્ત મારી પાસેથી પૈસાની ઇચ્છા રાખીશ નહિ. હું તને એક નવો પૈસોયે આપવાનો નથી."

યસૂજોનો ચહેરો મૃત્યુ પામેલી માછલીના જેવો પીળો પડી ગયો. "હું મારું ફોડી લઈશ."

સાધારણ રીતે અહીં જ વાદવિવાદ પૂરો થઈ જતો. આ વખતે પણ એવું જ બન્યું હોત, પરંતુ મારા ભાઈ અકીયોશીએ વાતનો દોર પોતાના હાથમાં લીધો. તે ઉતાવળિયો ને ઉગ્ર સ્વભાવનો હતો.

"પિતાજી," તેણે એકદમ તપી જતાં કહ્યું, "આપ એટલા જિદ્દી કેમ બનો છો ? દરેક જણ એ વાત જાણે છે કે આજે દરેકને ઉચ્ચ શિક્ષણની આવશ્યક્તા છે."

કોઈ પોતાને પડકારે તેવું સહન કરવાની પિતાજીને ટેવ નહોતી, તો પછી પોતાના ઉગ્ર સ્વભાવના પુત્રને તે કેવી રીતે સહન કરે ? "એ તો તારો અભિપ્રાય છે."

"દરેક જણ એ જ કહે છે."

પિતાજીની આંખો લાલ લાલ થઈ ગઈ, અને હું માતાની ગોદમાં ભરાઈ ગઈ. હું જે સાંભળી રહી હતી તેથી મારો ગભરાટ વધી ગયો હતો.

"જેઓ આવી વાતો કરે છે તે કશું જાણતા હોતા નથી." પિતાજીએ ઉત્તર આપ્યો. તેમની વાણી હવે શાંત બની હતી. "પ્રગતિનો કેવળ એક જ માર્ગ છે. કઠિન પરિશ્રમ અને પ્રામાણિકતા. તેથી તમે લોકોનો વિશ્વાસ જીતી શકશો, તમે સફળ થશો, અને સુખી બનશો. તમારા એ સદ્‌ગુણોને કારણે તમારી પ્રશંસા થશે અને જેમનામાં એ ગુણો હોતા નથી તેમનાથી તમે આગળ નીકળી જશો. જો તમે બંને આ વાતોનું પાલન કરશો, તો તમે ઉન્નતિ કરી શકશો, અને કૉલેજમાં જઈને ધન અને સમયની બરબાદી કરવાની તમારે જરૂર નહિ પડે."

મારા બંને ભાઈઓ એકબીજા સામે તાકી રહ્યા. તેમના ચહેરા ધોળી પૂણી જેવા સફેદ બની ગયા અને તેમના હોઠ ધ્રૂજવા લાગ્યા. જ્યારે જ્યારે તેઓ બંને પિતાજી સાથે કૉલેજ-ખર્ચ અંગે ચર્ચા કરતા ત્યારે ત્યારે એવું જ બનતું. વાદવિવાદનું એક જ પરિણામ આવતું. બંને વધુ કશું કહી શક્યા નહિ.

થોડી વાર પછી મેં યસૂજો અને અકીયોશીને એ વિષય પર ચર્ચા કરતા સાંભળ્યા. પિતાજી કંઈ કામ અંગે ઘરની બહાર ગયા હતા, નહિ તો, ફરી એક વાર ક્રોધભર્યા શબ્દોની આપલે થાત. મને યાદ છે કે હું આ વાતો સાંભળીને ધ્રૂજતી હતી. મને ડર લાગતો હતો કે ક્યાંક પિતાજી અકસ્માત આવી ન ચડે અને બંને ભાઈઓની વાત સાંભળી ન જાય.

"તે આપણને કહે છે કે આપણે તેમના નમૂનાને અનુસરવું જોઈએ, અને તો આપણે તેમના જેટલા જ સફળ થઈ શકીશું." અકીયોશીની વાણીમાંથી ઉપહાસ ડોકાઈ રહ્યો હતો. "આપણે તેમના જેટલી જ સફળતાની ઈચ્છા રાખવી જોઈએ ! એ તો નગરનો કચરો દૂર કરવાના ખાતામાં કાગળ પર આંકડાઓ મૂકીને સફળતા પ્રાપ્ત કરી ચૂક્યા છે !" કહીને તે જોરથી હસી પડ્યા. "એ તે કેવી સફળતા !"

યસૂજો વધુ સમજુ ને ઉદાર હતો. "એમણે તો પોતાની નોકરીમાં સખત પરિશ્રમ કર્યો છે, અને ખેતરમાંયે કામ કર્યું છે." તેણે તેના ક્રોધે ભરાયેલા ભાઈને યાદ દેવડાવ્યું. "પિતાજીએ ઘણા યેન (જાપાની નાણું) બચાવ્યા છે. એના પર તો આપણા બધાને ગર્વ હોવો ઘટે."

"તો પછી તને કૉલેજ મોકલવામાં એમને શી મુશ્કેલી નડે છે ?"

મારા વડીલ બંધુનું મોં તંગ થઈ ગયું. તેનાં ભવાં સંકોચાયાં. એ તો સ્પષ્ટ હતું કે તેને આ બધા ક્રોધનું અને દલીલબાજીનું પ્રદર્શન ગમતું ન હતું. તે અકીયોશી જેવો ક્રોધી સ્વભાવનો યુવક ન હતો. "મારે આગલે વર્ષે કૉલેજ જવાનું છે," તેણે નમ્રતાથી કહ્યું. "જો પિતાજી મને મદદ કરવાનો ઈન્કાર કરે છે તો તારે શા માટે આટલા બધા ઉત્તેજિત થવું જોઈએ ?"

અકીયોશીએ તરત ઉત્તર આપ્યો, "તું જ્યેષ્ઠ પુત્ર છે, તો હું તેમનો બીજા નંબરનો પુત્ર છું." તેના અવાજમાં હજુયે કટુતા અને ઈર્ષ્યા વરતાતાં હતાં. "જો તે તને કૉલેજનો ખર્ચ આપતા નથી, તો હું શી આશા રાખી શકું ?"

"વાદવિવાદ કરવાનો કોઈ અર્થ નથી," યસૂજોએ કહ્યું. "પિતાજીએ નિર્ણય કરી લીધો છે. હવે વાતચીતો ચાલુ રાખવામાં કશો લાભ નથી."

"ઓહ !" અકીયોશીના મુખમાંથી આશ્ચર્યોદ્‌ગાર નીકળી પડ્યો. "હવે તો તું એવું જ કહેવાનો. પણ જો તેમણે જ નિર્ણય કર્યો હોય, તો તે નિર્ણય બદલી પણ શકે."

આવા વાદવિવાદ તો આ વિષય પર ભૂતકાળમાં પણ થયા હતા, પરંતુ કશું નક્કર પરિણામ આવ્યું ન હતું. જ્યારે મોટા ભાઈને કૉલેજમાં ભણવા જવાનો સમય આવી પહોંચ્યો ત્યારે તેણે પોતાના ખર્ચ માટે કમાવું પડ્યું, તેને માટે પરિશ્રમ કરવો પડ્યો. પિતાજીએ જરીકે નમતુ ન જોખ્યું ને તેને કશી મદદ કરી નહિ. કૉલેજનો બધો ખર્ચ યસૂજોએ પોતે ઉઠાવવો પડ્યો. અકીયોશી સાથે પણ એવું જ બન્યું. તેના ક્રોધ કે વાદવિવાદનું કશું પરિણામ ન આવ્યું.

મારી પોતાની નાનકડી દુનિયામાં આવી સમસ્યાઓ માટે કોઈ જગ્યા ન હતી. હું તો આવા શાબ્દિક લડાઈ-ઝઘડાને એવી જ રીતે સાંભળતી હતી, જેવી રીતે હું માની સાથે ખેતરે જતી વખતે શેતૂરનાં વૃક્ષો પરથી પક્ષીઓની ચકચક ને કલબલ સાંભળતી. બંનેથી મને ખાસ કશી તકલીફ પડતી નહિ. મને યાદ છે ત્યાં સુધી અમારા કુટુંબમાં ઠીક ઠીક પ્રેમભાવ હતો.

મારી મા મારે માટે સર્વસ્વ હતી. જાણે કે તેણે મારી નાનકડી દુનિયાની આસપાસ એક વર્તુળ દોરી દીધું હતું અને તેમાં તે કેન્દ્રસ્થાને હતી. અમને બંનેને એકબીજા માટે વિશિષ્ટ પ્રકારનો સ્નેહભાવ હતો. મારી માના હાથમાં હિંમત અને ધીરજ આપવાની શક્તિ હતી. મારી માની આંગળીઓ પકડીને હું રેલવે સ્ટેશનેથી અમારા ઘર સુધી જતી, એ વખતે હું તેના મજબૂત હાથોની ઉષ્માનો સતત અનુભવ કરતી.

હું મોટે ભાગે મા સાથે ખેતરે જતી, પણ કોઈ કોઈ વાર પિતાજી સાથે પણ જવાનું થતું. તે પોતાની સાઇકલના કેરિયર પર બેસાડીને મને ખેતરે લઈ જતા. તેમણે અઠવાડિયાના પાંચ દિવસોએ અને શનિવારે સવારે નિયમિત રીતે કામ પર જવું પડતું. પરંતુ શનિવારે બપોર પછી અને રવિવારે આખો દિવસ તે ખેતરમાં કામ કરતા. તે હળ ચલાવતા, નિંદામણ કરતા, ઘાસ કાઢતા, પાક લણતા કે પોતે ઉછેરેલા રેશમના કીડાની સારસંભાળ લેતા. એ દિવસો મારા આનંદના દિવસો હતા. મને હરવાફરવાની પૂરી સ્વતંત્રતા રહેતી અને હું મીઠાં મીઠાં શેતૂર ખાધા કરતી.

મારી મા રેશમના દોર બનાવવા માટે પૂરતા પ્રમાણમાં રેશમના કીડાના કોશેટા લઈ લેતી, અને તેમાંથી રેશમની જુદી જુદી વસ્તુઓ તૈયાર કરતી. કુટુંબના પ્રત્યેક સભ્ય માટે તે હાથથી કિમોનો (ટૂંકી ને પહોળી બાંયવાળો કેડે પટાથી બંધાતો રેશમી ઝભ્ભો) ગૂંથતી. બીજી માતાઓ કરતી તેમ તે કોઈ ફેક્ટરી કે દુકાનમાં કામ કરતી નહિ, પરંતુ તે પોતાના કુટુંબનું પૂરેપૂરું ધ્યાન રાખતી. અને કિમોનો તો તે અદ્ભુત રીતે તૈયાર કરતી. પિતાજી તો ઘણી વાર માએ ગૂંથેલા કિમોનોને હાથમાં રમાડતા, તેની સુંદર કારીગરી પર ધીમેથી હાથ ફેરવતા, અને કહેતા, "અતિ સુંદર, ખૂબ સુંદર કામ."

તે આવી રીતે પોતાની કદરદાનોની ભાવ પ્રગટ કરતા. મારી મા પ્રત્યેના તેમના પ્રેમ અથવા કૃતજ્ઞતાની બસ આટલી જ અભિવ્યક્તિ તેમની પાસે મેં જોઈ છે, એથી વિશેષ કશું જ નહિ.

મા જ્યાં કંઈ જતી ત્યાં મને સાથે લઈ જતી, એટલે સુધી કે યૂરિકો

ઘેર હોય ને મારી સંભાળ રાખી શકે તેમ હોય, ત્યારે પણ તે મને સાથે લઈ જતી. એક વાર અમે બંને ખેતરે જઈ રહ્યાં હતાં. રસ્તામાં અમારા પૂર્વજોની કબરો આવતી હતી, ત્યાં તેમને શ્રદ્ધાંજલિ અર્પવા માટે હંમેશની જેમ અમે થોભ્યાં.

અધિકાંશ કુટુંબોમાં પિતા જ સૌથી વધુ ધાર્મિક રહેતા. તે કુટુંબના વડીલ હતા અને તેથી પોતાના ઘરમાં પૂજાસ્થાનની પ્રતિષ્ઠા અને પૂર્વજોની પૂજા યથાવિધિ કરવાની જવાબદારી તેમની રહેતી.

મારા પિતા કુટુંબમાં બીજા નંબરના પુત્ર હતા. તેનો અર્થ એ થયો કે તેમના પિતાના ધંધાનો કે વેપારનો વારસો મેળવવા તે હકદાર ન હતા. એ જ રીતે પૂર્વજોની પૂજા કરવાની જવાબદારી પણ તેમની ન હતી. પરાપૂર્વથી રૂઢિ મુજબ જ્યેષ્ઠ પુત્રને જ પિતાની મિલકત મળતી અને મૃત્યુ પામેલ પૂર્વજોની પૂજા કરવાની જવાબદારી તેને ઉઠાવવી પડતી.

જાપાનમાં ભૂતકાળમાં એવો રિવાજ હતો (અને કેટલાંક કુટુંબોમાં આજે પણ છે) કે નિઃસંતાન કુટુંબો કોઈ જુવાન કુટુંબી (પુરુષ) ને પૂર્વજોની પૂજા ચાલુ રાખવા દત્તક તરીકે અપનાવતા. મારા પિતાની બાબતમાં પણ આવું જ બન્યું હતું. તે આમ તો પોતાના કુટુંબમાં જ રહ્યા હતા, પરંતુ તેમને દત્તક લેનાર સંબંધી મૃત્યુ પામ્યા ત્યારે પિતાજીને તેમનું ખેતર વારસામાં મળ્યું. પરિણામે અમારા ઘરમાં સ્થપાયેલ પૂજાસ્થાને (butsudan) પૂર્વજોની પૂજા કરવાની જવાબદારી તેમની બની.

તેમણે અમારી આગળ એ વાત સ્પષ્ટ રીતે જણાવી હતી કે, માત્ર જવાબદારીની ભાવનાને કારણે પૂજા કરતા અને તેમને વાસ્તવમાં એ બધી બાબતોમાં શ્રદ્ધા ન હતી. પોતાને દત્તક લેનાર વડીલોની ઇચ્છા સાચવવા જ તે પૂજા કરતા અને પોતે આપેલ વચનનું પાલન કરતા.

અમારા ઘરમાં પૂજાસ્થાનની સમક્ષ ઊભા રહી ઘંટડી વગાડવાનું કામ મા જ કરતી, અને તે જ મંદિરોના આંટાફેરા પણ કરતી. પિતાજી તેનો વિરોધ કરતા નહિ. માતા મંદિરના પૂજારીઓ સાથે સંબંધ રાખે તેમાં પણ તેમને કશું અજુગતું દેખાતું નહિ. આવાં મૂર્ખતાપૂર્ણ કાર્યો માટે

તેમની પાસે સમય ન હતો, અને આવી જવાબદારીઓમાંથી છટકવામાં તેમને આનંદ આવતો.

કોઈપણ વસ્તુ પર વિશ્વાસ કરવા માટે તેને જાતે જોવી એવી પિતાજીની દ્રઢ માન્યતા હતી. પોતાને વિશ્વાસ પડે તે માટે દરેક વસ્તુને પૂરેપૂરી ચકાસવાનો તેનો આગ્રહ સેવતા. સખત પરિશ્રમ, સત્ય નિષ્ઠા, પ્રામાણિક જીવન, મિતવ્યયિતા જેવાં તત્ત્વોને તે સારી પેઠે સમજી શકતા. મનુષ્યની જિંદગીમાં તેમનું શું મહત્ત્વ છે તે પિતાજી જાતઅનુભવને આધારે જાણતા. તેઓ તો કહેતા કે ધર્મ ઉપર તો અંધવિશ્વાસ અને વહેમનું આવરણ છે અને તેનું કશુંયે વ્યાવહારિક મૂલ્ય નથી, તેથી ધર્મ વિશે વિચારવાથી શો લાભ ?

સ્ત્રી તો નિર્બળ પાત્ર છે, તેથી તે મંદિરમાં જઈને મદદ શોધે તે સ્વાભાવિક કહી શકાય. એ વિશે વધુ જાણવાની પિતાજીને જરૂર ન હતી. પોતાની સંભાળ ન લઈ શકે તેવું બાળક કે જિંદગીના છેલ્લા તબક્કામાં પ્રવેશનાર વૃદ્ધ પણ મંદિરે જાય તેમાંયે કશું ખોટું નથી. જે પોતે સશક્ત હોય, પોતાની દેખભાળ લઈ શકતા હોય, તેવા મર્દો માટે મંદિરે જવું તે એક હરકત કે ખલેલરૂપ બની જાય.

હું મા સાથે ઘણી વાર મંદિરે જતી હોવાથી મા ત્યાં જઈ શું શું કરતી તે જાણતી. ખરબચડા અને વાંકાચૂંકા માર્ગો પરના નકામા રોપા વચ્ચે થઈને અમે ઊંચે આવેલ કબરો પાસે પહોંચતાં. ત્યાં અમે પૂર્વજોની કબરો પાસે થોડી પળો થોભતાં. હંમેશાં એમ જ થતું.

જે કુટુંબોની મુલાકાતે અમે જતાં તેમને આપવા માટે અમારી સાથે નારંગીઓ કે એવા બીજા કશા ઉપહારો લઈ જતાં. સુશિક્ષિત જાપાની હોવાનું એ પ્રમાણપત્ર હતું, જેનું પાલન આવશ્યક હતું .

"આપણે જેની મુલાકાતે જઈએ તેને કશી ભેટ આપવી જ જોઈએ," મા મને સમજાવતી. હું જ્યારે મોટી થાઉં અને મા વગર મારી પોતાની મેળે મુલાકાતો લઉં ત્યારે મારે શું કરવું જોઈશે તે અંગેની અગત્યની માહિતીઓ હું મારા મનમાં સંઘર્યા કરતી.

હું આ કર્મકાંડોથી સુમાહિતગાર હતી. અમે જ્યારે કોઈ ઘરમાં જતાં ત્યારે જટિલ અભિવાદનોનું આદાનપ્રદાન થતું, અને પછી અંદર પધારવાનું આમંત્રણ મળતું. એ ઘરની મહિલા અમારા ઉપહારને પૂજાસ્થાન સમક્ષ મૂકતી, અને તે પૂર્વજોના આત્માઓ માટેના એક અર્પણ તરીકે મનાતું. પછી તે ભેટ ત્યાંથી લઈ લેવામાં આવતી અને ત્યાર પછી એ પરિવારના સભ્યો તેનો ઉપયોગ કરતા.

મને ધીરે ધીરે એ વાતનું જ્ઞાન થવા લાગ્યું કે મિત્રો કે સંબંધીઓનાં ઘરોમાં ભેટ આપવા કરતાં મંદિરોમાં થતી ઉપાસનાનું વિશેષ મહત્ત્વ છે. મારી મા તો એ જ વાતને વધુ મહત્ત્વ આપતી.

"શું તેં એવો કદી વિચાર કર્યો છે કે આપણે 'તેનરી-ક્યો' (પશ્ચિમ જાપાનમાં આવેલ તેનરી શહેરમાં શિન્ટો પંથનું મદિર)ની એટલી નજીક રહીએ છીએ કે ઇચ્છીએ ત્યારે ત્યાં જઈ આરાધના કરી શકીએ છીએ, અને તેથી આપણે આપણા ઘરના નાના પૂજાસ્થાનમાં ઉપાસના કરવાની જરૂર પડતી નથી ?" અમે ત્યાં જતાં તે દરેક વખતે મારી મા મને એમ કહેતી." અહીં તો એવા પૂજારીઓ છે જે આપણા અવતારો વિશે બધું જ જાણે છે. તેને કેટલાંયે દર્શનો થયાં છે અને તેને ઘણી વાતો પ્રગટ કરવામાં આવી છે. યોનેકો, તેના પર દેવતાઓ અધિકાર જમાવતા અને તે ઘણાં પરાક્રમી કાર્યો કરી શકતી. તેના ચરણો પાસે બેસવું અને તેના જ્ઞાન તથા દેવોના સામર્થ્ય વિશે સાંભળવું તે કરતાં વધુ અદ્‌ભુત શું હોઈ શકે ?"

માની દ્રષ્ટિ જાણે દૂરસુદૂરની ક્ષિતિજો પર સ્થિર થઈ જતી. જોકે હું ઘણી નાની હતી અને તેની વાતો સમજવા અસમર્થ હતી, છતાં તેના પ્રેરણાપૂર્ણ શબ્દોના પ્રભાવથી અંજાઈ જતી.

"ઘણી વાર તેમણે મને મારું ભવિષ્ય કહ્યું છે," મા મને કહેતી, " ઘણી વાર ડૉક્ટર પાસે ગયા વિના જ હું સાજી થઈ ગઈ છું."

માને માટે ધર્મ અત્યંત મહત્ત્વપૂર્ણ બાબત હતી. મારા ખ્રિસ્તને તે ઓળખી શકી નહિ તેનું મને ભારે દુઃખ છે.

# પ્રકરણ : ૩

'તેનરી-ક્યો' એક શિન્ટો - બૌદ્ધ ધર્મસંપ્રદાય છે અને પશ્ચિમ જાપાનમાં આ ધર્મ વધારે પ્રમાણમાં પળાય છે. મારી માને ક્યાં અને કેવી રીતે તેનો પરિચય થયો તેની મને ખબર નથી . મને તો એટલું જ યાદ છે કે અમે નિયમિત રીતે મંદિરે જતાં અને ત્યાં થતી પ્રાર્થનાઓ, મંત્રોચ્ચારો અને ઢોલકવાદન સાંભળતાં. ઘાસથી છવાયેલી અમારા પૂર્વજોની કબરો પાસે જતાં અને ત્યાંથી મંદિરમાં દર્શનાર્થે જતાં. અધિકાંશ જાપાનીઓ ધર્મપાલનમાં શિથિલ હતા, પરંતુ મારી મા એવી ન હતી. પૂર્ણ આસ્થા અને નિષ્ઠાપૂર્વક તે ધર્મક્રિયાઓ કરતી.

યુદ્ધના સમયે જ્યારે બધી વસ્તુઓની તંગી હતી ત્યારે પણ મારી માતાએ ઉદારતા ત્યજી ન હતી. મંદિરના પૂજારીઓ તેના ઘાનષ્ઠ મિત્રો હતા. મંદિરના પૂજારીઓ મારી માને તેમના ઘરમાં આમંત્રણ આપતા અને અમે ઘરની ફરશબંદીમાં બાંધેલા ચૂલા ( અગ્નિસ્થાન)ની આસપાસ બેસતાં. ગરમીની ઋતુ હોય તોપણ ચૂલો તો પેટાવેલો જ રાખવામાં આવતો, અને હું ધુમાડાથી કાળા પડી ગયેલા છાપરાને જોયા કરતી. છાપરામાં ધુમાડા માટે એક નાનું કાણું હતું!

મારી શરમ ઓછી થઈ એટલે હું છાપરાને ટેકો આપતા થાંભલાઓની આસપાસ દોડ્યા કરતી.

દયાળુ પુરોહિત મને કહેતા, "યોનેકો, પેલો વચ્ચેનો થાંભલો શું સૂચવે છે તેની તને ખબર છે ? એ તો તારા પિતાની શક્તિનું પ્રતીક છે. કુટુંબ માટે જે નાણાં તે કમાય છે તે ધનની શક્તિનું પ્રતીક છે."

હું કશું સમજી શકતી નહિ. પૂજારી પણ તે જાણતા નથી. પરંતુ હું જ્યારે માંદી પડતી ત્યારે મા પૂજારીઓને બોલાવતી. તેઓ મારા પર પોતાના હાથ મૂકી મને સાજી કરવા દેવોને વીનવતા. મારી મા હું કોઈ શિષ્યા કે આગેવાન થાઉં તેવું ઇચ્છતી. મારી નિષ્ઠા અને શીખવાની

તત્પરતાને લીધે બીજી સ્ત્રીઓ મારી માની પ્રશંસા કરતી.

તેઓ કહેતી, "તમે કેટલાં ભાગ્યશાળી છો ! દેવો યોનેકોથી ખૂબ રીઝશે. તમારા વિશ્વાસુપણાથી તમારા કુટુંબમાં રિદ્ધિ-સિદ્ધિ ને સમૃદ્ધિનો વાસ થશે."

જોકે એ વખતે મને તેની ખબર નહોતી. પરંતુ મારા હૃદયમાં બંડખોર વૃત્તિ હતી, મુક્ત ને સ્વતંત્ર રહેવાની જલદ તમન્ના હતી. હજુ તો શાંત રીતે નિદ્રાવશ એવો એક વાઘ હતો, જેના અસ્તિત્વની કોઈને ખબર નહોતી, પરંતુ મારી માતાના મૃત્યુ વખતે તે બહાર આવવાનો હતો.

મારી માને ખુશ કરવા તે કહે તે હું કરતી.

'તેનરી-ક્યા' અર્થાત્ 'દૈવી વિવેકનો ધર્મ' એક સ્ત્રીએ સ્થાપેલો ધર્મ હતો. આ ધર્મપંથમાં બીજાઓને માર્ગદર્શન આપવા અમુક વ્યક્તિઓ પસંદ થતી, પરંતુ તેમને લાંબો સમય અધ્યયનમાં ડૂબ્યા રહી ધર્મની કઠિન વાતોમાં નૈપુણ્ય પ્રાપ્ત કરવું પડતું, અને કેટલાંક ધાર્મિક પુસ્તકોના ગુપ્ત અર્થોનું જ્ઞાન પણ મેળવવું પડતું. બીજા અનુયાયીઓ દેશના અન્ય મઠો તથા મંદિરોમાં જઈને જ્ઞાન પ્રાપ્ત કરવાના પ્રયાસો કર્યા કરતા. મારી માતાની ગણના અમુક ભાગ્યશાળી સ્ત્રીઓમાં થતી, જેમનું જીવન શુદ્ધ અને પવિત્ર હતું અને જેમના વિચાર મહાન હતા. પરિણામે તેમને અધ્યયન કે યાત્રાભ્રમણની આવશ્યક્તા ન હતી અને દેવતાઓ પોતે તેમની સાથે રૂબરૂમાં વાર્તાલાપ કરતા.

આ દેવો પોતાના સાચા અનુયાયીઓને ત્રણ વરદાન આપતા : તેમનું શારીરિક સ્વાસ્થ્ય ઉત્તમ રહેતું, તેમનાં કુટુંબોમાં શાંતિ રહેતી, અને તેમના વેપારધંધામાં સમૃદ્ધિ રહેતી. મારી મા દેવતાઓની આશિષો પ્રાપ્ત કરવા પોતાની આવક અને ખેતીની પ્રથમ ઊપજ મંદિરને અર્પણ કરતી. એક ખાસ આશીર્વાદ તરીકે દેવે મારી માતાને અને અન્ય અનુયાયીઓને સાજા કરવાનું અને ભાવિની આગાહી કરવાનું સામર્થ્ય આપ્યું હતું.

બાળકોની જેમ મેં પણ પ્રત્યેક ધાર્મિક ક્રિયાને ઉપાસનાના રૂપમાં સ્વીકારી હતી. હવે મને એ વાત સમજાય છે કે તેઓ મંત્રોચ્ચાર,

પ્રાર્થનાઓ અને ભાવસમાધિ ઉત્પન્ન કરનાર ઢોલમંજીરાં સાથેના નૃત્યસંગીત દ્વારા લોકોમાં ધાર્મિક ભાવાવેશોનો એટલે કે લાગણીઓનો ઉન્માદ ઉત્પન્ન કરતાં.

મારી માતાના ધર્મપંથને કારણે અમારા ઘરમાં કોઈ પ્રકારનો સંઘર્ષ નહોતો. તે અમારા શિન્ટો પૂજાસ્થાનને કાઢી નાખવાની કશી હિમાયત કરતો નહિ. તે ધર્મપંથ પોતાની મૂર્તિ સ્થાપવાનો પણ કશો આગ્રહ રાખતો નહિ. હું અનુમાન કરું છું કે, પિતાજી આ એક નવી સહાયથી આનંદ અનુભવતા. તેમને પોતાને આ નવા પંથમાં કશો વિશ્વાસ ન હતો, પરંતુ મોટા ભાગના જાપાનીઓની જેમ, તેમને પણ આશા હતી કે મારી મા જુદા જુદા નવા દેવોની ઉપાસનાનું ફળ પ્રાપ્ત કરી શકશે અને કદાચ તેમાંના કોઈમાં પૂજાનો બદલો આપવાની શક્તિ હોય પણ ખરી.

મારી માને પોતાના 'તેનરી-ક્યો' ધર્મમાં એવી દઢ આસ્થા હતી અને તેના પ્રત્યે તેનામાં એવી ઉદારતા હતી કે તે ધર્મ પોતાના કોઈપણ અનુયાયીને કશો દુન્યવી આશિષ આપે તો તે પ્રાપ્ત કરવાનો પ્રથમ અધિકાર તેનો જ હોય. મહાયુદ્ધના અંતિમ દિવસોમાં જ્યારે પૂરતો ખોરાક મેળવવાની સમસ્યા અત્યંત ઘેરી હતી ત્યારે પણ તે પહેલાંની જેટલી જ ઉદાર રહી હતી. પિતા નોકરી કરતા હતા, પરંતુ નોકરીની આવક ઉપરાંત તેમને ખેતરની આવક પણ હતી. અને મારી મા અમારા ખેતરમાં પાકતાં સોયાબીન, અનાજ તથા શાકભાજી ઉદાર હાથે બીજાંઓને વહેંચી દેતી. હું જાણતી નથી કે મારા પિતાના મનમાં મારી માની દાનવૃત્તિ પ્રત્યે કેવા વિચારો હતા અથવા મારી માને તેમણે દાન ન આપવા અંગે કશી આજ્ઞા આપી હતી કે કેમ, પરંતુ તેણે પૂજારીઓ અને ગરીબોને દાન આપવાનું ચાલુ જ રાખ્યું. તેની પ્રથમ માંદગી પહેલાં મારી માને ઉપનેતા બનાવવામાં આવી હતી, અને મંદિરનો ઘંટ અને ગોન્ગ (મોગરીથી વગાડાતું ડફ આકારનું, ધાતુમાંથી બનાવેલું એક વાદ્ય) વગાડવાની જવાબદારી પણ તેને સોંપાતી. આવી જવાબદારી સોંપાતાં તેનો આનંદ સંપૂર્ણ બનતો.

જ્યારે મારી માતાને મગજની નસ ફાટી જવાનો પ્રથમ હુમલો (સ્ટ્રોક) થયો ત્યારે મારી વય પંદર વર્ષની હતી, અને મને ભયંકર ડર લાગ્યો હતો. જોકે તેના વિશ્વાસથી સાજાપણું બક્ષનારા મિત્રો મધમાખીઓની જેમ ઘરમાં ઘૂસી આવી મંત્રોચ્ચાર કરતા અને તેના પર હાથ મૂકી લાંબી લાંબી પ્રાર્થનાઓ કરતા, છતાં મને તેમના પર વિશ્વાસ પડતો ન હતો. ત્યારે મને જણાયું કે હું મારી માને પ્રસન્ન રાખવા માટે જ તેના ધર્મનું પાલન કરતી હતી.

"તારી મા થોડા સમયમાં સાજી થઈ જશે," અમારા એક પાડોશી જે ઘણી વાર અમારી સાથે મંદિરે આવતા તેમણે મને આશ્વાસન દેતાં કહ્યું. "અમે તેમને માટે પ્રાર્થના કરી, મંત્રોચ્ચાર કર્યા , ઘંટ વગાડ્યા અને તેને પવિત્ર જળ પણ પીવડાવ્યું છે. તે ભલી અને ઘણો વિશ્વાસ રાખનારી મહિલા છે. દેવો તેને નક્કી સાજાપણું બક્ષશે."

મારી મા મૃત્યુ પામી શકે તેવો વિચાર કરવાની પણ હિંમત મારામાં ન હતી. પરંતુ સાથે સાથે તેનો ધર્મ તેને આરોગ્ય પ્રદાન કરી શકે તેવો વિશ્વાસ પણ મને પડતો ન હતો. પિતાની જેમ જ જે કંઈ થોડો ઘણો વિશ્વાસ મને હતો, તે તો ડૉક્ટર પર જ આધારિત હતો. હું હંમેશાં માની આસપાસ જ ભમ્યા કરતી, મારા મનમાં હું ઘણીવાર બહારથી રાતે મોડી આવીને મારી માને દુઃખ પહોંચાડતી તેનો તીવ્ર પશ્ચાતાપ સતત રહેતો, અને ઘણી વાર ઘર અને મારાં કપડાં અંગે બેદરકાર રહીને માને આઘાત આપતી તે અંગે પણ મને તીવ્ર મનદુઃખ રહેતું. મારી મા સ્વસ્થ અને તંદુરસ્ત બને તે માટે મેં આનંદપૂર્વક મારા જીવનનો ભોગ પણ આપ્યો હોત.

ધીરે ધીરે તેનામાં શક્તિનો પુનઃસંચાર થયો. પરંતુ તેનો જમણો હાથ અને ડાબો પગ લકવા/પક્ષાઘાતથી અકડાઈ ગયા, અને કોઈપણ સારવારથી તેમનામાં કશો સુધારો દેખાતો ન હતો. મહિનાઓ વીતતા રહ્યા, પરંતુ માના લકવાગ્રસ્ત અંગોમાં કશો સુધારો દેખાયો નહિ, એટલે સુધી કે અમે તેને ફરી ચાલતી અને ઘરની સંભાળ રાખતી જોઈ શકીશું કે કેમ તે અંગે ડૉક્ટર પણ કશું સાંત્વન આપી શકતા નહિ. મારું હૃદય

જાણે ધબકતું બંધ થઈ જતું હતું.

એ સંકટપૂર્ણ સપ્તાહો દરમ્યાન મા અને ઘરની સંભાળ રાખવાની ફરજ મારા ઉપર આવી પડી હતી. મારી બહેન યૂરિકો, સીવણશાળામાંથી પસાર થઈને નોકરીએ લાગી ગઈ હતી, અને બંને ભાઈઓ કૉલેજમાં હતા. મારા પિતાએ બંનેને આર્થિક મદદ કરવાનો ઈન્કાર કર્યો હતો, પરંતુ બંનેએ પોતાનો રસ્તો શોધી લીધો હતો. યસૂજોનાં તો લગ્ન પણ થઈ ચૂક્યાં હતાં.

મારે રસોડાનું લાકડાનું ભોંયતળિયું ડાંગરની થોડી કુશકી અને લાકડીએ વીંટાળેલ કપડાથી ઘસી ઘસીને સાફ કરવું પડતું, ભાત અને મીઠાવાળી સેમન (salmon) માછલીનો નાસ્તો તૈયાર કરવો પડતો, અને માંસ કે માછલી સાથેનું શાક તથા સફેદ ભાત અને ચા પિતાજીને ઓફિસમાં સાથે લઈ જવા માટે તૈયાર કરી આપવાં પડતાં.

મારે ઘરની પૂરેપૂરી સાફસૂફી કરવી પડતી, ચા બનાવી પડતી, અને વેરવિખેર પડેલ કિમોનોને ગોઠવીને મૂકવા પડતા. માના માથાના વાળ ઓળીને પાછળના ભાગમાં નાનકડો અંબોડો ગૂંથી આપવો પડતો. આ બધું કામ મારે માટે ખૂબ કઠિન હતું. મારે ફક્ત એ કામ જ કરવાનું ન હતું, પરંતુ તે માટે માની નાનામાં નાની સૂચનાઓને પણ લક્ષમાં લેવી પડતી.

"યોનેકો, તેં તો પરસાળ પર માત્ર ઉપર ઉપર સાવરણી ફેરવી છે," મારી મા ટીકા કરતાં કહેતી, "હવે ફરી વાળ, અને ખૂણેખૂણા સાફ કર."

હું તેના વાળ ઓળતી તો તેને ક્યારે પણ પૂરો સંતોષ થતો જ નહિ . "ના, ના, યોનેકો, મને એવા ઓળવેલા વાળ પસંદ નથી. થોડાક આ બાજુ કર !" તે પોતાના હાથ વડે ઇશારો કરીને મને સમજાવતી.

હું તેના લાંબા કાળા વાળને છૂટા કરતી અને ફરીથી ઓળવીને ચોટલો ગૂંથી દેવાના પ્રયત્નમાં એટલી મૂંઝાઈ જતી કે આંસુ પડુંપડું થઈ રહેતાં. મને હવે એ સમજાય છે કે મા પોતાની જાત પર કાબૂ રાખી શકતી નહિ. તે હંમેશાં કઠોર શ્રમ કરનારી, અતિ સક્રિય સ્ત્રી હતી, અને હજુય તેનું મન એટલું જ કાર્યદક્ષ હતું. પરંતુ તેનું શરીર યોગ્ય

પ્રતિભાવ દર્શાવી શકે તેવી સ્થિતિમાં ન હતું. મારા કામમાં દોષો જોવાનું કામ તે પોતાની હતાશા અને આઘાત પ્રત્યેનો તેનો સંઘર્ષ જ હતો, તેમાંથી કામચલાઉ છુટકારો મેળવવાનો માર્ગ હતો. છતાં, તે સમયે મને તો થતું કે મારી મા મારી વિરુદ્ધ થઈ ગઈ છે. કારણ, તે પહેલાં કદી પણ ઊંચે સાદે તેણે મને કશું કહ્યું પણ ન હતું. હું પણ તિરસ્કૃત થયાનો ભાવ અનુભવતી.

પિતાજી એક દિવસ સમાચાર લઈ આવ્યા. તેમણે સાંભળ્યું હતું કે એક એવું સ્થળ છે જ્યાં મારી માને માંદગીમાંથી સાજાપણું મળે. તે તો અમે રહેતાં હતાં ત્યાંથી બસો માઈલ દૂર આવેલ ગરમ પાણીના ઝરા હતા. એવું કહેવાતું કે લકવાના દર્દીઓ માટે તે સ્થાન અદ્દભુત હતું, અને વર્ષોથી અપંગતા અનુભવતા દર્દીઓ પણ ત્યાં જઈને પોતાનું આરોગ્ય પાછું મેળવતા.

"હું તને અને યોનેકોને ત્યાં લઈ જઈશ," તેમણે કોમળતાપૂર્વક કહ્યું. "તું ત્યાં જેટલો સમય રહેવા ઇચ્છે તેટલો સમય રહી શકીશ."

હું માના ચહેરા સામે તાકી રહી, મને ડર હતો કે માને એવો પ્રવાસ પોતાના ધર્મ પ્રત્યેની આસ્થાના અનાદર જેવો લાગશે અને તે ત્યાં જવાનો ઇન્કાર કરી દેશો. એવો વિચાર માના હૃદયમાં કદાચ આવ્યો પણ હશે. 'તેનરી-ક્યો'માં તેને દ્રઢ વિશ્વાસ હતો. પરંતુ સાથોસાથ તે પતિની આજ્ઞાનું પાલન કરનાર કર્તવ્યપરાયણ ને આજ્ઞાધીન પત્ની પણ હતી. તેની લાગણીઓ ગમે તે હોય, અમે ગરમ પાણીના ઝરાઓ પાસે પહોંચી ગયાં.

અમે ગ્રીષ્મઋતુ દરમ્યાન એક પૂરો મહિનો એક નાના મકાનમાં રહ્યાં. મા દિવસમાં ઘણી વાર ગરમ પાણીના ઝરા પાસે જતી, અને જેટલો સમય ત્યાંની સખત ગરમી સહન કરી શકાય ત્યાં સુધી તેમાં રહેતી. હું પણ તેની સાથે જ ઝરાના પાણીમાં ઊતરતી, અને જ્યારે તેની ગરમી મારાથી ન સહન થતી ત્યારે કિનારે જઈને માની પ્રતીક્ષા કરતી. હું કોઈપણ હિસાબે માને છોડવા તૈયાર ન હતી. હું તેની પાસે જ રહેવા ઉત્સુક રહેતી, જેથી જરૂર પડે તરત મદદે દોડી જઈ શકાય.

હું તેનાં સ્લીપર્સ તેના પગ સાથે બાંધી દેતી, જેથી તે મુશ્કેલીપૂર્વક પાણીમાં હલનચલન કરે ત્યારે તેના પગમાંથી તે નીકળી જાય નહિ. હું તેના હાથમાં એક ચાલવાની લાકડી પણ આપતી. અમારા ઘરથી ઝરા બસો વાર દૂર હતા. માના હાથમાં હું લાકડી તો આપતી, પણ તેને ઝરા પાસે પહોંચાડવામાં એટલો શ્રમ પડતો કે હું થાકી જતી.

અમારી ચારે તરફ એવા દરદીઓ હતા, જે મારી મા કરતાં ઓછા વિકલાંગ હતા. મને તેમના પ્રત્યે ઈર્ષ્યા આવતી અને હું તેમના સદ્નસીબ પ્રત્યે બબડાટ પણ કરતી. મારી માને બદલે એમાંના કોઈને આવી ભારે અપંગાવસ્થાનું દુઃખ સહન કરવાનું હોત તો વધુ યોગ્ય થાત. મારી મા જેવી ભલી, ઉદાર ને દયાળુ વ્યક્તિને શા માટે આવું ભયાનક દુઃખ સહન કરવું પડે છે ?

હું ઝરણતટના નિવાસસ્થાને એકાકીપણાનો ખૂબ અનુભવ કરતી. ઘરે જવાની મને ખૂબ આતુરતા થઈ આવતી, પરંતુ માને પુનઃસ્વાસ્થ્ય સાંપડે તે જોવા પણ હું એટલી જ ઉત્સુક હતી.

"તારામાં થોડો સુધારો થઈ રહ્યો છે," હું આશાપૂર્ણ અવાજે કહેતી, એવા વિચારોથી કે કદાચ એવા કોઈ સદ્ભાગી વિચારોથી કોઈ ન સમજાવી શકાય તેવી ચામત્કારિક રીતે મારા શબ્દો સાચા ઠરે.

"હા," તે કહેતી, "મને પણ તેવું લાગે છે."

મને ખાતરી છે કે મારી જોરદાર સ્વાતંત્ર્યની ભાવના મને તેની પાસેથી વારસારૂપે મળી છે. તેનો પક્ષાઘાત કે લકવો ખૂબ ગંભીર હોય ત્યારે પણ તે પોતાની જાતે પોતાનાં કાર્યો પતાવવાની ઇચ્છા રાખતી.

"હું મારી આંગળીઓ થોડીક હલાવી શકું છું."

હું થોડુંક હલનચલન જોઈ શકું તે માટે તો સાચ્ચે જ ખૂબ સંઘર્ષ ખેલતી.

"જોયું ?"

"ઓહ !" હું મારી વાણીમાં આશ્ચર્યનો ભાવ લાવવાનો પ્રયત્ન કરતી, જોકે અમે બંને સારી પેઠે સમજતાં કે મેં કશું જ હલનચલન જોયું નથી. એકમેકને પ્રોત્સાહિત કરવા અમે એવી શબ્દરમત કરી લેતાં.

તેમ છતાં એવો દિવસ જરૂર આવ્યો કે ઝરાના પાણીની ગરમીને લીધે કે તેમાંનાં ખનિજ તત્ત્વોને કારણે કે પોતાની દેખભાળ પોતે જ કરવાના માના દ્રઢ નિશ્ચયને લીધે સખત રીતે જકડાઈ ગયેલા મારી માના હાથ અને પગ ધીમે ધીમે છૂટા થવા લાગ્યા. જ્યારે પહેલી જ વાર મેં માને તેનો અપંગ હાથ હલાવતાં જોઈ ત્યારે હું રુદન ખાળી ન શકી.

તે પછી તો આવનાર પ્રત્યેક દિવસે કંઈ ને કંઈ સુધારો દેખાવા લાગ્યો. તે પોતાનો અંગૂઠો ને પગની ઘૂંટી આમતેમ હલાવી શકતી. અધિક પ્રમાણમાં નહિ, કારણ, બંધનો તૂટ્યાં ન હતાં, માત્ર થોડાંક ઢીલાં પડ્યાં હતાં. પછી તો ઘૂંટણ પણ થોડુંક કામ કરવા લાગ્યા. તે તેનો હાથ પણ થોડોક હલાવી શકતી. તે તેની ઇચ્છાનુસાર તેનું કાંડું પણ હલાવી શકતી, એમ જ તેની કોણી અને આંગળીઓ પણ હાલી શકતી. તેણે પોતાનો અપંગ - જૂઠો પડી ગયેલો - હાથ ઉલ્લાસપૂર્ણ સ્થિતિમાં ઊંચો કર્યો.

"જો યોનેકો !" તેણે એક પછી એક પોતાની આંગળીઓ હલાવી.

હવે અમારા બંનેમાંથી કોઈને પણ કશો દેખાળ કે ઢોંગ કરવાની આવશ્યક્તા ન હતી. હવે તે બધાંની આંખો સામે સ્પષ્ટ હતું. તે મહિનાના અંત સુધીમાં તો તે મારી સહાય વગર ચાલી શકી અને હવે તો પોતાને સ્થિર રાખવા માત્ર તેને તેની લાકડીની જ જરૂર પડતી. આ એક મહાન વિજય હતો. અમે ઘેર પાછાં ફર્યાં ત્યારે તો અમારી પ્રસન્નતાની કોઈ સીમા ન હતી.

માએ નવા ઉત્સાહ સહિત પોતાના ધર્મમાં રસ લેવાનું શરૂ કર્યું, જાણે કે, દેવોએ તેની અને તેના સાથી શ્રદ્ધાળુ ભક્તાની વિનંતી સાંભળીને તેનાં અપંગ અંગોને સાજાપણું બક્ષ્યું હતું. હું તેની આ વિચારસરણી સ્વીકારી શકતી ન હતી, પરંતુ પોતે કેવી રીતે સાજી થઈ તે વાત સાંભળવામાં મને કશી ચીડ પણ ચડતી નહિ. ગરમ ઝરાનાં પાણીથી કે 'તેનરી-ક્યો'ને ચડાવેલ પ્રાર્થનાઓથી આ ચમત્કાર થયો હોય, તેથી શો ફેર પડવાનો હતો ? તેને પોતાનું સ્વાસ્થ્ય લગભગ પૂરેપૂરું પ્રાપ્ત થયું. અમે વધારાનું શું માગી શકીએ ?

જોકે ડૉક્ટરે અમને ચેતવવા જોઈતા હતા કે જે એક વાર બન્યું તે અચાનક જ ફરી વાર અને કશી ચેતવણી વગર બની શકે. પણ ડૉક્ટરે એવું કશું કહ્યું નહિ. અમે બધાં નિશ્ચિંત બની ગયાં કે, હવે મા સંપૂર્ણપણે સાજીસમી હતી, અને હવે અન્ય કશી સમસ્યા ઉદ્ભવશે નહિ. લગભગ બે વર્ષ પછી ભીષણ વિપત્તિ આવી પડી.

ઘરે પાછા આવ્યા બાદ મા લગભગ રોજ સવારે આડોશપાડોશમાં ફરવા જતી. તે નાની ટેકરી ઊતરીને તળેટીમાં આવેલા બાગમાં જતી અને ત્યાંના સાંકડા, વાંકાચૂંકા રસ્તાઓ પર થાકી જાય ત્યાં સુધી નિરુદ્દેશ ચાલ્યા કરતી. એણે જાણે એક નિયમ બનાવી લીધો હતો અને પોતાના દુર્બળ પગને શક્તિશાળી બનાવવા અને વસંતઋતુના ઉષ્માભર્યા હવામાનનો આસ્વાદ લેવા તે રોજ બાગ સુધી ફરવા જતી.

તે દિવસે જ્યારે મા સવારે ફરવા માટે નીકળી ત્યારે કોઈ કારણસર કોઈ અજ્ઞાત ભયથી હું વ્યાકુળ બની ગઈ. એક અસ્પષ્ટ, અજાણ્યા ડરથી હું ગભરાઈ ગઈ, અને મેં તેની સાથે જવાનો આગ્રહ કર્યો. સામાન્ય રીતે તેને મારી સોબતમાં આનંદ આવતો. પણ એ દિવસે, કોણ જાણે કેમ, તે એકલી જ જવા માટે કૃતનિશ્ચય હતી. છતાં, અમે બાગ સુધી જવાના અરધે રસ્તે આવ્યાં ત્યાં સુધી તેણે કશો વિરોધ પ્રગટ કર્યો નહિ.

"યોનેકો, હવે તારે વધુ સાથે આવવાની જરૂર નથી," તેણે તીખાશથી કહ્યું.

"તને કદાચ કશી સહાયની જરૂર પડે," મેં વિરોધ કરતાં કહ્યું.

"બકબક ના કર. પછી જા. હું મારી જાતની સારી સંભાળ લઈ શકું છું." છતાં હજુ તેનો સાથ છોડવા માટે મારું મન માનતું ન હતું. મને જાણે એવો ભય સતાવતો હતો કે આ તેની સાથે ચાલવાની મારી છેલ્લી તક હતી.

"યોનેકો," તેણે ફરી કહ્યું. તેની આજ્ઞાનું પાલન ન થતું જોઈ તે નિરાશા અનુભવતી હતી. "ઘેર પાછી જા. મને આજે સવારે તારા સંગાથની જરૂર નથી. હું અહીં થોભીને મારા એક મિત્રની મુલાકાત લેવા માગું છું."

નાખુશ થઈને મેં ઘેર પાછા ફરવાનો આરંભ કર્યો. મા પથ્થર સમાન નિશ્ચલ ઊભી રહીને મને જોઈ રહી હતી. મને ઘણી વાર એવો વિચાર આવે છે કે તે દિવસે શું બનવાનું છે તેની આગાહી તેને થઈ ચૂકી હતી અને તેને પડતી જોઈ, અને મને જે ઘોર વ્યથા થાય તેમાંથી મને બચાવી લેવા માગતી હશે, અથવા કદાચ તે ચીડાઈ ગઈ હશે, અને હું તેની આસપાસ આંટા માર્યા કરું તે તેને ગમતું નહિ હોય. હું ક્યારેય તે જાણી શકીશ નહિ.

વ્યથિત અને વ્યાકુળ હૃદયે મેં ઘેર જવા માટે ટેકરી પર પાછા ચડવાનું શરૂ કર્યું. મેં પાછું વળીને જોયું પણ નહિ. મેં ઘર સુધીનું લગભગ અર્ધું અંતર કાપી નાખ્યું હશે ત્યાં મેં પાછા ફરીને જોયું. તે પોતાની લાકડી પર પોતાના શરીરનું વજન મૂકી પોતાના મિત્રના આંગણામાં ઢસડાતા પગે પ્રવેશ કરી રહી હતી. અમારી એ પડોશણ થોડા સમય પહેલાં જ 'તેનરી-ક્યો' ધર્મમાં દાખલ થઈ હતી, અને માને તેની સાથે એ વિષયમાં ઘણી વાતચીત કરવાની બાકી હતી. એ સ્ત્રીને પોતાના નવા ધર્મપંથ માટે ઘણો ઉત્સાહ હતો અને પોતાની સાક્ષી આપવા સદા તૈયાર રહેતી હતી. માને તેનના સહવાસમાં આનંદ આવતો.

પછી અચાનક તે બન્યું.

મા ધીરે ધીરે ઘરના પ્રવેશદ્વાર તરફ આગળ વધતી હતી. ત્યાં તો તેની બહેનપણીનો મોટો કૂતરો, જે તે ક્ષણ સુધી દેખાયો ન હતો તેણે અચાનક ઘરના એક ખૂણામાંથી નીકળી આવી મા પર હુમલો કર્યો અને મોટેથી ભસવા લાગ્યો. કૂતરો એવી વિચિત્ર રીતે કેમ વર્ત્યો તે હજુ સુધી કોઈ સમજી શક્યું નથી. કદાચ પેલી લાકડીથી તેને ક્રોધ ચડ્યો હોય, અને કદાચ માનાં ધીમે ધીમે પડતાં ડગલાંમાં તેને કશી વિચિત્રતાની ગંધ આવી હોય. તે માને સારી રીતે ઓળખતો હતો, અને ક્યારેક ભસી લેતો, પણ આવી ભયાનક રીતે તે ક્યારેય ભસ્યો ન હતો.

મેં તેનું સાંભળ્યું. હું પાછી ફરી. ભયથી મારું ગળું રુંધાઈ ગયું. જે કંઈ બની રહ્યું હતું તે જોવાની મને ભાગ્યે જ જરૂર હતી. હું સમજી ગઈ કે મા વિકટ પરિસ્થિતિમાં હતી. તેની અને ઘરની વચ્ચે કૂતરો હુમલો

કરવાની તૈયારીમાં ઊભો હતો . તેનું ભસવું વધુ ને વધુ ઉગ્ર થઈ રહ્યું હતું. માના ઘૂંટણો અસ્થિર બન્યા, તેના બંને હાથમાં લાકડી હતી. ધીમેથી તેના ઘૂંટણો વાંકા વળી ગયા અને તે જમીન પર ગબડી પડી. હું દોડતી ટેકરી ઊતરી ગઈ, અને કૂતરાની પરવા કર્યા વિના મા ઉપર ઝૂકી પડી, તેને હલાવવા લાગી અને વારે વારે બેઠા થવાની વિનંતી કરવા લાગી.

ત્યાં સુધીમાં તો પડોશીઓ દોડીને અમારી પાસે આવી પહોંચ્યા હતા.

"ડૉક્ટર યેનાઈને બોલાવો," મેં ચીસ પાડીને કહ્યું, "કોઈ ડૉક્ટર યેનાઈને બોલાવો."

"ના," માની બહેનપણીએ આગ્રહપૂર્ણ આદેશ આપ્યો. "તેથી તો બધું બગડી જશે ! અમારી પાસે પવિત્ર જળ છે. પુરોહિતોએ તેને આશીર્વાદિત કર્યું છે. જો એ તે પીશે તો સારી થઈ જશે."

મેં મારી માને આ અગાઉપણ આવી સ્થિતિમાં જોઈ હતી : તેના ચહેરા પરથી રંગ ઊડી ગયો હતો, તેની આંખો બંધ હતી, અને તે શ્રમપૂર્વક, મોટેથી શ્વાસ લેતી હતી. જોકે હું હજી તરુણાવસ્થામાં હતી, છતાં મને સમજાઈ ગયું કે મા પર જૂના રોગે ફરી હુમલો કર્યો છે.

"મારે ખાતર ડૉક્ટરને બોલાવો," મેં વિનંતી કરતાં કહ્યું, "મહેરબાની કરી કોઈ ડૉક્ટરને યેનાઈને બોલાવી લાવો."

એક સ્ત્રી ડૉક્ટરને બોલાવવા જવા લાગી, પરંતુ માની બહેનપણી તેના પ્રત્યે ક્રોધે ભરાઈ. તેણે પેલી સ્ત્રીનો રસ્તો રોકી લીધો.

"જો તમે ડૉક્ટરને બોલાવશો તો તેના મૃત્યુની જવાબદારી તમારે શિરે રહેશે. તે ભલી અને શ્રદ્ધાળુ સ્ત્રી છે. દેવો ચોક્કસ તેને સાજી કરી દેશે."

તેણે લગભગ તોછડાઈથી મને બાજુ પર હઠાવી દીધી, પોતે ઘૂંટણે પડી અને માનું માથું પોતાના ખોળામાં લીધું. "આ પી જાઓ," મા જાણે તેની વાત સાંભળતી હોય તેમ તેણે ધીરેથી કહ્યું, " "થોડુંક પીશો તો તમે ઠીક થઈ જશો. હા, બરોબર. યોનેકો, તેં જોયું ? તેણે તે પીધું. હવે દેવો તેને આરોગ્ય બક્ષશે અને તેને દીર્ઘાયુ તથા સમૃદ્ધિ આપશે."

હું મૃતક સમાન (સુન્ન) જડ બની ગઈ હતી. તેણે માના હોઠો પર તે પાણી રેડ્યું, પરંતુ તે તેની હડપચી પર થઈ નીચે વહી ગયું . મેં જોયું તો માના મુખમાં એક ટીપુંયે ગયું ન હતું.

જો હું ઉંમરમાં થોડી મોટી હોત અને જો મને મારી જાત ઉપર વધારે વિશ્વાસ હોત, તો અમારી પડોશણના વિરોધ છતાં હું જાતે જઈને ડૉક્ટરને બોલાવી લાવી હોત. હું મારા પિતાને બોલાવવા માગતી હતી. શું કરવું ઉચિત છે તેનો નિર્ણય તે લઈ શક્યા હોત પરંતુ તે પણ અશક્ય હતું. તે નોકરી ઉપર ગયા હતા, અને તેમને ત્યાંથી કેવી રીતે અહીં લઈ આવવા તે હું જાણતી ન હતી.

માની મિત્ર તો મા જ્યાં પડી ગઈ હતી ત્યાં જ એટલે આંગણામાં જ તેને રાખવા માગતી હતી. તેને તો ખાતરી જ હતી કે ગમે તે ક્ષણે મા પોતાની આંખો ખોલશે, પોતાના પગ પર ઊભી થશે અને ચા પીવા માટે ઘરમાં આવશે. જાણે કે ત્યાં 'તેનરી-ક્યો' ને નામે કોઈ ચમત્કાર અમે જોઈ શકીશું એવી ઉત્તેજના તેના મોં પર દેખાતી હતી. આવા ચમત્કારથી તો ટીકા કરનાર બીજાંઓ પણ આ પંથમાં જોડાશે.

ગમે તે હોય, હું માને એવી અસહાય સ્થિતિમાં વધુ સમય ત્યાં રહેવા દેવા તૈયાર ન હતી. મેં (સ્ટ્રેચર જેવું) રાતે ઘર બંધ કરવા માટે વપરાતું, આમતેમ ખસેડી શકાય તેવું, ખાસ પ્રકારનું બારણું મંગાવ્યું. તેના ઉપર માને સુવાડીને અમે તેને અંદર લઈ ગયા. બપોર પછી તો હું વધુ ધીરજ રાખી શકી નહિ. કોઈને કશું કહ્યા વિના હું ઘરમાંથી બહાર નીકળી અને અમારા ફેમિલી ડૉક્ટરને મેં ફોન કર્યો. તે તરત જ આવ્યા.

"ઘણું મોડું થઈ ગયું છે," તેમણે ચિંતાગ્રસ્ત ચહેરે માને તપાસીને કહ્યું. "આ તો બહુ ગંભીર કેસ છે. મને તો કલાકો પહેલાં બોલાવવો જોઈતો હતો."

તેમણે થોડાં માણસો બોલાવી માને ટેકરી ઉપરના અમારા ઘરે પહોંચાડી, ને જતાં જતાં કહેતા ગયા, "જો મને તાત્કાલિક બોલાવવામાં આવ્યો હોત, તોપણ તેમને બચાવવામાં મુશ્કેલી પડત. " હવે તો તેમણે ગંભીર મુખમુદ્રાથી જણાવ્યું.

ત્રણ દિવસ સુધી હું માની પાસે બેસી રહી. મને ખાવાની કે પીવાની સૂઝ ન હતી. પિતાજી પણ ત્યાં જ રહેતા, માની સામે તાકીને જોઈ રહેતા, પરંતુ બહુ જ ઓછું બોલતા. હું સમજી ગઈ હતી કે હવે મા પાછી સાજી થાય તે અસંભવિત હતું, અને હવે હું ફરી કદી તેનો અવાજ સાંભળવાની નથી. મેં ડૉક્ટરને પિતાજી સાથે, યસૂજો ને તેની પત્ની, અને મારી મોટી બહેન સાથે કાનમાં ગુસપુસ વાતો કરતાં સાંભળ્યાં. મને બધું જ સમજાઈ ગયું હતું. જે ક્ષણે મેં કૂતરાને ભસતો સાંભળેલો અને મારી માને જમીન પર પડતી જોયેલી તે જ ક્ષણે મને બધું સમજાઈ ગયું હતું.

પિતાજીએ મને સૂચવ્યું કે બેત્રણ દિવસ પછી મારે શાળાએ જવું જોઈએ. "તારી મા આવી રીતે કેટલોક સમય સૂઈ રહેશે." પિતાજી પોતે માની સાથે રહેશે અને તેની સંભાળ રાખશે. હું માને છોડવા માગતી ન હતી, પરંતુ પિતાજીની સાથે દલીલ કરવાનો વિચાર સુધ્ધાં મને આવે નહિ. મારે શું કરવું જોઈએ તે તેમણે મને કહ્યું. મેં તે પ્રમાણે કર્યું.

તે બપોરે મને ફોન પર ઘેર આવવાની સૂચના મળી. કશું જ વધારે નહિ. બીજા કોઈ સંદેશાની મને જરૂર ન હતી. મા મૃત્યુ પામી હતી.

આસપાસ રહેતા 'તેનરી-ક્યો' પંથના સભ્યો માના મૃત્યુથી થોડાક ક્રુદ્ધ બન્યા હતા. "તે દેખાડતી હતી તેટલો વિશ્વાસ તેનામાં ન હતો," તેઓ પરસ્પર વાતચીત કરતા હતા. "તેણે આપણને તો છેતર્યા, પણ દેવોને તે છેતરી ન શકી."

"તે ઉદાર હતી," ગ્રુપના એક સભ્યે કહ્યું. "યુદ્ધના સમય દરમ્યાન તેની પાસે જે કંઈ હતું તે તે બીજાંઓને વહેંચી દેતી."

"તે તો તેણે દેવોની કૃપા પ્રાપ્ત કરવા કર્યું હશે, પણ દેવોએ તેનું ધૂળથી વધુ મહત્ત્વ આંક્યું નહિ."

તેઓ ન અમને મળવા આવ્યા, કે ન અમને આવી વાતો કહી. બીજાં લોકો પાસેથી અમને એ બધું જાણવાનું મળ્યું. 'તેનરી-ક્યો' વાળા તો રસ્તામાં પણ અમારી સાથે વાત કરતા નહિ. કારણ, માએ રોગ (સ્ટ્રોક)નો ભોગ થઈ તેમના મહિમાવાન ધર્મને અપવિત્ર કર્યો હતો.

તેના પોતાના દોષને કારણે તે ફરી સાજી થઈ શકી ન હતી. ખરેખર, તો તેના મનના ઊંડાણમાં દેવો પ્રત્યે પૂરતો વિશ્વાસ ન હતો, અને તેથી જ તેનું શરીર ફરીથી સ્વસ્થ ન બની શક્યું.

જોકે તેઓ અમને પોતાને આવી વાતો કહેતા નહિ, પણ અમારા મિત્રો આવીને એ લોકોની કટુતાપૂર્ણ વાતો જણાવી જતા.

મને લાગતુંવળગતું હતું ત્યાં સુધી તેમના શબ્દોનો મારે મન કશો અર્થ ન હતો. એક વિશાળ શૂન્યતા મને વીંટળાઈ વળી હતી. હવે મને સમજાતું હતું કે મા મારે માટે કેટલી બધી મહત્ત્વની હતી, અને તેના જવાથી મેં કેટલું બધું ગુમાવ્યું હતું. હવે જીવન જીવવા જેવું લાગતું ન હતું. તે ખાલી હતું, અર્થહીન હતું. 'તેનરી-ક્યો' પ્રત્યે મારા મનમાં માત્ર ઘૃણા હતી. બધા ધર્મો ઉપહાસપાત્ર હતા.

# પ્રકરણ : ૪

પછી આવેલાં સપ્તાહો અને મહિનાઓ મારે માટે અસ્પષ્ટ હતાં. આપત્તિનાં દુઃસ્વપ્ન સમાં હતાં. હું જાણે કે વિચાર ન કરી શકે તેવી, લાગણી ન અનુભવી શકે તેવી, આત્માવિહીન વ્યક્તિ બની ગઈ હતી. હું સ્કૂલે જતી. હું ઘેર પાછી ફરતી. હું મિત્રો સાથે બહાર નીકળી જતી અને એટલી મોડી રાત સુધી બહાર રહેતી અને એવાં કામ કરતી, જેથી યૂરિકો ચિંતાતુર બનતી હતી. તે ઘણી વાર મને ઠપકો આપતી, પરંતુ હું તેને જરાપણ ગણકારતી નહિ.

મારી માતા જીવતી હતી ત્યાં સુધી ન મેં કદી મદિરાલયોની મુલાકાત લીધી હતી, ન હું મોડી રાત સુધી બહાર મિત્રો સાથે બહાર રખડ્યા કરતી. આટલી હદ સુધી હું અનિયંત્રિત બની ગઈ ન હતી. હું એવું બધું કરીને વાસ્તવમાં તો મારી માને ભૂલવાનો પ્રયત્ન કરતી હતી. છતાં પણ, મારા હૃદયમાં દુઃખની અંધારી તલવાર કે એની કાંટાળી શૂળ સતત ભોંકાતી રહેતી હતી. એ દુઃખદ સવારે જ્યારે હું ટેકરી પરથી દોડી જઈને માના નિશ્ચેતન દેહ પાસે ઘૂંટણે પડી હતી ત્યારથી એ શરૂ થયું હતું.

ફેબ્રુઆરી માસની એક મોડી રાતે જ્યારે હું રેલવે ટ્રેઈનમાં મુસાફરી કરતી હતી ત્યારે એક વિચિત્ર માનસિક બેચેની મને વીંટળાઈ વળી. હું જન્મી તે પહેલાંથી સમગ્ર ટોકિયો શહેરને જે મનોરંજન પૂરું પાડતું આવ્યું છે તે સમુદ્રકિનારે આવેલ વિખ્યાત ‘આમોદપ્રમોદ કેન્દ્ર’ (amusement centre)ની નજીક અમે પહોંચ્યાં હતાં. આ વખતે ત્યાં પહોંચવા માટે અમે લાંબી મુસાફરી કરી હતી અને ટ્રેઈન પૂરઝડપે ત્યાંથી પસાર થતી હતી. મેં ફરી એક વાર મારી કાંડાઘડિયાળ સામે જોયું, પણ હું એટલી બધી ગૂંચવાઈ ગઈ હતી કે કેટલા વાગ્યા છે તે હું જોઈ શકી નહિ. હું ગૂંચળું વળીને સીટ પર બેસી ગઈ. ચાંદની રાતના પ્રકાશમાં મકાનો, સડકો અને શેરીઓ ઝડપથી પસાર થતાં હતાં. કશું

ઓળખવું મુશ્કેલ હતું. કોઈપણ પરિચિત વસ્તુ મારી દ્રષ્ટિએ પડતી ન હતી.

મને ચક્કર આવવા માંડ્યા. મારા શરીરમાંથી જાણે શક્તિ ચુસાઈ ગઈ. મારું સમગ્ર અસ્તિત્વ જાણે કંપી ઊઠ્યું. જે કંઈ બન્યું હતું તે હવે મારી સમક્ષ સ્પષ્ટ બન્યું. મેં ફરી પાછી એ જ ભૂલ કરી હતી. ટોકિયોના મહાનગરમાં જન્મેલી અને ત્યાં જ ઊછરેલી હોવાથી હું વાહનવ્યવહારથી પરિચિત હતી અને મારા આડોશપાડોશના વિસ્તારોને પણ બરોબર જાણતી હતી. છતાં એ રાતે ત્રીજી કે ચોથી વાર ખોટી ટ્રેઇનમાં બેસી ગઈ હતી.

શું કરવું તે મેં ક્યારનુંયે નક્કી કરી નાખ્યું હતું. આ નિર્ણય અંગેની દ્રઢતા મારા મનમાં વધી રહી હતી. વાસ્તવિકતા તો એ હતી કે મેં આખી યોજના ગોઠવી રાખી હતી. તે જ કારણસર હું સમુદ્રતટે પહોંચી જવા અતિ ચિંતિત હતી.

એક વાર સમુદ્રકિનારે પહોંચી ગયા પછી હું મારો કોટ અને બૂટ ઉતારીને ત્યાં મૂકી દઈશ, જેથી મારા કુટુંબીજનો જાણી શકે કે હું ક્યાં ગઈ અને મારું શું થયું. (મારો શો અંત આવ્યો.) મારાં મૂંઝવણ અને દુ:ખમાં મને એવું લાગતું હતું કે આટલું કુટુંબીઓને લાગનાર આઘાત હળવો કરવા માટે પૂરતું હતું. પછી હું સમુદ્રના પાણીમાં ચાલવા માંડીશ. હું એક પગલું, બીજું પગલું, એમ ચાલ્યા જ કરીશ. પગલે પગલે હું મારી વ્યથા, નિરાશા અને કટુતા પોકારીને પ્રગટ કરીશ. પવન સામે મારી વેદનાને અને ક્રોધને ફંગોળીશ. જ્યાં સુધી કિનારા પર અથડાઈને દરિયામાં પાછાં ફરતાં મોજાં મને ઊંચકીને દરિયાના હૂંફાળા, બધું જ સમાવી દેનાર વિશાળ ઉદરમાં મને સમાવી ન લે, અને મારાં સમસ્ત દુ:ખોનો અંત આણી ન દે, ત્યાં સુધી હું તેમ કર્યા કરીશ.

મારે આત્મહત્યા કરવી છે એ હકીકતનો સ્વીકાર કર્યા પછી એક ભયાનક ઉત્તેજનાઓ મારો કબજો લીધો. મારે હવે રેલવે ટર્મિનસ (અંતિમ સ્ટેશન) પહોંચીને જલદીમાં જલદી પેલા મનોરંજન પાર્કમાં પહોંચી જવાનું હતું. ત્યાં એક દુ:સ્વપ્ન સમા બની ગયેલા મારા જીવનને

સમાપ્ત કરી દેનાર યોજનાને મારે અમલમાં મૂકવાની હતી.

ટ્રેઈનમાં એકલા બેઠાં બેઠાં, મેં એ યાદ કરવાનો પ્રયત્ન કર્યો કે તે ભયાનક સંધ્યાએ કેટલી બધી ટ્રેઈનોમાં મેં મુસાફરી કરી, અને કેટલી બધી વાર મુખ્ય સ્ટેશનેથી ઊપડતાં પહેલાં મનમાં વિચાર્યું કે હું એક મોટી ભૂલ કરી રહી છું અને મારે મારાં પગલાં પાછાં ખેંચી લેવાં જોઈએ. પરંતુ હું તેમ ન કરી શકી. અને હજુ પણ મારે જેમાં બેસવું જોઈએ એ રેલવે ટ્રેઈનમાં હું બેઠી નથી. મેં ધીરેથી પાછા ફરી મારી આસપાસની ખાલી સીટો અને ડાબી તથા જમણી બાજુના બંધ દરવાજાઓ તરફ જોયું. એકાકીપણું, ગભરાટ ને રેલવે ટ્રેઈનના અવાજમાં બધું જ જાણે એક જડ વર્તુળમાં ઘૂમરાતું હતું ને ઝાંખું ઝાંખું દેખાતું હતું. મને એવું લાગતું હતું જાણે જીવનનો મોટા ભાગનો સમય હું રેલવેમાં જ પ્રવાસ કરી રહી છું, અને કોઈ અસહાય હાલતમાં અનંતતામાં મુસાફરી કરવા માટે નિર્માઈ છું.

"યોનેકો," મેં મારું જ નામ ખોખરા છતાં મંદ સ્વરમાં પોકાર્યું, જાણે કે હું કોણ છું તે જ ભૂલી જાઉં અને તેની સાથે જ વાસ્તવિક્તા સાથેનો બધો સંપર્ક ગુમાવી બેસું.

યોનેકો ! મારાં દાદીમાએ મારું આ નામ પાડ્યું હતું. એ નામ સાથે એક પ્રાર્થના સંકળાયેલી હતી કે જીવનભર ઉત્તમ રીતે મારી સંભાળ લેવાય અને હું અઠ્યાસી વર્ષનું દીર્ઘાયુષ્ય ભોગવવાને શક્તિમાન બનું.

એ પ્રાર્થનાનો પ્રથમ ભાગ તો મારે માટે સાચો ઠર્યો હતો. મારા પિતાજીએ શીઘ્રતાથી મારી માતાના મૃત્યુનો શોક દૂર હડસેલ્યો અને મારે ખાતર પ્રસન્નતા ખરીદવાનો પ્રયાસ કર્યો. પરંતુ જે વસ્તુઓ તેમણે મારા માટે ખરીદી તેમાં ચિરકાળ સંતોષ આપી શકે તેવી કોઈ ચીજ ન હતી. મારું જીવન અગાઉના જેવું જ ખાલી અને હેતુ વગરનું રહ્યું હતું.

બીજી ઈચ્છા કે પ્રાર્થના તો સુખચેન લાવવાને બદલે વધુ ભયભીત બનાવે તેવી હતી. એ તો જાણે એક સજા હતી. જિંદગીભર જેનો બોજો ઘસડવો પડે તેવી સો કિલોની સાંકળથી મારે ડોકે બાંધવામાં આવેલો એક પથ્થર હતો. શા માટે કોઈને અઠ્યાસી વર્ષનું દીર્ઘાયુષ્ય ભોગવવાની

ઇચ્છા થાય ? હું તો અત્યારે આવતી કાલ સુધી જીવવાનો વિચાર પણ સહન કરી શકતી ન હતી.

રેલવે ટ્રેઇનના આગળના ભાગમાં પોતાની નાની કેબિનમાં બેઠેલા ટ્રેઇનના કંડક્ટર (ડ્રાઇવર) સિવાયનો જે એકમાત્ર પ્રવાસી મને દેખાતો હતો, તેની થાકેલી આંખો ઝાંખા પ્રકાશમાં બંધ હતી અને તે ઘસાયેલી સીટો પર હાથપગ લંબાવીને સૂતો હતો. બીજું સ્ટેશન આવતાં ટ્રેઇને બ્રેક મારી અને તે હાલ્યો. હવે મને સમજાયું કે તે સૂતો ન હતો.

મનમાં ને મનમાં મેં વિચાર્યું કે જો તેણે મને પોતાનું જ નામ દઈને પોકારતાં સાંભળી હશે તો તે શું ધારતો હશે. રેલના અવાજને કારણે મારા શબ્દો સંભળાવાની શક્યતા ઘણી ઓછી હતી, છતાં મારા મનમાં એવી હલચલ મચી ગઈ હતી કે મને કશી વાત વિશે ખાતરી થતી ન હતી.

તે પ્રવાસીએ મારી સામે જોયું. તેની પ્રશ્નસૂચક દ્રષ્ટિ મારા ચહેરા પરથી ખસી ને મારા ખભા પર લટકાવેલા બરફમાં ખસવાના બૂટ (સ્કી) પર થંભી. આવા બૂટ ઘણી છોકરીઓ પાસે હોતા નથી. કારણ, તે ઘણા મોંઘા હોય છે. ને કદાચ વિચારતો હશે કે આ છોકરી પાસે આવા કીમતી બૂટ ખરીદવાના પૈસા ક્યાંથી આવ્યા અને જો તે કોઈ સારા ઘરની છોકરી હોય તો આ મોડી રાતે આ ટ્રેઇનમાં શું કરી રહી છે.

મારા મનમાં સ્પષ્ટીકરણ કરી દેવાની ઇચ્છા જાગી કે આ બૂટ મારા પિતાજીએ મારે માટે ખરીદ્યા છે, અને ઘરમાં બેસી બેસીને કંટાળેલી હોવાથી અત્યારે પ્રવાસમાં છું. જોકે મેં આવું સ્પષ્ટીકરણ કરવા વિચાર્યું ખરું, પણ મેં તેવું કશું કર્યું નહિ. મેં મનમાં ને મનમાં કહ્યું કે હું ગમે તે કરું તેમાં બીજાને શી લેવાદેવા ?

"તારે કયા સ્ટેશને ઊતરવું છે ?" તેણે પૂછ્યું.

ત્યારે મેં જોયું કે તેના હાથમાં એક અશ્લીલ મેગેઝીન હતું, જે પુરુષો સ્ટેશનેથી ખરીદે છે ખરા, પણ ઘેર લઈ જતા નથી. તેણે વાસનાપૂર્ણ દ્રષ્ટિથી મારી સામે જોયું. મારા આત્માના ઊંડાણમાંથી જાણે ક્રોધનો જ્વાળામુખી ફાટી નીકળ્યો.

"તારે કયા સ્ટેશને ઊતરવું છે," તેણે ફરીથી એ જ પ્રશ્ન પૂછ્યો.

મેં તેને શો ઉત્તર આપ્યો અથવા હું કંઈ બોલી કે કેમ તે મને જરીકે યાદ નથી. હું એટલું જ જાણું છું કે જાણે કોઈ મંત્રબળની અસર નીચે હોઉં તેમ હું ટ્રેઇનમાંથી ઊતરી પડી ને છેલ્લા ડબ્બા પાછળની લાલ લાઇટો પસાર થઈ ગઈ ત્યાં સુધી નિરાધાર ને એકાકી હાલતમાં પ્લેટફોર્મ પર ઊભી રહી.

આ શું થઈ રહ્યું હતું? શું હું મારી વિવેકબુદ્ધિ ગુમાવી બેઠી હતી?

જો તે બપોરે મેં એક પિન્ટ (પ્રવાહીનું એક માપ)થી વધારે બિયર (જવમાંથી બનતો દારૂ) પીધો હોત તો હું સરળતાથી એવા નિષ્કર્ષ પર આવી હોત કે દારૂએ મારી જ્ઞાનેન્દ્રિયોને બુઠ્ઠી બનાવી દીધી છે. પરંતુ હું મારા ગૂંચવાડા માટે દારૂને પણ દોષિત ઠરાવી શકું તેમ ન હતી. નશામાં ચકચૂર થઈ ગયેલા મારા મિત્રો મને મદિરાલય કે દારૂના પીઠાની બહાર છોડીને ચાલ્યા ગયા હતા. જો બીયરનો મારા પર કશો પણ પ્રભાવ પડ્યો હોય તો તે ક્યારનોયે ઓસરી ગયો હોવો જોઈએ.

એક ક્ષણ માટે મેં પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું. જો મારે દરિયાકિનારે જવું હોય, તો મારે ફરી મુખ્ય ટર્મિનસ પર જવું જોઈએ અને ત્યાં જઈને દરિયાકિનારે લઈ જતી ટ્રેઇન પકડવી જોઈએ .

સ્ટેશન પર રેલવે ટ્રેઇનોનું સમયપત્રક જોયું. મને ટર્મિનસ પર લઈ જાય તેવી ટ્રેઇન આવે ત્યાં સુધી મારે લાંબા સમય સુધી પ્રતીક્ષા કરવી પડે તેમ હતું. છેલ્લા ઉતારુઓ તો ઘેર પહોંચી પણ ગયા હશે. અને ભારે અવરજવરના સમયોમાં ઘણી ટ્રેઇનો દોડતી હોય તે સ્વાભાવિક ગણાય. પરંતુ મોડી રાતે બહુ ઓછી ટ્રેઈનો દોડે.

હું બેચેન હાલતમાં પ્લેટફોર્મના છેડાના ભાગ સુધી પહોંચી ગઈ . શિયાળાની કાતિલ ઠંડીમાં હું ધ્રૂજતી હતી. નીચેનું શહેર શાંત નિદ્રામાં પોઢી ગયું હતું. આરામ કરવો એનો સાચો અર્થ શો ? સ્વપ્નો જોયા વગર ઊંઘવું અને સવારે પેટમાં જાણે સીસું ઠલવાયું હોય તેવા ભાર વગર જાગવું એ કેટલો મજાનો અનુભવ હશે ?

દિવસભરનો કોલાહલ હજુ જાણે મારામાં ઘૂંઘવાતો હતો. મનમાં

ગૂંચવાડા પર ગૂંચવાડા વધી રહ્યા હતા. છેવટે હું એટલી બધી વ્યાકુળ બની ગઈ કે તે દિવસે બનેલ ઘટનાઓને આજે એટલે આ ક્ષણે પણ હું છૂટી પાડી શકતી નથી, તેમનું પૃથક્કરણ કરી શકતી નથી . એ બપોર પછીના સમય દરમ્યાન એકબીજાને હડસેલાં મારતાં ટોળાંઓની હકડેઠઠ ભીડ હતી, પુષ્કળ ટ્રેઈનો હતી, અને હું જ્યાં જવા માગતી હતી ત્યાં તે જતી ન હતી.

મેં સ્ટેશનનું પ્લેટફોર્મ છોડ્યું અને હું શેરી તરફ દોરી જતાં ઠંડા કોંક્રિટનાં પગથિયાં ઊતરી. મુખ્ય ટર્મિનસ તરફ લઈ જતી બીજી એક ટ્રેઈનનો અવાજ મારે કાને પડ્યો. મને થોડુંક તો થયું કે મારે એ ટ્રેઈનમાં હોવું જોઈએ, પણ એ બહુ ચિંતાજનક વિચાર ન હતો. હું ઘેર કયે સમયે પાછી ફરું તેની કોને પડી છે ? હું ઘેર આવું કે ન આવું તેની કોઈને દરકાર નથી.

હું જાણે સ્વપ્નમાં હોઉં તેમ, મારી જાત પર જોર કરીને શેરીમાંથી પસાર થતી હતી. શેરીમાં મોટે ભાગે તો રહેઠાણનાં મકાનો હતાં, પણ થોડીક દુકાનો પણ હતી. મેં થોડોક રસ પડે તેમ એકબે દુકાનની ખુલ્લામાં (કાચની પાછળ) રાખેલી વસ્તુઓ જોવાનો પ્રયત્ન કર્યો, પણ જાણે કે, હું કશું જ જોઈ શકતી ન હતી. મારી આંખો ખુલ્લી હતી, પરંતુ મારું મગજ જાણે બહેર મારી ગયું હતું.

એકાકીપણાની લાગણી ફરી એક વાર મને વીંટળાઈ વળી. સપ્તાહોથી આવું જ ચાલતું હતું. એકાકીપણાની લાગણીની ઉગ્રતા વધતી ગઈ. સંસારમાં હું જ એક એવી વ્યક્તિ હતી, જેની સાથે સ્નેહપૂર્ણ વાતચીત કરનાર કોઈ ન હતું. મારી સંભાળ રાખનાર કોઈ ન હતું. હું સંપૂર્ણપણે એકાકી હતી.

જોકે માતાના મૃત્યુથી મને ઘેરો આઘાત લાગ્યો હતો, પરંતુ જ્યારે મારી એક ગાઢ બહેનપણીએ મારી સાથે વિશ્વાસઘાત કર્યો ત્યારે તો મારી નિરાશા અતિ પ્રબળ બની. એ જ બહેનપણીએ જ્યાં ને ત્યાં મારે વિશે ગમે તેવી વાતો ફેલાવી હતી. મને હવે એવું થવા માંડ્યું હતું કે હું કોઈ પર ભરોસો રાખી શકું તેમ નથી. હું તો એકમાત્ર બોલતી ચાલતી છાયા

છું. વાસ્તવિક યોનેકોનું અસ્તિત્વ જ જાણે ભૂંસાઈ ગયું છે.

હું જાણતી નથી કે શા માટે મારે જ આવી ઘોર વ્યથાનો ભોગ થવું પડ્યું હશે કે શા માટે બધાં જ મારી વિરુદ્ધ થઈ ગયાં હશે. ક્ષણભર તો મને મારી મા ઉપર ક્રોધ આવ્યો, જાણે કે તેનું મૃત્યુ પણ મારા વિરુદ્ધના ષડ્યંત્રનો એક ભાગ ન હોય !

મને તો હતું કે હું મારા પિતાજી પર ભરોસો રાખી શકું, પરંતુ તે અને મારો મોટોભાઈ મારા લગ્નનું આયોજન કરવામાં વ્યસ્ત બની ગયા હતા. મારી બહેન યૂરિકો, કોઈની સાથે પ્રેમમાં પડી અને તેનો વિવાહ પણ કરી દેવામાં આવ્યો. પિતાજીને તે માટે કશો વાંધો ન હતો. પરંતુ મારી વાત જુદી હતી. મને એવો વિશિષ્ટ હક્ક આપી શકાય એટલો ભરોસો મારા પર તેમને ન હતો. તેમને કદાચ એવું લાગતું હશે કે હું એવા કોઈ યુવકને પસંદ કરીશ, જે મારે માટે દુ:ખનું અને કુટુંબને માટે શરમનું કારણ બને.

તે શું ધારતા હતા તે હું જાણતી હતી. તેમણે પોતે તેમની વિચારણા મને જણાવી હતી. મારા જેવી બિનઅનુભવી ને મોજીલી છોકરી કેવી રીતે સાચી પસંદગી કરી શકે ?

હવે મને સમજાય છે કે મારે માટે પતિ શોધવાનો પ્રયાસ એ તો માત્ર હું મારી માતાના મૃત્યુની વેદનામાંથી મુક્ત બનું તે માટેનો એક અણઘડ પ્રયાસ હતો. મને તે સમયે એવું લાગતું હતું કે મારી દેખભાળ કરવાની પોતાની જવાબદારીમાંથી મુક્ત થવાનો પિતાજી પ્રયાસ કરતા હતા. કુટુંબનાં માણસો મારો અસ્વીકાર કરે છે તેનો એ એક બીજો સંકેત હતો.

શેરીમાં ચાલતાં ચાલતાં આવા વિચારો મારા મગજમાં અતિ ઝડપથી ઘૂમરાતા હતા, અને મારી ગૂંચવાઈ ગયેલ વિચારસરણીને છૂટી પાડીને તેને વ્યવસ્થિત કરવાનો હું પ્રયત્ન કરતી હતી. અંતે જાણે જડ જેવી બનીને હું સ્ટેશન તરફ પાછી ફરી. જ્યારે હું ટ્રેઈન પાસે પાછી પહોંચી ત્યારે તેની છત પરથી ચંદ્રમાનો પ્રકાશ પરાવર્તિત થતો હતો. તે જોતાં જ મારી નિરાશા, ગભરાટ અને એકાકીપણાની લાગણીનો જાણે કે

ભીતરમાં વિસ્ફોટ થયો. ચંદ્રમાના પરાવર્તિત થતા પ્રકાશે શા માટે મને હતાશાથી કચડી નાખી તે હું જાણતી નથી. અત્યારે પણ હું તેને સમજાવી શકું તેમ નતી. પણ એકાએક જ હું જાણે કચડાઈ ગઈ, અભિભૂત થઈ ગઈ. એવો સમય આવી પહોંચ્યો હતો જ્યારે મારે કંઈક કરવું રહ્યું. ભલે ગમે તે થાય, પણ આ રાતે મારે સમુદ્રકિનારે જવું જ પડશે.

મારા શિક્ષકો જ્યારે સમાચારપત્રોમાં આ વિશે વાંચશે ત્યારે તેમને આશ્ચર્ય નહિ થાય. મેં કેટલીયેવાર તેમની પાસે જઈને જીવનનો અર્થ શીખવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેઓ મને કશી મદદ કરી શક્યા ન હતા.

"આવા વિષયો વિશે ચિંતા કરવી એ બહુ સારી વાત નથી," મને કહેવામાં આવતું. "તારે તો તારા અભ્યાસ વિશે વધુ ગંભીર બનવું જોઈએ, જેથી તને ઊંચી ગ્રેડ મળે. તું તો અતિ ગંભીર વાતો વિશે વિચારે છે, તેથી જ અમુક વિષયોમાં તને સારા ગુણ મળતા નથી. જીવન અને મૃત્યુ વિશેના વિચારોના બોજા નીચે દબાઈ ન જા. તેમને ભૂલી જા."

એક શિક્ષક બીજા શિક્ષકો કરતાં મદદ કરવા વધુ આતુર હતા, પરંતુ તેમની પાસે પણ એવા વિચારો ન હતા, જે મારા દુઃખિત હૃદયને શાંતિ આપી શકે.

"જે હલ ન કરી શકાય તેવી સમસ્યાઓ વડે પોતાની જાતને દુઃખી કરવી તે તારા જેવી સુંદર છોકરી માટે મૂર્ખાઈભર્યું છે," તે કહેતા. "દુનિયાના સૌથી મહાન વિચારકોએ એ પ્રશ્નો સાથે મલ્લયુદ્ધો કર્યાં છે અને તે હારી ગયા છે. તારે એ વાતો વીસરી જવી જોઈએ. તારે નવી નવી બાબતોમાં રસ લેવો જોઈએ, તો તને નિરાશા ઊપજશે નહિ. આવનાર વર્ષોમાં મોજમજા કર."

મેં એ બધાંની વાતો સાંભળી અને તેમની સલાહ પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કર્યો. મારા સર્વ શિક્ષકોને એમ જ હતું કે તેઓ સાચા છે અને તેઓ શબ્દોનો એવો ધોધ વહેવડાવતા કે તેમની સાથે વાત કરતી વખતે મને લાગતું કે હું માગું છું તે સલાહ - માર્ગદર્શન તેઓ આપે છે. થોડા સમય પછી જ મને સમજાયું કે તેમની વિચારસરણી મારા જેવી જ ખાલી

અને નિરાશાપૂર્ણ છે. જેમ જાપાનમાં બોનસાઈ વૃક્ષના મૂળને કાપવામાં આવે છે જેથી તે ટેબલ પર યોગ્ય રીતે રહી શકે તે જ રીતે મારા શિક્ષકોની જેમ મારે પણ મારા વિચારોનાં મૂળને કાપી નાખવાં પડે.

જોકે તેઓ મારા શિક્ષકો હતા અને મારા કરતાં ઘણી બાબતોમાં બુદ્ધિશાળી હતા, છતાં જીવન અને મૃત્યુ સંબંધીના તેમના તર્કોનો હું સ્વીકાર ન કરી શકી. મને હતું જ કે ક્યાંક ને ક્યાંક તો તેના ઉત્તરો હશે જ. જો હું તે ઉત્તરો શોધી શકું, તો હું મારા છિન્નભિન્ન દયાજનક જીવનને સાંધી શકું અને જીવી શકું. જો મને તે ઉત્તરો ન સાંપડે, તો પછી જીવવું જ નકામું !

મનેં ક્યારેક એવો પણ વિચાર આવતો કે જો મારી માના કાકા આજે જીવતા હોત, તો કેટલું સારું થાત. અમારા પરિવારનો તેમની સથે ઘનિષ્ઠ સંબંધ ન હતો, અને હું પણ ઘણી વાર તેમને મળી ન હતી, પરંતુ હું નાની બાળકી હતી, ત્યારે તેમણે મને બે પુસ્તકો આપ્યાં હતાં, જે મને ખૂબ પ્રિય હતાં.

અમારા ઘરથી લગભગ દસ માઈલ દૂર તાચીકાવા નગરમાં એક રોમન કેથલિક પુરોહિત(ધર્મગુરુ) રહેતા હતા.

મને ખબર નથી કે તે પણ મને મદદરૂપ બની શક્યા હોત કે નહિ, પણ ઘણી વાર હું એટલી બધી મૂંઝાઈ જતી કે હું ઊંઘી શકતી નહિ. તે વખતે મને થતું કે મેં તેમની સાથે ચર્ચા કરી હોત તો સારું થાત.

જોકે ધર્મના વિષય સંબંધી મેં મારા પિતાજી સાથે વાત કરી ન હતી, તોપણ હું જાણતી હતી કે પિતાજીના વિચારો પણ મારા શિક્ષકોના વિચારો જેવા જ હતા. તેમના વિચારો અનુસાર ધર્મનું કશું મહત્ત્વ ન હતું. વિજ્ઞાન અને મનુષ્ય જ મહત્ત્વનાં હતાં. ધર્મનું કશું મહત્ત્વ ન હતું. વિજ્ઞાન અને મનુષ્ય જ મહત્ત્વનાં હતાં.

અમારા એક સિક્ષકે કહ્યું હતું, "તારે દુનિયાના મહાન તત્ત્વચિંતકોનાં પુરાણાં પુસ્તકો વાંચવાં જોઈએ."

"તારે અર્વાચીન લેખકોના ગ્રંથોમાંથી સંશોધન કરવું જોઈએ," બીજું કોઈ કહેતું, "અર્વાચીન ચિંતકો પાસે આપણા લોકોની જૂનીપુરાણી

માન્યતાઓને સાચવી રાખવાની સમસ્યાઓ નથી, તેથી તેઓ સત્યને પ્રગટ કરવામાં વધુ આગળ જાય છે." તેથી મેં જાપનના સૌથી આગળપડતા ફિલસૂફોને વાંચી નાખ્યા હતા.

એક પુસ્તકે મને બીજાં બધાં કરતાં સૌથી વિશેષ ગૂંચવણમાં નાખી દીધી. તેનું શીર્ષક હતું "આત્મહત્યા." તે તો ખિસ્સામાં લઈ જઈ શકાય તેવી પુસ્તિકા હતી. એવી પુસ્તિકાને સમજવા માટે તમારે મારા દેશને અને મારા લોકોને સમજવા પડે. તે તો આત્મહત્યાની ફિલસૂફી અને જે વિચારસરણી લોકોને આત્મહત્યા પ્રતિ દોરે છે તેનું દર્શન કરાવે છે. આ પુસ્તકે ખરેખર મારા પર મોહિની છાંટી. મેં તે વાંચી લીધું તે પછી એ જ વિષયનાં જુદાં જુદાં પાસાંઓની છણાવટ કરતાં બીજાં પુસ્તકો પણ મેં વાંચ્યાં. હું સત્યને સમજવા માગતી હતી. હું કોઈકનાં એવાં લખાણો સુધી પહોંચવા માગતી હતી જે મારી સમસ્યાઓનો મને ઉકેલ બતાવી શકે. એ લેખકોમાંના કેટલાક બાઈબલનું શિક્ષણ સ્પષ્ટ કરતા લેખકો પણ હતા. તે પણ સત્યની ખોજ કરનારા હતા અને તેમના જ્ઞાન પ્રમાણે તેમણે લખ્યું હતું . ક્યાંક એવું કંઈ લખાણ મળી જાય જે મને જીવનના પ્રશ્નોના ઉત્તરો આપી શકે, એ આશામાં હું નિરંતર પુસ્તકો વાંચતી રહી.

પરંતુ એ સમસ્ત અધ્યયન સમય દરમ્યાન મારા સંદેહો અને ભયમાં સહાયરૂપ બને એવું કશું મને ન મળ્યું, અને ન મળ્યા મને માનસિક યાતના આપનાર પ્રશ્નોના ઉત્તરો. મારા વ્યાકુળ હૃદયમાં ન તો કોઈ શાંતિ મળી કે ન મળ્યો જીવનનો કોઈ હેતુ.

મારા યૌવનકાળ એ ગૂંચવાડાભર્યાં વર્ષો દરમ્યાન મેં ડાયરી લખવાનું શરૂ કર્યું હતું. તે સમયે જે મારા અભ્યંતરના વિચારો અને ઈચ્છાઓ મને અગત્યનાં લાગતાં તે હું તેમાં લખતી. તે ટેવ મને હજુ પણ છે. હવે કેવળ તેણે એક નવો વળાંક લીધો છે. મેં કવિતાઓ લખવાનું પણ આરંભ્યું, જે મારી પોતાની જિંદગીસમી વ્યથાપૂર્ણ, શોકગ્રસ્ત, પ્રશ્નો અને ખાલીપણા કે શૂન્યતા ને વ્યક્ત કરતી હતી.

મને પક્ષીઓની ઈર્ષ્યા આવે છે.

તેઓ કેટલાં મુક્ત છે !

તેઓ જ્યાં ઇચ્છે ત્યાં ઊડી શકે છે.

પરંતુ હું એટલા સ્વાતંત્ર્યથી મારી જાતને અભિવ્યક્ત કરી શકતી નથી.

હું શા માટે સીમિત છું? બંધનોથી બંધાયેલી છું?

તેમને મળી શકતાં આનંદ અને પ્રસન્નતાથી હું કેમ વંચિત છું?

તેઓ માણે છે તેવો જીવનનો આનંદ કેમ દૂર રહે છે મારાથી?

તે વખતે હું એનાથી સભાન ન હતી, પરંતુ હું માર્ગ પર ચાલતાં ચાલતાં એટલી બધી દૂર નીકળી ગઈ હતી કે હવે પાછા ફરવું અસંભવિત હતું. મારા વિચારો અંતર્મુખી બન્યા હતા. મારી નાનકડી દુનિયા મારી આસપાસ જ પ્રદક્ષિણા કર્યા કરતી હતી. હવે મને સ્પષ્ટ રીતે જણાયું હતું કે, આ દુઃખિત અને અર્થહીન અસ્તિત્વથી છુટકારો પામવાનો માત્ર એક જ માર્ગ હતો.

છતાં, હું તેને માટે પૂરેપૂરી તૈયાર ન હતી.

જોકે મારા મિત્રોને તેની ખબર ન હતી, છતાં હું તેમની પાસેથી પણ સહાય શોધતી હતી. મારા જીવનમાં કોઈ ખાસ પુરુષમિત્ર ન હતો, છતાં હું એટલી લોકપ્રિય તો હતી જ, કે જેથી મને બહાર લઈ જવા કોઈ ને કોઈ તૈયાર રહેતું. જ્યારે જ્યારે તક સાંપડતી , ત્યારે ત્યારે હું તેમની સાથે જીવન અને મૃત્યુના હેતુ જેવી ગંભીર બાબતો વિશે ચર્ચા કરતી. જોકે તેમના જવાબોથી મને નિરાશા ઊપજતી. તેઓ તો મારા શિક્ષકો અને મારા કુટુંબીજનો કરતાંયે ઓછા મદદગાર હતા. તેમને તો માત્ર મોજ લૂંટવામાં જ રસ હતો.

અમે ટેનીસ રમતાં, સ્કેટિંગ કરતાં, ડાન્સ કરતાં અને મદિરાલયોમાં પણ જતાં. અમે ખૂબ ખૂબ હસતાં અને અમને ખૂબ મજા પડે છે તેમ અમારી જાતને મનાવવાનો પ્રયત્ન કરતાં. મેં બીજા કોઈને પૂછ્યું નથી, તેથી તેઓ આ વિશે શું ધારતા હતા તેની મને ખબર નથી, પરંતુ મને જણાઈ ગયું હતું કે ઉન્મત્ત ગતિશીલતા (પ્રવૃત્તિઓની ધમાધમ)માં આનંદ પમાડે તેવું કશું જ ન હતું. હું પોતાને થકવી નાખવાના સભાન પ્રયત્નો કરતી જેથી રાતે મીઠી નિદ્રા મળે. ક્યારેક તેમાં સફળતા પણ મળતી.

ઘણી વાર તેવું ન બનતું. ત્યાં સુધીમાં તો હું ઉદાસીનાં ઘેરાં ઊંડાણોમાં ગબડી ચૂકી હતી.

તે નિર્ણાયક રાત્રિએ, રેલવે ટર્મિનસ પાછી જઈને મેં ફરી વાર સમયપત્રક કાળજીપૂર્વક તપાસ્યું. ખરેખર, એની કશી જરૂર ન હતી. કઈ ટ્રેઇન પકડવી તેની મને ખબર હતી. વધુ શાંત અને આનંદી દિવસોએ એ જ ટ્રેઇન તો હું પકડતી હતી. હવે મને મારી જાત પર વિશ્વાસ ન હતો. એવી કશી ગરબડ હતી જે મને વિચિત્ર બાબતો કરવા માટે ફરજ પાડતી હતી.

જોકે હું દરિયાકિનારે આવેલા 'આનંદપ્રમોદ કેન્દ્ર' પહોંચવાના માર્ગથી સુપરિચિત હતી અને જે શેરીમાં મારું ઘર હતું ત્યાં પહોંચવાનો રસ્તો પણ બરોબર જાણતી હતી,છતાં હું ફરી એક વાર ખોટી ટ્રેઇનમાં બેસી ગઈ.

તે ક્ષણથી હું એટલી બધી વિચલિત બની ગઈ હતી કે, તે પછી શું બન્યું તેની મને ખબર નથી. ટ્રેઇન ટર્મિનસના મથક શિંજુકુથી હું ફરી વાર ખોટી દિશામાં જઈ રહી હતી. આવી કેટલી ભૂલો મેં કરી, કેટલી ખોટી ટ્રેઇનોમાં હું બેઠી તે મને યાદ નથી. માત્ર એ દુઃખદાયી કલાકોમાં ઈશ્વર જ મારાં પગલાંની પાછળ પાછળ ચાલતા હતા.

હું એવી ગભરાટમાં મુકાઈ ગઈ તેનું એક વિશેષ કારણ હતું. મને એની તે વખતે ખબર ન હતી. જો ખબર હોત તોપણ હું તે સમયે એને સમજી શકત નહિ. શિંજુકુ રેલવે ટર્મિનસથી એનોશીમા તથા સમુદ્રકિનારાના માર્ગ પર પંદરવીસ મિનિટની મુસાફરીના રસ્તે એક નાનું ઈવેન્જલિકલ ચર્ચ છે. બે વર્ષ પહેલાં આ ટર્મિનસ પાસે એક નવયુવકે ટ્રેઇન નીચે પડતું મૂકી આપઘાત કર્યો તો, જેને પરિણામે એ ચર્ચના દયાળુ વયોવૃદ્ધ પાળક અત્યંત દુઃખી થઈ ગયા હતા. એ ચર્ચના વૃદ્ધ પાળક દરરોજ આત્મહત્યાના હેતુથી જે માણસોએ રેલવે ટર્મિનસ પાસે આવતા તેમને માટે પ્રાર્થના કરતા. તે પરમેશ્વરને વિનંતી કરતા કે આપઘાતની ઇચ્છા રાખનારાઓને પોતાનો વિનાશ કરવાથી પરમેશ્વર રોકે અને તેમને ઈસુ ખ્રિસ્તનું ઉદ્ધારક જ્ઞાન પમાડે. હું જાણતી ન હતી

કે હું એક એવા ઈશ્વરના સુરક્ષિત હાથોમાં હતી જેને હું ઓળખતી ન હતી , એક એવા ઈશ્વર જેના મેં ઠઠ્ઠા ઉડાવ્યા હતા.

મારા કાંડાઘડિયાળે મને સૂચવ્યું કે રાત્રિના બાર વાગ્યા છે . એનો અર્થ એટલો કે સમુદ્રતટે જતી ટ્રેઈન પકડવા માટે ખૂબ મોડું થઈ ગયું હતું. હવે તો ઘેર પાછા ફરવા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો.

અચાનક જ જલદીમાં જલદી ઘેર પહોંચી જવાની ઇચ્છા મારામાં પ્રબળ બની. મારે ઘેર જવું જ જોઈએ, આ જ વાક્ય મારા મનમાં વારે વારે પડઘાવા લાગ્યું અને બાકીનું બધું ભૂંસાઈ ગયું. આ અચાનક ઊભી થયેલ વિવશતાને હું સમજી શકી નહિ, ન હું એ પણ જાણી શકી કે શા માટે હું એ વિવશતાને વશ થવા એટલી બધી આતુર બની ગઈ. માના મૃત્યુ પછી હું આમથી તેમ દોડતી જ રહી હતી, ત્યારે ઘર યાદ આવતું ન હતું. હવે હું ઘરથી વધુ સમય દૂર રહી શકું તેમ નથી, તેવી લાગણી મને થતી હતી. મારે જલદીમાં જલદી ઘેર પહોંચવું જોઈએ.

યંત્રવત્ હું સમયપત્રક જોવા લાગી. રાત્રિના તે સમયે ઘણી ટ્રેઈનો દોડતી ન હતી. ઘર તરફ લઈ જનાર ટ્રેઈન પકડવા મારે ત્રીસ મિનિટ થોભવાનું હતું. ત્રીસ મિનિટ ! આ ત્રીસ મિનિટનો સમય મને અનંતકાળ જેવો લાગ્યો.

મારા કાન પર ઠંડા પવનનો સપાટો લાગ્યો, મારા ગાલ લાલચોળ થઈ ગયા અને ઠંડીથી જડ જેવા બની ગયા. હું વેઈટિંગ રૂમ પાસે ગઈ, ને બારણાં ઉઘાડી અંદર ગઈ. હું ત્યાં બેઠી હોત પરંતુ પ્રતીક્ષાલયના અંદરના ભાગમાં કેટલાક શરાબીઓ કેટલીક યુવતીઓ સાથે ત્યાં બેઠા હતા. પહેલાં તો મેં તેમની ઉપેક્ષા કરી, પરંતુ પછી હું ઊઠીને બહાર નીકળી ગઈ.

મને એવું લાગ્યું કે ઠંડી પહેલાં કરતાં ઘણી વધી ગઈ છે. પરંતુ હું એટલી બધી વ્યગ્ર હતી કે ઠંડીનું મારે મને કશું મહત્ત્વ ન હતું. હું પ્લેટફોર્મના છેક છેવાડાના ભાગ પાસે પહોંચી ગઈ, જ્યાં પાટા સુધી નીચે ઊતરવાનાં પગથિયાં હતાં. આસપાસની વસ્તુઓનું ભાન ભૂલી હું ત્યાં તોડી વાર સ્થિર ઊભી રહી. હું ત્યાં કેટલો સમય ઊભી રહી તે

અથવા મારા દુઃખદ વિચારોમાં ગૂંથાઈ જઈ હું ક્યારે બીજા કે ત્રીજા પગથિયે બેસી ગઈ તે મને યાદ નથી. જો બીજાંઓએ પોલીસોને એ વિષયમાં બતાવ્યું ન હોત, તો મેં શું કર્યું તેનું મને જરાય જ્ઞાન ન થાત.

મેં નિર્ણય કર્યો કે જો હું મારી યોજનામાં આગળ વધું તો મારી ગેરહાજરી કોઈને પણ ખટકશે નહિ. તેથી વિપરિત તેનાથી મારા કુટુંબના અન્ય સભ્યો માટે જિંદગી વધુ સરળ બનશે. પિતાજી અને યસૂજોને મારે માટે પતિ શોધવાનું કષ્ટ ઉઠાવવું પડશે નહિ, અને યૂરિકો લગ્ન માટેની પોતાની યોજનામાં આગળ વધી શકશે. તે ક્ષણે મને લાગ્યું કે હું નિઃસ્વાર્થી અને વ્યાવહારિક સમજવાળી છું. હવે મને સમજાય છે કે હું આત્મદયાના સાગરમાં તરી રહી હતી અને આ પહેલાં ક્યારે પણ આટલી બધી સ્વાર્થી બની ન હતી.

ટ્રેઇનના આગમનની ઘોષણા થઈ. મેં તેના ઊભા રહેવાનો અને દરવાજા ઊઘડવાનો અવાજ સાંભળ્યો. લાઉડસ્પીકરો દ્વારા ગાડી આગળનાં કયાં ક્યાં સ્ટેશનોએ થોભશે તેની સૂચના પ્રસારિત થવા લાગી.

મેં ઊંચે જોયું નહિ. મારે તેમ કરવાની જરૂર પણ ન હતી. શું બની રહ્યું છે તેનું મને બરોબર ભાન હતું. છેલ્લી સૂચના તરીકે ટ્રેઇનનો કન્ડક્ટર (ડ્રાઇવર) એન્જીનિયર તરફ જોશે અને સીટી વગાડશે. બારણાં બંધ થશે અને ટ્રેઇન દોડવાનું શરૂ કરશે.

હું ઊભી થઈ ગઈ, હું શું કરી રહી છું તેનું મને ભાન ન હતું. ગાડી આગળ વધી. તેણે ગતિ પકડવાનું શરૂ કર્યું. ઝડપથી દોડી હું તેની આગળ કૂદી પડી !

# પ્રકરણ : ૫

મને યાદ છે કે મેં ટ્રેઈનની કટોકટીની વખત માટેની બ્રેકોનો, તીણી ચીસોનો અને એમ્બ્યૂલન્સના શોકપૂર્ણ સાઈરનનો અવાજ પણ સાંભળ્યો. ભયાનક સ્વપ્નની જેમ મેં મારી પોતાની ચીસોનો અવાજ સાંભળ્યો, "દુઃખે છે ! સખત દુઃખે છે !" એથી વધુ એ દુર્ઘટના સાથે હું મારી જાતને સાંકળી શકી નહિ, અને કોને ઈજા થઈ છે તે વિશે હું વિચારવા લાગી.

એ વિચિત્ર બાબત હતી. મેં તે અવાજ મારો જ છે તેવું જાણ્યું. હું જ ચીસો પાડનાર વ્યક્તિ હતી તેની મને ખબર પડી, પણ અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિ હું પોતે જ હતી તેનાથી હું અજાણ હતી.

થોડા સમય પછી મેં જાણ્યું કે બે રેલવે કર્મચારીઓ તે ટ્રેઈનમાં પોતાના કામ પર જઈ રહ્યા હતા. તેમની પાસે પોતાના કામમાં ઉપયોગમાં લેવા માટેનાં દોરડાં હતાં અને તેમણે ફર્સ્ટ એઈડ આપવાની તાલીમ પણ લીધી હતી. ટ્રેઈન પૂરેપૂરી ઊભી રહે તે પહેલાં, તે દરવાજા ખોલીને બહાર કૂદી પડ્યા. તેમણે જ મને ગાડીનાં પૈડાં નીચેથી ખેંચી કાઢી અને લોહી વહેતું અટકાવવા માટે ધમનીઓને દબાવી રાખવાનાં સાધનો માટે પોતાનાં દોરડાંઓનો ઉપયોગ કર્યો. તે બંને જણે જ એમ્બ્યૂલન્સ પણ બોલાવી. આજ દિન સુધી હું તેમનાં નામ પણ જાણતી નથી, પણ ડૉક્ટર મારા જીવતા રહેવાનો યશ તેમને જ આપે છે.

મને પાસેની યુનિવર્સિટી હોસ્પિટલમાં લઈ ગયા. તે રાતે જ્યારે જીવન કરતાં મૃત્યુની વધુ નજીક એવી સ્થિતિમાં ઈમર્જન્સી વોર્ડમાં મને લઈ જવામાં આવી ત્યારે કેવળ એક જ ડૉક્ટર હાજર હતા. તે તો મોટી વયના એક સર્જન હતા, જેમણે પોતાના જીવનનો મોટો ભાગ મેડિકલ કૉલેજના લેક્ચરર તરીકે ગાળ્યો હતો. તેઓ જાપનના સર્વશ્રેષ્ઠ સર્જન ગણાતા હતા. તેમણે મારા પર તરત જ ઈમર્જન્સી ઓપરેશન કર્યું, જરૂરી અંગછેદનની શસ્ત્રક્રિયા પણ કરી અને મને લાગેલા માનસિક આઘાતની પણ સારવાર આપી.

તે સમયે જે નસીબે કે દૈવે મને બચાવી તેને મેં શાપ દીધો હોત . એક અઠવાડિયા પછી જ્યારે મને ભાન આવ્યું ત્યારે પણ મેં તેને શાપ આપ્યો, અને જ્યારે મને થયેલ બધી જ ઈજાઓની પૂરેપૂરી જાણકારી મને મળી ત્યારે પણ મેં ઘણી વાર મારા કમનસીબને દોષિત ઠરાવ્યું. પરંતુ ઈશ્વર તો પોતાનું કામ કરી રહ્યા હતા. જ્યારે મને હોસ્પિટલમાં લઈ જવામાં આવી ત્યારે જે કેટલીક બાબતો મને સમજાઈ ન હતી તે હવે સમજાય છે. આત્મહત્યા માટેના મારા પ્રયાસ પછીની સેકંડોમાં જ મને ફર્સ્ટ એઈડ આપીને બચાવી શકે તેવા માણસોને ઈશ્વરે તે જ ટ્રેઈનમાં બેસાડ્યા હતા, તે જ ઈશ્વર એ પ્રખ્યાત સર્જનને તે સમયે હોસ્પિટલમાં લાવ્યા હતા, જેથી મને લાવનારી એમ્બ્યૂલન્સ આવે કે તરત જ એ પોતાના કામમાં લાગી જાય.

પરમેશ્વર મારા જેવા તુચ્છ પ્રાણી માટે ચિંતા સેવે તે હું સમજી શકતી નથી. અનેક વાર મેં મારી જાતને આ પ્રશ્ન પૂછ્યો છે પરંતુ ઉત્તરની મને ખબર નથી. પરંતુ હવે મને બચાવી લેવાના પરમેશ્વરના કાર્ય માટે તેમની સ્તુતિ કરવાનું અને તેમનો આભાર માનવાનું કદી ચૂકીશ નહિ.

એક સપ્તાહ સુધી હું બેભાન રહી. જાગૃતિ આવતાં હું એટલું જ જાણી શકી કે હું હોસ્પિટલમાં છું. મને એવું ધૂંધળું ધંધળું યાદ છે કે મને કેટલીયે વાર લોહી ચડાવવામાં આવતું હતું અને ઈંજેક્શનો દ્વારા મને ખોરાક આપવામાં આવતો હતો. મને એ હકીકતનું પણ ભાન થયું કે મારો ડાબ હાથ ન હતો (કાપી નાખવામાં આવ્યો હતો), અને જમણા હાથે ભારે પાટાપિંડી કરવામાં આવી હતી.

આરંભમાં તો હું એ પણ જાણતી ન હતી કે મારા હાથે કેવી ગંભીર ઈજાઓ થઈ છે, અને યૂરિકો જે સતત હોસ્પિટલમાં જ રહેતી અને મારી સંભાળ લેતી, તે મને કશું બતાવવા માગતી ન હતી.

"તારો હાથ હવે સારો થતો જાય છે," તે મને કહ્યા કરતી.

"પરંતુ એને આટલા બધા પાટા કેમ બાંધવામાં આવ્યા છે," હું વારંવાર તેને આગ્રહપૂર્વક પૂછ્યા કરતી, ત્યારે તેણે મને આનાકાની સાથે જણાવ્યું.

"એ હાથનો અંગૂઠો અને બે આંગળીઓ બરોબર છે."

અંગૂઠો અને બે આંગળીઓ ! એનો અર્થ તો એ જ કે બે આંગળીઓ કપાઈ ગઈ છે. મારો એક હાથ ગુમાવવો પડે તે શું પૂરતું ન હતું ! મારા બીજા હાથનો પણ અમુક ભાગ કાપી નાખવામાં આવ્યો હતો. એક નવી ઘોર વ્યથા મારા આત્માને પીડવા લાગી.

હું શા માટે એ જાણતી નથી પરંતુ સર્વપ્રથમ મને એ વાતના વિચાર આવ્યા, જે હું મારા મિત્રો સાથે ઘણી વાર કરતી હતી. મેં મારો છેદાયેલો હાથ જરાક ઉઠાવ્યો અને તેના પ્રત્યે ધ્યાનપૂર્વક જોઈ રહી.

"ઓછામાં ઓછું હું સ્કેટિંગ (પૈંડાવાળા જોડા પર સરકવું) તો કરી શકીશ," મેં મોટેથી કહ્યું.

યૂરિકોનું ગળું રુંધાઈ ગયું અને જાણે કે અચાનક બીમાર થઈ ગઈ હોય તેમ તે ચૂપચાપ ખંડમાંથી બહાર નીકળી ગઈ. તેને શું થયું હતું ?

પલંગ નીચેના અર્ધા ભાગ ઉપર તંબુ જેવો ચંદરવો બાંધવામાં આવ્યો હતો, અને જ્યારે ડૉક્ટર મારા ઘા ઉપર પાટપિંડી કરતા ત્યારે તે મારી આંખો પર પટ્ટી બાંધી દેતા. હું તે વખતે જાણતી ન હતી કે મારા બંને પગ ગાયબ થઈ ગયા છે - કપાઈ ગયા છે .

જ્યારે મારી સ્થિતિમાં થોડો સુધારો થયો, ત્યારે પોલીસના વડા મને મળવા આવ્યા. તે દયાળુ માણસ હતા. તેમને આ કામ અકારું લાગતું હતું. મને એવું લાગ્યું કે પ્રશ્નો પૂછવા કરતાં તેમને મારી સહાય કરવામાં વધુ રસ હતો.

"શું તને એ વાતની ખુશી નથી કે તું જીવતી રહી છે ?" મારા પલંગ પાસે બેસતાં તેમણે પૂછ્યું

મારા હોઠ કડવાશથી વંકાયા. મને લાગ્યું કે જીવનનો અંત આણવામાં હું નિષ્ફળ રહી તેથી તે મારી મજાક ઉડાવે છે, પરંતુ એવું ન હતું. તે તો મને ઉત્સાહિત કરવાનો પ્રયત્ન કરતા હતા . તે તો એવું બતાવવા ચાહતા હતા કે જીવન જીવવા માટે ઘણી બાબતો છે, જીવનના ઉદ્દેશો બીજા પણ હોઈ શકે. ગાડીમાં મુસાફરી કરતી એ બે વ્યક્તિઓ વિશે પણ તેમણે જણાવ્યું, જેમણે મારું જીવન બચાવ્યું હતું.

"તારે તેમનો આભાર માનવો જોઈએ. તેમને કારણે જ તું આજે જીવતી છે," તેમણે મને માહિતી આપી. "શું તું નસીબદાર નથી ? શું તને એ વાતની પ્રસન્નતા નથી કે એ બંને માણસો તારી સહાય કરી શક્યા?"

"શા માટે મારે એ વિશે પ્રસન્ન થવું જોઈએ ?" મેં ક્રોધપૂર્ણ શબ્દોમાં તેમને પૂછ્યું. "શા માટે તેમણે મને મરવા ન દીધી ?"

પોલીસવડા મારી જુબાની કે બયાનના રેકોર્ડ માટે પોતાના પોલીસોને મોકલી શક્યા હોત, પરંતુ તે જાતે જ આવતા. મને એ વાતની ખબર નથી કે શા માટે એ પોલીસવડાએ મારામાં આટલો બધો રસ લીધો ? મને લાગે છે કે કદાચ તેમને પોતાને આત્મહત્યા વિશે પ્રત્યક્ષ અનુભવ હશે. કદાચ તેમનો કોઈ દીકરો કે દીકરી હું જેમાં નિષ્ફળ ગઈ તે આત્મહત્યા કરવામાં સફળ થયાં હશે, અને તે ફરી વાર હું એ રસ્તે ન ચડું, માટે મને સહાય કરવા ઇચ્છતા હશે.

પણ મને તેમના હસ્તક્ષેપની કોઈ જરૂર ન હતી, શું તેમને ખબર ન હતી કે જીવવા માટે મારી પાસે કોઈ કારણ ન હતું. મૃત્યુ જ એકમાત્ર આશાનું કિરણ હતું. દરેકે એવું શા માટે માની લીધું કે મારી સમસ્યાઓનો અંત આવી ગયો ! તેમણે એવું શા માટે માની લીધું કે મારું જીવન ફરી એક વાર મધુર બની શકશે !

તેમણે શા માટે મને પડી રહેવા ન દીધી ? પોતાને જીવતા રહેવાની ઇચ્છા છે કે કેમ તે અંગે નિર્ણય લેવાનો દરેક વ્યક્તિને અધિકાર હોવો જોઈએ. આ વિષય પર કેટલાક જાપાની તત્ત્વચિંતકોનો એવો જ વિચાર છે. તે લોકોએ શા માટે મારી જિંદગી સાથે ચેડાં કર્યાં ?

હું તેમનો આભાર માનું ? શા માટે ? હું તો તેમના મોઢા પર શાપ વરસાવવા માગતી હતી.

યૂરિકો દિવસે કે રાત્રે ભાગ્યે જ મને એકલી છોડીને બહાર જતી , યસૂજો અને તેની પત્ની તથા અકીયોશી ઘણી વાર મારી મુલાકાત લેતાં, પરંતુ પિતાજી આવતા નહિ. હું તે વિશે ચિંતા કરતી, અને જ્યારે મારાં કુટુંબીજનોને તે અંગે પૂછતી, ત્યારે તેઓ એ વાતને ટાળી દેતાં, અને

કોઈ ને કોઈ બહાનું બતાવી દેતાં. તે કહેતાં કે પિતાજીની તબિયત ઠીક નથી, અથવા તે કામમાં ખૂબ વ્યસ્ત છે. કેટલાંક અઠવાડિયાં પછી તે મને જોવા હોસ્પિટલમાં આવ્યા. તે પછી જ મને તેમના ન આવવાનું કારણ જાણવા મળ્યું. હું એ વિશે ફરિયાદ કરતી હતી ત્યારે યૂરિકોએ મૌનનો ભંગ કરતાં કહ્યું :

"અમે પરસ્પર તે અંગે વાત કરી છે," યૂરિકોએ ચીડ સાથે કહ્યું. હું સમજી ગઈ કે તે વ્યાકુળ છે. "યસૂજોએ નક્કી કર્યું છે કે એ વાત તારી સાથે ન કરવી, પરંતુ મારે તારામાં એવી લાગણી જગાડવી નથી કે પિતાજીને આપણી કશી ચિંતા નથી. એ કારણથી જ પિતાજી તને જોવા આવ્યા નહિ. તેમને તો એટલી બધી ચિંતા છે કે એ તને આવી સ્થિતિમાં જોઈ શકે તેમ નથી."

યૂરિકોએ મને વિશેષમાં જણાવ્યું કે "તે રાતે આત્મહત્યાના તારા અસફળ પ્રયાસની જાણ કરવા પોલીસો આપણે ઘેર ગયા ત્યારે પિતાજી આખી રાત કમરામાં આમથી તેમ આંટા મારતા રહ્યા."

"શા માટે ?" તેમણે મોટેથી બૂમ પાડીને કહ્યું હતું. "યોનેકોએ શા માટે એવું કર્યું ? હું તેને મદદ કરવા શું કરી શકું ? મેં બધા જ પ્રયત્નો કર્યા છે. હું બધું જ કરી છૂટ્યો છું."

એ સાંભળીને મારું ગળું રુંધાઈ ગયું. મને મારી જાત ઉપર શરમ ઊપજી. મને લાગતું હતું કે હું પિતાજીને ઓળખું છું, પણ હવે જ મને સમજાયું કે હું તેમને બિલકુલ ઓળખતી ન હતી. તે એક વિચિત્ર માણસ હતા, એકલવાયા કે, બીજા સાથે ન ભળનારા, અને અસ્પષ્ટ શબ્દોમાં વાત કરનારા, માના મૃત્યુ પછી તો સવિશેષ. કેટલાક તો એમ પણ કહી શકે, તે વાસ્તવિકતાનો સામનો કરતાં ડરતા હતા. મને લાગેવળગે છે ત્યાં સુધી એ વાતની મને ચિંતા ન હતી. તે મારા પર પ્રેમ રાખતા હતા.

મને ખાતરી છે કે હોસ્પિટલમાં યૂરિકો માટે હું એક મુશ્કેલ દર્દી સાબિત થઈ હોઈશ. માએ તો મારી નાનામાં નાની ઇચ્છાને પૂરી કરી હતી, ભલેને એ મારે માટે ખાવાનો ખોરાક કેમ ન હોય ! હોસ્પિટલમાં હું ધૃષ્ટ બની ગઈ હતી અને મારી માગણીઓ વધતી જતી હતી. મને

બિલકુલ ભૂખ લાગતી ન હતી, અને જે એ ઋતુમાં ન મળે તેવા પ્રકારની ભોજનવસ્તુઓ મને ભાવતી. એક સમયે મને સંતરા ગમતાં, તો બીજા સમયે તરબૂચ.

મને એ સમજાતું નથી કે કેવી રીતે મારાં કુટુંબીજનોએ શિયાળાની અધવચ્ચે મારે માટે તરબૂચ મેળવ્યાં હશે. પહેલાં તો ફેબ્રુઆરીના અંત ભાગમાં અમને ક્યારેય તરબૂચ જોવા ન મળતાં. મને અત્યાર સુધી એ વાતનું આશ્ચર્ય થયા કરે છે કે તેઓ એવા સમયે પણ તરબૂચ લાવી શક્યાં. તેમણે એ માટે બહુ ભારે કીમત ચૂકવી હશે. છતાં તેઓ મારે માટે તરબૂચ શોધી લાવ્યાં. મને ખબર નથી કે મારે જેટલો આભાર પ્રગટ કરવો જોઈએ તેનાથી અરધા ભાગનો આભાર પણ હું પ્રગટ કરી શકી નથી.

એ પ્રથમના સપ્તાહો દરમ્યાન મને જરૂર મોટા પ્રમાણમાં દર્દશામક દવાઓ અપાઈ હશે. હું ખૂબ ઊંઘતી અને મારા મસ્તકમાં ધુમ્મસ જેવું એવું કશુંક છવાઈ રહેતું કે મને કોણ જોવા આવ્યું અને કોણ નહિ તે યાદ કરવામાં પણ મને મુશ્કેલી પડતી. ડૉક્ટરને પણ એની ચિંતા થવા લાગી.

"યોનેકો, તારે આટલું બધું ઊંઘવું ન જોઈએ," તે કહેતા. "સીધા બેસીને જાગૃત રહેવાનો પ્રયત્ન કર."

તેઓ મને પલંગ પર તકિયાને સહારે બેસાડવાનો પ્રયત્ન કરતા, જેથી હું ઊંઘી ન જાઉં, પરંતુ જ્યારે જ્યારે તેઓ મને બેસાડતા ત્યારે ત્યારે મને ચક્કર આવતા. જે વસ્તુ પર હું દ્રષ્ટિ ફેંકતી તે મને ગોળ ગોળ ફરતી લાગતી. મને ચૂપચાપ પડી રહેવાનું ને ઊંઘી જવાનું જ ગમતું. મારી પોતાની એવી ઇચ્છાને કારણે ને પેલી દર્દશામક દવાઓને કારણે હું ઊંઘ્યા કરતી. હું ઊંઘી જતી ત્યારે કશું વિચારી શકતી નહિ. મારો ગાયબ થયેલો હાથ અને કપાઈ ગયેલી આંગળીઓ - મારી જિંદગીનો અંત આણી મારા દુઃખને દૂર કરવાનો ઢંગધડા વગરનો પ્રયાસ - એ વિચારોથી મને ખલેલ પહોંચતી. હજી સુધી હું મારા પગ વિશે જાણતી ન હતી. એ આઘાત હજી બાકી હતો.

"યૂરિકો, મારા પગના અંગૂઠામાં ખંજવાળ આવે છે," હું ફરિયાદ કરતી.

તેના તંગ ચહેરા પર આતંક છવાઈ જતો અને એ ક્ષણે તે મને મા જેટલી મોટી વયની દેખાતી.

"તેને જરા ખંજવાળ."

અસહાય બની તે પલંગ પરના ચંદરવા નીચે હાથ નાખતી અને જેનું અસ્તિત્વ ન હતું તે પગના અંગૂઠાને ખંજવાળવાનો દેખાવ કરતી.

"વધારે જોરથી. મને તો સહેજ પણ અસર થતી નથી."

મને તેના પર ચીડ ચડતી. અંગૂઠાને ખંજવાળવામાં એવું તે શું હતું કે આંખમાં આંસુ લાવવાં પડે !

અંતે એ દિવસે પણ આવ્યો જ્યારે તેમણે ચંદરવો હઠાવી લીધો અને ડૉક્ટરે મને સીધી બેસવાનું કહ્યું. યૂરિકો પર ગભરાટ છવાઈ ગયો.

"શું તમને લાગે છે કે તે તૈયાર છે, ડૉક્ટર ?"

"હા, હવે તે સમય આવી લાગ્યો છે." ડૉક્ટરે ઉત્તર આપ્યો અને તે ખંડમાં થોડોક સમય થોભ્યા, પણ મેં જણાવ્યું કે, "હું બેસવા માટે તૈયાર નથી." હું હજી એટલી સ્વતંત્ર મિજાજની હતી કે મારે એ કરવાની ઈચ્છા ન હોય અને કોઈ આગ્રહ રાખે તો હું તે કરવાનો વિરોધ કરતી. મને લાગ્યું કે ડૉક્ટર મને બેઠા થઈ જવાનો હુકમ કરશે, પણ તેમણે પોતાનો વિચાર બદલ્યો, અને મારી બહેનને કહ્યું, "જો તમને મારી જરૂર પડે તો હું આરામખંડમાં છું."

મેં વિચાર્યું કે બેસવાનું તો મારે છે, અને મને તેમના સહાયની જરૂર નથી. હવે થોડા સમય પછી તો હું જ મારી સંભાળ રાખવા માટે યોગ્ય બની જઈશ, અને પછી તો મારે યૂરિકોની પણ જરૂર નહિ પડે. જો કે મને થોડીક શંકા તો પડી જ કે જરૂર કંઈક ગરબડ છે, અને મારા હૃદયમાં કોઈ ઘેરી વેદનાની અનુભૂતિ થઈ આવી.

ડૉક્ટર ચાલ્યા ગયા પછી મેં યૂરિકો તરફ જોયું અને સીધા બેસવાનો પ્રયાસ કર્યો.

"લાવ, હું તને મદદ કરું."

"મારે કશી મદદની જરૂર નથી," મે કહ્યું.

મેં નિશ્ચય કરી લીધો હતો કે હવે સીધા બેસવાનો કોઈ પ્રયત્ન હું નહિ કરું, અને હું પાછળના તકિયા પર સૂઈ જઈને મોટેથી શ્વાસ લેવા લાગી. ત્યારે મને યાદ આવ્યું કે મને 'બેડપાન'નો ઉપયોગ કરવામાં કેટલી મુશ્કેલી પડતી હતી અને મને તે પ્રત્યે કેટલી ઘૃણા થતી હતી. જો હું પલંગના એક ભાગ પર બેસી શકું, તો થોડા સમયમાં જાતે જ શૌચાદિ ક્રિયાઓ પતાવી શકું.

થોડી ક્ષણો પછી મેં ફરી પ્રયત્ન કર્યો. મારી બહેન મને સહાય કરવા માગતી હતી, પરંતુ મેં તેને દૂર જ રહેવાનો આદેશ આપ્યો . ગમે તેમ કરી મેં શરીરને ફેરવ્યું અને એક હાથને ટેકે સીધી થઈ આગળ ખસી. સામાન્ય વ્યક્તિ પોતાને સ્થિર રાખી શકે, પરંતુ હું જ્યારે આગળ ખસી, ત્યારે મારી પાસે પોતાને અટકાવવાનું કે ઊભા રાખવાનું કોઈ અંગ ન હતું, તેથી હું પલંગની ધાર પર થઈને મારા ઘૂંટણો પર ને ફરસબંદી પર ધબ્બ દઈને પડી.

હું પીડા, ઘોર વ્યથા ને નિરાશાથી ચીસ પાડી ઊઠી. હવે મારી સામે સત્ય પ્રગટ થયું. મેં કેવળ એક હાથ અને બીજા હાથની બે આંગળીઓ ગુમાવી ન હતી, પરંતુ બે પગ પણ ગુમાવ્યા હતા. હું અસહાય, આશાહીન, અપંગ બની ગઈ હતી !

હું જરા પણ ખસી નહિ. મેં હાલવાનો પણ પ્રયત્ન ન કર્યો. પરંતુ હું જેમ પડી હતી તેમ મારા ઘૂંટણો પર પડી રહી અને અતિ શોકાર્ત બની રડવા લાગી.

પછીની થોડી મિનિટો ગરબડગોટાળાની હતી, જેની ગૂંચ હજી પણ હું ઉકેલી શકી નથી. યૂરિકો નક્કી મદદ માટે દોડી ગઈ હશે. ડૉક્ટર અને નર્સ દોડતાં મારા ખંડમાં આવ્યાં અને તેમણે મને ઊંચકીને પલંગ પર મૂકી. દર્દશામક ઔષધિઓ દ્વારા મારા રુદનને અટકાવાયું અને મારા મગજને મંદ પાડવામાં આવ્યું. પછી મને ઊંઘ આવી ગઈ.

પછીના કેટલાય દિવસો હું પલંગ પર હાલ્યાચાલ્યા વિના પડી રહી, મેં મારું મોં દીવાલ તરફ જ કરી દીધું. મેં બધાં સાથે બોલવાનું બંધ કરી

દીધું, ને તેમના પ્રશ્નોના ઉત્તર પણ આપ્યા નહિ.

હવે હું કદી પણ સામાન્ય જીવન જીવી શકીશ નહિ. હું સમજી ગઈ કે હવે મારા પિતા અને ભાઈ મારે માટે પતિ શોધી શકશે નહિ. હવે મને યાદ આવ્યું કે થોડાં સપ્તાહો પહેલાં મેં તેમનો કેટલો સખત વિરોધ કર્યો હતો, અને મારું ગળું ભરાઈ આવ્યું. એક અડધી સ્ત્રી સાથે કોણ લગ્ન કરવા તૈયાર થાય ? હવે હું ન તો બજાર જઈ શકું, ન તો ઘર સાફસૂફ રાખી શકું કે ન બાળકોની સંભાળ રાખી શકું. હવે હું પતિના પ્રેમનો કે પરિવારના સુખનો અર્થ કદાપિ જાણી શકીશ નહિ.

મારા મનમાં જે કંઈ ચાલતું હતું તે મેં કોઈ સમક્ષ પ્રગટ કર્યું નહિ. કેટલાક માણસો માટે જિંદગી એ મોત કરતાં બદતર હોય છે તેવું ન સમજી શકતા કેટલાક શુભેચ્છકો ફરી વાર મારી સામે હરકતો ઊભી કરે તેવું હું ઈચ્છતી ન હતી.

પરંતુ મને લાગ્યું કે ડૉક્ટરે મારા વિચારો વાંચી લીધા. તેમના આદેશો સ્પષ્ટ હતા. મારા કિમોનોને બાંધવાના પટા લઈ લેવામાં આવ્યા. મારાં સફરજન અને નારંગી સાથે લવાતી છરીઓ લાવવાનું બંધ કરી દેવામાં આવ્યું. મને કશી એવી વસ્તુ આપવાની મના કરી દેવામાં આવી, જે વડે હું મારી જિંદગીનો અંત આણી શકું. હું મારી જાગૃતાવસ્થાના મોટા ભાગના કલાકો મારો હેતું પરિપૂર્ણ કેમ થઈ શકે તેની યોજનામાં જ ગાળતી. તેઓ જોકે મારા ઉપર બારીક નજર રાખતા. થોડા જ સમયમાં મેં એક સાદી યોજના ઘડી કાઢી. હોસ્પિટલમાં ઘણો સમય રહેવાને કારણે તેમના રોજિંદા કાર્યક્રમની અને મારી સંભાળ રાખનારાંની નબળી કડીઓ હું જાણી ગઈ હતી. દરરોજ રાતે હું દુઃખાવાની અન અનિદ્રાની ફરિયાદ કરતી.

"શું આપ મને આ માટે કોઈ દવા ન આપી શકો ?" મેં ડૉક્ટરને પૂછ્યું.

ડૉક્ટરે ઊંઘ આવે તે માટેની ગોળીઓ લખી આપી. તે નર્સોએ પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે આપવાની હતી. મારે એટલું જ જોઈતું હતું. વિજેતાની છટાથી મેં એ ઊંઘની ગોળીઓને મારા તકિયા નીચે, ચાદર

નીચે અને જ્યાં તેઓ જલદીથી મળી ન આવે તેવી જગાઓમાં સંઘરવા માંડી.

તે સમય દરમ્યાન પિતાજી મને મળવા આવતા હતા. મેં તેમને મને હચીઓજી નામના નગરની હોસ્પિટલમાં લઈ જવાનું કહ્યું, જેથી હું ઘરની નિકટ રહી શકું. કોઈપણ કારણસર હું જ્યાં ઊછરી હતી અને જ્યાં માનું મૃત્યુ થયું હતું, તે શહેરમાં મરવાનું મેં નક્કી કર્યું હતું.

હું ઈસુ ખ્રિસ્ત વિશે કશું જાણતી ન હતી, અને મને ધાર્મિક કહેવાતી કે ધર્મવિષયક એવી પ્રત્યેક વસ્તુ વિશે ઊંડી ઘૃણા હતી, પરંતુ ઈશ્વરે આ મારી માંદગી, બુદ્ધિગમ્ય નહિ તેવી મારી વિચારસરણીનો પોતાની પાસે લાવવાના એક સાધન તરીકે ઉપયોગ કર્યો. અકીતોશી તાહારા હચીઓજી શહેરમાં રહેતા હતા.

# પ્રકરણ : ૬

હું ઊંઘવાની એક એક ગોળી ચતુરાઈપૂર્વક છુપાવતી હતી અને મારા નાનકડા ભંડારમાં થતા વધારાથી મનોમન પ્રસન્નતા અનુભવતી હતી અને હજી કોઈ તેને પકડી શક્યું ન હતું. બીજી હોસ્પિટલમાં જવાથી અનંતતા તરફ લઈ જતી મારી ટિકિટોમાં વધારો કરવાનું મુશ્કેલ બન્યું ન હતું. મારે માત્ર ઉદાસ ચહેરે ડૉક્ટર તરફ જોઈને દુઃખાવાની અને અનિદ્રાની ફરિયાદ કરવાની રહેતી. એમણે તો મારી માગણી થતાં જ નર્સોને એ જ દવા આપવાનું કહી દીધું.

હું માનતી હતી કે આ વખતે હું જરૂર સફળ થઈશ. એક વિચિત્ર આનંદથી મારું મન ભરાઈ ગયું. જીવન સમાપ્ત કરી દેવા વિશે જ હું વિચારતી. હું રાત્રે સૂઈ જતી ત્યારે હું મનથી ગોળીઓની ગણતરી કરતી અને મને તે પૂરતી છે એવી ખાતરી થાય તે માટેનો આંકડો પણ મનમાં મૂક્યા કરતી. જ્યારે હું સવારમાં જાગતી ત્યારે સૌ પ્રથમ ગોળીઓને સંતાડવાની જગા વિશે જ ધ્યાન કેન્દ્રિત કરતી. હું રોજેરોજ પકડાઈ ન જવાય તે માટે ગોળીઓને એકથી બીજે સ્થળે ખસેડ્યા કરતી.

મેં સાવધાનીપૂર્ક દરેક બાબતનો હિસાબ માંડ્યો હતો. એ એક ઘૃણાસ્પદ ને ડરામણી રમત હતી, અને મને જીતવાની ખાતરી હોવાથી તે અધિક મોહક પણ બની હતી. હું કેટલી ચાલાક હતી તે તો ખેલ પૂરો થયા પહેલાં કોઈની સમજમાં આવવાનું ન હતું. હું પહેલાંના જેવી જ ઉદાસ રહેતી હતી, પરંતુ હવે મને ખબર હતી કે થોડા જ સમયમાં આ દયનીય અસ્તિત્વનો અંત આવવાનો હતો, તેથી હવે દિવસો જરા શાંતિથી પસાર થતા હતા.

ડૉક્ટરોએ મને એકે પ્રોત્સાહજનક શબ્દ કહ્યો હતો કે કેમ તે મને યાદ નથી. કોઈએ હજુ એવી સૂચના આપી ન હતી કે મને કૃત્રિમ અંગો મળી શકે. હું હજીપણ સામાન્ય અને સુખી જીવન ગાળી શકીશ તે અંગે

મને કોઈએ સમજાવ્યું ન હતું. કદાચ એ યોગ્ય જ હતું. હું એટલી બધી વિચલિત થઈ ગઈ હતી કે કોઈએ મને એ અંગે કંઈ કહ્યું હોત તો મેં એ સાંભળ્યું હોત કે કેમ તે વિશે મને સંદેહ છે.

અકીતોશી તાહારાને તે સમયે મારા અસ્તિત્વનો પણ ખ્યાલ ન હતો, પણ અમે થોડા સમયમાં જ એકબીજાને મળવાનાં હતાં. તે લગભગ બે વર્ષથી ઈસુ પર વિશ્વાસ કરનારા બન્યા હતા અને પૂર્ણસમયી સેવાકાર્યમાં તેમણે પોતાનું જીવન પ્રભુને અર્પ્યું હતું. મિશનરીઓને તો તેમના નામનો ઉચ્ચાર કરવામાં જ મુશ્કેલી પડતી, તેથી તેઓ તેમને 'એન્ડી' કહેતા. તેઓ અકીતોશીને પોતાની પ્રાર્થનાઓનો ઉત્તર સમાન માનતા.

ફોક્સ કુટુંબ થોડા સમયમાં જ વતનમાં રજા ગાળવા જવાનું હતું, અને તેમનું સ્થાન લેનાર મેકલેરોય્સ કુટુંબ હચીઓજી નગરમાં આવી ગયું હતું. તેઓ છેલ્લા થોડાક સમયથી જાપાનમાં આવ્યાં હતાં અને થોડીક જાપાની ભાષા પણ તેમને આવડી ગઈ હતી, જેને પરિણામે રોબીન હવે થોડુંક શુભસંદેશપ્રચારનું અને લોકસંપર્કનું કામ કરી શકતા હતા. પણ હજુયે તેમને બંને ભાષા જાણનાર વ્યક્તિની મદદની જરૂર રહેતી.

"પરમેશ્વરે તમને અમારી પાસે મોકલ્યા છે," તે અકીતોશીને કહેતા હતા. "તે કોઈક અદ્‌ભુત રીતે તમારો ઉપયોગ કરવા માગે છે."

અકીતોશીને આશા હતી કે તે વાત સત્ય સાબિત થશે. ક્યારેક ક્યારેક તો તેમને આશ્ચર્ય પણ થતું.

ચારે મિશનરીઓ ભાષાનું અધ્યયન કરી રહ્યા હતા, પરંતુ પોતાની પ્રગતિ અંગે તેમને સંતોષ ન હતો. તેમણે નક્કી કર્યું કે જો કોઈ તેમને ખાનગી ટ્યૂશન આપે તો તેઓ વધુ શીખી શકે. અકીતોશી અને રોબીન મેકલેરોય હું જે શાળામાં ભણતી હતી ત્યાં પૂછપરછ માટે ગયા અને બે શિક્ષકો સાથે વાત કરી. બેમાંથી વયમાં નાના શિક્ષકને આમાં રસ પડ્યો અને તેમણે તે કામ સ્વીકાર્યું. સહાય માટેની મારી વિવશ શોધમાં આ જ શિક્ષકને હું મળી હતી.

ઈશ્વરની અજાયબ અને રહસ્યપૂર્ણ યોજના દ્વારા અકીતોશી અને

મારી વચ્ચે સંબંધની પ્રથમ કડી ગૂંથાઈ હતી. ખ્રિસ્તી વિશ્વાસમાં અને મનુષ્યજીવનમાં ઈશ્વર શું કરી શકે, તે બાબતમાં પોતે ખ્રિસ્તી ન હોવા છતાં, જે વ્યક્તિને થોડીક સમજ હતી તેના દ્વારા અમને બંનેને ભેગાં કરવાનું કામ થવાનું હતું. અકીતોશી અને મિશનરીઓની મુલાકાત લેતી વખતે આ શિક્ષક ઘણી વાર પોતાના કુટુંબ અને કાર્ય વિશે વાત કરતા.

"શું તમે ક્યારેક હોસ્પિટલોમાં મુલાકાત માટે જાઓ છો ?" તેમણે એક વાર પૂછ્યું.

"ઘણી વાર," રોબીને જણાવ્યું.

"હું એવું જ માનું છું. મારાં પત્ની કેથલિક છે, અને તેથી તમારા ખ્રિસ્તી વિશ્વાસ વિશે હું થોડુંઘણું જાણું છું."

તેમણે તેમને મારે વિશે વાત કરી. હું કેવી રીતે વારંવાર તેમની પાસે સહાય માટે જતી અને તેમણે કેટલી બધી વાર મદદ કરવાના પ્રયત્ન કર્યા પણ તે તેમાં સફળ ન થયા. પછી તેમણે જાણ્યું કે મેં દોડતી ટ્રેઈન સામે પડતું મૂક્યું હતું. હું મૃત્યુ ન પામી એ જ એક ચમત્કાર હતો.

વાસ્તવમાં તો એ શિક્ષકે રોબીન મેકલેરોય્સને મારી મુલાકાત લેવાનું જણાવ્યું, પણ અમેરિકને પોતાના જાપાની મિત્ર અકીતોસીને સાથે આવવાનું આમંત્રણ આપ્યું. અકીતોશીએ સૂચવ્યું કે તેમણે મારે માટે મીઠાઈનું પેકેટ કે થોડાં ફળ લઈ જવાં જોઈએ. જાપાનમાં હોસ્પિટલમાં દર્દીઓની મુલાકાત માટે જતી વખતે સાથે થોડી ભેટ પણ લઈ જવાની પ્રથા છે. તેમની પાસે નવો કરાર પણ હતો, જે તેમણે મને આપ્યો. સંકોચથી એ વખતે હું કશું કહી ન શકી, પરંતુ મને એ પુસ્તક અંગે રીસ ચડી. મને તેમના આવવા ઉપર પણ ક્રોધ ચડ્યો.

ત્યારે પોતે કોણ છે અને શું કામ કરે કરે છે તે તેમણે મને જણાવ્યું. મને થયું કે એ મારું કશું ભલું કરી શકવાના નથી.

હું ખ્રિસ્તી ધર્મ વિશે કશું જાણતી ન હતી, પરંતુ હું જેટલી ઘૃણાથી 'તેનરી-ક્યો', બૌદ્ધ ધર્મ અને અન્ય ધર્મોને તિરસ્કારતી હતી, તેટલી જ ઘૃણા મને આ ધર્મ પ્રત્યે પણ થઈ. અને ઘૃણા કેમ ન થાય ? ધર્મે તો મારી માના જીવનનો અંત લાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો.

જ્યારે તે દિવસે માને બીજો હુમલો આવ્યો ત્યારે તેમણે મને જો ડૉક્ટરને બોલાવવા દીધી હોત, તો તે આજે પણ જીવતી હોત, અને હું આવી નિરાધાર હાલતમાં અહીં સૂતી ન હોત, અને સૌ કોઈ મારી દયા ખાતાં ન હોત. જોકે મને ચોક્કસ ખાતરી નથી કે 'તેનરી-ક્યો' ધર્મના અમારી પડોશમાં રહેતા અનુયાયીઓએ ડો. યેનાઈને બદલે પોતાની પ્રાર્થનાઓ અને પવિત્ર જળ ઉપર આધાર રાખ્યો તેથી મારી માનું મૃત્યુ થયું, તે અંગે મને ચોક્કસ ખાતરી નથી. પરંતુ મારી અંધ લાગણીશીલતામાં ને આઘાતમાં તે મને સાચું લાગતું હતું. મેં મારી જાતને કહ્યું કે જો મા જીવતી હોત તો મેં આપઘાતનો વિચાર કર્યો ન હોત. ધર્મ પ્રત્યે મારા મનમાં જે ગુસ્સો હતો તેને સહેલાઈથી સમજાવી શકાય તેમ હતું, અથવા મને તેવું લાગતું હતું. ધર્મ પ્રત્યે મારા મનમાં કેટલી બધી ઘૃણા હતી, તિરસ્કાર હતો તે સમજવું કઠિન નથી.

જોકે તે બંને પુરુષો અજાણ્યા હતા અને વગર નિમંત્રણે આવ્યા હતા, છતાં મેં મૃદુ ને વિનયશીલ બનવાનો પ્રયત્ન કર્યો. અમે જાપાનના લોકો અમારા વિનય અને આતિથ્ય માટે ગર્વ લઈએ છીએ. મને ગમે તે લાગણી થઈ હોય, છતાં હું તેમના પ્રત્યે કટુ વ્યવહાર કરી ન શકું.

તેઓ પોતાની વાત મારા પર જબરદસ્તીપૂર્વક લાદવા માગે છે, પણ હું તેમનું સાંભળવાની નથી, એવું મેં મારી જાતને વચન આપ્યું, અને મારાં મનહૃદયને તેમની વિરુદ્ધ પોલાદ જેવાં કઠણ બનાવી દીધાં. થોડા જ સમયમાં તેમને સમજાઈ જશે કે મને મળવામાં તેઓ માત્ર પોતાના સમયની બરબાદી જ કરે છે.

અકીતોશી મારા પ્રત્યે વિચિત્ર દૃષ્ટિથી જોઈ રહ્યા હતા. પાછળથી તેમણે મને કહ્યું કે તેનું કારણ એ હતું કે હું ખૂબ સુંદર હતી. તેમને લાગ્યું કે મારો ચહેરો પરિચિત લાગે છે, અને તેમણે મને ક્યાંક જોઈ છે. પાછળથી જ્યારે અમે મિત્રો બન્યાં અને આ વિષય અંગે ચર્ચા કરી, ત્યારે અમે એ નિષ્કર્ષ પર આવ્યાં કે તેમણે મને તેમના પિતાની સાઈકલની દુકાન પાસે જોઈ હશે. તે દુકાન મારા ઘરની પાસે હતી.

પરંતુ હું તેના મને તાકીને જોવાના ભાવથી શરમાતી હતી. કદાચ,

તેને મારા પ્રત્યે દયા આવતી હશે, મેં મનમાં તપી જતાં કહ્યું, "એ પોતાનો દયાભાવ પોતાની જ પાસે કેમ રાખતો નથી ?"

મને ખબર નથી કે તેમને મારા અણગમાની ગંધ આવી ગઈ કે તેમને બીજે જવાનું હતું, પરંતુ તે મારા ખંડમાં લાંબો સમય થોભ્યા નહિ. માર્ગમાં રોબીને અકીતોશીને કહ્યું કે, "આ યુવતીએ મને ઘણો બેચેન બનાવી દીધો છે. મેં તેને આ પહેલી જ વાર જોઈ, છતાં તે દુનિયામાં સૌથી વધુ દુઃખિત સ્ત્રી લાગે છે." એનું અનુમાન બહુ ખોટું ન હતું. પ્રસન્નચિત્ત કેમ રહેવું તે હું જાણે ભૂલી જ ગઈ હતી.

તેઓ ચાલ્યા ગયા તે પછી મેં જ્યાં ગોળીઓ સંતાડી હતી ત્યાંથી બહાર કાઢીને ગણી. મને થયું કે કેટલી ગોળીઓ લેવાથી આ દુઃખદ અસ્તિત્વનો અંત આવે તે જો હું જાણતી હોત તો સારું થાત. જો મને ખાતરી થઈ હોત, તો તે રાતે જ હું તે ખાઈ જાત.

પરંતુ ઈશ્વરે મારા મનમાં સંદેહ ઉત્પન્ન કર્યો. જો હું આ વખતે નિષ્ફળ ગઈ, તો મને ફરી તેવી તક નહિ જ મળે. મને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે તે પહેલાં મને આત્મહત્યા કરવાની કોઈ તક મળશે નહિ. અને એ વાતને તો મહિનાઓ પણ લાગે.

તેથી હું પ્રતીક્ષા કરતી રહી.

બીજા રવિવારે બપોરે બંને પાછા આવ્યા. તેમને પાછા આવેલા જોઈને હું બેચેન બની ગઈ. મેં તો વિચાર્યું હતું કે મેં તેમને પૂરતા પ્રમાણમાં નિરુત્સાહિત કરી દીધા છે એટલે તેઓ ફરી મને પરેશાન કરશે નહિ. હું એ સમજી શકતી ન હતી કે શા માટે કોઈ એક જાપાની માણસ તિરસ્કૃત અમેરિકનો અને તેમના ધર્મ સાથે સંબંધ રાખી શકે અને પોતાના મૂળ નામને બદલે 'એન્ડી' નામના હાસ્યાસ્પદ નામથી પોતાંને બોલાવવાની અનુમતિ આપી શકે. ઠીક છે, થોડા જ સમયમાં તેમને સમજાઈ જશે કે પરિવર્તન માટે હું એક નબળું પાત્ર છું.

મેં જ્યારે તેમને મારા પલંગ પાસે આવતા જોયા ત્યારે મેં મનોમન પ્રતિજ્ઞા કરી કે હું તેમના ધર્મની કચરા જેવી વાતો સાંભળવાની નથી.

મેં નક્કી કર્યું હતું કે તેઓ જે કંઈ કહે તેમાં હું કંઈ પણ રસ કે રુચિ

દર્શાવીશ નહિ. મેં તેમની સાથે વાત કરવાનો કે તેમના પ્રશ્નોના ઉત્તર આપવાનો ઇન્કાર કરી દીધો. જોકે કેટલાક સચોટ પ્રશ્નોના ઉત્તર મારે આપવા પડ્યા, છતાં મોટે ભાગે મેં 'હા' કે 'ના' માં ઉત્તર આપ્યો કે માત્ર માથું હલાવ્યું. મેં ભાગ્યે જ તેમની સામે પણ જોયું.

હું ચીડિયલ અને દયાજનક બની ગઈ હતી. અકસ્માત પહેલાં તો હું હંમેશાં પ્રસન્નચિત્ત અને બેફિકર રહેતી હતી, જોકે માના મૃત્યુએ મને ભયંકર રીતે નિરાશ બનાવી દીધી હતી. દરેક એ વિશે ટીકા કરતું. હવે હું રિસાળ અને કઠોર હૃદયની બની ગઈ હતી. જાણે કે બધું જ ત્રાજવામાં તોળાયું હતું અને મારા પર આવી પડેલી દુર્ઘટનાથી સદ્ભાવનાં મારાં વલણોમાં અછત આવી ગઈ હતી. મારી માનવતામાં ઘણો ઘટાડો થયો હતો.

જ્યારે હું સવારે જાગતી અને જોતી કે દિવસ પ્રકાશિત અને વાદળવિહોણો છે, ત્યારે મારા મનમાં પ્રતિકારનો ભાવ જાગૃત થતો.

આવા સારા દિવસનો મારે માટે શો અર્થ ? હું તો હવે બહાર જઈ શકું તેમ નથી કે તેને માણી શકું તેમ નથી.

પક્ષીઓનાં ગીતથી મને લાગતું કે તેઓ પણ મારી મજાક ઉડાવે છે. તેઓ તો મુક્ત છે અને હું તો પથારીવશ છું. પિતાજી કે ભાઈઓ મારે માટે ફૂલો લાવતા, ત્યારે હું ફૂલોને કે કૂંપળોને કેટલી બધી ધિક્કારું છું તે હું મહાપરાણે છુપાવી શકતી. તેમને જોઈને મા મારે માટે જે સુંદર ડ્રેસ બનાવતી તે મને યાદ આવતા. હવે હું ક્યારે પણ એવા સુંદર પોશાકો પરિધાન કરી શકીશ નહિ. હવે હું ક્યાંય જઈ શકીશ નહિ.

મારા મિત્રો મને મળવા આવે તેવી ઇચ્છા મારા મનમાં રહ્યા કરતી. જ્યારે કેટલાક આવતા તો તેઓ વ્યાકુળ બની જતા. મને શું કહેવું તે તેમને સૂઝતું નહિ. વાતચીતનો વિષય શોધવાનું પણ જાણે તેમને માટે મુશ્કેલ બની જતું. પરંતુ અકીતોશી અને તેમના અમેરિકન મિત્રને ક્યારેય એવી મુશ્કેલી નડતી નહિ, અને તેમની સાથે તો મારે થોડા દિવસથી જ પરિચય થયો હતો. બીજા મિત્રો તો એવા હતા જેમની સાથે હું મોટી થઈ હતી. અમે સાથે મળીને સ્કેટિંગ કરતાં અને પાર્ટીઓમાં પણ સાથે જતાં હતાં.

જ્યારે કોઈ મને મળવા આવતું તો પિતાજી અને યૂરિકો મૂંઝવણમાં મુકાતાં. તેઓ તો તરત જ પાસે પડેલ કોઈ ધાબળો ઊંચકીને મારા શરીરનો નીચેનો ભાગ ઢાંકી દેતાં, જાણે મને અચાનક ઠંડી લાગી જવાની ન હોય ! પછી મને સમજાયું કે તેમને પોતાની નહિ પણ મારી ચિંતા હતી. તેમને થતું કે જો મારા મિત્રો આવીને મારા કપાયેલા પગ જોઈ જશે તો ઉપાધિ થશે. પરંતુ હું આત્મદયાથી એટલી પીડિત હતી કે હું એમ સમજતી કે તેઓ પોતાની શરમ છુપાવવા એવું કરે છે.

હું મારા કુટુંબ માટે એક ભયાનક શરમનું કારણ બની ગઈ છું એવું મનમાં વિચારતી. તેઓ મારે કારણે સંકોચ અનુભવે છે, તેથી પુરવાર થાય છે કે તેઓને મારા પ્રત્યે પ્રેમ નથી. હું તેમને ઘણું કષ્ટ આપી રહી છું. જો હું મારા જીવનનો અંત આણું તો તે દરેકને માટે સારું થશે.

મારા વિચારો ફરી વાર ઊંઘવાની ગોળીઓના જથ્થા તરફ વળ્યા. એક દિવસ મારી પાસે પૂરતી ગોળીઓ થઈ જશે. પછી હું કોઈને દુઃખ આપીશ નહિ.

અકીત્રોશી અને તેમના મિત્ર અઠવાડિયામાં એક વાર મને મળવા આવતા , પરંતુ તેમના પ્રત્યે મારું વર્તન સદ્ભાવપૂર્ણ ન હતું. જોકે તેમનાં ગીતો મને ગમતાં પણ હું તેમને મારી સાથે વાત કરવા માટે પ્રોત્સાહન આપતી નહિ. તેમને લાગતું કે તેમના દ્વારા મને કોઈ સંદેશ પ્રાપ્ત થાય છે, પણ વાસ્તવમાં મને કોઈ સંદેશો મળતો નહિ. મને તેમનાં ગીતો ગમતાં પણ હું તેમાંના શબ્દોનો અર્થ સમજી શકતી નહિ. 'શાંતિ,' 'ગૃહાગમન,' 'ઈસુ ખ્રિસ્તના રક્ત દ્વારા મુક્તિ' વગેરે શબ્દો તથા શબ્દસમૂહોનો શો અર્થ થતો હશે તે હું કેવી રીતે સમજી શકું ?

જ્યારે તે ચાલ્યા ગયા ત્યારે મારું હૃદય તેમની વિરુદ્ધ પથ્થર સમાન કઠોર બની ગયું. હું મારા એ નિશ્ચય પર દ્રઢ હતી કે હું તેમને ફરી પાછા આવવા માટે પ્રોત્સાહન નહિ આપું, છતાં તેમના આગમનથી મને રાહત મળતી હતી. હું એ વસ્તુ સમજી શકતી નહિ. છતાં તેઓ આવે તેવું હું ઈચ્છતી નહિ, અને જોકે, હું તેમને બાઇબલ વાંચવા, પ્રાર્થના કરવા અને તેમના ઈશ્વર વિશે વાત કરવાની તેમને અનુમતિ આપતી નહિ,

છતાં હું ઈશ્વર પ્રત્યે ખેંચાઈ રહી હતી. જાણે કે તે મને બોલાવતા હોય તેવો તેમનો સાદ સાંભળતી હતી.

અને એ વાત મને ગમતી નહિ.

જોકે હું એ વાતનો સ્વીકાર કરતી નહિ, છતાં અકિતોશી અને તેમના અમેરિકન મિત્રની અમુક બીજી વાતોએ પણ મને પ્રભાવિત કરી. જેમનાથી હું પરિચિત હતી તેમાંના મોટા ભાગના માણસો એટલા શિષ્ટ હતા કે ઉતાવળથી વચન આપી દેતા અને એટલી જ સરળતાથી ભૂલી પણ જતા. પરંતુ અકીતોશી અને તેમના મિત્ર એવા બેદરકાર ન હતા. તેઓ તો હકીકતમાં વચન પાળતા. જો તેઓ કહેતા કે અમુક ચોક્કસ દિવસે તેઓ મને મળવા આવશે કે મારે માટે કંઈ ભેટ લાવશે કે મારે માટે કંઈ કરશે, તો તેઓ ક્યારેય એ વાતો વીસરી જતા નહિ. તેઓ તો પોતે કહેલી વાત કે આપેલાં વચન પાળતા જ. પોતે જે કંઈ કહેતા એને એ પાળવામાં જે ચોક્સાઈ રાખતા એ બધું મને મૂર્ખતાભર્યું લાગતું. મેં વિચાર્યું કે કદાચ તેમનું મગજ બરોબર કામ કરતું નહોતું, અથવા જેમને હું ઓળખું છું તે સર્વથી તેઓ સંપૂર્ણપણે જુદા છે.

જ્યારે મને એ વાતનું ભાન થયું કે વાસ્તવમાં તો હું તેમના આગમનની પ્રતીક્ષા કરવા લાગી હતી, ત્યારે મને મારી જાત પર ક્રોધ ચડ્યો. મેં અધિક દ્રઢતાથી નિર્ણય કર્યો કે તેઓ મને તેમના ધર્મ પ્રત્યે આકર્ષવામાં સફળ થશે નહિ. મેં તો ધર્મને નિષ્ફળ થતો જોયો છે. ધર્મ પોકળ અને અર્થહીન છે, અને તેમાં ફસાવું તે હાસ્યાસ્પદ અને મૂર્ખતાપૂર્ણ છે. હું એ જાણતી નથી કે મને મળવા આવનારા સમક્ષ મારો વિરોધ કેટલી સફળતાથી પ્રદર્શિત કરી શકતી હતી.

એક માસ પછી અકીતોશીને ખાતરી થઈ ગઈ કે તેમને માટે મારી મુલાકાતો ચાલુ રાખવાનું અર્થહીન હતું. હું મારી મનઃ સ્થિતિને ઓળખી શકું એ કરતાં તે વધું સારી રીતે મારા મનોભાવોને ઓળખી શકતા.

"તેને આપણી કોઈ વાતમાં રસ નથી. તેને વારંવાર મળવા જવું એ સમયને બરબાદ કરવા સમાન છે."

"નિરાશ ન થાઓ," રોબીને તેમને કહ્યું, "મને એ યુવતી પ્રત્યે એક પ્રકારની લાગણી છે."

તે બંને મારે વિશે આમ વાતચીત કરતા, અને જે કંઈ હું કહેતી તેને જાણે કે તોળી જોતા, અને મારો કહેવાનો અર્થ શોધતા. થોડા દિવસો પછી અમેરિકને અકીતોશીને કહ્યું કે, "ઘણી વાર મને પોતાને વધુ મુલાકાતો નકામી છે તેવી ધારણા વિરુદ્ધ લડત આપવી પડી છે." તે પોતાની જાતને કહેતા કે તે યુવતીનું હૃદય ઘણું કઠોર છે અને ખ્રિસ્તને શરણે જવા માટે તેની ઘોર નિરાશા આડે આવે છે. હું ઈશ્વરની કેટલી બધી આભારી છું કે તેમણે તે બંનેમાં વિશ્વાસનો સંપૂર્ણ અભાવ ઉત્પન્ન થવા ન દીધો અને તેમણે મારી મુલાકાતો બંધ કરી દીધી નહિ.

ફોક્સ કુટુંબ પાસે રંગબેરંગી પાંખોવાળા નાના પોપટોની એક જોડી હતી, અને જ્યારે મારા મુલાકાતીઓ અત્યંત નિરાશ થઈ ગયા હતા ત્યારે માર્ગારિટને લાગ્યું કે મને એ પક્ષીઓની ભેટ આપવી ઉચિત ગણાશે. જો તેણે સંપૂર્ણ જાપાની રિવાજનું પાલન કર્યું હોત, તો તેમણે પક્ષીઓને મારા ખંડમાં લઈ આવીને ત્યાં તેમને મૂકી દીધાં હોત. પરંતુ રોબીને મને પૂછ્યું કે એ પક્ષીઓ મને પસંદ છે કે કેમ. મેં તેમના હેતુઓમાં લગભગ ઊંધો અર્થ જોયો.

મેં વિચાર્યું કે આ લોકો સારા દેખાવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેઓ મારા ઉપર સારો પ્રભાવ પાડવા માગે છે, પરંતુ તેઓ મારા હૃદયને ખરીદી શકશે નહિ.

હું વાસ્તવમાં તો એ પક્ષીઓને રાખી લેવા ઉત્સુક હતી, પરંતુ મને ખાતરી હતી કે તેઓ પક્ષીઓને લાવવાનું વીસરી જશે. હું જાણતી હતી કે મારા નિકટના મિત્રો પણ મારે માટે કંઈક કરીશું એમ કહેતા અને પછી તરત જ સરળતાથી વીસરી જતા.

જોકે, બીજી વાર મારા અમેરિકન મુલાકાતીઓ આવ્યા, ત્યારે તેઓ એ પક્ષીઓને ખરેખર લઈ આવ્યા. તેમના શબ્દો જે ક્યારેય કરી શક્યા ન હોત તે તેમના આ એક કાર્યથી થઈ શક્યું.

તે સમયે મને કશી ખબર ન પડી, પરંતુ અકીતોશીએ કહ્યું કે તે

દિવસથી મારા વલણમાં નાનું અમથું પરિવર્તન દેખાયું. હું હજી તેમના ધર્મની કટ્ટર વિરોધી હતી, અને તેમને એ વાતની ખબર જ હતી કે તેમની માન્યતાઓ સાથે કશોયે સંબંધ ન રાખવા મેં નિશ્ચય કર્યો હતો. તેમ છતાં એવાયે દિવસો તે પછી આવ્યા જ્યારે હું વધુ મૃદુ બની, થોડી વધુ અનુકૂળ બની.

ઈસ્ટર (ઈસુનું મૃત્યુમાંથી થયેલું પુનરુત્થાન)નો દિવસ આવ્યો અને જ્યાં અકીતોશી અને તેમના અમેરિકન મિત્રો ઈસુની ભક્તિ કરતા ત્યાં શેલ્ટન એલન નામના અમેરિકન ઉપદેશક સંદેશો આપવા આવ્યા. તે જાપાની ભાષા પણ સારી રીતે બોલી શકતા.

તેમણે સંધ્યાની ભક્તિસભા માટે સંદેશો તૈયાર કર્યો હતો. પરંતુ ગીતો ગવાતાં હતાં તે સમયે ઈશ્વરે એ વિષયમાં તેમની સાથે વાત કરી. અનિચ્છાએ એમણે તૈયાર કરેલું ભાષણ બાજુએ મૂક્યું અને જે વિચારો તેમને આવતા હતા તે વિશે નોંધ તૈયાર કરવા લાગ્યા. ઈસુએ પુનરુત્થાન પછી યરૂશાલેમથી એમ્મૌસ જનારા પોતાના બે શિષ્યો સાથે (ચાલતાં ચાલતાં) માર્ગમાં જે વાતો કરી તે વિશે નવો સંદેશો હતો અને તેમાં ધરતીને કંપાવી દે તેવા સ્પષ્ટીકરણનો કે સંદર્શનો ન હતાં. છતાં, એ જ સંદેશાની મને જરૂર હતી - જોકે તે બોલતા હતા તે દરમ્યાન કોઈએ એવી કલ્પના નહિ કરી હોય કે હું તે સાંભળીશ - કારણ, એ સંદેશા દ્વારા મને એ સત્ય જણાવવામાં આવ્યું કે ખ્રિસ્ત જીવે છે.

અકીતોશીએ જણાવ્યું કે એ ભક્તિસભા પછી શ્રી. એલન બેચેન બની ગયા હતા. સભામાં નવા ચહેરાઓ હતા, અને એ દિવસો દરમ્યાન પ્રત્યેક રવિવારે સરેરાશ એક કે બે વ્યક્તિઓ ખ્રિસ્તને પોતાનું જીવન સમર્પિત કરતી. આ સભામાં કશો પ્રતિભાવ દેખાયો ન હતો.

"હું એ સમજી શકતો નથી," શ્રી. એલને કહ્યું, "શું તમને લાગે છે કે એ સંદેશો આપવામાં મેં કોઈ ભૂલ કરી છે ?"

તે જ સમયે એક અમેરિકન સૈનિક ઊભો થયો અને પોતાની ઓળખાણ આપી. તે તાચીકાવા હવાઈ સ્ટેશન પર નોકરી કરતો હતો, અને જ્યારે રોજર અને માર્ગારેટ ફોક્સ ત્યાં હતાં ત્યારે તેમની સાથે તેને

પરિચય થયો હતો. તે પોતાની સાથે એક નવું અમેરિકન ટેઈપ રેકોર્ડર લાવ્યો હતો. તે એક મોટું ને વજનદાર ટેઈપ રેકોર્ડર હતું, જેને તે અત્યંત મુશ્કેલીથી ભારે ભીડવાળી ટ્રેઈનમાંથી ચર્ચમાં ઊંચકી લાવ્યો હતો.

"મને ખબર નથી કે હું આ મોટો બોજો અહીં કેમ ઊંચકી લાવ્યો છું. મેં સંદેશાને ટેઈપ કર્યો છે કે કેમ તે પણ હું જાણતો નથી. મને કંઈ જાપાનીઝ ભાષા પર એટલું બધું પ્રભુત્વ નથી. હકીકતમાં તો કોઈ હોટેલમાં કશાનો ઓર્ડર આપું છું તે બરોબર આપું છું કે કેમ તે પણ જાણતો નથી. પણ હું એ રેકોર્ડર અને ટેઈપ થોડો સમય અહીં મૂકી જવાનો છું. કદાચ આપ લોકો એનો કોઈક ઉપયોગ કરી શકશો."

મને ખાતરી નથી, પણ અકીતોશીએ કહ્યું, "મને લાગે છે કે, આપણે શા માટે તેને લઈ ન જઈએ, અને યોનેકો-સાનને તે ન સંભળાવીએ ?"

બંનેમાંથી એકેને મારી પાસેથી શો પ્રતિભાવ સાંપડશે તેની ખાતરી ન હતી. એ દિવસોમાં ટેઈપ રેકોર્ડરો નવાં નવાં હતાં. અને તેમને લાગ્યું હશે કે એક નવાઈની વસ્તુ તરીકે તે સાંભળવાનું મને ગમશે. ઈસુ ખ્રિસ્તના સંદેશામાં બીજા સાથે સહભાગી થવાની મારે માટે આ એક વધારાની તક હતી.

એ સપ્તાહમાં તેઓ એટલા બધા વ્યસ્ત હતા કે ગુરુવારે અથવા શુક્રવારે સાંજે મને મળવા માટે હોસ્પિટલમાં આવવાનો તેમને સમય મળ્યો. તે આવ્યા ત્યારે રાત્રિના લગભગ નવ વાગ્યા હતા, અને તેઓ લાવ્યા હતા તે ટેઈપ રેકોર્ડર મને શબપેટી (કૉફિનબોક્સ) જેવું મોટું દેખાતું હતું.

ઈશ્વર તેમની મુલાકાત માટે મને તૈયાર કરતા હતા. એ દિવસ મારા અન્ય ખરાબ દિવસો જેવો જ ખરાબ હતો, જ્યારે હું મૃત્યુ વિશે અને દુઃખમાંથી છુટકારો આપનાર પેલી ઊંઘની ગોળીઓ વિશે વિચાર કરતી હતી. જ્યારે મેં તે મોડી રાતે મને મળવા આવનારાઓને જોયા, ત્યારે મારું હૃદય કણસવા લાગ્યું.

"ના, ના," મેં મનોમન કહ્યું. "હવે ફરી વાર નહિ. હું તેમનાં ગીતો પણ સાંભળવા માગતી નથી. મને તો એક માત્ર એ જ ઇચ્છા છે કે મને

એકલી રહેવા દેવામાં આવે."

મેં એમની સાથે કેવો વર્તાવ કર્યો અથવા તેમણે મને ટેઈપ સાંભળવાનું કહ્યું કે કેમ તે મને યાદ નથી. મને તો એટલું જ યાદ છે કે હું ઉપદેશકના શબ્દો ધ્યાનમગ્ન બનીને સાંભળતી રહી. તે તો ક્રૂસ કે વધસ્તંભ પર મરનાર અને તરત જ પાછા સજીવન થનાર ખ્રિસ્તની વાત કહી રહ્યા હતા, જેમના પર હું ભરોસો મૂકી શકું.

મારા પરના તેમના પ્રેમ સાથે સંબંધ છે ત્યાં સુધી ખ્રિસ્તને એ વાતની ચિંતા ન હતી કે મેં મારા બંને પગ, એક હાથ અને બીજા હાથ પરની બે આંગળીઓ ગુમાવ્યાં હતાં. મારા તેમના પ્રત્યેના તિરસ્કારની પણ તેમને ચિંતા ન હતી. મારા જેવાં મનુષ્યોને બચાવવા માટે જ તે પૃથ્વી પર જીવવા આવ્યા હતા, ક્રૂસ પર મૃત્યુ પામ્યા હતા ને કબરમાંથી ફરી સજીવન થયા હતા. તે મને યોનેકોને એટલો બધો પ્રેમ કરતા હતા કે તેમણે હું તેમની સાથે રહી શકું માટે એ બધું કર્યું. તે એમ્મૌસના માર્ગ પર ચાલતા બે માણસો પાસે આવ્યા ને તેમની સાથે ચાલ્યા જેથી હું તેમના વિશે સાંભળી શકું, અને તેમણે સાચ્ચે જ મૃત્યુને જીત્યું છે તેની ખાતરી અનુભવી શકું. મારા જીવનમાં જે કંઈ બન્યું હતું તેમ છતાં તેઓ મને ચાહતા હતા અને મને તેમની પાસે લાવવા માગતા હતા, તે મેં જોયું.

ઉપદેશક આથી વધુ કંઈ કહેતા હતા કે કેમ તે અંગે હું સભાન ન હતી, તે બીજા કોઈ સાથે વાત કરતા હતા કે હકીકતથી પણ હું જાણે અનભિજ્ઞ હતી. મને તો એવું લાગ્યું કે જે ખુરશી પર ટેઈપ રેકોર્ડર મૂકવામાં આવ્યું હતું ત્યાં જ તે બેઠા હતા, અને ઈશ્વર તેમના અવાજ દ્વારા મારી સાથે વાત કરતા હતા.

હજુ તો ઉપદેશકે પોતાની અર્ધી જ વાત કરી હતી ત્યાં તો મારી રણ જેવી સૂકીભઠ આંખોમાંથી અશ્રુનો પ્રવાહ મારા ગાલ પર વહેવા લાગ્યો. જ્યારે સંદેશો પૂરો થયો અને અકીતોશીએ ટેઈપ રેકોર્ડરની સ્વીચ બંધ કરી, અને તેની ગંભીર દ્રષ્ટિએ, અમારી વચ્ચે મેં પ્રયત્નપૂર્વક રાખેલા પરદાને વીંધી નાખ્યો.

"શું તમને પ્રાર્થના કરવાનું ગમશે, યોનેકો-સાન ?" તેમણે શાંતિથી પૂછ્યું.

"ઈશ્વર મારી સહાય કરે !" (May God help me !) મેં પ્રાર્થના કરી. મને લાગ્યું કે મેં મારાં આંસુ લૂછી નાખ્યાં હતાં, પરંતુ હજુ તે મારા ગાલો પર વહી રહ્યાં હતાં. હું ફક્ત એટલું જ અનુભવતી હતી કે મારાં આંસુ ગરમ હતાં. "ઈશ્વર મારી સહાય કરે !" હું વારંવાર એ વાક્ય બોલતી રહી.

જ્યારે હું એ ચાર સાદા શબ્દોની સાદી પ્રાર્થના કરતી હતી, ત્યારે મારા વિચારો દોડતા હતા. હું આ ઈશ્વરને મારું સમસ્ત જીવન સોંપી દઈશ. મારું સર્વસ્વ. હવે ભવિષ્યમાં મારે માટે મારું જે કંઈ હશે તે ઈશ્વરનું જ હશે.

અકીતોશી અને રોબીને એ પછી વધુ વાતચીત કરી નહિ. જો તેમણે વાત કરી હોય તો મને તેનો ખ્યાલ નથી. એવું લાગે છે કે તેમણે થોડી મિનિટોમાં ટેઈપ રેકોર્ડર પેક કરી દીધું અને ચાલ્યા ગયા. તેઓ ચાલ્યા ગયા, કે તરત મેં મારી આંખો બંધ કરી દીધી. બીજી વાત એ બની કે હું જાગી ત્યારે સવારના સાત વાગ્યા હતા. મને એ હકીકતથી આશ્ચર્ય થયું કે મને આખી રાત ઊંઘ આવી હતી. મહિનાઓ બાદ પહેલી જ વાર મને મીઠી નિદ્રા આવી હતી.

મેં ચારે તરફ જોયું. આકાશ વાદળ વગરનું ચોખ્ખું હતું અને ફૂલોને ખીલવા માટે મે માહનાનો સૂર્ય મીઠી રીતે તેમને સમજાવતો હતો.

મને લાગ્યું કે આ ખૂબ સુંદર પ્રભાત છે.

આ વિચારથી હું ચોંકી ઊઠી.

હું કેમ આવા વિચારો કરું છું ? મને આશ્ચર્ય થતું હતું. ટોકિયોની એ ભયાનક રાત્રિ પછી એક પણ દિવસ મને સુંદર લાગ્યો ન હતો.

મેં મારી કાંડાઘડિયાળ સામે જોયું. હજુ એક કલાક પછી નાસ્તો તૈયાર થશે. તેમની પહેલી મુલાકાતે મને આપેલ નવો કરાર મેં ઉઠાવ્યો. હજુ સુધી એ કેવી રીતે આ ખંડમાં સચવાઈ રહ્યો હતો તે મને સમજાયું નથી.

ગઈ રાતે જે કંઈ બન્યું હતું તે અંગે કાળજીપૂર્વક વિચાર કરતાં, મેં નવો કરાર ઉઘાડ્યો અને છેલ્લા પાનાથી આગળનાં પાનાં ઉથલાવવા લાગી. પુસ્તકનો સર્વોત્તમ ભાગ અંતમાં જ હોય છે એમ માનીને હું કાયમથી તેવું કરતી આવી હતી. એવું કરતી વખતે મેં થોડાંક વાક્યો અને શબ્દસમૂહો કોઈ ચોક્કસ યોજના વિના વાંચ્યાં. ઘણાં એવાં હતાં કે મારે માટે તેનો કોઈ અર્થ ન હતો.

છતાં, ઈશ્વર કામ કરતા હતા. તેમણે મારે માટે જે કર્યું હતું, તે તેમણે મારી સમક્ષ સ્પષ્ટ કર્યું. થોડી મિનિટો પછી એક નાનકડું વાક્ય ઊડીને મારી આંખે વળગ્યું.

"જો કોઈ માણસ ખ્રિસ્તમાં હોય તો તે નવી ઉત્પત્તિ (નવું સર્જન) છે."

મેં લગભગ જોરથી બૂમ પાડી. હું અતિ ઉત્તેજિત બની ગઈ હતી. આ તો મારી સાથે જ બન્યું હતું !

લગભગ પંચાવન વર્ષનાં એક સ્ત્રી હોસ્પિટલના એ ખંડમાં મારી સાથે હતાં. જોકે હજુ તે નિદ્રાવશ હતાં, મારા જીવનમાં આવેલા પરિવર્તનથી હું એટલી બધી રોમાંચિત થઈ ઊઠી હતી કે મારે માટે તે કોઈને જણાવવાનું અનિવાર્ય બની ગયું હતુ. મેં તે બહેનને જગાડ્યાં અને ખ્રિસ્તે મારે માટે જે આશ્ચર્યજનક કાર્ય કર્યું હતું તે તેમને જણાવ્યું.

"જો તું કહે છે તેટલું બધું અદ્ભુત કે આશ્ચર્યજનક હોય," તે બહેને મને કહ્યું, "તો મને તે વિશે જાણવામાં રસ પડશે."

મારે માટે અકીતોશી અને તેમના મિત્રના આગમનની પ્રતીક્ષા કરવી મુશ્કેલ હતી. હું તેમને એ કહેવા માટે ઉત્સુક બની ગઈ હતી કે ઈશ્વરે છેવટે તેમની પ્રાર્થનાઓ સાંભળી છે. મારા માટે બધું જ બદલાઈ ગયું હતું.

# પ્રકરણ : ૭

વસંતઋતુ બેસી ગઈ હતી. મારી હોસ્પિટલની બારીમાંથી દેખાતું વાદળી આકાશ ચોખ્ખું અને નિરભ્ર હતું. દ્રશ્યમાન ઘરો, વૃક્ષો અને નાનાં ચોગાનો પ્રકાશિત અને હૂંફાળા સૂર્યપ્રકાશમાં નાહતાં હતાં. રંગબેરંગી ફૂલો ખીલ્યાં હતાં, અને જાણે કે જમીનમાંથી જ ફૂટી નીકળ્યાં હોય તેવાં બાળકો સર્વત્ર દેખાતાં હતાં, ફૂલો જેવાં કોમળ અને પ્રકાશ જેવાં મધુર. તે બધાં જાણે જીવનનો આનંદ લૂંટતાં હતાં.

હું પણ પ્રસન્નચિત્ત અને પ્રફુલ્લિત હતી.

છેલ્લા કેટલાક દિવસોથી મારા હૃદયમાં પણ વસંતઋતુનું આગમન થયું હતું. નિરાશાનો લાંબો શિયાળો સમાપ્ત થયો હતો. જીવનનો અંધકાર ઊડી ગયો હતો. ઊંઘની જીવલેણ ગોળીઓ હું એકત્રિત કરતી હતી તે હવે મારા તકિયામાં ભુલાઈ ગઈ હતી. હવે જ્યારે હું ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવા લાગી હતી ત્યારથી હું એક નવી વ્યક્તિ બની ગઈ હતી. હું હસમુખે ચહેરે પ્રત્યેક નવા દિવસની આશા અને આનંદપૂર્વક વાટ જોતી.

મારું કુટુંબ આ વાસ્તવિક્તા સમજી શકતું ન હતું. તે દિવસે બપોર પછી હું ચૂપચાપ અને રિક્ત ચહેરે મારા ખંડમાં બેઠી હતી . હું માત્ર મારો છુટકારો કરનાર મૃત્યુની વાટ જોતી હતી. મેં અઠવાડિયાંઓ સુધી તેમની સાથે આત્મહત્યા અંગે વાત કરી ન હતી, તેમણે પણ એ વાત કાઢી ન હતી. પરંતુ હું જે યોજના બતાવતી હતી તે તેઓ જાણતાં હતાં, અને તેને અટકાવવા માટે અસમર્થ હતાં. જ્યારે તેઓ ખંડમાંથી બહાર નીકળ્યાં ત્યારે તેઓની આંખોમાં સ્પષ્ટ રીતે ભય ને ત્રાસ દેખાતાં હતાં.

જ્યારે બીજે દિવસે સંધ્યા સમયે તેઓ આવ્યાં ત્યારે તેમને ભારે આશ્ચર્ય થયું. દુઃખિત અને શોકિત યોનેકો બદલાઈ ગઈ હતી. ભૂતકાળની પ્રસન્નતાપૂર્ણ યોનેકો પાછી આવી હતી. હવે હું કડવાશ વગર હસતી

હતી અને તેમાં મારી નવી શાંતિની ચમક હતી. જાણે કે બીજા કોઈએ આવો હૃદયભંગ ને આવી હતાશાનો કદી અનુભવ કર્યો નહિ હોય તેવું મહિનાઓ સુધી મેં માન્યા કર્યું હતું, જ્યારે હવે હું પિતાજી, યૂરિકો અને મારા બંને ભાઈઓ વિશે ચિંતા કરતી હતી. તેઓ શું કરે છે અને તેમની તબિયત કેવી છે તે જાણવા હું ઉત્સુક રહેતી. હું યસૂજોની પત્ની વિશે પણ જાણવા માગતી, અને મારા બીજા ભાઈ અકીયોશીનો કૉલેજનો અભ્યાસ કેવો ચાલે છે તે વિશે પણ પૂછપરછ કરતી.

મારી આ નવી મનઃસ્થિતિથી તેઓ મૂંઝાતાં પણ ખરાં ને પ્રસન્નતા પણ અનુભવતાં. હું હવે મારા ખરા સ્વરૂપમાં પાછી આવી રહી હતી, તેથી તે રાહત અનુભવતાં, પરંતુ એ અંગે તેમને આશ્ચર્ય પણ થતું. ઘેર મારામાં આવેલા પરિવર્તન અંગે ઘણી ચર્ચા થતી. તેઓ તેનું રહસ્ય જાણવા મથતાં અને તે પરિવર્તન અંગે ઘણી ચર્ચા થતી. તેઓ તેનું રહસ્ય જાણવા મથતાં અને તે પરિવર્તન સ્થાયી બનશે કે કેમ તે અંગે પણ વિચારણા કરતાં.

"કદાચ તેણે પોતાના જીવનનો અંત લાવવાનો કોઈ સરળ ઉપાય શોધી કાઢ્યો છે તેથી તે ઉત્તેજિત અને આનંદિત છે," પિતાજી કહેતા. માની પ્રથમ માંદગી પછી તે શોકથી એટલા વ્યાકુળ બન્યા હતા કે તેમને એમ જ થતું કે આ તો હવે આવનારા આઘાતનો પૂર્વસંકેત છે. " મેં સાંભળ્યું છે કે જેઓ જીવનનો અંત આણવાની યોજનાઓ ઘડે છે તેઓ ક્યારેક આવી રીતે પણ વર્તે છે," તે કહેતા.

ઈસુ ખ્રિસ્તે કેવી રીતે મને ક્ષમા આપી છે અને મારા જીવનને પોતાને આધીન બનાવ્યું છે તે તેમને સમજાવવાનો હું પ્રયત્ન કરતી. મેં તેમને એ પણ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો કે ઈસુએ જ મારા આત્મા પરનો ભારે બોજો ઉઠાવી લીધો છે અને મને જીવવા માટે શાંતિ અને હિંમત બક્ષ્યાં છે.

પણ તેઓ સમજી શકતાં ન હતાં.

મને લાગે છે કે તેમણે સમજવા માટે સાચો પ્રયાસ કર્યો ન હતો. જીવન અને મૃત્યુના સમજવા માટે મુશ્કેલ એવા આત્મિક પ્રશ્નો અંગે,

જેમ મારા શિક્ષકોએ સલાહ આપી હતી તેમ તેમણે પણ તે પ્રશ્નોની સાચી રીતે સમજવાને બદલે તેમને બાજુએ હડસેલી દીધા હતા. તેઓ તો માનતા કે આ તો ધર્માંધ અકીતોશી તાહારા અને તેના અમેરિકન મિત્રોના પ્રયાસોનું પરિણામ છે. તે લાંબું ટકવાનું નથી. હું ઘેર પાછી ફરીશ તે પછી થોડા દિવસોમાં જ આવા મૂર્ખ વિચારોની મૂર્ખતા સમજી શકીશ.

હું મારી માતા જેવા જ મજબૂત મનની અને ઉત્તમ ચારિત્ર્યની સ્ત્રી હતી, પરંતુ ધર્મની વાત આવે ત્યાં ભાવુક બની જતી. મા 'તેનરી-ક્યો'ની ઉપાસક હતી, જ્યારે મારા જીવનને ઈસુ ખ્રિસ્તે ભરી દીધું હતું. મારાં સગાંએ માન્યું હતું કે હું અને મારી મા બંને જુદા જુદા દેવો અંગે જુદા જુદા વહેમો ધરાવતાં હતાં, પરંતુ પરિણામ તો એક જ આવ્યું હતું - એક પ્રકારની બાલિશ ધર્માંધતા.

તે છતાં તેઓ આભાર માનતાં હતાં કે કોઈ વસ્તુએ મને મારી જાતથી અને મારાં દુઃખોથી અળગી કરી હતી. તેમને ખાતરી હતી કે આ નવા ધર્મથી મારો ભ્રમ ભાગી જવા સાથે મને થોડીક પ્રસન્નતા સાથે જીવન વ્યતીત કરવાની શક્તિ પ્રાપ્ત થશે. તેઓ ઇચ્છતાં હતાં કે મારો ભ્રમ યોગ્ય સમયે, ધીરે ધીરે ભાગે, જેથી મને કોઈ આઘાત ન લાગે.

પરંતુ તેમની ગણતરી તો માનવીય શક્તિ અને દુર્બળતાઓ પર આધારિત હતી. તેમણે અમારા ઈશ્વરને ગણતરીમાં લીધા ન હતા. મને હવે જીવન જીવવાની નવી રીત સાંપડી હતી - એક નવી દિશા એને નવી શક્તિ પ્રાપ્ત થઈ હતી. બાળક તરીકે પણ જે મેં અનુભવી ન હતી તેવી એક નવી શાંતિ ઈશ્વરે મને આપી હતી. કોઈ ભીડવાળી શેરીમાંથી પસાર થતી વખતે હું મારો નાનો ભરાવદાર હાથ મારી માના હાથમાં મૂકી તેનામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકી દેતી તેથી પણ વધારે ભરોસો મને ઈશ્વર પર હતો.

ઈશ્વરમાં અને તેમનાં વચનોને સમજવાની વાતમાં તો હું બાળક સમાન હતી. તેમના વિશે હું ઘણું થોડું જાણતી હતી. અકીતોશી અને મિશનરીઓ મારે અંગે ચિંતિત હતા. મારું કુટુંબ ખ્રિસ્તમાં પ્રાપ્ત થયેલા મારા નવા વિશ્વાસનું કેટલું કટ્ટર વિરોધી હતું તેની મારા કરતાં તેમને

વધારે સમજણ હતી. કૉલેજમાં અભ્યાસ કરતા મારા ભાઈઓની દલીલોનો સતત સામનો મારે માટે કેટલો મુશ્કેલ બનવાનો છે તેનું પણ તેમને જ્ઞાન હતું. ઈસુ ખ્રિસ્તને સોંપાઈ જવાના મારા નિર્ણય બાદ અઠવાડિયાંઓ પછી મને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી ત્યારે માર્ગરિટ ફોક્સે દર અઠવાડિયે મારી સાથે બાઈબલનો અભ્યાસ કરવાનું માથે લીધું અને અકીતોશીએ દુભાષિયા થવાનું સ્વીકાર્યું. ઘેર ખ્રિસ્તી જીવન જીવવામાં મને આ બાઈબલના અભ્યાસે ઘણી મદદ કરી .

મારું કુટુંબ પણ ખ્રિસ્તમાં મારી સાથે સહભાગી બને તેવી આશા હું સેવતી હતી, પરંતુ પિતાજી અથવા ભાઈઓ સાથે તે અંગે કશું પણ કહેવાનું મારે માટે અસંભવિત હતું. યુરિકો સાથે ઈસુ ખ્રિસ્ત વિશે વાત કરવાનું મને સરળ લાગતું. અમારી માના મૃત્યુ પછી આમ બંને બહેનો એક નિકટતા સ્થપાઈ હતી. અમને એકબીજાની જરૂર હતી.

અમારા બંને વચ્ચે વયમાં પાંચ વર્ષનો તફાવત હતો. એવા દિવસો પણ આવતા જ્યારે અમારી વચ્ચેનો સમયગાળો એકબે મહિનાનો થઈ જતો . અમે જાણે કે જોડિયા બહેનો જેવી બની જતી, જ્યારે કેટલાક દિવસો અમારી વચ્ચે જાણે એક પેઢી વચ્ચે હોય તેવું અંતર દેખાતું. યૂરિકો જાણે મારી મા જેવી બની ગઈ હતી અને હું તેની સાથે કોઈપણ વિષયની ચર્ચા કરી શકતી. જ્યારે મેં ખ્રિસ્તનો સ્વીકાર કરવાની વાત ધીરે દીરે કરી ત્યારે તેણે તે ધ્યાનપૂર્વક સાંભળી અને તેને મારા મુક્તિદાતામાં રસ છે એવું માનવાનું મેં શરૂ કર્યું, ત્યારે તેને મારા પર હસવું આવ્યું.

"તારી વાતોથી તો એવું લાગે છે કે તું જાણે આ ઈસુના પ્રેમમાં પડી ગઈ છે," તેણે ટોણો મારતાં કહ્યું.

ખ્રિસ્તે મારે માટે શું કર્યું છે તે તેને જણાવવા હું એટલી આતુર હતી કે હું તેની વાણીમાં રહેલો ઉપહાસ જોઈ શકી નહિ. " હું તેને ચાહું છું. તેમણે મને એટલી બધી શાંતિ અને આનંદ આપ્યાં છે કે હું તેમનો પૂરતો આભાર માની શકતી નથી. તે તારે માટે પણ એવું જ કરી શકે."

જાણે કે હું તેની પાંચ વર્ષની દીકરી હોઉં અને મેં કોઈ મૂર્ખ વસ્તુ

પર મન લગાડ્યું હોય, તેમ તેનું સ્મિત લાડ લડાવનારું હતું. "તું થોડા સમયમાં કંટાળી જઈશ. તું બદલાઈ જઈશ," તેણે વિશ્વાસપૂર્વક કહ્યું. "જે ધર્મ તને આજે આટલો બધો ઊજળો દેખાય છે તે જેમ જેમ તને એ વિશે વિચારવાનો સમય મળશે તેમ તેમ નીરસ અને કંટાળો ઉપજાવનારો લાગશે. એ દિવસ બહુ દૂર નથી જ્યારે તું અમારામાં આવી જઈશ. આ જોશ ઠંડો પડી જશે ."

"હું ઈસુ ખ્રિસ્ત વિના જીવવા જ માગતી નથી, " મેં તેને જણાવ્યું.

તેનું ઉપહાસપૂર્ણ હાસ્ય અમારા ઘરમાંના એક ખંડને બીજા ખંડથી જુદો પાડનાર કાગળની દીવાલોને વીંધી રહ્યું, "આ વસ્તુ લાંબો સમય ટકશે નહિ," યૂરિકોએ કહ્યું, "યોનેકો, જો તું પંદર વરસ સુધી ખ્રિસ્તી રહી શકે તો મારી પાસે આવીને મને જણાવજે; તો હું પણ ખ્રિસ્તી થઈ જઈશ."

અમારો ભાઈ અકીયોશી ઘરના બીજા ઓરડામાં હતો. તેણે યૂરિકોના હસવાનો અવાજ સાંભળ્યો અને શુંચાલી રહ્યું હતું તે જોવા બહાર આવ્યો.

"યોનેકો તેના ઈશ્વરની આગળ મને ઘૂંટણે પાડવાનો પ્રયાસ કરી રહી છે."

"તું શું કરી રહી છે એ વિશે સાવધાન રહે," અકીયોશીએ ક્રોધપૂર્ણ સર્વરે કહ્યું. "ઘરમાં એક મૂર્ખી હોય તે પૂરતું છે."

મોટા ભાગનો સમય યૂરિકો મારી સાથે ધૈર્યવાન અને દયાળુ બની રહેતી, પરંતુ એવા દિવસો પણ ઊગતા જ્યારે દૂધ ઊભરાઈ જાય તેમ કટુતા સ્પષ્ટ રીતે દેખાતી. પિતાજી એ વિશે કંઈ કહેતા નહિ, પરંતુ હું અને મારી બહેન જાણતાં હતાં કે મારે કારણે જ પિતાજી યૂરિકોને લગ્ન કરવાની પરવાનગી આપતા ન હતા. તે મારે માટે મકાન બાંધવાનું અને બધું વ્યવસ્થિત કરી દેવાની વાત કરતા, જેથી હું એકલી રહી શકું, છતાં મહિનાઓ વીતતા ગયા અને કશું બન્યું નહિ. એ દિવસો વિશે વિચારતાં મને લાગે છે કે પિતાજી હું મારી સંભાળ રાખવા યોગ્ય બની શકું તેવો સંકેત મેળવવાની વાટ જોતા હતા.

હું યૂરિકો જેટલી જ બેચેન હતી અને તેની અપ્રસન્નતાને કારણે તેને

દોષિત ઠરાવી શકતી ન હતી. છતાં હું એવી જ જાળમાં ફસાઈ ગઈ હતી. ક્યારેક ક્યારેક તો અમારી બંને વચ્ચે તંગદિલી વધી જતી.

"શા માટે મારે એકલીએ આટલું બધું કામ કરવું જોઈએ ?" તે ફરિયાદ કરતી.

"મારાથી થઈ શકે તેટલું કામ હું કરું છું," હું ઉત્તર દેતી. મારે એ કબૂલ કરવું જોઈએ કે તે સંપૂર્ણ સત્ય ન હતું. હું માત્ર અઢાર વર્ષની હતી અને યોગ્ય લાગે તો પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનું ચૂકતી નહિ.

યૂરિકોએ પોતાની આંખ ઉપર આવેલ વાળની લટ ઊંચે ચઢાવી તેણે કહ્યું, "શું તું સાચે જ એવું કહે છે ?" મેં કહ્યું, "હા, તું જે કહે તે મારાથી થઈ શકે તેવું હોય તો હું જરૂર કરીશ.

"તું પૂજાસ્થળ (butsudan)ની સાફસૂફી કરી શકે."

જ્યારે તેણે પારિવારિક પૂજાસ્થળ અથવા બૌદ્ધ વેદીની સફાઈ અંગે કહ્યું ત્યારે તેણે મારા ચહેરા પર છવાઈ ગયેલો અણગમો નિહાળ્યો.

"હવે શી મુશ્કેલી છે ?" તેણે ચીડાઈને પૂછ્યું.

મને ખાતરી હતી કે ઈસુ ખ્રિસ્ત પરના મારા વિશ્વાસને કારણે તેણે મને બૌદ્ધ પૂજાસ્થાનની સાફસૂફી કરવાનું કહ્યું હતું. હવે મને લાગે છે કે એ બાબત અંગે તેને દોષિત ગણવાનું યોગ્ય ન હતું. ખ્રિસ્તી થવાના અર્થ વિશે તે ઘણું ઓછું જાણતી હતી અને અન્ય ધર્મના પૂજાસ્થાનની સફાઈ અંગે મારી લાગણી સમજવાનું તેને માટે મુશ્કેલ હતું. સહાય માટે ઈશ્વરની પ્રાર્થના કરી મેં કહ્યું,

"એ એક જ કામ એવું છે જે હું કરી શકું તેમ નથી." હોસ્પિટલમાંથી ઘેર આવ્યા પછી મારી સ્થિતિ દયાજનક બની ગઈ હતી. મારે યૂરિકોને કોઈ ને કોઈ મદદ તો કરવી જ જોઈએ. હું કંઈ કામ કરું એવી અપેક્ષા રાખવાનો તેને પૂરો અધિકાર હતો. તે બજારમાં જઈ ખરીદી કરતી, ઘરની સફાઈ કરતી અને સાથે સાથે મારી સેવા પણ કરતી. તેને મદદ કરવા જે કંઈ થઈ શકે તે મારે કરવું જ જોઈએ. આ એક કામ જે તેણે મને કરવાનું સૂચવ્યું તે હું કરી શકું તેમ ન હતી, કારણ, તે ઈસુ ખ્રિસ્ત પરના મારા નવા વિશ્વાસની વિરુદ્ધ હતું.

"આ કામ અઘરું નથી."

"હું જાણું છું," મેં કહ્યું. અત્યાર સુધીમાં હું મારા ઘૂંટણો પર ચાલીને ઘરમાં આમતેમ ફરી શકતી હતી. "વાત એમ છે કે હવે હું ખ્રિસ્તી છું અને તેથી હું અન્ય દેવના પૂજાસ્થાનની સફાઈ કરી શકું નહિ."

એણે પીઠ ફેરવી ત્યારે એની આંખોમાં ક્રોધ ચમકી રહ્યો હતો.

"થોભ, યૂરિકો," મેં લગભગ ચીસ પાડીને કહ્યું, "જો તું પૂજાસ્થળની સફાઈ કરીશ તો હું રસોડું કે બાથરૂમ કે ઘરનું ગંદામાં ગંદું કામ, જે કરવામાં તને સૂગ ચડે છે તે કરીશ."

જ્યારે તેણે મારી સચ્ચાઈ નિહાળી ત્યારે તેના વ્યવહારમાં દેખીતું પરિવર્તન આવ્યું.

"તો તું બાથરૂમ સાફ કર," તેણે કહ્યું. "મને તો શૌચાલય સાફ કરવાનું જરીકે ગમતું નથી."

એ સમયથી તેણે પારિવારિક પૂજાસ્થાનનું સફાઈકામ શરૂ કર્યું અને મેં બાથરૂમનું અને શૌચાલયનું. આ ઘટના પછી અમે બંને એકબીજાની વધુ નિકટ આવ્યાં. કોઈ કોઈ વાર તે મારા નવા વિશ્વાસ અંગે મને ચીડવતી , પરંતુ બીજા કોઈની હાજરીમાં આવું કદી પણ કરતી નહિ.

કોઈ કોઈ વાર તો હું તેના લગ્નની આડે આવું છું એ હકીકતથી તે ચીડાઈ જતી, અને કટુતા ને રોષ સાથે ફરિયાદ કરતી. હું તેની સમસ્યાઓથી અજાણ ન હતી અને તેથી મારે ભાગે આવતું કામ પતાવવા વધુ મહેનત કરતી.

તે રાતે જ્યારે મારા કુટુંબ સાથે ભારે ભયાનક સંઘર્ષ થયો હતો અને તેમણે હું ખ્રિસ્તનો ત્યાગ કરું એવો આગ્રહ રાખ્યો હતો અને મારા ભાઈ અકીયોશીએ મને તમાચો માર્યો હતો, તે પછી મારા ભાઈઓ ઘણી વાર મારા ખ્રિસ્તી મિત્રો વિરુદ્ધ બેફામ રીતે કડવાશ ઓકતા. પરંતુ હું તેમનું સાંભળતી નહિ. હું જાણતી હતી કે તેઓ અકીતોશી અને ફોક્સ કુટુંબ વિશે જે કંઈ કહેતા તે સત્ય ન હતું. જો તેઓ મારા ખ્રિસ્તી મિત્રોને મારી પાસે આવતા રોકે તોયે મને વાંધો ન હતો. મારી પાસે ઈસુ હતા.

જેમ જેમ હું ઈશ્વર વિશે વધુ શીખતી ગઈ, તેમ તેમ મારા વિશ્વાસમાં

બીજાંઓને સહભાગી બનાવવાની મારી આતુરતા વધતી ગઈ. અકીતોશી તાહારા, માર્ગરિટ, રોજર ફોક્સ અને મેકલેરોય્સ દંપતી જે રીતે બીજા લોકોની મદદ કરતાં હતાં તે રીતે હું પણ બીજાંઓની મદદ કરવા માગતી હતી. હું જાણતી હતી કે બીજાંઓ જે કરી શકતાં તેમાંનું ઘણું હું કરી શકું તેમ ન હતી. હું ન તો ઉપદેશ આપી શકતી કે ન તો એક ઘેરથી બીજે ઘેર જઈ શકતી. મને વિચાર આવ્યો કે હું સન્ડેસ્કૂલમાં શીખવી શકું, અને મને આશા હતી કે ઈશ્વર બીજી રીતો દ્વારા પણ મારો ઉપયોગ કરી શકશે, એવા માર્ગો પણ હતા જે વિશે હું હજી અજાણ હતી.

એક દિવસ હું જ્યારે બાઈબલ વાંચતી હતી ત્યારે ઈશ્વરે મને એક ખાસ વચન આપ્યું. મેં બીજાંઓને આવી ઘટનાઓ બને છે તેવું કહેતાં સાંભળ્યાં હતાં. મને આશ્ચર્ય થતું કે એ બાઈબલવચન તેમને વિશે જ છે એવું તેઓ કઈ રીતે જાણી શકતાં હશે. મને એવો વિચાર પણ આવતો કે ઈશ્વર મને જે વચન આપવા માગતા હશે તે હું ઓળખી શકીશ કે કેમ. જો ઈશ્વર મને આવું કોઈ વચન આપવા માગતા હોય તો હું તે જાણી શકું તે માટે હું પ્રાર્થના કરતી. ઈશ્વર મારા હૃદય સાથે વાત કરવા માગતા હતા. મારી અપેક્ષા શી હતી તે અંગે હું ચોકકસપણે જાણતી ન હતી. અથવા ઈશ્વરની ઇચ્છા પ્રગટ થવાની કોઈ વિશેષ રીતની અપેક્ષા રાખતી હતી કે કેમ તેની પણ મને ખબર નથી. હકીકતમાં મને એ વિશે ચિંતા કરવાની કોઈ જરૂર ન હતી. જાણે કે વચન મારી સામે પ્રગટ થયું અને તેણે મને પકડી લીધી.

"યોનેકો, આ તારે માટે છે," મને એકદમ સ્પષ્ટ થઈ ગયું.

ઉત્તેજનાની ઝણઝણાટી સાથે મેં તે વાક્ય ફરીથી વાંચ્યું. " હું એક નવું કામ કરીશ. જે સૌથી ગુપ્ત છે તેવી એક નવી વાત હું તને જણાવીશ." હું એ શબ્દોને સાચી રીતે ટાંકી શકતી નથી, પણ એ વાક્યનો અર્થ એવો જ હતો.

મારા આત્માને થયેલો આનંદ અવર્ણનીય હતો. ઈશ્વરે મારે માટે કોઈ ખાસ યોજના રાખી છે. તે મારો ઉપયોગ કરવાના છે. મારા શરીરમાં

શક્તિની એક પ્રચંડ લહર દોડી રહી. હું ઈશ્વરની પર્યાપ્ત કે પૂરતી સ્તુતિ ન કરી શકી. હું નિષ્ક્રીય જીવન જીવવાની ન હતી. મારા ઈશ્વરે મારે માટે પણ કોઈ કામ રાખ્યું હતું.

જે સન્ડેસ્કૂલમાં હું શીખવતી હતી તેમાં મેં કલ્પેલું નહિ તેવું પરિવર્તન આવ્યું. ઈશ્વર મારા પ્રયાસોને એક નવી રીતે આશીર્વાદિત કરતા હતા. હું પૂરો સમય બાળકોથી વીંટળાયેલી રહેતી અને પહેલાં ક્યારેય ન હતી તેવી પ્રસન્ન રહેતી.

અમે જે ચર્ચમાં જતાં હતાં તેમાં વર્ષાન્તે ખાસ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, અને બધાં તેની સફળતા માટે પ્રાર્થના કરતાં હતાં. હું તેના આયોજનમાં અને પ્રાર્થનાઓમાં ઘનિષ્ટતાથી સંકળાયેલી હતી, પરંતુ એવી કેટલીક પ્રાર્થનાઓ હતી જેના વિશે મને કશું કહેવામાં આવ્યું ન હતું. હું મારું જીવન ઈશ્વરની સેવામાં અર્પી દઉં તે માટે અકીતોશી તાહારા અને તેમના મિત્રો પ્રાર્થના કરતા હતા. તેમણે એ વિષયમાં મને કશું કહ્યું ન હતું, કારણ, તેઓ એવું ઇચ્છે છે માટે હું એવો નિર્ણય કરું એવું તેમને ગમતું ન હતું. એ આમંત્રણ સીધું ઈશ્વર પાસેથી આવવું જોઈતું હતું.

નવા વર્ષની પૂર્વસંધ્યાએ ફોક્સ કુટુંબમાં એક ભક્તિસભા હતી. મેં કોઈને જણાવ્યું ન હતું, પરંતુ ઈશ્વર મારી સાથે વ્યવહાર કરતા હતા. હું તે સભા પહેલાં પ્રાર્થના કરતી હતી, ત્યારે મેં ઈસુ ખ્રિસ્તને અને તેમના સેવાકાર્યને મારું જીવન સમર્પિત કરી દીધું હતું. સભામાં સાક્ષી આપવાના ભક્તિસભાના સમય દરમ્યાન સૌપ્રથમ મારે બોલવાનું હતું.

"મારા સંબંધમાં હમણાં જ શું બન્યું તે મારે આપને કહેવું જોઈએ," મેં કહ્યું. "મેં પ્રભુને કહી દીધું છે હું સંપૂર્ણ રીતે તેમનાં ચરણોમાં મારી જાતને સમર્પિત કરવા માગું છું. જો પ્રભુની ઇચ્છા હશે તો હું બાઈબલસ્કૂલમાં જઈને બાઇબલ વિશે વધુ અભ્યાસ કરવા ચાહું છું."

તે માટે નાણાં કેવી રીતે મળશે તે હું જાણતી ન હતી. મારા પિતાજી મને તે માટે પરવાનગી આપશે કે કેમ તેની મને ખબર ન હતી, પરંતુ મારે જવું જ જોઈએ તેવી પ્રબળ લાગણી મારા મનમાં હતી. અકીતોશી

એ જ સ્કૂલમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતા હતા તે વાતે મારા નિર્ણય પર કશી અસર પહોંચાડી ન હતી.

મિત્ર તરીકે તે મને ગમતા હતા. મને મળેલી બધી વ્યક્તિઓમાં તે સૌથી વધુ બુદ્ધિશાળી હતા. માર્ગરિટ ફોક્સના દુભાષિયા તરીકે કામ કરતી વખતે, તે માર્ગરિટને પૂછ્યા વિના અધિકાંશ પ્રશ્નોના ઉત્તર જાતે જ આપી દેતા. તેમ છતાં, તેમને પરણવાનો વિચાર સુધ્ધાં મારા મનમાં આવ્યો ન હતો. તે મારા કરતાં ક્યાંય વધુ ચડિયાતા હતા, તદ્દુપરાંત હું મારી નિર્બળતાઓથી સુપરિચિત હતી. મારું બાઇબલનું જ્ઞાન પણ ઘણું અધૂરું હતું. અકીતોશી જેવા યુવકને મારા જેવી અપંગ યુવતીમાં રસ પડે તેવું કદી બની શકે જ નહિ.

મારા પિતા ખ્રિસ્તી ન હતા, પરંતુ તે સજ્જન હતા અને તેમને મારા પ્રત્યે ઊંડો પ્રેમ હતો. જ્યારે મેં તેમને બાઇબલસ્કૂલમાં અભ્યાસાર્થે જવા અંગે પૂછ્યું, તો મારો ખર્ચ ઉઠાવવાની વાત કહીને તેમણે મને આશ્ચર્યચકિત કરી દીધી.

"તું જાણે છે, યોનેકો, કે હું તારા આ ધર્મને અનુમોદન આપતો નથી," તેમણે કહ્યું.

હું તેમના આક્રમણનો પ્રતિકાર કરવા તૈયાર થઈ ગઈ હતી. મને ખાતરી હતી કે તે મારા ધર્મ પર આક્રમણ કરતા હતા.

"પરંતુ મને આનંદ છે કે તું કોઈ ચોક્કસ કાર્યમાં તારું જીવન સમર્પિત કરે છે. એનાથી તને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે માટે હું પણ ખુશી છું."

મેં અગાઉ જણાવ્યું તેમ અકીતોશીને મારી સાથે લગ્ન કરવામાં રુચિ હોઈ શકે કે કેમ તે અંગે મેં કદી પણ વિચાર કર્યો ન હતો . તેમની સંગતમાં મને આનંદ આવતો. એ જ કારણે એ સ્કૂલમાં જવાનું મળ્યું હોવાથી મને વિશેષ આનંદ હતો. ઓછામાં ઓછું એ બધાં વિદ્યાર્થીઓમાં મારે એક મિત્ર તો હશે.

મને એ ખબર નથી કે ક્યારે મને એ સમજાયું કે અકીતોશી મારા પ્રેમમાં છે. ધીમે ધીમે, ઘણા જુદા જુદા માર્ગે મારી સમક્ષ એ સ્પષ્ટ થતું ગયું. પ્રથમ વાર જ્યારે તે મારી પાસે બેઠા ત્યારે મેં ભાગ્યે જ ધ્યાન

આપ્યું હશે. જ્યારે એવું વારંવાર થવા માંડ્યું ત્યારે મને થયું કે આ માત્ર યોગાનુયોગ કે સંયોગ નથી. તે વિચારપૂર્વકનાં નાનાં નાનાં કામો સતત મારે માટે કરતા. તે મારો તકિયો બરોબર કરી આપતા અને ક્યારેક ક્યારેક જે ફૂલો મને ગમતાં તે પણ લાવતા.

હું એક મિત્ર કરતાં તેમની વિશેષ ચિંતા કરતી હતી, પણ જ્યારે મેં જાણ્યું કે બાઈબલસ્કૂલના પ્રથમ વર્ષના અભ્યાસ દરમ્યાન તેમને હરસમસાની તકલીફ થતી હતી ત્યારે હું વ્યાકુળ બની. મેં તેમને માટે એક બેગ બનાવી, જેના ઉપર ફૂલબૂટામાં મેં તેમનું નામ ગૂંથ્યું. બીજી વાર મેં તેમને માટે એક નેકટાઈ બનાવી. પરંતુ હું મારી જાતને એમ યાદ કરાવ્યા કરતી કે તેમણે મારે માટે ઘણુંબધું કર્યું છે માટે હું તેમને માટે'થોડુંઘણું કરતી હતી.

હું તેમની સાથે લગ્ન કરવાની ન હતી. મારે તો કોઈની સાથે પણ લગ્ન ન કરવાં જોઈએ. છતાં મોટાભાગનો સમય હું તેમના વિશે વિચારતી. જો હું કેકનો ટુકડો ખાતી, તો વિચારતી કે અકીતોશીને પણ આ ગમે. જો હું બાઈબલના કોઈ અધ્યાયની નવી સમજ પ્રાપ્ત કરતી તો તેમને પણ તે જ અર્થ સમજાયો હશે કે કેમ તેવું વિચારતી. જો હું કોઈ સુંદર સૂર્યાસ્ત નિહાળતી કે કોઈ મનપસંદ પેઈન્ટિંગ જોતી તો તેમને તેમાં મારી સાથે સહભાગી બનાવવા ઉત્સુક થઈ જતી. મારો રસ આટલે સુધી જ હતો. લગ્નનો પ્રશ્ન તો મારે માટે હતો જ નહિ. મને એની ચિંતા પણ ન હતી. જ્યારે મેં મારું જીવન ઈસુ ખ્રિસ્તને અને તેમના સેવાકાર્યને સમર્પિત કર્યું હતું, તો અન્ય વસ્તુઓ સાથે લગ્નને પણ બલિવેદી પર ચડાવ્યું હતું, અથવા મને તેવું કરવાની આશા હતી.

મને ખબર નથી કે સર્વપ્રથમ કોણે મારે માટે કૃત્રિમ પગ લાવવાનો વિચાર કર્યો હશે. મને કદી એવો વિચાર આવ્યો ન હતો, અને અકીતોશીએ મને જણાવ્યું હતું કે તેમને પણ આવો વિચાર આવ્યો ન હતો. મારું અનુમાન છે કે મેકલેરોય્સ કે ફોક્સ કુટુંબને એ વિચાર આવ્યો હશે. તેઓ મારા વિશે અને અકીતોશી વિશે ચિંતિત હતાં. રોજર ફોક્સે અમેરિકન સૈનિકો સાથે કામ કરતી વખતે ધર્મસેવકો અને ખ્રિસ્તીઓને

મારે વિશે પ્રાર્થના કરવાનું કહ્યું હતું. તેમના દ્વારા તેને જાણવા મળ્યું કે પોતાના સેવાકાર્યના એક ભાગ તરીકે આખી દુનિયાની મુસાફરીએ નીકળેલા એક પ્રખ્યાત મિલિટરી સર્જન ટોકિયોની મુલાકાતે આવવાના હતા. તે ટોકિયોની સેવન્થ ડે એડવેન્ટિસ્ટ હોસ્પિટલમાં થોડો સમય અંગછેદન નિષ્ણાત (amputee specialist ) તરીકે સેવા આપવાના હતા. ફોક્સ કુટુંબે નક્કી કર્યું હતું કે તેમણે મને તે ડૉક્ટરને બતાવવી.

જોકે ડૉક્ટરે જુદો નિર્ણય કર્યો. તેમની પ્રાર્થમિક જવાબદારી અમેરિકન સૈનિકો પ્રત્યે હતી. તેમણે કહ્યું કે જે કેસ યુદ્ધ સંબંધી ન હોય તેને તે જોઈ ન શકે.

"હું તો મારા અહીંના સમયપત્રકમાં કોઈ સૈનિક ન હોય તેવા અમેરિકનને પણ સમાવી શકું તેમ નથી," તેમણે કહ્યું, "અને આ છોકરી તો જાપાની છે."

ફોક્સ કુટુંબ ડૉક્ટરની ના સ્વીકારવા માટે તૈયાર ન હતું. પ્રાર્થનામાં ચાલુ રહીને, તેમણે ફરી એ ડૉક્ટરને વિનંતી કરી . છેવટે, ચીડાઈને તેમણે મને જોવાનું નક્કી કર્યું.

મારા ઘૂંટણોને કૃત્રિમ પગો માટે તૈયાર કરવા સારુ મારા ઉપર બીજાં ઓપરેશનો કરવાની જરૂર હતી, પરંતુ એવાં ઓપરેશનો કરવાનું વચન આપવા ડૉક્ટર તૈયાર ન હતા. તેમણે તો માત્ર મને તપાસવાની સંમતિ આપી.

"હકીકતમાં તો," તેમણે બબડતાં કહ્યું, "હું એ છોકરીને તપાસવા કેમ તૈયાર થયો છું તેની મને ખબર નથી. મારી પાસે સમય જ નથી."

તેઓ તેમને જણાવી શક્યા હોત કે સર્વશક્તિમાનનાં ફરમાનોની તેમના નિર્ણય પર અસર પડી હતી.

હોસ્પિટલમાં જવાનો સમય ન આવ્યો ત્યાં સુધી હું આ વિશે કશું જાણતી ન હતી. રોબર્ટ અને માર્ગારેટ જાણતાં હતાં કે કામમાં ગળાડૂબ ડૂબેલા સર્જન માટે મને તપાસવાનું ખૂબ મુશ્કેલ હતું . તે મને દરદી તરીકે સ્વીકારે તે પછી જ કૃત્રિમ પગો લગાડવાના વિષય અંગે યોજના બનાવી શકાય.

જ્યારે હું માર્ગરિટ સાથે તે નાના નિરીક્ષણખંડમાં દાખલ થઈ ત્યારે અણગમતું કામ ઝડપથી પતાવવાનું હોય તેવી અદાથી ડૉક્ટર રૂમમાં પ્રવેશ્યા, ને ટેબલ પાસે બેઠા અને મારા ઠૂંઠા ડાબા હાથ સામે જોયું.

"આ ઓપરેશન કોણે કર્યું ?" તેમણે પૂછ્યું.

માર્ગરિટે તેમને તે બતાવ્યું.

તેમણે ધ્યાનથી તેનું નિરીક્ષણ કર્યું.

"સુંદર," તેમણે ધીમેથી કહ્યું. "જે સર્જને આ અંગછેદનનું કામ કર્યું છે તેણે સરસ રીતે ઓપરેશન કર્યું છે. હું આ ઠૂંઠા હાથનો ફોટો લેવા માગું છું."

ડૉક્ટરે મારા પગો તપાસ્યા. તે પણ કુશળતાપૂર્વક કાપવામાં આવ્યા હતા.

"જોકે આ એડી તો કાઢવી પડશે. એવો કોઈ ઉપાય નથી જે દ્વારા તેના ઉપર કૃત્રિમ અંગ ચડાવી શકાય. આપણે ઠૂંઠા બની ગયેલા ભાગ ઉપર પણ કામ કરવું પડશે." તે થોભ્યા. "આ ઓપરેશન માટે તમારે મને કશી ફી આપવાની નથી. માત્ર હોસ્પિટલના બીજા ખર્ચ વિશે વાત કરી લો."

ફરી એક વાર ઈશ્વરે મારે માટે દરમ્યાનગીરી કરી હતી, અને વિશ્વના એક સૌથી નિપુણ સર્જનની કુશળ સેવાની મારે માટે વ્યવસ્થા કરી હતી. ઈશ્વર મારા ઉપર આટલો બધો પ્રેમ શા માટે રાખતા હશે તે હું કદી સમજી શકી નથી.

જ્યારે હોસ્પિટલમાં દાખલ થવાની સૂચના મળી ત્યારે અકીતોશી અમેરિકન ફોક્સ કુટુંબમાં એક બાળકને સાચવતા હતા.

"એન્ડી," માર્ગરિટે કહ્યું હતું, "આપણે યોનેકો-સાન માટે પ્રાર્થના કરવાનું યાદ રાખવાનું છે. તેને ટૂંક સમયમાં હોસ્પિટલમાં દાખલ થવાનું છે, અને તેણે હોસ્પિટલનું બીલ પણ ચૂકવવું પડશે. રોજરે અને મેં નક્કી કર્યું છે કે ચર્ચના દરેક સભ્યને તેને માટે પ્રાર્થના કરવાનું કહીએ."

તેઓ ઘેરથી નીકળ્યા પછી થોડી જ વારમાં હોસ્પિટલમાંથી ટેલિફોન આવ્યો.

અકીતોશીએ હોસ્પિટલમાંથી ફોન કરનાર બીઝનેસ ક્લાર્કને જણાવ્યું કે તે યોનેકો-સાનને ઓળખતા હતા અને તેને ઓપરેશન માટે હોસ્પિટલમાં દાખલ થવાનું છે. અકીતોશીએ એમ પણ જણાવ્યું કે હોસ્પિટલ યોનેકોને દાખલ કરે તે પહેલાં તેને અમુક નાણાં ભરવાં પડશે એ વાતની પણ તેમને ખબર છે.

"શું તમારી પાસે પૈસા છે ?" તે માણસે પૂછ્યું.

"હા," અકીતોશીએ તરત જ જવાબ આપતાં કહ્યું હતું, "હા, અમારી પાસે પૈસા છે."

જ્યારે તેણે ટેલિફોનનું રીસીવર તેના ચોકઠામાં ગોઠવ્યું ત્યારે તેના હાથ ધ્રૂજતા હતા. હોસ્પિટલના માણસને પૈસા ઉપલબ્ધ છે એવું શા માટે પોતે જણાવ્યું તેની તેમને ખબર ન હતી. તેમણે મને કહ્યું કે મને કૃત્રિમ પગો મળે તે માટે તે એટલા બધા આતુર હતા કે તે ગમે તે વચન આપવા તૈયાર હતા. અકીતોશીએ શું કર્યું તે જાણ્યું ત્યારે માર્ગરિટ ખૂબ બેચેન બની ગયાં.

"એન્ડી, તમે હોસ્પિટલના માણસને જૂઠું કહ્યું," માર્ગરિટે ઠપકો આપતાં જણાવ્યું. "યોનેકો પાસે એટલા પૈસા નથી અને આપણી પાસે તે પ્રાપ્ત કરવાનું બીજું કશું સાધન નથી. તમારે એ જાણવું જોઈતું હતું."

અકીતોશીનો વિશ્વાસ દ્રઢ હતો. ઈશ્વરના સામર્થ્યમાંના તેમના સરળ વિશ્વાસને કોઈ સીમા ન હતી. જો હોસ્પિટલને એમ જણાવવામાં આવ્યું હોત કે મારે માટે હોસ્પિટલમાં થનાર ખર્ચ માટેનાં નાણાં અમારી પાસે નથી તો તે શંકાની ચોંકાવનારી સ્વીકૃતિ સાબિત થાત.

અકીતોશીએ જે કંઈ કર્યું તેને માટે જો કોઈ દોષિત હોય, તો તે હું હતી. તેમની મારે માટેની લાગણી એટલી બળવાન હતી, અને ઈશ્વરના સામર્થ્ય ઉપરનો તેમનો ભરોસો એટલો અતૂટ અને સમર્થ હતો, કે જ્યારે મારે ઊભા થવા અને ચાલવા માટે પગ પ્રાપ્ત કરવાની શક્યતા ઊભી થઈ હતી ત્યારે તે મને (ઘૂંટણ પર ઘસડાવાની) વર્તમાન સ્થિતિમાં જોવા માટે તૈયાર ન હતા. મિશનરીનાં પત્નીએ કહ્યું તેમ તે ખરેખર જૂઠું બોલ્યા કે નહિ તે હું જાણતી નથી, તે તો માત્ર ઈશ્વર મારી જરૂરિયાતો પૂરી

પાડશે તેવો પોતાનો વિશ્વાસ અભિવ્યક્ત કરતા હતા. જોકે કઠોર ટીકાથી તેમને આંચકો તો લાગ્યો, પણ હવે તેમને લાગે છે કે અમારી પાસે પૈસા છે તેવું કહેવાનું ઈશ્વરે જ તેમને સૂચવ્યું હતું. અમને ઈશ્વર પર પૂરો ભરોસો હતો અને ઈશ્વરે અમારી બધી જરૂરિયાતો સંતોષી જ.

બીજે રવિવારે ભક્તિસભામાં એક મિશનરીએ મારી જરૂરિયાત અંગે જણાવ્યું. અમારા એ નાનકડા, મોટી સુવિધા વગરના ભજનસ્થાનમાંથી બહાર નીકળતાં પહેલાં મારા ઓપરેશન અંગે થનારા ખર્ચ માટે પૂરતાં દાનનાં વચન મળી ચૂક્યાં હતાં. હવે મને કૃત્રિમ અવયવો પ્રાપ્ત થાય તે માટેનું ઓપરેશન અને મારી વચ્ચે માત્ર પિતાજીની પરવાનગી જ એકમાત્ર વિઘ્નરૂપ હતી.

પિતાજી તો દ્વિધામાં મુકાઈ ગયા. કુટુંબની એક વ્યક્તિ માટે થનાર ખર્ચ અંગે બીજાંઓ નાણાં આપે તે વિચાર તેમને ગમતો ન હતો, તે મારું ઓપરેશન સહન કરી શકશે કે નહિ તે અંગે પણ તેમને ખાતરી ન હતી. તેમને થતું હતું કે હું અત્યારે જે હાલતમાં હતી તે બરોબર હતી. મારે શા માટે ફરી દુઃખ સહન કરવું જોઈએ ? મેં અત્યાર સુધી પૂરતું વેઠ્યું હતું.

મારા બીજા ભાઈ અકીયોશીને તો ખૂબ ક્રોધ ચડ્યો.

"યોનેકોનું હોસ્પિટલ બીલ ચૂકવવા માટેનાં નાણાંની ભીખ માગવા માટે તેમની પાસે ચોક્કસ કોઈ કારણ હોવું જોઈએ," તેણે કઠોરતાથી કહ્યું. "યોનેકો માટે આવો સદ્દભાવ દર્શાવવા માટે પણ તેમનો કોઈ સ્વાર્થ હોવો જોઈએ. ઓટોસાન (પિતાજી), તમારે માટે અને અમારે માટે તે શરમજનક છે ! આવી મૂર્ખાઈને ભૂલી જવી એ જ બહેતર છે."

એ કારણથી નહિ, પરંતુ બીજા એક કારણથી પિતાજી આ ઓપરેશનની વિરુદ્ધ હતા. "અકીયોશી, હું તેમના પર વિશ્વાસ રાખું છું." પિતાજીએ કહ્યું, "અને ખાસ કરીને અકીતોશી તાહારા નામના યુવાન જાપાની ઉપર. તે સન્માનપત્ર વ્યક્તિ છે. વિનયી અને ઉદાર છે, તેનાં માબાપને માટે ગૌરવરૂપ છે."

"તે પણ પેલાંઓની સાથે છે !" મારા ભાઈ અકીયોશીએ જાણે કે

શબ્દોને ઝેરની માફક ઓક્યા. "તે પેલાંઓના જેવો જ છે. પોતાના લાભ માટે તેઓ અમારી બહેનનો ઉપયોગ કરવા માગે છે."

"આપણે ઘણી બાબતો માટે તેમનો આભાર માનવો પડે તેમ છે," પિતાજીએ શાંતિથી કહ્યું. "તેમને યોનેકોને મળવાનું શરૂ કર્યું તે પહેલાં તો યોનેકોનો આત્મા મરી ગયો હતો. હવે તેના હોઠ પર સ્મિત પાછું આવ્યું છે, અને તેની આંખોમાં પ્રકાશ છે. તે અત્યારે જેવી છે તે મારે મન અતિ મહત્ત્વની વાત છે."

"ઓહ ! હવે તો તમે પણ યોનેકો જેમ તેમનાથી છેતરાઈ ગયા છો. થોડી વધુ વાર વાટ જુઓ. તેઓ આપણાથી કશીક વાત છુપાવે છે. તે બધું જ યોનેકોને માટે નહિ, પણ પોતાને માટે કરે છે. તેમને કહી દો કે અમારે તમારા ભ્રષ્ટ યેન (જાપાની નાણું)ની જરૂર નથી !"

પિતાજી ખિસ્સામાં હાથ રાખીને ઊભા હતા. તેમણે કહ્યું, " હોસ્પિટલનું બીલ તો હું પણ ચૂકવી શકું."

"આપણને તેમનાં નાણાંની જરૂર નથી," મારો ભાઈ અકીયોશી બરાડ્યો. "તેમના ઓપરેશનનો પણ અમને ખપ નથી !"

જોકે પિતાજીએ તો કહી દીધું હતું કે ઓપરેશનની જરૂર નથી, પરંતુ તે પણ મારી આજીજીથી નરમ પડ્યા અને તેમણે પોતાની અનુમતિ આપી. મેં તેમને વિનંતી કરી હતી એટલે તેમણે ચર્ચ કે ધર્મસભાના સભ્યો તે ખર્ચ પેટે દાન આપે તે અંગે પણ સંમતિ દર્શાવી. મારો ભાઈ અકીયોશી હજી પણ તે વાત સમજી શક્યો નથી. એક પ્રતિષ્ઠિત જાપાની કુટુંબ ઘૃણિત ખ્રિસ્તીઓનું દાન સ્વીકારે તેવું આ પહેલાં કદી બન્યું ન હતું. તે તો અમારા કુટુંબ પર કલંક સમાન હતું, એવું તેને લાગતું હતું. છતાં મારા પિતાજીએ પરવાનગી આપી. હવે મારો ભાઈ કશું કરી શકે તેમ ન હતો.

જોકે પિતાજીએ અનિચ્છાથી ઓપરેશનની અનુમતિ આપી હતી, છતાં એ વાત સ્પષ્ટ હતી કે મારા ભાઈ અકીયોશીના સતત દબાણની અસરો પણ થવા માંડી હતી. હું મારા ખ્રિસ્તની સાથે ચાલવાનું અને ખ્રિસ્તી મિત્રો સાથે સંબંધ રાખવાનું ચાલુ રાખું ત્યાં સુધી મારા કુટુંબ

પાસેથી કશી મદદ મળે તેમ ન હતું. ખોરાક, કપડાં અને રહેઠાણ એ ત્રણ સિવાયની મારી અન્ય કોઈ પણ જરૂરિયાતો સંતોષવા મારું કુટુંબ તૈયાર ન હતું.

અકીતોશી તાહારાએ સાંભળ્યું કે જાપાની સરકાર અપંગોને આર્થિક સહાય આપે છે, તેથી તે અને રોબીન મેકલેરોય એ વિશે વધુ જાણકારી મેળવવા ગયા. જ્યારે તે બંને ક્યૂ (લાઈન)માં ઊભા હતા ત્યારે અકીતોશી તેમના મિશનરીમિત્ર તરફ ફર્યા.

"રોબીન, તમને લાગે છે કે તેનું લગ્ન થઈ શખશે ?" તેમણે અચાનક પૂછ્યું.

જોકે તેમને પોતાને એ વિશે કશી સભાનતા ન હતી, છતાં રોબીન અકીતોશીના મનમાં શું ચાલતું હતું તે બરોબર સમજી ગયા. તેમણે એ વાત પર થોડોક વિચાર કર્યો. મિશનરી અને તેમનાં પત્નીએ એ વિશે ઘણી વાર ચર્ચાવિચારણા કરી હતી, અને દરેક વખતે એક જ ઉકેલ પર આવ્યા હતા.

"હા," તેમણે કહ્યું, "મને લાગે છે કે તે લગ્ન કરી શકશે, પરંતુ તેનો પતિ સમજદાર, ઉદાર અને દયાળુ હોવો જોઈએ. પરંતુ તેનાં લગ્ન સંપૂર્ણપણે સંભવિત છે. હકીકતમાં તો મને લાગે છે કે તે કોઈ સુંદર ખ્રિસ્તી યુવાન માટે સારી પત્ની સિદ્ધ થઈ શકશે."

હું જાણતી હતી કે અકીતોશી તાહારા મને ચાહતા હતા, જોકે તેમણે ક્યારે પણ તેમના હૃદયની ઊંડી લાગણીઓ શબ્દોમાં વ્યક્ત કરી ન હતી. પોતાની સાથે લગ્ન કરવા અંગે તેમણે મને પૂછ્યું, તેના ઘણા સમય પહેલાં હું જાણતી હતી. હું કેવી રીતે તે જાણતી હતી એ વિશે મને પૂછશો નહિ. હું તમને તે વિશે કહી શકીશ નહિ. છતાં મારે વિશે તેમને કેવી લાગણી હતી તે હું સમજતી હતી. હું પણ લગ્નના વિચાર સાથે સંઘર્ષ કરતી હતી, અને ઊલટા જ પરિણામ તરફ પહોંચી જતી હતી. છેવટે, જ્યારે હું અંગછેદનના ઓપરેશન માટે હોસ્પિટલમાં ગઈ ત્યારે અકીતોશીએ પોતાની લાગણીઓને વાચા આપી. માર્ગારિટ ફોક્સે તેમને મારી સાથે વાત કરવા દબાણ કર્યું.

"હું તેને એક પત્ર લખવાનો છું," તેમણે કહ્યું.

તે પછી દરેક વખતે તે બંને જ્યારે મળતાં ત્યારે માર્ગારેટ તેમને અચૂક પૂછતાં, "એન્ડી, શું તમે તેને પૂછ્યું ?" તેમણે પૂછ્યું, "શું તમે તેને પત્ર લખ્યો ?"

અંતે જ્યારે હું હોસ્પિટલમાં દાખલ થઈ ત્યારે તેમણે મારી સાથે વાત કરી.

"યોનેકો, હું એક વાતમાં તમારી સાથે સહભાગી થવા માગું છું," તેમણે કહ્યું, "હું તમને મારા હૃદયની વાત જણાવવા માગું છું, પરંતુ અત્યારે તમારી સાથે એ વાત કરવાની મારામાં હિંમત નથી."

હું મારા પોતાના જવાબથી આશ્ચર્યચકિત બની ગઈ. "હું જાણું છું," મેં કહ્યું, "હું પણ તેવી જ લાગણી અનુભવું છું."

અમે પ્રાર્થના કરવાનું ચાલુ રાખવાનો નિશ્ચય કર્યો. પોતાના શબ્દના માધ્યમ દ્વારા ઈશ્વર અમારી સાથે વાત કરે તેવું અમે ઈશ્વર પાસે માગવાના હતા. બે દિવસ પછી ઈશ્વરે અમને બંનેને એક વાક્ય આપ્યું. અકીતોશીએ પોતાનું વચન કાગળના એક ટુકડા પર લખ્યું ને એક કવરમાં બંધ કર્યું. બીજી વાર જ્યારે તે હોસ્પિટલમાં આવ્યા ત્યારે તેમણે તે પરબીડિયું મને આપ્યું. તે વાંચતાં જ હું ધ્રૂજી ઊઠી. ઈશ્વરે અમને બંનેને એક જ વચન આપ્યું હતું. આ હતું તે વચન :

"વળી, હું તમને કહું છું કે પૃથ્વી પર તમારામાંના કોઈપણ બે એકમતે પ્રાર્થનાની વિનંતી કરશે તો આકાશમાંના મારા ઈશ્વરપિતા તમારે માટે તે પ્રમાણે કરશે." (માથ્થી ૧૮ : ૧૯).

મને એ વાતની પ્રસન્નતા થવી જોઈતી હતી કે ઈશ્વર અમને માર્ગદર્શન આપી રહ્યા હતા, એને બદલે હું તેનાથી અપ્રસન્ન બની ગઈ. હું એ પ્રશ્ન સાથે સંઘર્ષ ખેલતી હતી અને મેં મારો નિર્ણય કરી લીધો હતો. મૂર્ખાઈપૂર્વક, ઈશ્વરની દોરવણી મેળવ્યા વિના, મેં નિર્ણય કરી લીધો હતો. જ્યારે અકીતોશીએ લગ્ન અંગેની વાત શરૂ કરી, ત્યારે મારા ઉત્તરો ઝડપી અને હૃદયવેધક હતા.

"હું જાણતી નથી કે હું કેવી રીતે તમારી પત્ની બની શકું ?" મેં તેમને

કહ્યું. "ઘણાં કામો એવાં છે જે હું કરી શકું તેમ નથી. પત્ની અને મા બનવું તે એક જિંદગીભરનું કઠિન કામ છે અને માત્ર સંપૂર્ણ શરીરવાળી વ્યક્તિ જ તે કરી શકે. આપણું લગ્ન કેવી રીતે સફળ થઈ શકે તે હું સમજી શકતી નથી. ના, તે મારે માટે શક્ય નથી."

અબ્રાહમ અને સારાની વાર્તા કહીને તેમણે મને પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન કર્યો. તે બંને એટલાં બધાં વૃદ્ધ બની ગયાં હતાં કે તેમને સંતાન થવું એ અસંભવિત હતું, છતાં ઈશ્વરે તેમને પુત્રનું વચન આપ્યું હતું. સારા તો સંતાન પેદા કરી શકે તે ઉંમરને પણ વટાવી ગઈ હતી, છતાં તે ગર્ભવતી બની અને ઈશ્વરે કહ્યું હતું તેમ તેણે ઇસ્હાકને જન્મ આપ્યો.

"યોનેકો, આપણે તે જ ઈશ્વરનાં ઉપાસક છીએ." તેમણે મને નમ્રતાપૂર્વક યાદ કરાવ્યું. "તે આપણે માટે પણ તેવું જ કરી શકે."

જ્યાં સુધી હું તેમની સાથે રહેતી ત્યાં સુધી તેમના જેવું જ વિચારતી. પરંતુ જ્યારે એકલી પડતી, ત્યારે વિચારતી કે મારા જીવનમાં લગ્નનું સ્થાન હોઈ શકે નહિ, અને તેથી ઘણી નિરાશ થઈ જતી. અને પછી અમે જ્યારે ભેગાં થતાં ત્યારે હું તેમને મારા વિચાર જણાવી દેતી.

"ઠીક છે," તે કહેતા, "જો તમને એવી જ લાગણી થતી હોય, તો હું વાટ જોઈશ. પરંતુ આપણે ઈશ્વરની ઇચ્છાને બદલી શકતાં નથી. યોનેકો, તમારે એ સજવું જોઈએ. મને તો ખાતરી થઈ ચૂકી છે કે આપણે બંને જીવનભર એકસાથે રહીએ તેવું ઈશ્વર ચાહે છે. તેથી હું પ્રતીક્ષા કરતો રહીશ."

જ્યારે તે એવું કહેતા ત્યારે મને ક્રોધ આવતો, કારણ, હું જાણતી હતી કે મારો નિશ્ચય ડગમગી જતો. તેમણે વાટ જોયા કરી અને એ સમય પણ આવી લાગ્યો જ્યારે મને સમજાયું કે તે સાચા હતા. ઈશ્વર અમને બંનેને એક જ માર્ગ પર દોરી રહ્યા હતા.

જ્યારે અમે બંને પિતાજી પાસે ગયાં અને અકીતોશીએ તેમને અમારા લગ્નની યોજના વિશે કહ્યું અને તેમના આશીર્વાદ માગ્યા , તે રાત્રિ હું કદાપિ ભૂલી શકીશ નહિ. આંખોમાં ધસી આવતાં આંસુ સાથે પિતાજીએ વિચિત્ર રીતે મારી સામે જોયું.

હું એ માની શકી નહિ. પિતાજી રડતા હતા. મેં તેમને આ પહેલાં ક્યારેય રુદન કરતા જોયા ન હતા, માના અંતિમ સંસ્કાર વખતે પણ તે રડ્યા ન હતા.

"સારું," તેમણે તૂટક શબ્દોમાં કહ્યું, "આ સારી વાત છે. બહુ સારી વાત છે. માત્ર યોનેકોની સારી સંભાળ લેજો."

હું પણ રડવા લાગી.

અમે તે પછી ક્યારેય એ રાત્રિ વિશે તેમની સાથે વાત કરી નથી. તેથી તો તેમની શરમમાં જ વૃદ્ધિ થાય. મને લાગેવળગે છે ત્યાં સુધી એ આંસુનું મહત્ત્વ મારે મન ઘણું જ છે. એ તો એક પ્રેમાળ પિતાના પ્રેમનાં આંસુ હતાં.

# પ્રકરણ : ૮

ઓપરેશન પછી મારા પગનાં ઠૂંઠાં રુઝાઈ ગયાં અને ત્યારે મને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. કૃત્રિમ અંગો ફીટ કરાવવા માટે મને લઈ જવામાં આવી. જ્યારે હું મારા નવા પગો પર પ્રથમ વાર ઊભી થઈ ત્યારે મને થયેલ પ્રસન્નતા અને આનંદોલ્લાસને હું ક્યારે પણ શબ્દોમાં અભિવ્યક્ત કરી શકીશ નહિ. એક ફરી વાર મેં દુનિયાને તેના વ્યર્થ રૂપમાં નિહાળી.

હું એટલા લાંબા સમય સુધી મારા ઘૂંટણો પર ચાલી હતી કે કેવી રીતે સ્થિર ઊભા રહેવાય તે પણ ભૂલી ગઈ હતી. બધું જ મારે માટે ખૂબ ઊંચું અને મોટું હતું. હું ડિસો ધોવામાં અને તેમને સૂકવવામાં પણ સહાય કરી શકતી ન હતી. લાઈટો શરૂ કરવામાં અને સ્વીચ બંધ કરવામાં પણ મને મુશ્કેલી પડતી, અને જ્યારે મને બીજે જવાની ઈચ્છા થાય તો મારે મદદની જરૂર પડતી.

હવે હું ક્ષણવારમાં ચામત્કારિક રીતે પુખ્તતા પ્રાપ્ત કરનાર બાળક સમાન બની ગઈ હતી. બીજાંઓ જે વસ્તુઓને જોઈ શકતાં તે વસ્તુઓ જોઈ શકતી અને તે વસ્તુઓ સુધી પહોંચી શકતી. હું મારા શરીરને સમતોલ અને સ્થિર રાખી શકતી, અને હું જાતે જ મારી સંભાળ લઈ શકું તેવો સમય દૂર ન હતો. આ તો એક અદ્દ્ભુત લાગણી હતી.

મને અને અકીતોશીને ફોક્સ કુટુંબે રાત્રિભોજન માટે આમંત્ર્યાં હતાં. અમે જમી રહ્યાં ત્યારે, માર્ગરિટે મને ઊભા થવામાં મદદ કરી અન મારા નવા પગ પર કેમ ચાલી શકાય તે શીખવવા લાગ્યાં. ફર્શ પર અચોક્કસ રીતે ઊંચાનીચા થઈ ચાલીને હું રસોડાની વાસણો ધોવાની સિંક (કૂંડી - kitchen sink) પાસે પહોંચી ગઈ. કૂકિંગ પ્લેટફોર્મ ઉપરની સિંક પાસે ધોયા વગરનાં વાસણોનો ઢગલો ખડકાયો હતો, અચાનક જ મારા મનમાં આવ્યું કે મારે પણ કશુંક કામ કરવું જોઈએ.

અલમારી (counter)નો ટેકો લઈને હું વાસણો ધોવા લાગી. ભારે ઉત્તેજના અનુભવી, અકીતોશી પણ ત્યાં આવી લાગ્યા અને તેમણે વાસણો સૂકવવાનું શરૂ કર્યું.

રોજર પોતાનો કેમેરા લઈ આવ્યા અને તેમણે અમારા ફોટા પાડ્યા. હું હજી પણ એ ક્ષણને મારા જીવનની એક અત્યંત સુખી ક્ષણ માનું છું.

થોડા જ સમયમાં મારા પગોનાં ઠૂંઠાં દુઃખવા લાગ્યાં અને તેમાં તીવ્ર, તીક્ષ્ણ કાંટા ભોંકાય તેવી વેદના થવા લાગી. ઉપયોગ ન થવાને કારણે મારા સ્નાયુઓ અતિ પોચા બની ગયા હતા, અને તેમાં ગોટલા ચડવાને કારણે ભારે પીડા થવા લાગી. કલાકો પછી જ તે પીડા ઓછી થતી અને હું સૂઈ શકતી, પરંતુ તેથી હું વિચલિત થતી ન હતી.

મારા પગનાં ઠૂંઠાંમાં, જાંઘોમાં અને કમરમાં જે સતત પીડા થતી તેને અવગણીને હું મારી જાતને કહેતી, "હું ફરી ચાલી શકું છું:" "ઈશ્વરની સ્તુતિ થાઓ ! હું ચાલી શકું છું. એવા પણ લોકો હોય છે જે પગ હોવા છતાં તેમના પર ચાલી શકતા નથી. મારા પગ તો કપાઈ ગયા છે, છતાં હું ચાલી શકું છું ! ચાહે ગમે તેટલી પીડા ભોગવવી પડે, પણ હું કદાપિ ફરિયાદ કરીશ નહિ." હું તો બૂમો પાડીને આખી દુનિયાને જણાવવા માગતી હતી, "ઈશ્વર કેટલા બધા કૃપાળુ અને ભલા છે ! હું ચાલી શકું છું !"

અમેરિકા અને યુરોપના અન્ય દેશોમાં કૃત્રિમ અંગો બનાવવાના વિજ્ઞાનમાં જેટલી પ્રગતિ થઈ છે તેટલી જાપાનમાં થઈ નથી. મારા કૃત્રિમ પગો, જે અમે ધાર્યું હતું તે કરતાં અનેકગણા મોંઘા હતા, છતાં એટલા બધા અસુવિધાજનક અને નબળી બનાવટના હતા કે તેમની સાથે અનુકૂળ થવામાં મને ઘણી મુશ્કેલી પડતી. એવું લાગતું હતું કે તેમને ફીટ કરવામાં મને કોઈ ને કોઈની સહાયની જરૂર પડ્યા કરશે.

"તમારે યાદ રાખવું જોઈએ કે એ તમારા કુદરતી પગો નથી," કૃત્રિમ અંગો બનાવનાર સમજાવતા. તેમના સ્મિતના પાતળા પરદા પાછળ તેમની ચીડ ઢંકાઈ જતી. "તેમનો ઉપયોગ કરવાનું શીખવામાં સમય લાગે છે."

મારાં કુટુંબીજનોને તે સમજવામાં મારા કરતાં વધુ મુશ્કેલી પડતી. મને એ કૃત્રિમ પગો પ્રાપ્ત થયા હતા તેથી એ ખુશ હતાં, પરંતુ તે કઢંગા કૃત્રિમ પગને કઠોર તપસ્યાની અપેક્ષા રહેતી , અને તેથી મારે તે રોજ પહેરીને કરવી પડતી કસરતનું મહત્ત્વ તે સમજી શકતાં નહિ, અને તેથી મને એ પહેરવામાં કરવી પડતી મદદનો તેમને કંટાળો આવતો. માર્ગરિટ ફોક્સને આ મુશ્કેલીનો ખ્યાલ આવી ગયો અને તેમણે મને પોતાને ત્યાં થોડા દિવસ રહેવાનો આગ્રહ કર્યો.

"તમારે તમારા આ નવા પગ પહેરવામાં રોજ મદદની જરૂર પડે," તેમણે કહ્યું. "મને બીક છે કે તમે એટલાં કંટાળી જશો કે તે પહેરવાનું પ્રભુત્વ પ્રાપ્ત કરી લો તે પહેલાં કદાચ તે છોડી દેશો."

એ નિરાશા વિશેની તેમની વાત સત્ય હતી. મને ખૂબ નિરાશા ઊપજતી , જાણે કે એ વસ્તુનો કઠોર ભાર મારા આત્માને કચડી નાખતો. મને પોતાના ઘરમાં રહેવાનું આમંત્રણ આપવા પાછળ ફોક્સ કુટુંબનો શો પ્રામાણિક આશય હશે તે હું બરોબર સમજતી ન હતી, પરંતુ એ મારે માટે સુખદ છતાં વિચિત્ર અનુભવ હતો. મને તેમના પર પ્રેમ હતો. હજુ પણ છે. પરંતુ પ્રકાશ જેટલો અંધકારથી દૂર છે તેટલી તેમની સંસ્કૃતિ અમારી સંસ્કૃતિથી ભિન્ન છે. અને એવી પૌર્વાત્ય સંસ્કૃતિમાં મારો ઉછેર થયો હતો.

મને યાદ છે કે બાળપણથી જ મને શીખવવામાં આવ્યું હતું કે લાગણીઓને દબાવી દેવામાં નેકી અને સચ્ચાઈ છે. ઊર્મિઓને વ્યક્ત ન કરવી એ જ સદ્‌ગુણ છે. તેથી બીજાંઓથી મારાં આનંદ અને વેદના, સ્નેહ અન સ્નેહનો અભાવ છુપાવવાનું હું શીખી હતી. જાહેરમાં ન રડવા માટે અને લાગણીની કોઈ બાહ્ય અભિવ્યક્તિ ન કરવાનું મને શિક્ષણ મળ્યું હતું. મારી માએ મને ચુંબન  કર્યું હોય કે, 'બેટા, હું તને ચાહું છું' એવું કહ્યું હોય તેવું મને યાદ નથી. મારા પિતાજીએ કમરમાં હાથ નાખી પ્રેમથી મને ઊંચકી હોય તેવી લાગણીનો પણ મને અનુભવ નથી.

હવે ખૂબ ઉષ્માભર્યા અને માયાળુ કુટુંબમાં હું આવી પડી હતી. આ લોકોમાં તો પ્રેમને જાહેર રીતે વ્યક્ત (પ્રદર્શન) કરવાનું શિક્ષણ મળ્યું

હતું. માર્ગરિટ તો પોતાની દીકરી સાથે જે અનૌપચારિક રીતે વર્તતાં તેવું જ મારી સાથે પણ વર્તન કરતાં. જ્યારે જ્યારે તે મારી નિકટ આવતાં ત્યારે ત્યારે તે મને પંપાળતાં, ચુંબન કરી લાડ લડાવતાં ને હું ભીતરમાં સંકોચાઈ જતી. તેમના ઘેર આ અગાઉ ઘણી વાર જવાથી મને તેમના વ્યવહાર વિશે પૂરતી માહિતી હતી. રોજર પોતાની પત્નીને કમરે હાથ નાખે કે તેને ઝડપથી ચુંબન કરે તે દ્રશ્યોથી મને ત્રાસ થતો. થોડા સમય પછી મને સમજાયું કે આ તો અમેરિકન સામાન્ય જીવનરીતિ હતી. હું ધીમે ધીમે સમજી શકી. છતાં માર્ગરિટ મને છાતી સરસી ચાંપે તે એક બીજી વાત હતી. મારે માટે તે મુશ્કેલ હતું. પ્રેમની આવી અભિવ્યક્તિથી હું મનોમન કેવી સંકોચાઈ જતી તે માર્ગરિટ ક્યારેય ન સમજી શકે તે માટે હું ઈશ્વરને પ્રાર્થના કરતી.

જ્યારે હું થોડી સ્થિરતાથી મારા પગ પર ઊભા રહેવાનું શીખી ગઈ ત્યારે મારે ઘેર પાછી ફરી. ફોક્સ કુટુંબની મિત્રતાભરી સંગતની ખોટ હું અનુભવતી હતી, પરંતુ મારા કુટુંબમાં પાછા ફરવાની વાત એટલી બધી આરામદાયી હતી કે હું વધુ પ્રસન્નતા અનુભવવા લાગી. તેઓ શું વિચારે છે તે હું સમજી શકતી. અમુક ચોક્કસ પરિસ્થિતિમાં તેમનો પ્રતિભાવ શો હશે તે પણ હું જાણી શકતી. તેમનો જીવનવ્યવહાર તે મારો જીવનવ્યવહાર હતો. ફોક્સ કુટુંબના વિચિત્ર મોકળાપણા કરતાં મારા કુટુંબની જીવનરીતિ મને વધુ પસંદ હતી.

તે દિવસોમાં કોઈ ને કોઈ કારણસર નિરાશા મારો પીછો છોડતી ન હતી. "અકીતોશી, મને લાગે છે કે આપણે લગ્ન નહિ કરી શકીએ," હું કહેતી "તેથી હવે વધુ વાર હું તમને મળવા માગતી નથી. તેથી હવે મહેરબાની કરીને વારે વારે મારે ઘેર આવશો નહિ."

જો તે મારા જેટલા અનિશ્ચિત હોત, તો અમારાં લગ્ન ક્યારેય એક વાસ્તવિકતા બની શક્યાં ન હોત. પરંતુ એવું લાગતું હતું કે તેમને ઈશ્વર દ્વારા એક વિશિષ્ટ નિશ્ચયબળ પ્રાપ્ત થયું હતું.

"ઈશ્વરે આપણને એકસાથે રહેવા પ્રેરણા આપી છે ને દોર્યાં છે," તે કહેતા. "પોતાની ઈચ્છા પ્રગટ કરવા માટે આપણને બંનેને તેમણે એક

જ વચન આપ્યું છે. તેમણે આપણી યોજનાઓને આશિષ આપી છે. યોનેકો, આપણાં લગ્ન થશે જ."

મને તેમના દ્રઢ નિશ્ચયમાંથી બળ પ્રાપ્ત થતું, પરંતુ અકીતોશીને મળવાનું ચાલુ રાખવાની મને હિંમત આપનાર મિસિસ મેકલેરોય હતાં. તેમણે પ્રેમમાં પડીને લગ્ન કરનાર એક અંધ અમેરિકન સ્ત્રીની વાત અમને બંનેને જણાવી. એ સ્ત્રીને તે પોતે ઓળખતાં હતાં.

મિસિસ મેકલેરોયે અમને એ પણ જણાવ્યું કે તે અંધ યુવતી ગર્ભવતી બની ત્યારે તો બંને પતિપત્ની અતિ ચિંતિત બની ગયાં. તેમણે શીઘ્ર આ સંસારમાં આવનાર બાળકની સંભાળ રાખવા માટે અંધ પત્નીની સહાય કરવા માટે ઈશ્વરને પ્રાર્થના કરી. તેનો પતિ તો આખો દિવસ ઘરમાં રહી શકે તેમ ન હતો. તેને તો પોતાની નોકરી ઉપર પણ જવાનું હતું, અને બાળકની સંભાળ લેવા માટે કોઈને રાખવા જેટલાં નાણાં તેમની પાસે ન હતાં.

"જ્યારે તે બાળકને ખવડાવવાનો પ્રયાસ કરતી," મિસિસ મેકલેરોયે કહ્યું, "ત્યારે તેને બાળકનું મોં શોધવાની આવશ્યક્તા ઊભી ન થતી. તે તો ચમચામાં બાળકનો ખોરાક મૂકી દેતી, અને બાળક ચમચા પાસે જતું. બાળકનાં ભીનાં બોળોતિયાં બદલવા માટે પણ તેને કશી મુશ્કેલી પડતી નહિ અને નાના બાળકની માને જે નાનાં નાનાં ઘણાં કામો કરવાનાં હોય તે પણ તે સરળતાથી કરી લેતી. હા, આરંભમાં તેને ઘણી મુશ્કેલીઓ પડી. પોતાના અંધત્વને કારણે બીજી માતાઓ કરતાં જુદી રીતે પોતાનાં કામો કરવાનું તેને શીખવું પડ્યું, પરંતુ એ બધી વાતોમાં ઈશ્વરે તેને માર્ગદર્શન આપ્યું. થોડા જ સમયમાં તો બીજી કોઈપણ માતા સમાન કાબેલ બની ગઈ, અને સારી આંખો ધરાવતી કોઈપણ માતાની જેમ પોતાના બાળકની દેખભાળ રાખવાની પોતાની શક્તિમાં તેને પૂરેપૂરો વિશ્વાસ આવી ગયો.

"લગભગ એકાદ વર્ષ પછી તેને અને તેના પતિને માલૂમ પડ્યું કે તેને જે પ્રકારનું અંધત્વ હતું તે ઓપરેશન દ્વારા દૂર કરવાનું કૌશલ્ય એક ડૉક્ટરે પ્રાપ્ત કર્યું છે. સ્ત્રીએ તે ઓપરેશન કરાવ્યું અને તેને દ્રષ્ટિ પ્રાપ્ત

થઈ. જ્યારે તેને બીજું બાળક થયું, તો તે બધી રીતે સામાન્ય ને નબળું હતું. તેનામાં તેની માતાને મદદ કરવાની યોગ્યતાનો અભાવ હતો. જ્યારે તે અંધ હતી ત્યારે જે વિશેષ સહાયની તેને જરૂર હતી તે આ બાળક વખતે આવશ્યક ન હતી, જેથી કદાચ ઈશ્વરે એવી વ્યવસ્થા ગોઠવી નહિ.

"પરમેશ્વર આ મારી અંધ મિત્ર ઉપર બીજા કરતાં અધિક પ્રેમ રાખતા હતા માટે આવું ન બન્યું. આપણાં જીવનોમાં જ્યારે વિશિષ્ટ પ્રકારની કૃપાની જરૂર પડે છે ત્યારે ઈશ્વર તે પૂરી પાડે છે તેનું આ તો એક ઉદાહરણ છે. તે 'એન્ડી'ને માટે અને તારે માટે એવું જ કરશે. જે ડહાપણ અને શક્તિની તમને જરૂર પડે તે ઈશ્વર પૂરાં પાડશે. એવો તેમના પર વિશ્વાસ રાખો. તું સારી પ્રગતિ કરી રહી છે. અને જો તને થતું હોય કે 'એન્ડી' સાથે લગ્ન કરવા માટે ઈશ્વર તને દોરી રહ્યા છે, તો તારા પગને કારણે જરા પણ આનાકાની કરીશ નહિ. ઈશ્વર એ અંતરાય કે મુશ્કેલી ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે તને પણ સહાય કરશે."

આ કથાએ વિચિત્ર રીતે મારા હૃદયને સ્પર્શ કર્યો. તેણે મારા હૃદયમાં સમાયેલા ભયને દૂર કર્યો. બાળકોને જન્મ આપવા અને તેમની દેખભાળ કરવા વિશે મારા મનમાં ચિંતા હતી. લગ્ન ન કરવાના મારા નિર્ણય પાછળ એ પણ એક કારણ હતું. હું જાણતી હતી કે અકીતોશીને બાળકો ગમે છે. જો અમારાં લગ્ન થાય તો બાળકો હોય તે મને પણ ગમે જ. મિસિસ મેકલેરોયની અંધ મિત્રની વાત સાંભળી મને હિંમત મળી.

એ અંધ મહિલાએ ઈશ્વર પર વિશ્વાસ રાખ્યો અને ઈશ્વરે તેને જે બધી સહાય કરી તેવી જ સહાય ઈશ્વર મને પણ આપશે જ એવો વિશ્વાસ શા માટે મારે ન રાખવો જોઈએ ? જ્યારે હું મૃત્યુ માટે તલસતી હતી ત્યારે શું તેમણે જ મને જીવતી ન રાખી ? જ્યારે મને ઈશ્વર પ્રત્યે ઘૃણા હતી ત્યારે શું તેમણે જ અકીતોશી તાહારા અને તેમના મિશનરી મિત્રોને પોતાને વિશે કહેવા માટે હોસ્પિટલમાં મોકલ્યા ન હતા ? શું તેમણે જ અમને બંનેને પોતાના અનુમોદનની છાપ દર્શાવતું વચન આપ્યું ન હતું?

મારી જરૂરિયાતો પૂરી પાડવાના ઈશ્વરના વચનમાં શ્રદ્ધા રાખીને હું

આશાવાન બનીને મારા લગ્નની યોજના ઘડવા લાગી.

હું એમ કહી શકતી નથી કે મારી બધી શંકાઓ નિર્મૂળ બની ગઈ અથવા લગ્નથી આવી પડનાર જવાબદારીઓનો મને ડર લાગતો ન હતો. હજી પણ એવા પ્રસંગો આવતા જ્યારે મને થતું કે હું ક્યારેય લગ્ન કરી શકીશ નહિ, જ્યારે મને થતું કે અકીતોશી ચાલ્યા જાય અને પાછા ન આવે. તેમન પ્રત્યેના મારા પ્રેમ વિશે મને કોઈ સંદેહ ન હતો. તેમના વિના મને જીવન શૂન્ય લાગતું હતું. છતાં તેમના જ કારણે મારા મનમાં એક તીવ્ર વ્યથા અને ઊથલપાથલ મચી જતી હતી. જો તેઓ ચાલ્યા જાય, તો જે નિર્ણય હવે મારે લેવાનો હતો તેની ઊંડી વ્યથામાંથી હું મુક્ત થઈ જાત.

પરંતુ તે ચાલ્યા ગયા નહિ. તે તો સદા અહીં જ ઉપસ્થિત રહેતા હતા, જાણે કે એકબે ડગલાં જ દૂર હોય, અને મારી ગમે તે જરૂરિયાત સંતોષવા તૈયાર રહેતા હોય, તેવું દેખાતું હતું. અમારાં લગ્ન થઈ ગયાં અને જેમાં એક વાર પશુઓ અને અશ્વો રાખવામાં આવતા હતા તેવા એક નાના મોટર ગેરેજ જેવા મકાનમાં અમે રહેવા ગયાં.

અકીતોશી મને ત્યાં લઈ જવા નાખુશ હતા, આનાકાની કરતા હતા.

"એ ઘર બહુ મોટું નથી," તેમણે કહ્યું.

"પરંતુ એ આપણું પોતાનું ઘર છે."

"હા," તેમણે સ્વીકાર કર્યો. "તે આપણું પોતાનું ઘર છે." પછી હું તેમના કહેવાનો ખોટો અર્થ ન કરું અને નિરાશ ન થઈ જાઉં, તે માટે તેમણે ઝડપથી ઉમેર્યું, "કદાચ, જ્યાં આપણે રહેવા જઈએ છીએ તે એક બિલ્ડિંગ તો છે, પરંતુ તેને ઘર ન કહેવાય."

મેં ધ્યાનથી તેમની સામે જોયું. "શું તે સ્ટોર બિલ્ડિંગ છે?" મે પૂછ્યું.

"એવું તો નહિ," તેમણે થોડુંક થોથવાતાં કહ્યું, "એ તો નાના કોઠાર જેવું છે."

"કોઠાર?" મેં પડઘો પાડ્યો. "સાચેસાચું કહો."

"કદાચ એ કોઠારને માટે પણ ઘણું નાનું છે. હું માનું છું કે એને પશુઓ માટેની શેડ (છાપરી) કહેવું વધુ યોગ્ય ઠરે."

હા, હવે રહસ્ય ખૂલી ગયું. તેમણે ભયપૂર્ણ દ્રષ્ટિથી મારી સામે જોયું. તે વિચારતા હતા કે હવે હું શું કહીશ.

"પરંતુ એમાં ઘણા સમયથી પશુઓને રાખવામાં આવ્યાં નથી." તેમણે ધીરેથી કહ્યું. "તેને સાફ કરવામાં આવ્યું છે અને ઠીક ઠીક રંગરોગાનનું કામ પણ થયું છે. જો તું ઇચ્છે તો આપણે તેને પેઇન્ટ પણ કરાવી શકીએ."

વિરોધ કરવા માટે તે દોષારોપણ કરવા માટે મારી પાસે દિલ જ ક્યાં હતું ? હું તો ઉત્તેજનાથી લગભગ છલકાતી હતી. અકીતોશી અને હું પરણી ગયાં હતાં, અને હવે જિંદગીભર અમે સાથે રહેવાનાં હતાં. એનું જ તો મહત્ત્વ હતું. મારી દ્રષ્ટિમાં તો અકીતોશી બધાં જ કામો કરવા માટે શક્તિશાળી હતા. બાઇબલ વિશેના કોઈપણ પ્રશ્નનો ઉત્તર આપી શકતા. કોઈપણ પ્રશ્ન અંગે તે મિશનરીઓ સાથે ચર્ચા કરી શકતા અને કશું અગત્યનું કામ હોય તો અમેરિકનો તેમને જ સોંપતા. જો તેમણે કોઠાર કે છાપરી કે ગેરેજ કે ગમે તેની ઘર માટે પસંદગી કરી હોય, તો તે યોગ્ય જ હશે. જો રહેવા જેવું નહિ હોય, તો અકીતોશી રહેવા જેવું બનાવી દેશે. મને તેમની શક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ હતો.

મેં ધાર્યું હતું તેના કરતાં પણ એ ઘર નાનું હતું. મુખ્ય રૂમ ટોયોટા કે હોન્ડા કાર માટેના ગેરેજના માપનો હતો. બાજુમાં એક નાનું રસોડું હતું. મેં ઘર જોયું અને સ્મિત કરીને કહ્યું, "અનાતા, આ તો ઢીંગલીઘર જેવું જ છે." "અનાતા" એ જાપાનમાં પતિને માટે વપરાતું સ્નેહસંબોધન છે.

તે મારી સામે જોઈને હસ્યા. હવે તંગદિલીનો અંત આવી ગયો હતો. ઘર માટે હવે મારે કશી ફરિયાદ ન હતી. એ વાત પણ સાચી છે કે નાનપણથી મને એવી તાલીમ મળી હતી જેને કારણે મેં કશાની સામે વિરોધ કર્યો ન હોત. ટોકિયોમાં કોઈ આલીશાન ફ્લેટમાં રહેવાનું હોય કે પશુઓ માટેના તબેલા જેવું કોઈ સ્થળ હોય, બંને મારે માટે સરખાં હતાં.

મારા મુક્તિદાતા પ્રભુ ઈસુ મારી સાથે હતા. મારા પર પ્રેમ રાખનાર અકીતોશીનો મને સાથ હતો. અને હું હરીફરી શકતી હતી. મારું હૃદય પ્રભુ ઈસુની સ્તુતિથી ગુંજ્યા કરતું હતું. હું તેમની સ્તુતિવંદના કર્યા કરતી હતી તેનું શું આપને આશ્ચર્ય થાય છે ? હું શા માટે મને સૌથી ધનવાન સ્ત્રી માનતી હતી એ આપને સમજાય છે ?

અમારે માટે ઓછામાં ઓછું ખર્ચ કરવું આવશ્યક હતું. અકીતોશી હજુ પણ બાઈબલસ્કૂલમાં અભ્યાસ કરતા હતા, અને અન્ય ખ્રિસ્તી મિત્રોની પ્રેમભેટ ઉપર અમારો નિર્વાહ થતો હતો. અમારી ઓછામાં ઓછી જરૂરિયાતો સંતોષી શકાય તે કરતતાં વધારે નાણાં ભાગ્યે જ અમારી પાસે રહેતાં.

રસોઈ કરવાના અને અકીતોશીની મદદ વગર ઘરની સફાઈ કરવાના કામમાં હું પરોવાઈ ગઈ. અમે સાથે રહેવા લાગ્યાં એટલે મને તરત સમજાઈ ગયું કે અમારી પ્રથમ મુલાકાત વખતે મેં તેમને કલ્પ્યા હતા તેટલા બધા હોશિયાર તે ન હતા. જ્યાં તે પોતાનાં કપડાં ઉતારતા ત્યાં જ પડ્યાં રહેવા દેતા. જ્યારે હું તેમને તે વિશે કહેતી ત્યારે તે નરમ પડી જતા અને ભવિષ્યમાં એવું ન કરવાનું વચન આપતા. વિચિત્ર વાત તો એ હતી કે ગંભીરતાથી રાતે જે વચન આપતા તે પ્રાતઃકાલે ભૂલી જતા. મને સ્પષ્ટ રીતે સમજાઈ ગયું કે તેમને વારે વારે તે અંગે કહેવાને બદલે સ્વયં તેમનાં કપડાં ઉપાડી લેવાનું સરળ હતું.

જ્યારે અકીતોશી સ્કૂલમાં હોય કે યોકોહામામાં મિશન દ્વારા ચલાવતા બુકસ્ટોરમાં હોય ત્યાર સામાન્ય સ્ત્રીઓ જે કામો વિશે ગંભીરતાથી વિચારતી પણ ન હોય તેવાં નાનાં નાનાં કામો મારે માટે કેટલાં અઘરાં હતાં.

મેં પોતે તે કેવી રીતે કરવું તે શોધી ન કાઢ્યું ત્યાં સુધી બટાકા છોલવાનું કામ મારે માટે સવિશેષ મુશ્કેલ હતું. હું અકીતોશીને તે કામ કરવાનું કહેતી.

તે હંમેશાં મારી મદદ કરવા આતુર રહેતા, પરંતુ હું તેમને હેરાન કરવા માગતી ન હતી. મારા પિતા મને કહેતા કે હું મારી માની દીકરી

હતી. હું હંમેશાં જાતે પોતાની સંભાળ લેવા કૃતનિશ્ચય રહેતી. બાળક હતી ત્યારે પણ મને કોઈની મદદ લેવાનું ગમતું નહિ, અને કુટુંબનું કોઈ મોટું માણસ જલદીથી કરી શકે તેવા બટન લગાડવાના કામમાં પણ લાંબો સમય લાગે તો ભલે, પણ હું કોઈની મદદ લેતી નહિ.

મને કાયમ સુઘડ દેખાવું ગમતું અને અકસ્માત પહેલાં હું નિયમિત સુંદર રીતે મારા વાળ ઓળતી. પછીથી યૂરિકો મારે માટે તે કામ કરતી. હવે હું મારા પોતાના ઘરમાં રહેતી હતી અને યૂરિકો તો ઘણા માઈલ દૂર રહેતી. ઘણા ઘણા પ્રયત્ન પછી, હું મારા વાળ ઓળવાનું પણ શીખી ગઈ અને પછી તો વાંકી વળી કોઈ લટને યોગ્ય સ્થાને રાખવા બોબીપીન પણ લગાવી શક્તી.

પ્રત્યેક નવું કૌશલ્ય - મારા ઘરની કે મારી જાતની સંભાળ રાખવાની પ્રત્યેક નવી રીત - એક મહાન સફળતા હતી. જેઓ વિશાળકાય વિમાનોનું નિર્માણ કરે છે, મોટાં વહાણો બાંધે છે, અથવા મહાન ઔદ્યોગિક સામ્રાજ્ય પર અંકુશ રાખે છે તેમને કદાચ મારી નાની નાની સફળતાઓ હાસ્યાસ્પદ લાગે. મારે માટે તો તે સ્વતંત્રાના માર્ગ પરના માર્ગસૂચક સ્તંભ (માઈલસ્ટોન) સમાન હતી.

જ્યારે જ્યારે મારી સમક્ષ કોઈ નવી સમસ્યા આવતી ત્યારે ત્યારે હું ઈશ્વરની દોરવણી શોધતી. જ્યારે તે સમસ્યા હલ થઈ જાય, ત્યારે હું ઈશ્વરનો આભાર માનતી ને તેમની સ્તુતિ કરતી.

# પ્રકરણ : ૯

જ્યારે મને પહેલી વાર ખબર પડી કે હું ગર્ભવતી બની છું, ત્યારે મારા મનમાં ગભરાટ ફેલાયો. અમારું હવે બાળકવાળું કુટુંબ થશે એ આશામાં સમાયેલું સુખ માણવા છતાં મને ધાસ્તી લાગી. મને લાગે છે કે મોટા ભાગની યુવતીઓ આ સમાચારથી સુખદુ:ખ મિશ્રિત લાગણીઓ અનુભવે છે. પ્રતીક્ષાના લાંબા, કંટાળાજનક મહિનાઓ અને પ્રસૂતિની પીડા તથા આ દુનિયામાં એક નવું જીવન લાવવામાં ઈશ્વરનું સાધન બનવાની ઉત્તેજના સાથે સાથે જ જાય છે.

મારે માટે તો એ તેનાથી પણ વિશેષ હતું. મારા મનમાં અકીતોશીના બાળકને જન્મ આપવાની આકાંક્ષા હતી, અને તેમનું મૃદુમધુર સ્મિત અને મારા તરફ સ્નેહથી નિહાળતી તેમની શરમાળ ને ભાવપૂર્ણ આંખો ધરાવતી આબેહૂબ પ્રતિકૃતિને જોવાની ઉત્સુક્તા હતી. મારા હૃદય સાથે લાગેલા એક નાનકડા શરીરની ઉષ્મા અને મારી છાતી પર વળગેલા તેના નાજુક નાનકડા હોઠોની મધુરતા માટે હું તલપતી હતી. પરંતુ તે સાથે તેની જવાબદારીઓ અને એ નાનકડું બાળક જે અસીમિત માગણીઓ મારા ઉપર લાદશે તેના વિચારોથી હું ગભરાતી હતી.

ઘણા દિવસોના સંઘર્ષ પછી મેં બે આંગળીઓ અને એક અંગૂઠા વડે બટાકા છોલવાનું કૌશલ પ્રાપ્ત કર્યું હતું. હવે એક નાનકડા બાળકની સંભાળ રાખવાની જવાબદારી હું કેવી રીતે ઉઠાવી શકીશ ? મારે ચિંતા કરવાનું કારણ નથી તેવું મને ઠસાવવા માટે અમારા અમેરિકન મિશનરીઓની પત્નીઓએ ઘણી જહેમત ઉઠાવી. મને તો એવું લાગતું કે જાણે તેઓ પોતાની જાતને ખાતરી કરાવવાના પ્રયત્નો કરતી હતી.

અકીતોશીએ પણ સમસ્યાઓની સંભવિતતાઓને વિશેષ મહત્ત્વ આપ્યું નહિ. "ઈશ્વર બધી જ વ્યવસ્થા કરી દેશે," તે જાણે એ સાધારણ વાત હોય તેમ કહેતા. વધતાં જતાં બીલો ચૂકવવા અમારી પાસે નાણાં

ન હોય ત્યારે પણ તે એવી જ રીતે વર્તવા.

વાસ્તવિક્તા તો એ હતી કે મારે જે મૂંઝવી નાખતી પરિસ્થિતિનો સામનો કરવાનો હતો તેનાથી એ પણ મારા જેટલા જ ચિંતિત હતા અને તે મારે મારે માટે ઘણી પ્રાર્થનાઓ કરતા. પરંતુ મને તેની જાણ ન હતી. મેં તેમના ચિંતાના અભાવમાં તેમની લાપરવાહી જોઈ અને અમે એકબીજાથી પરિચિત થયાં તે પછી પહેલી જ વાર મને તેમના પર ક્રોધ ચડ્યો. હું તો તેમની સામે ચિત્કારીને કહેવા માગતી હતી, અને મારી શક્તિઓમાં તેમને દેખાતી સરળ ખાતરીની વાત તેમના માથામાં મારવાની મને લાગણી થઈ આવી.

મેં મનોમન ગુસ્સે થતાં કહ્યું કે વાત કરવાનું તો તેમને માટે સરળ હતું. માત્ર એક હાથ અને તેની સાથે પોતાના ન હોય તેવા બે કૃત્રિમ પગ વડે બાળકની જવાબદારી તો મારે ઉઠાવવાની હતી. મારે જ દરેક નવી પરિસ્થિતિ સાથે સંઘર્ષ કરીને કોઈ માર્ગ શોધવાનો હતો. મારામાં ફરી વાર સ્વદયાનો ભાવ પ્રબળ બન્યો. મને ખાતરી હતી કે આખા જાપાનમાં આવી સમસ્યાઓનો સામનો કરનાર હું એક જ સ્ત્રી હતી.

પરંતુ મેં મારા ક્રોધને વાચા આપી નહિ. મેં તેને હૃદયની ગહરાઈઓમાં સંતાડી દીધો અને મુલાયમ સ્મિત નીચે તેને ઢાંકી દીધો. છતાં, હંમેશની જેમ અકીતોશીએ મારી ગૂંચવણ, આઘાત અને દુઃખ વાંચી લીધાં. બીજે દિવસે બપોર પછી તે ઘેર આવ્યા ત્યારે શિશુ-સંભાળ અંગેનું ડો. સ્પોકનું પુસ્તક લેતા આવ્યા . એ, પુસ્તક તેમને ક્યાંથી મળ્યું તેની મને ખબર નથી.

"તે અંગ્રેજીમાં છે," તેમણે મને એ પુસ્તક આપ્યું ત્યારે મેં વિરોધ કરતાં કહ્યું.

"હું જાણું છું, પરંતુ હું તારે માટે તેનો અનુવાદ કરીશ."

તેઓ માટેના પ્રેમથી મારી આંખો ભરાઈ આવી અને મને તે ક્ષણે તેમની છાતી પર માથું મૂકી મારી નિરાશા અન ભયને આંસુના માધ્યમ દ્વારા વ્યક્ત કરવાની તીવ્ર ઈચ્છા થઈ આવી. પરંતુ મેં તેના પર કાબૂ મેળવી લીધો. એવું કરવું તે યોગ્ય ન હતું, તેથી હું આધીનતાપૂર્વક નીચે

બેસી ગઈ અને તેમણે તે પુસ્તકમાંથી અંગ્રેજીમાં વાંચ્યું અને તેમાંથી તે તેનો સ્થૂળ અનુવાદ કરતા ગયા. મારે જો કે મારી રીતે મારી સમસ્યાઓનો ઉકેલ શોધવાનો હતો, એટલે કે બે આંગળીઓ અને અંગૂઠા વડે બાળકનાં બાળોતિયાં બદલવાનાં હતાં, એ નિઃસહાય શિશુને સ્નાન કરાવવાનું હતું અને તે નીચે પડી ન જાય તે રીતે તેને ઊંચકીને ફરવાનું હતું. હું કેવી રીતે મારા બાળકને પકડીશ અને ઊંચકીશ, કેવી રીતે તેને દવાદારૂ આપીશ અને માતાની બધી ફરજો કેવી રીતે અદા કરીશ તે મારે જાતે જ શીખવાનું હતું. પરંતુ અકીતોશી પાસેથી અને એ પુસ્તકમાંથી હું જાણતી ન હતી તેવી ઘણી વસ્તુઓ મને શીખવા મળી.

એ લાંબા સપ્તાહો દરમ્યાન મારા હૃદયમાં મારા પતિ પ્રત્યેનો પ્રેમ અનેકગણો વૃદ્ધિ પામ્યો હતો. મને ખાતરી હતી કે ઈશ્વરે મારે માટે સાચ્ચે જ યોગ્ય પુરુષની વ્યવસ્થા કરી હતી . તે બધું જ જાણતા હતા અને મારા હૃદયના ગમે તે દર્દને શમાવવા માટેનાં સ્નેહ અને કોમળતા ધરાવતા હતા.

જોકે તે પહેલાં અને પછી પણ મને સમજાયું હતું કે તે કંઈ સર્વથા સંપૂર્ણ ન હતા. તે જલદીથી નિરાશ થઈ જતા, અને કોઈ વાર મારે માટે જરૂરી એવી સૂઝસમજ પણ ન ધરાવતા હોય તેવું દેખાતું. તેવે વખતે તેમનામાં દેખાતા દોષો પ્રેમની આંખોમાં અત્યંત ઝાંખા બની જતા. તેમની પાસે અનંત ધૈર્ય હતું, અને દયા તથા કોમળતામાં તો તે ક્ષતિરહિત જણાતા.

ગર્ભાવસ્થાનાં અંતિમ સપ્તાહો કોઈપણ માતા બનનાર સ્ત્રી માટે એક દુઃસ્વપ્ન સમાન હોય છે. મારે માટે તો તે વિશેષરૂપે કઠિન હતાં. મારે પણ તે કદરૂપું અને બહાર આવતું મોટું પેટ હતું, જે મને લાગતું કે ક્યારે પણ પાછું પૂર્વે હતું તેવું બનશે નહિ. સતત મને ભાર લાગ્યા કરતો અને દુઃખાવો પણ રહેતો. જોકે હું બીમાર પડી ન હતી, પરંતુ સતત બેચેની અનુભવતી. એ ઉપરાંત, મારા કૃત્રિમ પગો ઉપર મારું ફૂલેલું પેટ અને તેથી અસમતોલ બનેલું શરીર ઊંચકવાનું હતું. સવારમાં અકીતોશી માટે નાસ્તો તૈયાર કરવાનું અને ઘરની સાફસૂફી કરવાનું મને

મુશ્કેલ જણાતું. ચર્ચમાં જવાનો સુખદાયી પ્રસંગ પણ બોજારૂપ બની જતો. મને લાગતું કે જાણે આ પ્રસૂતિનો સમય ક્યારે પણ પૂરો નહિ થાય.

તેમ છતાં, અકીતોશી મારે હોસ્પિટલમાં જવાના દિવસની આતુરતાથી વાટ જોતા હતા. મને ભય ન લાગે તે માટે તે કશું કહેતા નહિ, પરંતુ હું જોઈ શકતી હતી કે તે પણ બેચેની અનુભવતા હતા. તે તો દિવસનો મોટો ભાગ બહાર રહેતા, પરંતુ જો તે સ્કૂલમાં કે બુકશોપમાં હોય અને મને પ્રસૂતિની પીડા (વેણ) ઊપડે તો શું કરવું તેની વ્યવસ્થા પણ તેમણે વિચારી લીધી હતી.

અગ્નિશામક ખાતું એમ્બ્યૂલન્સ પણ રાખતું હતું, અને તેથી અકીતોશી તે લોકોને મળવા ગયા. મેં તો દૂરની એડવેન્ટિસ્ટ હોસ્પિટલમાં રીઝર્વેશન કરાવ્યું હતું. છતાં, એ મિત્રોએ મને એમ્બ્યૂલન્સમાં ત્યાં લઈ જવાની પણ સંમતિ દર્શાવી. અકીતોશીને રાહત થઈ અને જરૂર પડે તો એક પડોશી મિત્ર એમ્બ્યૂલન્સને ફોન કરે તેવું નક્કી થયું.

જોકે આમ વ્યવસ્થા તો ગોઠવાઈ, પરંતુ ઈશ્વર દેખીતી રીતે હું એકલી હોસ્પિટલમાં જાઉં તેવું ઈચ્છતા ન હતા. પોતાની કૃપા અને દયા દ્વારા અકીતોશી પણ મારી સાથે રહે એવી તેમણે વ્યવસ્થા કરી. મારે મારા પતિની જરૂર હતી એવું મારા કરતાં પ્રભુ પોતે સારી રીતે જાણતા હતા.

મને બાળક આવવાનું હતું તેની આગળના રવિવારે બપોર પછી મારે ડૉક્ટરને મળવાનું નક્કી થયું હતું. ડૉક્ટરની એપોઈન્ટમેન્ટ (મુલાકાતનો દિવસ) માટે એ અસામાન્ય દિવસ હતો, પરંતુ પ્રસૂતિશાસ્ત્રના નિષ્ણાત (obstretrician) તે દિવસે એડવેન્ટિસ્ટ હોસ્પિટલમાં મળતા. તે દિવસે પણ ત્યાં કામ ચાલતું. એક રીતે એ મારે માટે સારું હતું. અકીતોશી અઠવાડિયાના બીજા દિવસો દરમ્યાન સ્કૂલમાં અને બુકશોપમાં કામે જતા. તેમને રજા મળવી પણ મુશ્કેલ હતી.

અમે ઘરમાંથી બહાર નીકળવા તૈયાર થયાં. મારી સ્થિતિ છેલ્લાં બે સપ્તાહોમાં હતી તેવી જ હતી. મને આગલી રાતે બરોબર ઊંઘ આવી

ન હતી, અને મને પેટના નીચેના ભાગમાં ઊંડી પીડા થઈ હતી, પરંતુ સવારમાં તે ઓછી થઈ ગઈ હતી. જોકે મને પહેલાં કરતાં વધારે બેચેની લાગતી જ હતી.

અકીતોશી પોતાની સાઇકલ પર બેસાડીને મને રેલવે સ્ટેશને લઈ ગયા. તેમણે મને કેરિયર પર બેસાડી અને તે જ્યારે પેડલ મારતા હતા ત્યારે હું બહાર આવેલા પેટને કારણે માંડ માંડ સમતુલા સાચવતી હતી. સ્ટેશન સુધીના એ બે માઈલ અમે સાઇકલ પર ગયાં ત્યાં સુધીમાં કેટલા બધા માણસોએ વાંકા વળીને અમને જોયા કર્યાં. અકીતોશીએ સ્ટેશન પાસે સાઇકલ મૂકી.

ડૉક્ટરે મને તપાસી અને અમે સામેના બ્લોકની પાછળ ચાલીને જઈએ તેવું સૂચવ્યું. અમે પાછાં ફર્યાં, ત્યારે તેમણે કહ્યું કે બાળક બીજે દિવસે આવશે અને તેથી અમે તે દિવસે હોસ્પિટલમા જ રોકાઈ જઈએ. મને ભય લાગે છે કે કેમ તે જોવા અકીતોશીએ ધ્યાનથી મારી સામે નિહાળ્યું, પરંતુ ઈશ્વરે મને સંપૂર્ણ વિજય અને શાંતિ આપ્યાં હતાં. આવનાર શિશુની સંભાળ હું કેવી રીતે લઈ શકીશ તે હું જાણતી ન હતી, પરંતુ જરૂરી મદદ અને માર્ગદર્શન ઈશ્વર પૂરાં પાડશે જ તેવો મને વિશ્વાસ હતો. અકીતોશીએ તો કહ્યું હતું જ. હું તો એક ચમત્કારની વાટ જોતી હતી. મેં તો એક નહિ, પરંતુ પછીના થોડા મહિનાઓ દરમ્યાન મારા બાળકની સંભાળ લેતાં લેતાં ઘણા ચમત્કારો જોયા.

મેરીનો જન્મ સરળતાથી થયો અને મને ઝડપથી સ્વાસ્થ્ય પ્રાપ્ત થયું. અન્ય માતાઓ અને તેમનાં બાળકોની જેમ અમે પણ દસ દિવસમાં ઘેર પાછાં ફર્યાં.

અકીતોશી તો બાઈબલસ્કૂલમાં ભણતા હતા અને સાથે સાથે નોકરી પણ કરતા હતા, તેથી જે વસ્તુઓની અમારે અનિવાર્ય આવશ્યક્તા હોય તે ખરીદવા માટે પણ અમારી પાસે નાણાં ન હતાં. ફર્નિચરને નામે અમારી પાસે ખસેડી શકાય તેવું નાનું કબાટ હતું, તેમાં અમે વસ્ત્રો રાખતાં, એક નાનું ટેબલ અને રસોડા માટે નાનું છાજલીવાળું કબાટ હતું. મેરીનાં વસ્ત્રો રાખવા માટે ખાનાંવાળું ટેબલ ખરીદવા પણ અમારી

પાસે નાણાં ન હતાં. અકીતોશીએ સફરજનો રાખવાનાં ખોખાં ખરીદ્યાં અને તેમાંથી અભરાઈઓ બનાવી. તેમણે તેમને સરસ રીતે રંગી અને મિશનરીઓએ આપેલાં કપડાંમાંથી મેં પરદા બનાવ્યા.

મેરી માટે જે નવાં કપડાં અમારી પાસે હતાં તે તો અમેરિકા (યુનાઈટેડ સ્ટેટ્સ)માંના અમારા મિત્રોએ મોકલેલ થોડાંક બાળોતિયાં હતાં. શેષ વસ્ત્રોમાં મિશનરીઓનાં બાળકોનાં જરીપુરાણાં વસ્ત્રો મળ્યાં.

ક્રિશ્ચિયન એકેડેમી(સ્કૂલ)ના એક શિક્ષકે બાળકને નવડાવવાનું ટબ થોડા સમય માટે ઉછીનું આપ્યું. તે સ્ટેન્ડ પર ચડાવાયેલું પ્લાસ્ટિકનું ટબ હતું, જેને પેડલ હલાવવાથી ઉપરનીચે કરી શકાતું. હું તેના પર મેરીને મૂકી તેનાં કપડાં ઉતારી શકતી અને આસ્તેથી તેનું, ઢાંકણ ખસેડી મેરીને તેમાં મૂકી શકતી. તે સાધન મારે માટે અત્યંત ઉપયોગી નીવડ્યું.

આ સમય દરમ્યાન ફોક્સ પરિવાર અને મેકલેરોય પરિવાર જાપાન છોડી ગયા હતા અને તેથી મેરીને અને મને ઘેર લઈ જવા કોઈ કાર ઉપલબ્ધ ન હતી. છતાં, સ્કૂલના અમારા મિત્રો નાનકડી કાર લઈ આવ્યા ને અમને ઘેર મૂકી ગયા.

અમે હોસ્પિટલ છોડવાનાં હતાં ત્યારે જે જુવાન નર્સ મેરીનાં કપડાં બદલાવા આવી તેણે અમેરિકન બાળોતિયાં કદી જોયાં ન હતાં . તેણે મેરીનાં હોસ્પિટલનાં કપડાં તો કાઢ્યાં, પણ અમેરિકન વસ્ત્રોને જોઈ મૂંઝાઈ.

"અહીં લાવો," અકીતોશીએ કહ્યું, "મને તે પહેરાવતાં આવડે છે."

નર્સને પણ આશ્ચર્ય થયું. તેણે કદી કોઈ પુરુષને નાના બાળકને કપડાં પહેરાવતો જોયો ન હતો. અકીતોશીની કુશળતા જોઈને મને પણ નવાઈ લાગી.

"હું અમેરિકન મિત્રોને ત્યાં બાળકોની સંભાળ લેવાનું કામ કરતો હતો," તેમણે સમજાવતાં કહ્યું.

અમે એકલાં પડ્યાં ત્યારે તેમણે કહ્યું કે આ પણ પરમેશ્વરની કૃપાયોજનાનો એક ભાગ હતો. જ્યારે ફોક્સ દંપતી બહાર જતી વખતે પોતાના બાળકની સંભાળ રાખવાનું તેમને સોંપતાં ત્યારે પોતાના ઉપર

કોઈ શિરજોરી કરતું હોય તેવું તેમને લાગતું. હકીકતમાં, તો એ તાલીમનો સમય હતો. તેમને આથી જ બાળોતિયાં બદલવાની, બાળકને સ્નાન કરાવવાની, અને તેને ખવડાવવાની તાલીમ મળી. તેથી તે મને પણ શીખવી શક્યા.

જ્યારે અમે ઘેર પહોંચ્યાં ત્યારે મિશનરી શિક્ષકનાં પત્નીએ કેવી રીતે ટબનો ઉપયોગ કરવો તે મને શીખવ્યું.

બીજે દિવસે, જ્યારે અકીતોશી કામ ઉપર ગયા, ત્યારે મેં પોતે મેરીને સ્નાન કરાવવાનું નક્કી કર્યું. મેં હીટર ચલાવ્યું અને પછી સિંક પાસેના અમારા નાના રસોડાની પાસે મૂકેલા ટબ પાસે હું ગઈ. બાળકનાં કપડાં ઉતારતાં મને થોડીક ગભરામણ તો થઈ, પરંતુ મને એવી બેચેની થવી જોઈતી ન હતી. બે હાથવાળી માને બાળકને સ્નાન કરાવતાં જેટલો સમય લાગે તેથી મને વધુ સમય લાગ્યો, પરંતુ મેં મારું કામ પૂરું કર્યું.

જ્યારે તે રાતે અકીતોશી ઘેર આવ્યા, ત્યારે મારી પ્રસન્નતાને સીમા ન હતી.

"મેં જાતે તેને નવડાવી. એ કામ ખૂબ સરળ હતું. મોટા માણસની જેમ તેને સ્નાનમાં આનંદ આવ્યો."

જે દિવસે અમારું લગ્ન થયું અને જે દિવસે અમે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો તે દિવસ પછી આટલી પ્રસન્નતાનો અનુભવ અમને ક્યારે પણ થયો ન હતો. અમે બંનેએ ઈશ્વર જે અદ્દ્ભુત રીતે અમારી સંભાળ લેતા હતા તે માટે તેમની આનંદથી સ્તુતિ કરી.

"મિશનરીઓએ કહ્યું હતું તેવું જ બની રહ્યું છે," મેં ધીરેથી કહ્યું. "જે રીતે ઈશ્વરે તે અંધ બહેનની મદદ કરી હતી તેવી જ રીતે તે અમારી મદદ કરી રહ્યા છે."

અમારા મકાનમાલિકને મારા જેટલું જ આશ્ચર્ય થતું. "હું તમારા બાળકને ક્યારે પ રડતું સાંભળતો નથી," તે અમને કહેતા. "તે ખૂબ આનંદમાં રહે છે. આવું શી રીતે બને છે ?"

મેરી હંમેશાં એવી જ રીતે વર્તતી. હું તેનું બાળોતિયું બદલતી, ત્યારે તે શાંત ચૂપચાપ પડી રહેતી, અને હું તે બદલી ન રહું ત્યાં સુધી પોતાના

પગ ઊંચા રાખતી. હું તેનાં કપડાં બદલતી, ત્યારે પણ તે શાંત રહેતી, જોકે બટન બંધ કરવામાં ને હૂક લગાવવામાં મને મુશ્કેલી પડતી. હું તેને ઊંચકતી તો તે થોડી જ વારમાં પોતાના ટચુકડા હાથ મારા ગળામાં પરોવી દેતી અને મને બાઝી પડતી.

એવા સમયો પણ આવતા જ્યારે અકીતોશી ઘણા નિરાશ થઈ જતા. અમારે ઘણી વસ્તુઓની જરૂર હતી, અને તેમની પાસે એટલા ઓછા પૈસા રહેતા કે તેમને થતું કે પતિ અને પિતા તરીકેની જવાબદારીઓ તે પૂર્ણ રીતે અદા કરી શકતા નથી. ઘણા મહિનાઓ સુધી તો અમેરિકાથી પ્રતિમાસ આવતા પચાસ ડોલર એ જ અમારી એકમાત્ર આવક હતી. જ્યારે પૈસા આવવામાં થોડું મોડું થતું તે સપ્તાહોમાં ખાસ કરીને અમારાં બીલો ચૂકવવામાં અમને મુશ્કેલી પડતી. તેમ છતાં, અમારે માટે કશું પણ ખરીદતાં પહેલાં અમે અમારી આવકનો દસમો ભાગ દાન માટે અલગ રાખતાં.

"જે ઈશ્વરનું છે તે તેમને આપી દેવાનું આપણે માટે અત્યંત આવશ્યક છે," અકીતોશી કહ્યા કરતા.

તે પછી અમે મેરી માટે દૂધના ડબ્બા ખરીદવાનાં નાણાં અલગ મૂકતા, અને પછી જે કંઈ બચતું તેમાંથી અમારો નિર્વાહ કરતાં. અમને ક્યારેય ભૂખ્યા રહેવું પડ્યું નથી, જોકે ક્યારેક રહેવું પડશે તેવું લાગ્યા કરતું. ક્યારેક ક્યારેક અમારી પાસે રેલવે ટ્રેઇન દ્વારા ચર્ચમાં જવાનાં નાણાં ન હોય ને કોઈવાર તો દાનમાં નાખવાના પૈસા પણ ન હોય. એવું બને ત્યારે અકીતોશી મેરીને અને મને પથ્થરવાળી સાઇકલ પર બેસાડીને લઈ જતા. તેમને એ રીતે ચારપાંચ માઈલનું અંતર કાપવું પડતું. જ્યારે અમે પહેલીવાર સાઇકલ પર બેસીને ચર્ચમાં ગયાં ત્યારે મેરી સાત મહિનાની હતી, પરંતુ તે મને એવી રીતે વળગીને બેઠી હતી કે મને ક્યારેય તે પડી જશે તેવી બીક લાગી ન હતી.

જ્યારે તે બે વર્ષની થઈ, ત્યારે તેને પાણી પડતું જોઈને ખૂબ આનંદ આવતો, વિશેષ કરીને જ્યારે હું ડિશો ધોતી ત્યારે તે વહેતું પાણી ધ્યાનથી જોયા કરતી. તે એક નાના ટેબલ પર ચડીને હંમેશાં મારી પાસે જ ઊભી

રહેતી. ક્યારેક તો તેના મોં ઉપર પણ પાણીના છાંટા ઊડતા. પણ એ તો તેને ખૂબ ગમતું.

ઘણી વખત બનતું તેમ એક રાતે અકીતોશી મિટિંગમાં ગયા હતા. હું વાસણ ધોતી હતી. એલ્યુમિનિયમની એક મોટી કીટલી ધોવાનું કામ મારે માટે મુશ્કેલ હતું. હું તેને બરોબર પકડી શકતી ન હતી તેથી તે ધોવાતી ન હતી. મેરીએ તે જોયું ત્યારે તેણે કીટલીની એક બાજુ જોરથી પકડી રાખી અને મને તે પછી એને ધોવામાં મુશ્કેલી ન પડી. એ રાતે ક્યારે અકીતોશી આવે અને હું તેમને તે વાત કરું એવી અધીરાઈ મારા મનમાં આવી ગઈ હતી.

"જ્યારે મેરીએ મને મદદ કરવા પોતાના ટચુકડા હાથ લંબાવ્યા," મેં અકીતોશીને એક શ્વાસે કહ્યું, "ત્યારે મને લાગ્યું કે જાણે ઈસુ મારી પાસે ઊભા હતા, અને કેવી કાળજીપૂર્વક તે મારી સંભાળ લેવાના હતા તેની વાત મને કરતા હતા. મેં જાણે કે તેમને એમ કહતા સાંભળ્યા, 'જોયું ને, તારું નાનું બાળક તારે માટે બોજારૂપ નથી.' એ કેટલું કીમતી છે !" મેં વાત પૂરી કરી પછી ઘણી વાર સુધી અકીતોશી મૂંગા રહ્યા. પછી તેમણે બાઈબલનું એક વચન ટાંકતાં કહ્યું, "તારે માટે મારી કૃપા પૂરતી છે." (૨ કરિંથી ૧૨ : ૯).

અકીતોશીને આ સમયગાળા દરમ્યાન જુદાં જુદાં સ્થળોએ નિમણૂકો મળી. તેથી અમારે ઘણાં ઘર બદલવાં પડ્યાં. મેરી પાંચ વર્ષની થઈ ત્યારે અમે એક નાના ઘરમાં રહેતાં હતાં. પાકી સડક ઉપરથી પાંચાઇછ પગથિયાં ચઢીને તેમાં દાખલ થવાનું હતું. રસ્તો ઢાળવાળો અને ખરબચડો હતો, જેથી મને ચાલવામાં મુશ્કેલી પડતી. મને લોકોને મળવાનું ગમતું અને ઘરમાં ગોંધાઈ રહેવું પસંદ મને ન હતું.

તેથી મેરી મારી સાથે આવતી. પહેલી વાર અમે પચાસ વાર દૂર આવેલા સ્ટોરમાં ગયાં, ત્યારે તે મારી સાથે ચાલીને પગથિયાં ઊતરી. ખરબચડા રસ્તા પર હું પડી જાઉં તેવી સંભાવના તેને લાગી હોવાથી તે મારા તરફ ફરી.

"મમ્મી, હું તારી આગળ ચાલીશ," તેણે કહ્યું. "હું બળવાન છું .

તું મારો ખભો પકડી રાખજે, અને હું તારી લાકડી પકડીશ."

પછી તો એ જેટલી વાર મારી સાથે હોય તેટલી વાર મને પડી જવાની બીક લાગતી નહિ. તે જ મારી મજબૂત લાકડી બની ગઈ.

જે ઘરમાં અમે રહેતાં હતાં તેના બહારના ભાગમાં એક બારી હતી, જેની આજુબાજુ લાકડાનું છજું હતું. એ પુખ્ત વયના માણસ માટે ખૂબ નાનું હતું, પરંતુ મેરીને માટે તે બેસવાનું પ્રિય સ્થળ બની ગયું. તે નીચે પગ લટકાવીને બેસતી અને આવતાજતા લોકોને નિહાળ્યા કરતી.

"હલ્લો," તે પોતાના બાળકસ્વરે પોકારતી, "કેમ, મજામાં છો ?"

લોકોને થોડા વખતમાં એનું નામ પણ આવડી ગયું અને તેઓ ત્યાંથી પસાર થતાં તેની સામે જોઈને કહેતા, "હલ્લો, મેરી-સાન, કેમ, મજામાં ને ?"

મને પણ તેની સાથે દુકાને જઈને ખરીદી કરવામાં મજા પડતી. હું તો જાણે અપરિચિત હતી, પરંતુ મેરીને તો બધા જ ઓળખતા. તેઓ તેની પાસે આવીને તેની સાથે વાત કરતા. પછી તેમની સાથે વાતચીત કરવાનું મારે માટે પણ સરળ બની જતું.

નગરના એક અધિકારીએ અકીતોશીને જણાવ્યું કે તેઓ તો છેલ્લા એક વર્ષથી અમને રોજ જોતા હતા, પણ વર્ષ પછી જ તેમને માલૂમ પડ્યું હતું કે હું અપંગ છું. તેમને એ પણ ખ્યાલ આવ્યો ન હતો કે મારે એક જ હાથ હતો.

અમારા ઘર પાસે એક વૃદ્ધા રહેતાં હતાં, તેમણે એક વાર મેરીને મારે વિશે પૂછ્યું. તે બહેરાં હતાં, તેથી તેમની મોટે અવાજે થતી વાતચીત મને ઘરની અંદર પણ સંભળાઈ.

"શું તારી માને એક હાથ નથી," તેમણે પૂછ્યું.

"ના," જાણે કે ઘરમાં બપોર પછીની ચા પીતી વખતે વાત કરતી હોય તેવી સ્વાભાવિક્તાથી મેરીએ ઉત્તર આપ્યો, "મારી માને એક હાથ નથી, અને બે પગ પણ નથી."

તે વૃદ્ધાએ પછીથી શું કહ્યું તેની મને ખબર નથી, પરંતુ મેરીએ ગર્વથી કહ્યું, "પણ દાદીમા, આપને ખબર છે કે માએ એક હાથથી મારી

આ ફ્રોક તૈયાર કરી છે. મમ્મી બધાં કામ સરસ રીતે કરે છે."

જ્યારે રૂથનો જન્મ થયો, ત્યારે મને મદદ કરવા મેરી હતી, જોકે ક્યારેક તે થોડીક ઈર્ષ્યા પણ પ્રગટ કરતી. જ્યારે રૂથને દૂધની બોટલ આપવામાં આવે, ત્યારે તે પણ દૂધ માગતી. તેથી જ્યારે જ્યારે રૂથને દૂધની બોટલ આપવામાં આવે, ત્યારે હું મેરીને પણ એક ગ્લાસમાં થોડુંક દૂધ આપીને સમસ્યા હલ કરતી. બંને છોકરીઓના સ્વભાવમાં વ્યાપક તફાવત હતો. મને મદદ મદદ કરવા માટે મેરી હંમેશાં તૈયાર રહેનાર નમૂનારૂપ છોકરી હતી. રૂથની સંભાળ રાખવામાં ખાસ મુશ્કેલી પડતી નહિ. પરંતુ તે બીજાં બાળકો જેવી હતી. બાળોતિયાં બદલતી વખતે તે લાતો મારતી અને આમતેમ હાથપગ ઉછાળતી અને જ્યારે હું તેનાં કપડાં પરનાં બટન બંધ કરતી ત્યારે પણ તે આમતેમ મરડાતી. પરમેશ્વર જાણતા હતા કે મેરી વખતે મારે વિશેષ સહાયની જરૂર હતી. રૂથ આવી ત્યારે મને અનુભવ મળી ચૂક્યો હતો અને મારો આત્મવિશ્વાસ પણ વધ્યો હતો. અને ઘણી બાબતોમાં મારી સહાય કરવા માટે મેરી ઉપલબ્ધ હતી.

જ્યારે હું ઈઝરાયલનાં સંતાનોને ઈશ્વર દ્વારા અપાયેલા માન્ના - એક વિશિષ્ટ ભોજન - ની કથા વાંચતી ત્યારે મને લાગતું કે તેમના અને મારા અનુભવોમાં કેટલી બધી સમાનતા હતી ! ઈશ્વર તેમને એક દિવસ માટે જેટલું જરૂરી હોય તેટલું જ માન્ના તે દિવસે આપતા. જો તેઓ વધારે એકઠું કરવા પ્રયત્ન કરતા તો બીજે દિવસે તે કીડાવાળું અને ખાવાને માટે અયોગ્ય બની જતું. શાંત મેરીની સંભાળ લેવા માટે જે સહાયની મારે જરૂર હતી તે તે સમયે તેમણે પૂરી કરી. હવે જ્યારે વિશેષ સહાયની જરૂર ન રહી ત્યારે અમારું બીજું બાળક અન્ય બાળકો જેવું જ આવ્યું.

# પ્રકરણ : ૧૦

જોકે અમારા કુટુંબમાં પુત્રીઓના જન્મથી મારે માટે નવી સમસ્યાઓ પેદા થઈ, પરંતુ તેમના જન્મ પહેલાં પણ ઘર ચલાવવા માટે મારે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

અમારાં લગ્ન વખતે જે ઘર અમે રાખી શક્યાં તેના કરતાં ઘણી રીતે ઉત્તમ ઘરોમાં મારો અને અકીતોશીનો ઉછેર થયો હતો. તેમાંનું ફર્નિચર વધુ સુઘડ અને આરામપ્રદ હતું અને અમારાં માતાપિતા જે કંઈ ખાવાની ઈચ્છા થાય તે તરત જ પૂરી કરવા જેટલાં સાધનસંપન્ન હતાં. અમે તો હજી યુવાવસ્થામાં હતાં, અને પ્રભુની સેવા કરતાં હતાં. અમારાં લગ્ન થયાં તે પહેલાં, અમને સમજાઈ ગયું હતું કે અન્ય નવવિવાહિત દંપતીઓ પાસે હોય તેવું ઘણુંબધું અમારી પાસે નહિ હોય. અમે એક પ્રતિષ્ઠિત વિસ્તારમાં રહેતાં હતાં, અને અમારાં ખેડૂત પડોશીઓ મિત્રતાભર્યો વ્યવહાર રાખનારાં હતાં. સારી વસ્તુઓની ખોટ હોવા છતાં અમે સુખી હતાં. અકીતોશી ઘણી વાર કહેતા, "ભૌતિક વસ્તુઓ સુખની પ્રાપ્તિમાં ઘણો ઓછો ભાગ ભજવે છે." અમારી પાસે કશું ન હતું, છતાં અમે સુખી હતાં.

અમારા નાના ઘરથી હું સંપૂર્ણપણે સુખી હતી એવું તો હું નહિ કહી શકું. એ તો હંમેશાં મને ડહેલા (ઘોડાર) જેવું જ લાગતું.

અંદરથી તેને કશાં રંગરોગાન ન હતાં. રસોડાના ફર્શનો અર્ધો ભાગ લાકડાનો હતો, અને અર્ધો ભાગ ધૂળિયો હતો. પાણી પણ બહારથી લાવવું પડતું.

અકીતોશીએ પોતાની ઓછી આવકમાંથી પાટિયાં લાવી રસોડાના ધૂળિયા ભાગને ઠીકઠાક કર્યો ને રંગ્યો. પડોશમાંથી હોસ (hose) પાઈપ દ્વારા પાણી લાવવાની પરવાનગી પણ લીધી. લોખંડની નાનકડી સગડીથી અમે તાપતાં, જોકે શિયાળાની કડકડતી ઠંડીમાં પણ એક કે બે કલાકથી

વધુ સગડી પણ સળગાવેલી રાખી ન શકતાં.

પહેલાં તો જાપાનીઝ ટાઈપનું જાજરૂ પણ ફર્શ ઉપર જ હતું. પછી અકીતોશીએ તેને પ્લેટફોર્મ પર મૂકી પશ્ચિમમાં હોય છે તેવી ઊંચાઈનું બનાવ્યું.

લગ્નના આરંભના મહિનાઓ મારા માટે અને અકીતોશી માટે મુશ્કેલ હતા. જ્યારે બધું જ બરોબર લાગે એવા શરૂઆતના અદ્ભુત દિવસો પછી, અમે સામાન્ય જીવનની ઘટમાળમાં સ્થિર થયાં. અકીતોશી સંપૂર્ણ હતા તેવી મારી લગભગ બાલીશ કલ્પનાને પરિણામે મને નિરાશા ઊપજી. હું તેમની પાસેથી વધારે પડતી અપેક્ષાઓ રાખતી હતી. મારી આંખોમાં તે બીજાંઓ કરતાં ઘણા ઊંચા એવા મિનારા સમાન હતા. પરંતુ હું જ્યારે તેમને વધુ નિકટતાથી જોવા લાગી તો મને આઘાત લાગ્યો. તે તો હકીકતમાં માનવ હતા, માનવસહજ નિર્બળતાઓ ધરાવતા હતા. તે અમારા નાનકડા ઘરમાં કશુંયે નીચેથી ઉઠાવી ખીલી ઉપર ટાંગતા નહિ, તેમનાં સીધાં નહિ કરેલાં તેવાં ઊંધાં મોજાં ફર્શની વચ્ચોવચ પડ્યાં રહેતાં, તેમનાં પહેરણ તો ગમે તે ખૂણામાંથી નીકળતાં, મને તો થતું કે હું જેને પરણી હતી તે શું આ જ પુરુષ છે ?

તે શાંત અને વિચારશીલ સ્વભાવના પુરુષ હતા. તેમનો આ સ્વભાવ પિતાજીને ખૂબ ગમતો. તે શરમાળ અને અંતર્મુખ પ્રકૃતિના હતા. શક્ય હોય ત્યાં સુધી તે ઘેર જ રહેતા, મને તો લોકો સાથે હળવામળવાનું ગમતું. તેથી ઘણી વાર તે નિરાશ અને દુઃખી થઈ જતા. જો કોઈ પ્રોજેક્ટમાં વિલંબ થતો કે અણધારી મુશ્કેલીઓ આવી પડતી, તો તેમને થતું કે હવે સફળતા મળશે જ નહિ. બીજા કોઈ કરતાં તેમને પોતાની સમસ્યા વધુ ગંભીર દેખાતી.

જ્યારે મારે પક્ષે તો લાડ લડાવનાર માની બગડી ગયેલી દીકરી હતી. મારી મોટી બહેનને રસોઈ કરતાં, ઘરસફાઈ કરતાં, સીવતાં અને ઘરનાં અન્ય કામો કરતાં આવડતું. જ્યારે સૌથી નાની અને સૌની લાડકી દીકરી તરીકે મારી પાસેથી કામની કશી જ અપેક્ષાઓ રાખવામાં આવતી નહિ. લગ્ન કર્યું નહોતું ત્યાં સુધી આવા લાડકોડથી કેવું નુકસાન થઈ

શકે તે મને સમજાયું ન હતું. મેં રસોડાનો હવાલો લીધો ત્યારે મને ખબર પડી કે ડિશો ધોવા અને ચા બનાવવા સિવાય મને કશું જ આવડતું ન હતું. જો કે મેં બધું શીખી લેવાનો દ્રઢ સંકલ્પ કરી લીધો હતો.

અકીતોશી મને રસોડામાં મદદ કરવાનો સતત આગ્રહ રાખતા તેમાંથી અમારે પ્રથમ વાદવિવાદ થયો. તે વધુ પડતું ધ્યાન આપી અને મારે બદલે બધું જ કરી લેવાનો આગ્રહ રાખી મને ગૂંગળાવતા. મને થતું કે તેમને મારી દયા આવતી હોવાથી તે તેવું કરતા. હવે મને લાગે છે કે કદાચ હું જે કાચીપાકી રસોઈ કરતી તેને કારણે એમને પોતાની દયા આવતી.

મને લાગે છે કે ઘણા ઓછા પુરુષો તેમના જેટલા રસોઈકામમાં નિપુણ હશે. તેમણે તો એક રેસ્ટોરાંમાં પણ થોડો સમય કામ કર્યું હતું અને વર્ષો સુધી જાતે રસોઈ કરી હતી. તે ચટણી, આચાર અને મુરબ્બો બનાવવાનું સુધ્ધાં જાણતા હતા, જે કદાચ ઘણી સ્ત્રીઓને પણ આવડતું નહિ હોય. તે મારે કરવાનાં દરેક કામમાં માથું માર્યા કરતા. અંતે એક દિવસ મેં મિજાજ ગુમાવ્યો.

"અકીતોશી, હવે બસ કરો," મેં ક્રોધપૂર્ણ શબ્દોમાં કહ્યું. "જો, મારે તમારી સહાયની જરૂર પડશે, તો હું તમને બોલાવીશ. હવે મને એકલા કામ કરવા દો."

પછી તો ત્રણ વર્ષ સુધી ન તો તેમણે ડિશો સાફ કરી કે ન તો સફાઈકામ કર્યું કે ન તો રાંધ્યું.

કદાચ, રસોઈકળાની તેમની કુશળતાની મને ઈર્ષ્યા આવતી હશે, અને કદાચ હું એટલું થોડું જાણું છું તે વાતથી મને નિરાશા થતી હશે, પરંતુ હું મારાં કામ જાતે જ કરું તે વસ્તુ પાછળ માત્ર એટલાં જ કારણો ન હતાં. હોસ્પિટલમાંથી પાછા આવ્યા પછી મને જણાયું કે હું બેસી રહું અને બીજાંઓ મારાં કામ કરે તેવી મનોવૃત્તિ મારામાં પેદા થઈ હતી. જો હું ઊભા થવામાં ને રસોડામાં જવામાં થોડો વિલંબ કરું તો યૂરિકો કૂદકો મારીને ત્યાં પહોંચી જતી. જો મારે વસ્ત્રો બદલવાનાં હોય તો ત્યારે પણ તે મદદ કરવા હાજર જ હોય. પરિણામે મને પોતાને

નિરાધારપણાનો ભાવ ઊપજતો હતો અને મારી જાત પ્રત્યે દુઃખની લાગણી થતી.

થોડા જ સમયમાં મને સમજાયું કે જો હું પોતે મારી પોતાની સંભાળ ન લઉં, તો હું મારાં પ્રિયજનો માટે બોજારૂપ બની જઈશ. મારા અભ્યંતરમાં રહેલું કશુંક આ સામે બળવો પોકારતું હતું. એની સાથે જ બીજાંઓ જે કરતાં હતાં તેવાં જ કામ મારે કરવાં તેવો દ્રઢ નિશ્ચય મારામાં જન્મ્યો. પ્રથમ હુમલા પછી મારી માની જેવી હાલત થઈ હતી તેવી મારી ન થાય એટલે કે બીજાંઓ એક બાળકની જેમ મારું ધ્યાન ન રાખે તે માટે હું આતુર બની. મેં અને અકીતોશીએ જ્યારે લગ્ન કરવાનો વિચાર કર્યો, ત્યારે મેં દ્રઢતાપૂર્વક નક્કી કર્યું હતું કે અન્ય કોઈપણ પત્નીની જેમ મારા ઘરની સંભાળ હું પોતે જ લઈશ.

મને એ વખતે એ વાતની ખબર ન હતી કે મારી આ નવી આઝાદી પાછળ ઈશ્વરનો હાથ હતો. જ્યારે મેં ઘરનો કાર્યભાર સંભાળ્યો, ત્યારે મારી બધી ઇચ્છાઓમાં ઈશ્વરનો હાથ હોય તેવો મને આભાસ થયો. બીજી પત્નીઓ જે કંઈ કરે તે બધું જ કરવા હું તલસતી હતી, પરંતુ ઈશ્વરની સહાય વગર હું તે કરી શકું તેમ ન હતું. નાનામાં નાનું કામ પણ કેવી રીતે થઈ શકે તે ઈશ્વર જાણે કે મને બતાવવા માગતા હતા અને તેમાં માત્ર તેમના નિર્ભેળ પ્રેમનું મને દર્શન થયું. હું એ ખાસ પ્રકારની આશિષો ગુમાવવા માગતી ન હતી. બટાકા છોલવાનું નાનું કામ પણ ઈશ્વરની સહાય વિના મારે માટે મુશ્કેલ હતું. હું અંગૂઠા વડે બટાકાને ને આંગળીઓ વડે છરી પકડીને તે છોલવાનો પ્રયત્ન કરતી, પણ તે તો મારા હાથમાંથી પડી જતા. "હું કદી તે કરી શકીશ નહિ," હું મનોમન કહેતી.

"હું તે કરી શકતી નથી. તમારે મારી મદદ કરવી જ પડશે," મેં ઈશ્વરને પોકારીને કહ્યું.

મેં હજુ તો પ્રાર્થના પૂરી કરી ન હતી ત્યાં ઈશ્વરે મને એક અદ્દભુત વિચાર આપ્યો. મેં બીજા બટાકાને બરોબર વચ્ચેથી કાપ્યો અને પછી સપાટ બાજુને કાપવાના બોર્ડ ઉપર મૂકી. એથી તો બટાકા છોલવાનું

કામ સરળ બની ગયું.

બાટલીઓને મારા ઘૂંટણ પર મૂકી અથવા મારી દાઢી નીચે દબાવી તેમને ખોલવાનું હું શીખી ગઈ. મેરી આવી ત્યારે મારા મોં વડે અથવા મારા ઠૂંઠા હાથ વડે તેના માથામાં રીબન બાંધવાનું પણ મને આવડી ગયું.

જ્યારે કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાં કેવી રીતે માર્ગ કાઢવો તેની મને સૂઝ ન પડતી ત્યારે કેટલી બધી વાર ઈશ્વરે મારી ઝડપી ને આતુર પ્રાર્થનાઓના ઉત્તર આપ્યા હશે તે મને યાદ નથી . મારા સૌથી મોટાં અંતરાયો કે અડચણો મારે માટે સૌથી મહાન આશીર્વાદોના પ્રેરણાસ્ત્રોત બની રહ્યા. માત્ર અમુક જ વ્યક્તિઓને પ્રાપ્ત થાય છે તેવી ઈશ્વર ઉપરની સંપૂર્ણ આધીનતા મને પ્રાપ્ત થઈ.

છતાં, એવા પ્રસંગો પણ આવતા જ્યારે હું ઘણાં મૂર્ખતાપૂર્ણ કાર્યો કરી નાખતી. અકીતોશી ટોકિયોમાં ઊછર્યા હતા અને તેથી તેમને માછલી અને બીજા અન્ય પ્રકારના સમુદ્રી આહાર પ્રત્યે ઘણી રુચિ હતી. અમારા કુટુંબમાં તો માછલી ભાગ્યે જ રંધાતી અને અમે માછલી ખાતાં ત્યારે પિતાજી મારી માછલીઓના કાંટા કાઢી દેતા. માછલી કોઈની મદદ વગર ખાવી એ પણ મને આવડતું ન હતું, તો પછી માછલી રાંધવાની તો વાત જ શી ?

એક દિવસ અકીતોશી ઘરમાં સમુદ્રી આહાર લઈ આવ્યા.

"આપણે આજે રાતે ફ્રાય કરેલ ઓઈસ્ટર - કાલુ માછલી - પકાવીશું." મારી તરફ ધ્યાનથી જોતાં તેમણે કહ્યું, "મને આશા છે કે તું તે રાંધી શકીશ."

મને એવું લાગ્યું કે તે મારી મદદ કરવા માગે છે, અથવા તે કેવી રીતે તળી શકાય તે મને બતાવવા માગે છે, પરંતુ હું તો મિજાજી ને સ્વતંત્ર સ્વભાવની હતી. પત્ની તરીકે રસોઈ કરવાની ફરજ મારી હતી.

તે રાતે એ જ્યારે ઘેર આવ્યા ત્યારે ભોજન તૈયાર થઈ ગયું હતું, અને હું ગર્વનો અનુભવ કરી રહી હતી. મેં તેમની સહાય વગર ઝીંગા તૈયાર કર્યા હતા. તેમણે ભોજન પર ઈશ્વરની આશિષ માગી, માથું ઊંચું

કર્યું, અને પોતાની પ્લેટમાં મુકાયેલા ફ્રાય કરેલા ટુકડા જોયા. મેં તેમની આંખોમાં પ્રશ્ન પૂછવાનો ભાવ નિહાળ્યો, પરંતુ મને લાગ્યું કે તેમને મારી કાર્યકુશળતા પર આશ્ચર્ય ઊપજ્યું છે. તેમણે એક ટુકડો લીધો, ધીમેથી ચાવ્યો અને ગળામાં ઉતાર્યો. પોતાની ચોપસ્ટીક્સ પ્લેટની બાજુમાં મૂકી અને આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું,

"યોનેકો, આજે તું શું ખવડાવી રહી છે ? હું તો માનતો હતો કે આજે આપણે ઝીંગા જમવાનાં છીએ."

"આ ઝીંગા જ છે," મેં પોતાનો બચાવ કરતાં કહ્યું.

"તેં કેવી રીતે રાંધ્યું ?"

"મેં તેમને પહેલાં પાણીથી ધોઈ નાખ્યા. પછી જોયું તો હજુ તે બરોબર દેખાતા ન હતા તેથી એમની અંદરનો ભાગ ફેંકી દીધો ને ઉપરનો ભાગ તળી નાખ્યો."

તે લાંબો સમય મારી સામે જોઈ રહ્યા. તેમના મોં ઉપર ખૂબ વિચિત્ર ભાવ હતા

"યોનેકો," તેમણે ધીરેથી કહ્યું. "જો ફરી વાર આપણે કદાચ ઝીંગા તળીશું તો હું તે તળીશ."

અંતે તો મેં રસોઈ કરવાનું શીખી લીધું, પરંતુ મને ખાતરી છે કે અમે લગ્ન કર્યું તેના આરંભના દિવસોમાં એવી રસોઈ પણ થઈ જ હશે જે પચાવવામાં અકીતોશીને મુશ્કેલી પડી હશે, છતાં એમણે ઉદારતાપૂર્વક એ અંગે મને કશું જ કહ્યું નહિ હોય.

મને મીઠા કેક બનાવવાનું ગમતું અને ક્યારેક તો અમારા મકાનમાલિકને પણ આપી આવતી. તેમને તો ઘણાં પુત્રપુત્રીઓ હતાં, છતાં તે અમને તેમનું સ્નાનગૃહ વાપરવા દેતા. મારે મન તેનું મૂલ્ય હતું. અમારા નાના ઘરમાં સ્નાનગૃહ ન હતું. આ ખેડૂતનું સ્નાનગૃહ અડધું ઘરની બહાર હતું, અને શિયાળામાં તો ત્યાં ઘણી ઠંડી લાગતી, પણ અમને ત્યાં મજા પડતી.

ત્યાં અમે એક વર્ષથી વધુ સમય રહ્યાં. સડકની સામી બાજુએ રહેતા એક ખેડૂત દંપતીનો અમને પરિચય થયો. અમે અમારા ઘરમાં

બાઈબલઅભ્યાસ શરૂ કર્યો અને તેમને તેમાં જોડાવાનું આમંત્રણ આપ્યું. પિતા તો કદાચ પ્રભુ ઈસુનો સંદેશ સમજી શક્યા નહિ અથવા તો ઈસુની સામે નમતું ન જોખવાનો તેમણે નિર્ણય કર્યો હતો. તેમનાં પત્નીને ઘણો રસ પડ્યો. અમે ત્યાંથી નીકળ્યાં તે પહેલાં મેં તે બહેન સાથે નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરી કે તે પ્રભુ ઈસુનો સ્વીકાર કરે. હજી પણ તેમની સાથેનો મારો સંપર્ક ચાલુ છે અને તેમના વિશ્વાસમાં સ્થિર વૃદ્ધિ થઈ રહી છે.

આવા વિજયથી મને પ્રોત્સાહન મળતું. પરંતુ એવા પ્રસંગો પણ બનતા જ્યારે મને રિક્તતાનો અનુભવ થતો અને હું નિરાશ થઈ જતી . નાણાંની સમસ્યા તો કાયમની હતી અને અકીતોશીની તે અંગેની નિરાશા નિહાળીને હું પણ વ્યથિત થઈ જતી. તેમને લાગતું કે યોકોહામાના બુકશોપમાં જવા માટે રેલવે ટ્રેઈન દ્વારા જે લાંબો સમય લાગતો તે તો એક પ્રકારની સમયની બરબાદી હતી. હકીકતમાં, તો તેમને લાગતું કે એ સમગ્ર કામ તેમના શિક્ષણ અને તાલીમના દુર્વ્યય સમાન હતું.

"મારે ત્યાં રહેવું ન જોઈએ અને એવું કામ પણ ન કરવું જોઈએ," ફરિયાદ કરતાં તેમણે કહ્યું. "મને તો ઉપદેશ આપવાની તાલીમ મળી છે. અને મારે તો કોઈ ચર્ચ (ખ્રિસ્તી મંડળી) ઉપર પાળકનું કામ કરવું જોઈએ."

અંતે, તેમને એક નાના ધર્મસંઘ (ખ્રિસ્તી મંડળી)ના પાળક બનાવવામાં આવ્યા, અને અમે તે ચર્ચની પાસે રહી શકીએ માટે અમે ઘર બદલ્યું. પરંતુ તે પહેલાં, મને ખ્રિસ્તી જીવન જીવવાની વાસ્તવિક્તાનો સીધેસીધો સામનો કરવો પડ્યો. હું વધુ મહત્ત્વપૂર્ણ રીતે ઈશ્વરની સેવા કરવા ઉત્સુક હતી. મેં અગાઉ એક સન્ડેસ્કૂલમાં શીખવ્યું હતું અને જ્યાં ઉત્તેજનાપૂર્ણ ઘટનાઓ બનતી હોય તેવા બીજા માર્ગો દ્વારા વધુ સક્રિય રીતે ઈશ્વરની સેવા કરવાની અને શીખવવાની મને તીવ્ર ઝંખના હતી. ઈશ્વર માટે હું વધુ કંઈક કરી શકું અને તેમની સેવાનું સાધન બની શકું તે માટે હું સતત ઈશ્વરની પ્રાર્થના કરતી.

સ્થિતિ જ્યારે આવી હતી, ત્યારે મિશનરીઓ માટે બાઈબલ

કોન્ફરન્સનું આયોજન કરવા એક ઘનિષ્ટ મિત્ર ઓસ્ટ્રેલિયાથી આવ્યા. "દૂરપૂર્વના દેશોમાં શુભસંદેશ ઝુંબેશ"ની સાથે અમે સંકળાયેલાં હતાં, તેના એ સભ્ય ન હતા, છતાં તેમણે અમારી ઘણી સભાઓમાં સંદેશા આપ્યા.

હું પહેલાંની જેવી જ ઉદાસ હતી, પરંતુ કોન્ફરન્સનો સમય જેમ નજીક આવ્યો, તેમ મારા વિચારોમાં એક મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવ્યું. ઈશ્વરે ફરી એક વાર મારા હૃદય સાથે વાત કરતાં કહ્યું, કે મારા દુઃખ માટે બીજાંઓને દોષ કાઢવા કરતાં મારે મારા હૃદયને તપાસવું જોઈએ. મારી નિરાશાનું કારણ હું પોતે જ હતી. મારે મારા જીવનનું સંપૂર્ણ નિયંત્રણ પવિત્ર આત્માને સોંપી દેવું જરૂરી છે.

મારા જેવી વ્યક્તિ માટે આવો પ્રકાશ - પ્રગટીકરણ - સંઘર્ષ વિના સ્વીકારવો તે સરળ ન હતું. મેં સંઘર્ષ પણ કર્યો જ, પરંતુ કોરી ખાતી રિક્તતા (ખાલીપણું) રોજેરોજ વધતી રહી અને હું ઉત્સુક્તાપૂર્વક એ મિટિંગોની વાટ જોતી રહી.

પાછલા થોડા મહિનાઓ દરમ્યાન હું ઘણી વાર ચર્ચમાં ગઈ ન હતી અને મારી પુત્રીનું બહાનું બતાવતી. પરંતુ હવે મિટિંગોમાં જવા મારું મન તલપાપડ બની ગયું હતું. મેરીને સાચવનાર કોઈ ન હતું, તેથી અમે તેને પણ સાથે લઈ ગયાં. તે રાતે વક્તા બધી મિશનરી પત્નીઓ સાથે વાત કરતા હતા, પરંતુ મને લાગ્યું કે તે ફક્ત મારી સાથે જ વાત કરે છે.

મિટિંગ પૂરી થઈ, ત્યારે મેં અકીતોશીને કહ્યું, કે હું વક્તા સાથે વાત કરવા માગું છું. અમે થોભ્યાં અને ઈશ્વર મને જે શીખવવા માગતા હતા તે તેમણે મને ધીરજપૂર્વક સ્પષ્ટ કર્યું. પહેલાં તેમણે મને બોલવા દીધી, મારા હૃદયને ખુલ્લું કરવા દીધું, અને ત્યાં જે વલોવાઈ રહ્યું હતું તેને બહાર કાઢવા દીધું.

એ બધું જ બહાર આવ્યું - મારી ઇચ્છા મુજબ ઈશ્વરની સેવા ન કરી શકવાની અશક્તિને પરિણામે ઊપજતી નિરાશા, આદર્શ પતિની મારા ખ્યાલથી અકીતોશી કેટલા ઊતરતા છે તે અંગેનો મતિભ્રમ. અમારા

મિત્ર આગળ મારી નિરાશાની આવી વાતોથી અકીતોશીને આઘાત લાગ્યો. હું તેમની ગંભીર છતાં પ્રેમાળ આંખોમાં તે વાંચી શકતી હતી. જેમને માટે મને અતિ ઊંડો સ્નેહ હતો. તેમને વિશે આવું કહેતાં મને પણ વ્યથા થતી હતી. પરંતુ તે કહેવું અનિવાર્ય હતું. હું હવે વધુ વખત મારી લાગણીઓને હૃદયનાં કાળાં, ઊંડાં ને ઘેરાં સ્થાનોમાં છુપાવી રાખી શકું તેમ ન હતી. ત્યાંથી તો એ લાગણીઓ મને નિરંતર પીડા આપતી હતી. મારે માટે તેમને બહાર લાવવાનું કામ જરૂરી હતું, જેથી તેમને જોઈ શકાય ને તેમનો ઉકેલ લાવી શકાય.

મેં મારી વાત પૂરી કરી ત્યારે, અમારા મિત્રે પરમેશ્વરનાં વચનોમાંથી મને સમજાવવાનું શરૂ કર્યું. જાણે કે શ્રોતાઓ હજારોની સંખ્યામાં હોય તેમ તેમણે ધીરજપૂર્વક, કાળજીપૂર્વક ઈશ્વરનું વચન સ્પષ્ટ કરવાનું શરૂ કર્યું. હું પ્રત્યેક શબ્દ, પ્રત્યેક શબ્દસમૂહ અને પ્રત્યેક વાક્ય બરોબર સમજી શકું તે માટે પૂરતો સમય આપવા તે ધીમથી બોલ્યા.

"યોનેકો, જ્યાં સુધી તમે તમારા પતિની આજ્ઞાધીન પત્ની છો ત્યાં સુધી પત્ની તરીકે તમે જે ફરજ બજાવો છો તેને માટે ઈશ્વર તમને જવાબદાર ઠેરવતા નથી," તેમણે કહ્યું. "પત્ની તરીકે તમે આત્માઓ જીતવાનું તમારું પ્રારંભિક કાર્ય છે એવી તમારે માટે ઈશ્વરની ઇચ્છા નથી. પત્ની અને માતા તરીકેની તમારી ફરજોને ભોગે તમે સન્ડેસ્કૂલમાં શીખવો એ માટે તેમણે તમને તેડું આપ્યું નથી. હવે, કદાચ ઈશ્વર તમે સન્ડેસ્કૂલમાં શીખવો એવું ચાહે, પરંતુ તમારી મૂળભૂત ફરજ પતિને આધીન રહેવાની છે."

જોકે રૂઢિચુસ્ત જાપાની પદ્ધતિએ મારો ઉછેર થયો હતો અને જેમ મારી મા જીવતાં હતાં ત્યાં સુધી તેમના પતિને એટલે પિતાજીને શાસનમાં રહેવાનું છે તેવું બાળપણથી મને શીખવવામાં આવ્યું હોવા છતાં આ શબ્દોનો સ્વીકાર કરવાનું કામ મારે માટે સરળ ન હતું. વિશ્વાસી બન્યા છતાં સ્વતંત્ર રહેવાની ઇચ્છા મારા હૃદયમાંથી નિર્મૂળ થઈ ન હતી.

"વિવાહ પહેલાં તમે પતિ અંગેના જે આદર્શો સેવ્યા હતા તેને અનુરૂપ તમારા પતિ ન નીવડ્યા (સાબિત થયા) તેથી કદાચ તમને નિરાશા

ઊપજી હશે, પરંતુ તેથી તેમની સાથેના તમારા સંબંધોમાં કશો તફાવત ન પડવો જોઈએ. ઈશ્વર ઇચ્છે છે કે તમે એક આજ્ઞાધીન પત્ની અને તમારાં બાળકોની સાચી માતા બનો. જો તમે એવું કરશો તો તમે ઈશ્વરની ઈચ્છા જ પૂરી કરો છો તેની ખાતરી રાખજો. જો તમે જેટલી વાર ઈચ્છો તેટલી વાર સાક્ષી આપવા માટે બહાર ન જઈ શકો, અને જાઓ ત્યારે જેટલો સમય થોભવાની ઈચ્છા હોય તેટલો સમય થોભી ન શકો, તો ચિડાશો કે દુઃખી થશો નહિ. જો તમે સાચ્ચે જ આત્માઓ બચાવવા અંગે સચિંત હશો, તો ઈશ્વર જરૂરિયાતવાળા લોકોને તમારે આંગણે પહોંચાડી દેશે. યોનેકો, ચિંતા કરશોં નહિ. ઈશ્વર પોતાને માટે સાક્ષી આપવા તમને ઘણી ઘણી તકો પૂરી પાડશે."

એકમાત્ર મારી જ આંખોમાં આંસુ ન હતાં. મેં આંખમાં ઝળઝળિયાં સાથે અકીતોશી તરફ જોયું. તેમની આંખોમાં પણ આંસુ ઊભરાઈ આવ્યાં હતાં. અમારા દયાળુ અને સમજુ મિત્ર જોસેફ કેરોલની આંખોમાં પણ આંસુ દેખાતાં હતાં. મને લાગ્યું કે ઈશ્વર અમારી મધ્યે ઉપસ્થિત હતા. બીજાઓ પણ એવો જ અનુભવ કરતા હતા.

"બાઇબલમાં એવાં થોડાંક વચનો છે, જે તમે વાંચો એવું હું ઈચ્છું છું. તેમણે મારા બાઇબલમાંથી પીતરનો પ્રથમ પત્ર અને તેનો ત્રીજો અધ્યાય ઉઘાડ્યો. 'એ જ પ્રમાણે પત્નીઓએ તેમના પતિઓને આધીન રહેવું જોઈએ.'" (૧ પીતર ૩ : ૧).

મેં એ વાંચ્યું પછી તેમણે મને એફેસીઓને લખેલા સંત પાઊલના પત્રમાંથી પત્નીઓની ફરજો વિશે વાંચવાનું જણાવ્યું. મેં એફેસીઓને લખેલા પત્રના પાંચમા અધ્યાયમાંથી ૨૨ અને ૨૩ માં વચનો વાંચ્યાં.

"પત્નીઓ, જેમ પ્રભુને તેવી જ રીતે તમારા પતિને આધીન રહો. કારણ, જેમ ખ્રિસ્તને ધર્મસંઘ (ખ્રિસ્તી મંડળી) પર અધિકાર છે તે જ રીતે પતિને તેની પત્ની પર અધિકાર છે. જેમ ધર્મસંઘ ખ્રિસ્તને આધીન રહે છે તેમ જ પત્નીએ પ્રત્યેક બાબતમાં પતિને આધીન રહેવું."

"ઈશ્વર હું શું કરું તેવું ચાહે છે તે હું આ અગાઉ કદી સમજી ન હતી," મેં અટકીને બોલતાં કહ્યું.

પછી મેં માથું નમાવી, ઈશ્વર સમક્ષ મારી અનુચિત મનોવૃત્તિનો સ્વીકાર કર્યો. મેં મારા પતિ વિશે ફરિયાદો કર્યા કરી અને મારી રીતે તે વર્તે તેમ ઇચ્છ્યું, ને પોતાની જાતને નિરાશાનો ભોગ બનવા દીધી તે અંગે મેં ઈશ્વર સમક્ષ ખેદ વ્યક્ત કર્યો.

હું પ્રાર્થના કરતી હતી ત્યારે ઈશ્વરે મારા હૃદયની કેન્સર જેવી વિરૂપતા દૂર કરી, અને એક આશ્ચર્યજનક શાંતિ મારા મનમાં વ્યાપી રહી. મારા સમગ્ર અસ્તિત્વમાંથી આનંદના ઓઘ ઊમટ્યા. તે સમયથી પત્ની અને મા અંગેની ફરજો પ્રત્યેનું એક નવું વલણ મારામાં પ્રગટ્યું. રસોઈ કરવામાં, સીવવામાં ને ઘરના સફાઈકાર્યમાં મને આનંદની અનુભૂતિ થવા લાગી.

વર્ષો પછી, અમારી બંને પુત્રીઓએ કહ્યું કે, તેમણે દુઃખને કારણે મને નથી રડતાં જોઈ, કે નથી કદી ફરિયાદ કરતાં નિહાળી. હું તે માટે કશો ગર્વ કરી શકું નહિ. જ્યારે તે રાતે મેં સંપૂર્ણપણે મારી જાતને ઈશ્વરને સમર્પિત કરી, ત્યારે મારા જીવનમાં જે પરિવર્તન આવ્યું તેનું જ એ પરિણામ છે, એમ લાગ્યું.

પાસ્ટર કેરોલે મને કહ્યું હતું કે હું લોકો સાથે ઈશ્વર અંગે સાક્ષી આપી શકું તે માટે ઈશ્વર તેમને મારે આંગણે મોકલી આપશે, એવું બને તે માટે હું ઈશ્વરની પ્રાર્થના કરતી રહી. પરંતુ જો ઈશ્વરની ઇચ્છા હોય તો હું મારાં બાળકો અને ઘરની દેખભાળ રાખતાં જિંદગીભર પાર્શ્વભૂમિકામાં રહેવા તૈયાર હતી. અમારા મિત્રે જણાવ્યું હતું તેવું જ બરોબર બન્યું. પહેલાંના કરતાં ઘણા મોટા પ્રમાણમાં ઈશ્વરની સાક્ષી આપવાની તકો ઈશ્વરે મને પૂરી પાડી.

અમારા ઘરમાં ચાલતા બાઈબલઅભ્યાસનાં સારાં પરિણામો આવવા લાગ્યાં; અને જ્યારે જ્યારે હું આડોશપાડોશમાં જતી, ત્યારે મને મારા વિશ્વાસમાં બીજાંઓને સહભાગી બનાવવાની તકો મળતી પ્રતિદિન હું વસ્તુઓ ખરીદવા પ્રોવિઝન સ્ટોર (કરિયાણાની દુકાન)ની મુલાકાતે જતી, અને ત્યાં મને મળતા લોકોને ટ્રાક્ટો (ચોપાનિયાં) વહેંચતી.

લોકોએ પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું, તેમને આપણા અદ્‌ભુત ઈશ્વર વિશે જણાવવાની આ રીતે મને તક મળી જતી.

અમારા ઘર અને અમારા નાના જાપાની ગામથી ઘણાં દૂરનાં ક્ષેત્રોમાં મને આપણા પ્રભુ અને મુક્તિદાતાની સાક્ષી આપવાના પ્રસંગો ભવિષ્યમાં સાંપડવાના હતા, પરંતુ હું એ સમયે એ વિશે જાણું એવું ઈશ્વર ઇચ્છતા ન હતા. હું સંપૂર્ણપણે મારી જાતને તેમના હાથોમાં સમર્પિત કરી દઉં ત્યાં સુધી તે મારા હૃદયમાં કાર્ય કરવા માગતા હતા.

# પ્રકરણ : ૧૧

ફ્યુજી પર્વતના પશ્ચિમ ઢોળાવ પરની તળેટીમાં આવેલા મિનોબૂ શહેરમાં જવાનું ઈશ્વરે તેડું મોકલ્યું તે પહેલાં અકીતોશીને એક નાના ચર્ચ ઉપર પાસ્ટર તરીકે નિમણૂક મળી હતી. મિનોબૂ નગરની વસ્તી લગભગ દસ હજાર છે અને તે બૌદ્ધભક્તો માટે એક અત્યંત પવિત્ર સ્થળ મનાય છે.

આખા જાપાન દેશમાંથી શ્રદ્ધાળુ ભક્તોનાં ટોળેટોળાં એરોપ્લેનો દ્વારા મિનોબૂમાં ઊતરી આવે છે. તીર્થયાત્રીઓની મોટી સંખ્યા બસ અને ટ્રેઈન દ્વારા પણ આવે છે. બૌદ્ધભક્તો માટે આ સ્થાન મુસ્લિમોના મકકા જેવું પવિત્ર છે.

અત્યંત ઝડપી રેલવે ટ્રેઈનો દ્વારા આવતા બૌદ્ધભક્તો જ્યાં ઊતરે છે તે સ્ટેશનની પાછળ જ આ નાનકડું ખ્રિસ્તી મંદિર આવેલું છે. એવું લાગે છે કે વિશેષ ધ્યાન ન ખેંચે એવી જગ્યાએ આ ચર્ચને બાંધવાનું કોઈ ચોકકસ કારણ હોવું જોઈએ.

બહુ થોડા સ્થાનિક માણસોને આ ચર્ચના અસ્તિત્વનું ભાન છે. કદાચ કેટલાકની દ્રષ્ટિ તેના પર પડી હશે, પરંતુ એને તે ઓળખી શક્યા નહિ હોય. કદાચ કેટલાકને એના અસ્તિત્વની જાણકારી હશે તોપણ તેઓ એનાથી પ્રભાવિત થયા નહિ હોય.

મિનોબૂના મોટા ભાગના નિવાસીઓ ખ્રિસ્તી ધર્મને તિરસ્કારથી જોતા, તેથી આ સંઘર્ષ કરતો નાનકડો ધર્મસંઘ (ખ્રિસ્તી મંડળી) તેના અસ્તિત્વથી પરિચિત લોકોની પણ ઉપેક્ષાનો ભોગ બનતો. થોડાક વૃદ્ધો અને મિશનરીઓ આ સામાન્ય ઘર જેવા ભાડે રખાયેલા ચર્ચમાં ભક્તિસભા માટે આવતા. આ એક અત્યંત નાની ટોળી હતી. બસ એટલું જ હતું.

અહીંના જૂના મિશનરીઓ રજા ગાળવા અમેરિકા ગયા ત્યારે તેમના સ્થાન પર મિ. અને મિસિસ વિલાર્ડ રેમર ત્યાં નિમાયાં. તે પછીના થોડા જ સમયમાં અકીતોશીને ત્યાં એક રવિવારે ઉપદેશ કરવા માટે આમંત્રણ મળ્યું.

"જો તમે બંને અહીં આવીને અમારી મદદ કરો તો કેટલું સારું !" રેમરે કદાચ મજાકમાં કહ્યું. "અહીંના લોકો એક પાસ્ટર માટે પ્રાર્થના કરી રહ્યા છે અને અમે પણ એક સહાયક માટે પ્રાર્થના કરીએ છીએ. અમારા ચર્ચનું મકાન ખરેખર તો એક ઘર છે, તેથી તમને ત્યાં રહેવાનું પણ મળી જશે."

એ કશી ગંભીરતાથી વાત કરતા ન હતા અને અમે પણ વાતને ગંભીરતાથી ન લીધી. અમે બધા એ વિષય પર હસતા હતા. પરંતુ ઈશ્વર તે અંગે ગંભીર હતા. તેમણે અમારી સાથે વાત પણ કરી. થોડા જ સમય બાદ અમે મિનોબૂમાં પાછાં ફર્યાં અને અમારા નાનકડા કુટુંબ માટે એ ઘરને રહેણાકને યોગ્ય બનાવવાના કામમાં ગૂંથાઈ ગયાં.

અમે ત્યાં હતાં તે દરમ્યાન મને ઘણી વસ્તુઓ શીખવાની મળી. ભક્તિસભામાં બહુ થોડા લોકો આવતા, પરંતુ તેઓ ઉત્તમ કોટિના ખ્રિસ્તીઓ હતા. એક સાંજે હું સાંજનું ભોજન તૈયાર કરી રહી હતી ત્યારે મને સમજાયું કે ઘરમાં ફક્ત બટાકા જ છે, અને બીજું કંઈ ખરીદવા માટે પૈસા નથી. કામ કરતાં કરતાં હું પ્રાર્થના કરતી હતી. પતિ અને બે ભૂખ્યાં બાળકો માટે આવું અપૂરતું ભોજન તૈયાર કરવાનું કોઈને પણ ગમે નહિ.

હું હજુ તો બટાકા છોલતી જ હતી ત્યાં તો એક ખ્રિસ્તી મહિલા હાથમાં ભોજન લઈને દ્વાર પર આવી ઊભાં રહ્યાં. "આજે બપોર પછી ઈશ્વરે મને કહ્યું કે અમારી પાસે જે કંઈ ખોરાક હોય તેમાં અમારે આપને પણ સહભાગી બનાવવાં," તેમણે કહ્યું. "અમારે ત્યાં હમણાં જ ડાંગરનો નવો પાક થયો, અને અમે લણવાનું પૂરું કર્યું ત્યાં સૌથી પહેલાં તમે જ અમને યાદ આવ્યાં." એ લોકો પ્રમાણમાં ગરીબ હતાં, છતાં અમારો પગારનો ચેક મળ્યો ત્યાં સુધી અમને પૂરતો થઈ પડે તેટલો ખોરાક લાવ્યાં હતાં.

અમે તે જ વિસ્તારના એક અન્ય ચર્ચમાં પણ સેવાકાર્ય કર્યું, અને કેટલાંક વર્ષો પછી ઈશ્વર અમને મહાનગર ટોકિયોમાં લઈ આવ્યા, જ્યાં અકીતોશીએ અમારે માટે મકાન પણ બાંધ્યું.

હું આ નવા ક્ષેત્રમાં મારા પતિના કાર્યનું ઓછું મૂલ્યાંકન કરવા માગતી નથી. અમને બંનેને રોમાંચક લાગે તેવી રીતે ઈશ્વરે તેમનો ઉપયોગ કર્યો હતો, અને આ નવી કામગીરી પણ અન્યના જેટલી જ, ફળદાયી કે સફળ નીવડી. જે રીતે ઈશ્વરે પેલા હબસી ખોજાને મળવા ફિલિપને ગાઝાના રણમાં મોકલ્યા હતા (પ્રે. કૃ.૮ : ૨૬ - ૩૯) તે જ રીતે ઈશ્વરે એક દૈવી કામગીરી માટે અમને તે ચોક્કસ સ્થળે અને ચોક્કસ સમયે મોકલ્યાં હતાં.

અ સમય દરમ્યાન અમારી દીકરીઓ મેરી અને રૂથ કિંડરગાર્ટન અને નર્સરી સ્કૂલમાં જવા જેટલી મોટી થઈ હતી. જ્યારે જ્યારે શાળામાં વાલી-સંમેલન હોય, ત્યારે અકીતોશી મને મોટરસાઇકલ પર બેસાડીને લઈ જતા હતા. મારી મદદ માટે એક યુવતીને મારે ત્યાં મોકલી આપવા ઈશ્વરે એ મિટિંગોનો ઉપયોગ કર્યો. તે પણ પોતાના જીવનથી એટલી બધી નિરાશ થઈ ગઈ હતી કે તેણે એક ચાલતી ગાડી આગળ પડતું મૂક્યું હતું.

તે દિવસે બપોરે જ્યારે અમારા ઘર આગળ એક કાર ઊભી રહી અને તેમાંથી એક મોટી ઉંમરનાં મહિલા અને બે યુવતીઓ ઊતર્યાં ત્યારે કોઈ કારણસર અકીતોશી ઘેર જ હતા. અકીતોશીએ મુલાકાતીઓને ઘરમાં આવવાનું આમંત્રણ આપ્યું અને મેં તેમને માટે ખુરસીઓ પર ગાદીઓ મૂકી. આવાં કીમતી વસ્ત્રો પરિધાન કરેલી સ્ત્રીઓ અમારા જેવા સામાન્ય ઘરની મુલાકાતે કેમ આવી હશે તે અંગે હું વિચારતી હતી. તેઓ ક્ષોભ પામેલી અને નિરાશ હતી એ તો સ્પષ્ટ હતું. જે દુઃખિત આંખોવાળી યુવતી પેલી મહિલા જેવી જ રૂપેરંગે દેખાતી હતી તેના વિશે પેલી મોટી વયની સ્ત્રીએ ધાંધલધમાલ મચાવી. અકીતોશીએ મને કહ્યું કે, "એ દિવસે જ્યારે પહેલી વાર હું તને જોવા હોસ્પિટલમાં આવ્યો હતો તે દિવસ પછી આટલી બધી દુઃખિત કોઈ વ્યક્તિને મેં જોઈ નથી."

જોકે તે દુઃખી યુવતીએ પોતાના કિમોનોની લાંબી બાંયો નીચે બધું છુપાવવાનો પ્રયત્ન કર્યો હતો, છતાં મેં જોયું કે તેનો ડાબો હાથ ખભાથી કાપી નાખવામાં આવ્યો હતો અને તેનો જમણો હાથ પણ ન હતો. હું અપંગ બની ગઈ હતી એ સત્ય હકીકત છુપાવવાના પ્રયાસોમાં મને કેટલી બધી શરમ લાગતી એ દિવસો મને યાદ આવ્યા.

માએ જે બધી વાતચીત કરી. જાપાની સભ્યતાનું પાલન કરતાં તેમણે કહ્યું કે, "આ રીતે તમારા ઘરમાં કસમયે આવી ચડતાં અમને દુઃખ થાય છે પરંતુ મારા કેટલાક મિત્રોએ તમારે વિશે મને જણાવ્યું હતું. જોકે હું તમારું નામ પણ જાણતી ન હતી અને તમારું ઘર શોધતાં અમને ઘણી મુશ્કેલી પડી, છતાં અમારે આવવું જ પડે તેમ હતું."

"એક યુવાન સ્ત્રી શાળાના વાલીઓની સભામાં આવે છે," તેમના મિત્રોએ તેમને કહ્યું હતું, "એના શરીરનાં અંગો કપાઈ ગયેલાં છે, છતાં એ એટલી બધી પ્રસન્નચિત્ત, સંતોષી અને આત્મવિશ્વાસથી ભરી ભરી રહે છે કે અમને લાગે છે કે તે તોમિકો - સાનને મદદ કરી શકશે."

"આ અકસ્માત બન્યો છે ત્યારથી તોમિકો માટે જીવન દુઃખી દુઃખી બની ગયું છે," એ મહિલાએ પોતાની વાત પૂરી કરતાં કહ્યું. "અમને આશા છે કે કદાચ આપ તેને મદદ કરી શકશો."

જેણે મારા જેવી જ મુશ્કેલીઓનો સામનો કર્યો હતો તેવી યુવતી સાથે ઈશ્વરના પ્રેમ, શક્તિ અને માર્ગદર્શનમાં સહભાગી થવાની આ તક આપવા બદલ મારું હૃદય ઈશ્વરની સ્તુતિ કરી રહ્યું. જે ભારે ઉત્પતિ તોમિકો-સાન અનુભવતી હતી તેનો મને પરિચય હતો. હું પણ એવી જ ભારે અને જટિલ નિરાશામાંથી પસાર થઈ હતી.

"હું આપની સહાય કરવા માટે મારી જાતને ધન્ય માનીશ." હું અમારી અપંગ અતિથિ તરફ ફરી અને પોતાની દેખભાળ કરવા માટેની કઈ કઈ બાબતો તે શીખી છે તે અંગે મેં તે યુવતીને પ્રશ્નો પૂછવા માંડ્યા.

આત્મકરુણાથી તેના હોઠ કાંપી ઊઠ્યા અને મને તરત જ સમજાઈ ગયું કે તેની માના મનમાં તો એક ભિન્ન પ્રકારની સહાયના વિચાર ચાલતા હતા: જાણે કે આવી વાત સૂચવવામાં પણ મેં ભૂલ કરી હોય

તેમ તે જાણે દોષ દર્શાવતાં હોય તેમ વચ્ચે બોલી ઊઠ્યાં, "મારે તો તેને ખવડાવવું પણ પડે છે."

"તોમિકો-સાન, ભોજન કરવાનું તો તમે શીખી જ શકો," મેં કહ્યું.

"તે કેવી રીતે શીખી શકે ?" તેની માતાએ આક્રોશ પ્રગટ કરતાં કહ્યું. "તેને કોઈ હાથ નથી. મારે જ તેને કપડાં પંહેરાવવાં પડે છે, બદલાવવાં પડે છે અને તેને શૌચાદિમાં પણ સહાય કરવી પડે છે. તે તો નથી બારણાં ખોલી શકતી કે નથી બંધ કરી શકતી કે નથી કાગળ લખી શકતી." તેમણે નિરાધારી સૂચવતા હાવભાવ કરતાં કહ્યું. "તે પોતાની જાતે કંઈ જ કરી શકતી નથી, અને હોસ્પિટલમાંથી તેને રજા મળી ત્યારથી હું તેની સાથે જ છું."

"હું જાણું છું કે એ મુશ્કેલ છે," મેં સ્વીકાર્યું, "પણ... "

"તે ખૂબ દુઃખી છે," હું વાક્ય પૂરું કરી રહું તે પહેલાં મારી વાતને કાપી નાખતાં તેની માએ કહ્યું, "જે ભયંકર વસ્તુ તેના સંબંધમાં બની છે તેનો સ્વીકાર કરી લેવા માટે અને ફરીથી સુખી થથા સંતોષી બનવા આપ તેની મદદ કરી શકશો એવું અમે માનીએ છીએ."

મને મનમાં થયું કે હું તેમની સાથે ઈસુ ખ્રિસ્ત વિશે અને એ ત્રણે માટે તે શું કરી શકે તેની વાત કરું, પરંતુ પવિત્ર આત્માએ માત્ર સામાન્ય રજૂઆત કરવા મને પ્રેરણા આપી. મેં તેમને મારા પગોનાં ઠૂંઠાં બતાવ્યાં અને જણાવ્યું કે હું પણ એક વાર દુઃખી અને દયાજનક સ્થિતિમાં હતી, પરંતુ હવે હું ઘણી સુખી છું.

મેં શક્ય તેટલી રીતે તોમિકો-સાનને પ્રોત્સાહિત કરવાના પ્રયાસ કર્યા. તેઓ જતાં હતાં ત્યારે મેં તેને ફરી આવવાનું અને અમને મળવાનું આમંત્રણ આપ્યું. થોડા જ દિવસોમાં તેઓ પાછાં આવ્યાં અને અમે મિત્રો બની ગયાં.

જેમ મેં કર્યું હતું તેમ તેને પોતાની દેખભાળ કરવાનું શીખવાની જરૂર છે તેવું અમને લાગ્યું, પરંતુ તેવું થઈ શકે તે પહેલાં તેને કૃત્રિમ અંગ બેસાડવાની મદદની જરૂર છે. અપંગો માટે કઈ કઈ સરકારી સહાય મળી શકે છે એ વિશે અકીતોશી જાણતા હતા, તેમણે તે અંગે જણાવ્યું.

તોમિકો-સાન ત્યાં જવા ઉત્સુક હતી, પરંતુ તેની માની બહુ ઇચ્છા ન હતી.

"તેઓ શું કરશે ?" તેમણે પૂછ્યું.

"તેઓ તેને તપાસશે અને કૃત્રિમ હાથો અને આંકડીઓ તેને લગાડશે."

તેમના ગંભીર ચહેરા પર વેદના ઊપસી આવી. "તેઓ એવું કરે તેની જ મને બીક છે. હું તેવું થાય એવું ઇચ્છતી નથી. અમે તેમને મળવા નહિ જઈએ."

અકીતોશીએ ધૈર્યથી કામ લીધું, પરંતુ તેમણે આગ્રહ કરવાનું ચાલુ રાખ્યું. આવાં સાધનોથી તોમિકો-સાન પોતે પોતાની મદદ કરી શકશે, અને તે પોતે એકલી પણ રહી શકશે.

"તોમિકોના શરીર પર ધાતુનાં અંગો લગાડાતાં જોઈને મને એટલું દુઃખ થશે કે હું તેને સહન કરીશ નહિ," યુવતીની માતાએ કહ્યું, "જ્યારે પણ હું તે હાથોને જોઈશ......"

બીજી વાર જ્યારે તે મળવા આવ્યાં, ત્યારે સરકાર પાસેથી કઈ મદદ મળી શકે તે જોવા તેમની પુત્રીને ત્યાં જવાની પરવાનગી આપવા અકીતોશીએ તૈયારી દર્શાવી, ત્યારે તેની મા સંમત થયાં. જોકે તોમિકો-સાનના પિતા ઘણા શ્રીમંત હતા, પરંતુ તે શરાબી હતા અને તેમના પર ભરોસો મૂકી શકાય તેવું ન હતું. તેતો શરાબ પીધા કરતા અને બીજાને પરેશાન કર્યા કરતા. વાસ્તવમાં, તેમના દારૂ પીવાને કારણે કુટુંબ પર જે દુઃખ અને સંકટ ઊતરી આવ્યાં હતાં તેને જ કારણે તોમિકોએ આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો.

સરકારી કેન્દ્રના કર્મચારીઓ સમજુ અને મદદ કરવાની મનોવૃત્તિવાળા હતા. તેના ઠૂંઠા હાથ ઉપર આંકડી ચડાવી અને તેના શરીર પરના મજબૂત પટા સાથે બાંધી શકાય તેવા કૃત્રિમ હાથ ફીટ કરવામાં આવ્યા. એ હાથનો કેવી રીતે ઉપયોગ કરવો તેની બુનિયાદી તાલીમ પણ તેને આપવામાં આવી. હવે કૌશલ્ય પ્રાપ્ત કરવાની જવાબદારી તેની હતી.

હું અને અકીતોશી તેને ક્યારે પોતાની મદદ કરવાનાં સાધનો મળે અને શરૂઆત કરવા તે શું કરી શકે તે અંગે વિચારતાં હતાં. હજુ પણ તે પ્રથમ વાર અમારે ત્યાં આવી ત્યારે જેવી પોતાની સંભાળ પોતે જ લેવાના રસના અભાવવાળી અને ચેતનાના ધબકાર વિનાની ઉદાસ હતી, તેવી જ હતી.

"જ્યાં સુધી તું તેને તેની માતાથી અલગ નહિ કરી શકે, તું તેને પોતાને માટે કાંઈપણ કરવા માટે તેને તૈયાર નહિ કરી શકે . તેની મા જ તેને ગૂંગળાવી રહી છે," અકીતોશીએ કહ્યું.

જ્યારે તેઓ ફરી વાર અમને મળવા આવ્યાં ત્યારે મેં તેનામાં રસની એક ચિનગારી પ્રગટાવવાનો પ્રયત્ન કરતાં કહ્યાં, " તોમિકો-સાન, શું તું હવે જાતે જ તારા વાળ ઓળી શકીશ અને જાતે ખાઈ શકીશ તેવી તને ઉત્તેજના થતી નથી ?"

તેના હોઠ ધ્રૂજ્યા. "હું એ બધું કેવી રીતે કરી શકું ? મા હજુ તો મને નાના બાળકની જેમ ચમચાથી ચા પીવડાવે છે. મારે જોઈતું બધું જ બીજાં મારે માટે કરે છે."

મને તે બંને પર ક્રોધ ચડ્યો. "તારે ચમચાથી ચા પીવાની કોઈ જરૂર નથી. તારી ઈચ્છા ન થાય ત્યાં સુધી પ્યાલો ઊંચકવાની પણ કોઈ જરૂર નથી. તું શા માટે સ્ટ્રો (પીવાની નળી)નો ઉપયોગ કરતી નથી ?"

એની મા તો એને પક્ષે કૂદી પડવા તૈયાર જ હતાં, પરંતુ તોમિકો -સાનના મોં પર શંકાશીલતાના ભાવ આવ્યા. "મેં એવી રીતે કરવાનું તો કદી વિચાર્યું જ ન હતું."

જ્યારે હવે પોતાની સંભાળ પોતે જ લઈ શકે તેવાં સાધનો તેની પાસે ઉપલબ્ધ હતાં ત્યારે તેણે આવી રીતે વિચારવું જોઈએ એવું મેં તેને જણાવ્યું. જે જે તે કરવા માગે તે કરવા માટે તેને સંઘર્ષ કરવો જ રહ્યો. નવાં નવાં કામો કરવા હવે તેણે જુદી જુદી પદ્ધતિઓ અજમાવવી જ રહી. એ કંઈ સરળ ન હતું. તેણે ઘણી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે, અને જાતે પોતાની સંભાળ લેવાના માર્ગે આગળ વધવા માટે નવાં નવાં કૌશલ્યો પર પ્રભુત્વ મેળવવા માટે કૃતનિશ્ચયી બનવું પડશે.

તે પ્રયત્નો કરવા માટે તૈયાર હોય તેવા ભાવ તેના મોં પર દેખાયા. હું આ જ પળની વાટ જોતી હતી. તે થોડા દિવસ અમારી સાથે રહેવા માટે મેં તેને આમંત્રણ આપ્યું. એ તો અકીતોશીની યોજના હતી, અને મને તે ગમી હતી. અમારે કોઈપણ હિસાબે તેને તેની માતાથી અલગ પાડવી હતી. જોકે તે યુવતી તો અમારી સાથે રહેવા ઉત્સુક હતી, પરંતુ તેની માને તે કંઈ બહુ ડહાપણભરેલું લાગ્યું નહિ.

"હોસ્પિટલમાંથી તેને મુક્તિ મળી પછી એક પણ રાત અમે જુદાં રહ્યાં નથી," તેમણે કહ્યું. "કોળિયા ભરી ભરીને મેં તેને જમાડી છે. ઊંઘવા જતી વખતે તેનાં કપડાં બદલ્યાં છે. મને લાગે છે કે તમે મારા જેવી તેની સેવા કરી શકશો નહિ."

વાસ્તવમાં તો તે એવું કહેવા માગતા હતા કે હું તેમની દીકરીની સંભાળ લેવા માટે યોગ્ય નથી. તોમિકો-સાનને ઘણી મદદની જરૂર પડે છે, પરંતુ બહુ ભારપૂર્વક તે જે માનતાં હતાં તે કહી ન શક્યાં.

"અમારું ગાડું ગબડશે," મેં તેમને ખાતરી આપતાં કહ્યું.

અનિચ્છાએ તે પોતાની પુત્રીને અમારે ત્યાં થોડા દિવસ રહેવા દેવા સંમત થયાં. "પણ તમે તેની સારી રીતે સંભાળ તો રાખશો ને?" તેમણે દયાજનક રીતે કહ્યું. "તોમિકો તો અત્યંત અસહાય છે . તમારે તેને માટે બધું જ કરવું પડશે."

માના ગયા પછી તરત જ પુત્રીનું શિક્ષણ શરૂ થઈ ગુયં. "હું શૌચાલય જવા માંગું છું," તેણે કહ્યું.

"તું કેવી રીતે જાતે એ કરી શકે એ હું તને બતાવીશ."

"પણ હું નહિ કરી શકું."

"તેં કદી પ્રયત્ન કર્યો નથી."

જ્યારે તેણે જોયું કે હું તો એ બધું પોતે કરે તેવું ઈચ્છું છું, ત્યારે તેને ગભરાટ થયો. "ના, હું એ નહિ કરી શકું. મેં જાતે એ કદી કર્યું નથી."

મેં તેની સાથે દલીલ કરવાનો પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. મેં જેમ વધુ દલીલ કરી, તેમ તો તેને ખાતરી થઈ ગઈ કે તે પોતાને માટે કશું કરી શકે તેમ નથી.

હું કઠોર અને નિર્દય બનવા માગતી ન હતી. મારી પાસે બેઠેલી તે દુ:ખિત યુવતીને જોઈ મારું હૃદય ભરાઈ આવ્યું. જે ઘોર વ્યથા તે અનુભવતી હતી તેનાથી હું પરિચિત હતી. પરંતુ તેને સ્વતંત્ર કે સ્વાવલંબી બનાવવા માટેના પ્રયત્નો પણ એટલા જ જરૂરી હતા. "તોમિકા-સાન," મેં દ્રઢતાપૂર્વક કહ્યું, "એવી વાત કરીશ મા. મહેરબાની કરી એવું વિચારીશ પણ નહિ. તું એ શીખી શકે તેમ છે. માત્ર તારું મન મજબૂત કર."

તેના હોઠ ધ્રૂજ્યા, અને તેની આંખોમાં આંસુ દેખાયાં.

"હું શૌચાલયમાં તારી સાથે આવીશ અને તું શીખી જઈશ ત્યાં સુધી ત્યાં રહીશ. મને ખાતરી છે કે તને આવડી જશે."

"આ હાથોથી ?" એણે દયાજનક રીતે કહ્યું, અને પોતાના કૃત્રિમ હાથોની આંકડીઓ તરફ જોયું.

મે પણ ઘણાં વર્ષો પહેલાં કૃત્રિમ હાથ પહેરવાના પ્રયત્ન કર્યા હતા, પરંતુ તે ખૂબ વજનદાર અને કષ્ટસાધ્ય હોવાથી પ્રયત્નો મૂકી દીધા હતા, તેથી હું તેની લાગણીઓ સમજી શકતી હતી. છતાં, મેં મારી સહાનુભૂતિ દબાવી રાખી. હવે તે કટોકટીની ધાર પર આવી પહોંચી હતી. તે કાં તો મોટા પ્રમાણમાં સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકે, કાં તો સંપૂર્ણ અસહાયતામાં જ કાયમ માટે ડૂબેલી રહે. જો અત્યારે પ્રયત્ન કરવાનું મૂકી દેવાની છૂટ તેને આપવામાં આવે, તો તે પરાજિત જ થઈ જાય. મને તેના પ્રત્યે ખૂબ સ્નેહ હતો, તેથી એવું થાય તેમ હું ઈચ્છતી ન હતી. મેં સાચી વાત કહેવા અને કરવા માટેની હિંમત અને માર્ગદર્શન મેળવવા શાંત પ્રાર્થના કરી.

"હા, એ હાથોથી જ." મારો અવાજ ઠંડો અને લાગીણીવિહીન હતો. "ચાલ."

અમે કેટલી વાર અંદર રહ્યાં અને કેવી રીતે જાતે સફાઈ કર્યા પછી તે વસ્ત્રો પહેરી શકી, તે મને બરોબર યાદ નથી, છતાં તે કરી શકી. અમને અમારા નિર્બળ નિર્દેશોનું પાલન કરવા ઈશ્વરે મને ધૈર્ય આપ્યું અને તેને આત્મવિશ્વાસ અને નિશ્ચયબળ પૂરાં પાડ્યાં.

અંતે તે સફળ થઈ. "હું તે કરી શકું છું." તેણે મોટેથી બૂમ પાડતાં કહ્યું. "હું મારાં વસ્ત્ર પહેરી શકું છું."

બીજા ખંડમાં બેઠેલા અકીતોશીએ તેનો અવાજ સાંભળ્યો અને તેમણે પણ મારી આભારસ્તુતિની પ્રાર્થનામાં પોતાનો સૂર મિલાવ્યો. તે તો તોમિકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અંગે જ નહિ, પરંતુ તેના આત્મા માટે પણ પ્રાર્થના કરતા હતા. આ તો અમારે માટે તેની સાથે અને તેના કુટુંબ સાથે પ્રભુ ઈસુ ખ્રિસ્તના શુભસંદેશમાં સહભાગી થવાનું દ્વાર બની જાય તે માટે તેમણે ઈશ્વરની પ્રાર્થના કરી.

આ પ્રથમ વિજયની જ તેને જરૂર હતી. તેના દુઃખિત ચહેરા પરથી તંગદિલી હળવી થઈ, અને તેની આંખોમાં આશાનો ઝાંખો પ્રકાશ દેખાવા લાગ્યો. જો તમે એક પુખ્ત વયની વ્યક્તિ તરીકે સંપૂર્ણપણે બીજા પર આધાર રાખનાર કદી ન બન્યાં હો, તો આ નાની અમથી વાત પોતાની જાતે કરી શકવાનો તેનો હર્ષોલ્લાસ તમે સમજી ન શકો.

કોઈની મદદ વગર વસ્ત્ર પહેરવાં એટલો જ તોમિકો માટે તેમાં અર્થ ન હતો. તેની આત્મહત્યાના નિષ્ફળ પ્રયત્ન પછી તેની વિહ્વળ માતા જે કહેતાં તે જ તે માનતી હતી - એટલે કે તે અસહાય બની ગઈ હતી, અને કશું પણ કરી શકે તેમ ન હતી. તેની મા સતત તેની સંભાળ લેતાં હોવાથી તે એવું માનવા પ્રેરાઈ હતી. મારાં માએ પણ એવું જ કર્યું હોત. તેની માને એ સમજાયું ન હતું કે આને પરિણામે એમની દીકરી પોતાની અસહાય સ્થિતિ માટે પોતાની જાતનિ ધિક્કારતી થઈ હતી. ભવિષ્ય પણ જાણે તેને અંધકારમય દેખાતું હતું. તેને તો એમ જ લાગતું કે તે જાણે બીજા માટે બોજારૂપ બનવા જ નિર્માઈ છે. એ જ તેના દુઃખનું મુખ્ય કારણ હતું.

હવે આશા જાગૃત થઈ હતી.

અકસ્માત પછી હવે પ્રથમ જ વાર તે જાતે વસ્ત્ર પહેરી શકી હતી . જો તે એ કામ કરી શકે, તો એ જાતે ખાઈ શકે, રાંધી શકે અને સફાઈકામ પણ કરી શકે. અમારી મુશ્કેલીઓ ભિન્ન પ્રકારની હોવાથી તેને જુદી રીતે જ શીખવું પડે, પરંતુ હવે તે રસ્તે ચઢી ગઈ હતી. તેના દુઃખનો નિષ્ક્રિય સ્વીકાર હવે દ્રઢ મનોબળથી દૂર થઈ રહ્યો હતો.

"યોનેકો, તમે તો પોતે પોતાની દેખભાળ કરવાનું, ઘર અને બાળકો તથા પતિની સંભાળ લેવાનું શીખી ગયાં છો," છલકાતા ઉત્સાહથી તે કહેતી, "હું પણ, તે કરી શકીશ."

અને તે શીખી ગઈ.

પછીના એ રોમાંચક દિવસોમાં તોમિકો સાથે જે કામ કરવાનાં હતાં તે એક ઉત્તેજનાપૂર્ણ રમત જેવાં બની રહ્યાં. દરેક નવું કામ હવે એક પડકાર હતો અને તોમિકો એ પડકાર ઝીલી લેવા તૈયાર રહેતી. જો તે નિષ્ફળ જતી તો તે ગંભીરતાપૂર્વક ફરી પ્રયત્ન કરતી.

"મારે માટે કામ કરવાનો એક માર્ગ છે," તે કહેતી, "મારે ફક્ત કેમ તે કરવું એ શીખવાનું છે." ધોવા માટે ડિશો કેમ પકડવી તે અંગે તે મને પૂછતી. પછી તરત જ, જાણે કે હું તેને માટે ઉત્તર શોધી આપીશ એવી બીકથી તે બોલી ઊઠતી, "મને કહેશો નહિ ! મને જાતે તે કરવા દો !"

ક્યારેક હું સૂચનો કરતી, પણ તેની ભાગ્યે જ જરૂર પડતી. તેનું વલણ બદલાયું હતું, અને તે સાથે તેનું સમગ્ર વ્યક્તિત્વ પણ.

જેમ પતંગિયું પોતાનો કોશેટો ફેંકી દે તેમ તેણે પોતાની ગ્લાનિ દૂર કરી દીધી, અને તેના સ્મિતમાં પણ સુખ અને આનંદ ઝળકવા લાગ્યાં. "નહિ થઈ શકે" એ હવે તેને માટે "થઈ શકશે" બની ગયું. અને શીખવાની અદ્ભુત દુનિયાનો જેમ એક બાળકને પ્રત્યક્ષ અનુભવ થાય તેમ તે ઉત્સાહથી એક પછી એક કૌશલ્યો પર પ્રભુત્વ પ્રાપ્ત કરવા લાગી. જ્યારે તેમની ચિંતાતુર મા થોડા દિવસો પછી મળવા આવ્યાં, ત્યારે આશ્ચર્યચકિત બની ગયાં.

"તોમિકો, મને તો વિશ્વાસ જ આવતો નથી," તે વારે વારે કહેતા. "હું તે માની શકતી જ નથી." અને તેમની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં અને થોડો સમય તો તે બોલી પણ શક્યાં નહિ.

"મને તો ખબર ન હતી કે આપ બંને આવી અદ્ભુત રીતે તેને મદદ કરી શકશો." તેમણે રુંધાયેલે ગળે જણાવ્યું. "અમે તો એવું માનતા હતા કે આપ તેને પોતાની દયનીય સ્થિતિ સ્વીકારી લેવાનું કહેશો અને દુઃખી ન થવાનું જણાવશો."

તે દિવસે અમે તોમિકો અને તેની માને ઈસુ ખ્રિસ્તમાં સહભાગી બનાવ્યાં. તેમણે સાંભળ્યું તો ખરું પણ તાત્કાલિક ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો નહિ. પોતાના પૂર્વજોની ઉપાસનાનો ત્યાગ કરવો કોઈપણ જાપાની માટે સરળ નથી. પરંતુ ઈશ્વરે તેમની સેવામાં અમને ટોકિયોથી ઓકીનાવા લઈ ગયા તે પહેલાં તે બંને વિશ્વાસી બની ગઈ. હકીકતમાં, તો તોમિકોના શરાબી પિતા સિવાય આખા કુટુંબે ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો.

તોમિકો અને તેના કુટુંબ દ્વારા, ઈશ્વર ભવિષ્યનો પરદો ચીરીને ભવિષ્યમાં પણ તેમની સેવા દ્વારા જે આનંદ મળવાનો હતો તેની ઝલક બતાવતા હતા. અને તેથીયે અદ્ભુત વાત તો એ હતી કે તે મેં આત્મહત્યાનો જે પ્રયાસ કર્યો હતો તે, અને મારા અંગોનું છેદન, એ બંનેનો તેમની આશિષ પ્રાપ્ત કરવાના એક મૂળસ્ત્રોત તરીકે ઉપયોગ કરતા હતા.

# પ્રકરણ : ૧૨

ઓકીનાવાના લોકો જાપાનીઓથી ભિન્ન છે. જાણે કોઈ કુટુંબના સારી રીતે ઊછરેલા, સુશિક્ષિત સભ્યો તેમના અશિક્ષિત કુટંબીજનોને ધિક્કારે તેવી રીતે મોટા ભાગના જાપાનીઓ ઓકીનાવાના લોકોને ધિક્કારે છે. આ સદીના આરંભમાં જ્યારે હવાઈ ટાપુઓમાં અને કેલિફોર્નિયામાં મજૂરોને વસાવવાના કાર્યક્રમો ગોઠવાયા ત્યારે અધિકાંશ જાપાની યુવકોએ પોતાનાં માતાપિતાને મુખેથી આ જ છેલ્લા શબ્દો સાંભળ્યા કે 'ભૂલથી પણ ઓકીનાવાની કોઈ સ્ત્રી સાથે લગ્ન કરશો નહિ.' આવી વિચારવિહીનતા સમગ્ર કુટુંબ ઉપર શરમ અને અપમાન લાવે છે તેવું પણ કહેવાતું. થોડાંક વર્ષોથી આવા પૂર્વગ્રહો ઓછા થયા છે, છતાં હજુ પણ કેટલાક ભેદભાવ ચાલુ છે, હજુ પણ કેટલાક જાપાનીઓ ઓકીનાવાના લોકોને પોતાના જેટલા બુદ્ધિશાળી અને માનયોગ્ય માનતા નથી.

છતાં, જ્યારે અકીતોશી એ નાનકડા સુંદર દેશની પ્રથમ મુલાકાત પછી ઘેર પાછા ફર્યા ત્યારે એ લોકો વિશે એમણે ઘણી વાતો જણાવી. 'દૂરપૂર્વના દેશોમાં શુભસંદેશ (ગોસ્પેલ) ક્રુઝેડ'ના પ્રમુખ સાથે તે વર્ષમાં એક વાર ત્યાં જતા. તેઓ ધર્મસભાઓમાં ઉપદેશો આપતા અને વિશ્વાસીઓને પ્રોત્સાહિત કરતા.

"જો ઈશ્વર મને કોઈ ચર્ચ ઉપર જીવનભર તેમની સેવા કરવાનું તેડું આપે," ઓકીનાવાની મુલાકાત પછી તે મને કહેતા, "તો ઓકીનાવામાં જ ઈશ્વરની સેવા કરવાનું મને ગમશે."

હું પ્રત્યુત્તરમાં કશું કહેતી નહિ, પરંતુ એવું ન બને તેવી આશા રાખતી. મેરી અને રૂથ બંને સ્કૂલમાં સ્થિર અને સુખી હતી અને તેમને આડોશપાડોશમાં ઘણી બહેનપણીઓ હતી. હું અને અકીતોશી બંને

સુધી ઓકીનાવાના જેટલી જ અમારે અહીં રહેવાની પણ જરૂર હતી. મને લાગે છે કે મોટા ભાગની સ્ત્રીઓને સુપરિચિત વાતાવરણની સુરક્ષિતતા ગમે છે. અને તેથી તેઓ પરિવર્તનનો વિરોધ કરે છે. હું જ્યાં હતી ત્યાં સંતુષ્ટ હતી. ઓકીનાવાની મુલાકાત લેવાની પણ મને ઈચ્છા ન હતી .

એક સેવાક્ષેત્ર તરીકે ઓકીનાવા અંગે વિરોધ કરવા પાછળ મારા મનમાં કોઈ પૂર્વગ્રહ ન હતો. હકીકતમાં તો મેં એ અંગે ગંભીરતાપૂર્વક કશું વિચાર્યું જ ન હતું. છતાં, જો ઈશ્વર અમને ત્યાં જવાનું આમંત્રણ આપે છે તેવી ખાતરી થાય, તો હું જવા તૈયાર હતી.

છતાં, ઈશ્વરે અમારે માટે નવી યોજના ઘડી હતી. હું તે સમયે જાણતી ન હતી, પરંતુ અકીતોશીના હૃદયમાં કાર્ય કરવાનો ઈશ્વરે આરંભ કરી દીધો હતો. ઓકીનાવાની તેમની છેલ્લી મુલાકાત વખતે અકીતોશીને જાણવા મળ્યું હતું કે એક ચર્ચને પાસ્ટરની બેહદ જરૂર હતી. મહિનાઓથી તે ચર્ચના સભ્યો એ અંગે પ્રાર્થના કરતા હતા અને તેમને ખાતરી હતી કે ઈશ્વર તેમને યોગ્ય વ્યક્તિ પૂરી પાડશે.

તેઓ મારા પતિ પાસે આવ્યા અને એ ચર્ચમાં સેવાકાર્ય કરવાનું તેમને ગમશે કે કેમ તે અંગે પૃછા કરી. તેમણે તાત્કાલિક કશો ઉત્તર આપ્યો નહિ, પરંતુ હવે તેમને લાગવા માંડ્યું હતું કે તેમના હૃદય પર એ અંગે સતત થતું દબાણ એ તો પવિત્ર આત્માનું કાર્ય હતું.

ઈશ્વર તેમને દોરવણી આપે એ માટે તેમણે આગ્રહપૂર્વક પ્રાર્થના કરી. તેમની સાથે લાંબો સમય રહેવાને કારણે હું સમજી ગઈ હતી કે તેમના હૃદય પર કશી વસ્તુનો બોજ હતો, પરંતુ હું તે પોતે મને તે અંગે જણાવે તેની પ્રતીક્ષા કરતી હતી. લાંબા સમય પછી તેમણે પોતાની વ્યાકુળતા મારી સમક્ષ પ્રગટ કરી. ગીદીઓનની જેમ (ન્યાયાધીશો ૬ : ૩૬-૪૦) તેમણે પણ ઈશ્વર પાસે એક નિશાની - ચિહ્ન માગ્યું હતું જે દ્વારા અમારે શું કરવું જોઈએ તેની અમને જાણ થાય.

ઈશ્વરે તેમને એક વચન આપ્યું, "તમે મને પસંદ કર્યો નથી, પરંતુ મેં તમને પસંદ કર્યા છે, અને તમને નીમ્યા છે, જેથી તમે જઈને ફળ

આપો." (યોહાન ૧૫ : ૧૬).

અમુક ચોક્કસ તારીખ પહેલાં એ જ વચન બીજા કોઈ દ્વારા તેમને કહેવામાં આવે તો ઓકીનાવામાં જ જઈને અમારે પ્રભુની સેવા કરવાની છે તેવી ખાતરી થઈ શકે તે માટે ઈશ્વર પાસે તેમણે માગણી કરી. તેમણે આવું વિચાર્યું તે દિવસ પહેલાંના એક વર્ષમાં કોઈએ તેમની પાસે એ વચન ટાંક્યું ન હતું. એક સપ્તાહ પછી અમારા ઘર પાસેના એક ચર્ચમાં ઉપદેશ આપવા માટે તેમને આમંત્રણ મળ્યું. તેમણે ઉપદેશ કર્યો તે પહેલાં એક મિશનરીનાં પત્નીએ પોતાની સાક્ષી આપી. જ્યારે તે પોતાના તાજેતરના અનુભવોની વાત કહેતાં હતાં ત્યારે તેમની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં.

"ઈશ્વર છેલ્લાં કેટલાંક સપ્તાહોથી યોહાનના પંદરમા અધ્યાયની ૧૬ મી કલમ દ્વારા મારી સાથે વાત કરી રહ્યા છે," તેમણે કહ્યું.

"જાઓ અને ફળ આપો." (યોહાન ૧૫ : ૧૬)

માર્ગદર્શન માટેની તેમની વિનંતીનો આવો નાટ્યાત્મક ઉત્તર સાંભળી અકીતોશી દિગ્મૂઢ બની ગયા. એ વચન તેમના મગજ અને હૃદયમાં ગુંજવા લાગ્યું.

તે ઉપદેશ આપવા ઊભા થયા તે પહેલાં તેમએ પોતાના મનમાં કહ્યું , "હા, પ્રભુ, હું જઈશ." તે જ રાતે તેમણે એ વિશે બધું જ જણાવ્યું. મારી પાસે તેમના જેટલો આત્મવિશ્વાસ ન હતો. હું મૂંઝાઈ, પરંતુ અકીતોશી જરા પણ વિચલિત થયા નહિ. હું મારી અંગત ઈચ્છાઓ કે ઈશ્વરની દોરવણીની મારી અચોક્કસતાથી અસ્વસ્થ હતી તેની તેમને સમજણ પડી હતી કે કેમ તે હું જાણતી નથી.

"આપણે ઈશ્વરની દ્રષ્ટિમાં એક છીએ," તેમણે કહ્યું. "આપણે તેમની સેવામાં સમર્પિત થયાં છીએ." જો આપણે ઓકીનાવામાં સેવાકાર્ય કરીએ એવી તેમની ઇચ્છા હશે તો તે હકીકત ઈશ્વર તારી સમક્ષ પણ સ્પષ્ટ કરશે. "આપણે તેમના માર્ગદર્શનની વાટ જોઈશું."

હું લાંબા સમય સુધી પ્રાર્થના કરતી રહી, પરંતુ કોઈ ઉત્તર સાંપડ્યો નહિ. જ્યારે યોસેફ ઇજિપ્તમાં હતા ત્યારે જેમ દુકાળનાં સાત વર્ષ

આકાશનાં દ્વાર બંધ કરવામાં આવ્યાં હતાં તેમ જાણે કે મારી પ્રાર્થનાઓ સામે પણ સ્વર્ગનાં દ્વાર બંધ કરી દેવામાં આવ્યાં હતાં તેવું લાગતું હતું. મારી વ્યાકુળતા વધતી હતી, પરંતુ ઈશ્વરે પોતાના કાર્યનો આરંભ કર્યો હતો. અમારા સમગ્ર જીવનને પલટી નાખનાર એક નિર્ણયની દિશામાં અમે આગળ વધી રહ્યાં હતાં.

ઓકીનાવાના લોકોએ મારા પતિને જોયા હતા પરંતુ મને જોઈ ન હતી. અમે તેમને લખ્યું કે અમે ડિસેમ્બરમાં ત્યાં બે સપ્તાહની સભાઓનું આયોજન કરવા માગતાં હતાં. અમારી મુલાકાત તો ટૂંકા સમયગાળાની હતી, છતાં તેઓ એટલા બધા ઉત્સુક થઈ ગયા કે તેમણે અમારી મુસાફરી માટેની ટિકિટોનાં નાણાં મોકલી આપ્યાં. તેમનો પત્ર વાંચ્યા પછી અકીતોશી ઘણી વાર સુધી ચૂપચાપ બેસી રહ્યા .

"આ ઉપહાર કે બક્ષિશમાં કેટલો ત્યાગ છુપાયેલો છે તે તું સમજી શકતી નથી," તેમણે કહ્યું. "ત્યાંના લોકો તો ગરીબ છે. ખોરાક અને વસ્ત્રો માટે આ નાણાંની તેમને પોતાને જરૂર છે."

અમે ટાપુ પર પહોંચ્યાં ત્યારે, એક ડઝનથી વધુ માણસો પોતાના કામધંધા પરથી રજા લઈને અમને મળવા આવ્યાં હતાં. તે શા માટે ઓકીનાવાના લોકોને અને વિશિષ્ટ રીતે આ ચર્ચના સભ્યો પર પ્રેમ રાખતા હતા તેનું કારણ મને સમજાયું. તેઓમાંથી મોટા ભાગના મજૂરવર્ગના અને ગરીબ હતા, છતાં તેમના થાકેલા ચહેરાઓ પર ખ્રિસ્તનો પ્રેમ પ્રકાશતો હતો. પ્રથમ સપ્તાહ પૂરું થયું તે પહેલાં જ તેમણે મારા હૃદયને તેમના પ્રત્યે આકર્ષિત કરી લીધું હતું.

અમે એ પણ જોયું કે જો ઈશ્વર અમને ત્યાં સેવા કરવાનું તેડું આપે તો તેમણે અમારે માટે નિયમિતરૂપે કેટલાં નાણાં એકઠાં કરવાં જોઈએ તેની ચર્ચા કરવા તેઓ મિટિંગો ગોઠવતા હતા. તેમને લાગતું હતું કે એ તેમની સમસ્યા હતી. તેઓ તો અમારો પૂરો ખર્ચ ઉઠાવવા માગતા હતા અને એવું કરવા માટે ઈશ્વર તેમને પ્રેરણા આપતા હતા એવું તેમને પ્રતીત થતું હતું.

"તમે કેટલાં નાણાં આપવાના છો ?" તેઓ પ્રત્યેક કુટુંબને પૂછતા.

ખરેખર, તો "તમે કેટલાં નાણાં તમારી આર્થિક સ્થિતિ પ્રમાણે આપી શકો તેમ છો ?" એવું તેમણે પૂછવું જોઈતું હતું. તેથી એક પાસ્ટરનો નિભાવ કરવા માટે કેટલાં નાણાં દરેક કુટુંબે આપવા જોઈએ તેની તેમને ચિંતા હતી.

"ઓકીનાવામાં રહેવા માટે એક પાસ્ટરને કેટલો ખર્ચ થાય તેની અમને જાણ છે," તેમણે કહ્યું. "અમે તેમને એટલું તો આપીશું અને બાકીનું પૂરું પાડવા માટે ઈશ્વર પર વિશ્વાસ ને આધાર રાખીશું."

ધર્મસભા(ખ્રિસ્તી મંડળી)ના આગેવાનોએ અમારી સાથે વાત કરી. જે મકાનનો તેઓ ચર્ચ માટે ઉપયોગ કરતા હતા તેમાં અમે રહી શકીશું, તેમણે કહ્યું. મકાનના ભાગ ઉપરાંત, તેઓ અમને પચાસ ડોલર કે આશરે પંદરસો રૂપિયા માસિક આપી શકશે. અમારા મધ્યમવર્ગના જીવનધોરણ માટે પણ આ રકમ બહુ પૂરતી ન હતી.

ઈશ્વર અમને ત્યાં મોકલવા માગે છે કે કેમ તે અંગે હજી મને ખાતરી ન હતી. અમને કેટલો પગાર મળશે તેની મને ચિંતા ન હતી. અમને જ્યારે જ્યારે જેની જરૂરિયાત હોય તે પૂરી પાડવામાં આવે તે જોવાની તેમની સ્નેહાળ ચિંતાભરી લાગણીનો અમને પૂરતો અનુભવ હતો. ચર્ચના સભ્યોની સંખ્યા ઘણી જૂજ હતી અને તે સંઘર્ષ વેઠતી ધર્મસભા હતી તે અંગે પણ મને ચિંતા ન હતી. દુનિયાના અમારા ભાગમાં જે કાર્યકરો ખ્રિસ્તની સેવા કરે છે તેમને થોડા જ સમયમાં નાના નાના સમૂહો અને અપૂરતા પગારધોરણ પર જીવવાનો અનુભવ થઈ જાય છે. મારી ચિંતાનો વિષય અંગત હતો તેનો સ્વીકાર કરતાં મેં મારા ઘૂંટણો પર નમી ઈશ્વરનું માર્ગદર્શન શોધ્યું.

ચર્ચમાંની અમારી પ્રથમ સભા પછી બનેલા એક બનાવે મારા હૃદય સાથે વાત કરી. એક કરમાયેલા ચહેરાવાળાં, સંધિવાથી પીડાતાં વૃદ્ધા મારી પાસે આવ્યાં. જ્યારે ત્યાંના લોકો સાથે મારો વિશેષ પરિચય થયો ત્યારે મેં જાણ્યું કે તેમની વય પચાસ વર્ષની હતી, પરંતુ પાપે અને દુઃખી અસ્તિત્વની સમસ્યાઓ તેમને એટલાં બધાં જકડ લીધાં હતાં કે તે એંસી વર્ષનાં લાગતાં હતાં. ઈસુ ખ્રિસ્તને પોતાના મુક્તિદાતા તરીકે સ્વીકાર્યા

તે પહેલાં તે જાદુગરણી તરીકે રહી ચૂક્યાં હતાં, અને તે વાંચી કે લખી શકતાં પણ નહિ. છતાં, આથી વધુ સંતસ્ત્રી આ અગાઉ મને મળ્યાં હોય તેવું મને યાદ નથી.

"શ્રીમતી તાહારા, મારી પાસે ઘણું ધન નથી," તેમણે કહ્યું, " અને હવે હું સખત મહેનત કરી શકતી નથી. પરંતુ મારો બગીચો સારો છે. ઈશ્વરે મને તે આપ્યો છે. જો આપ બંને અમારી સહાય કરવા અહીં આવશો, તો હું તમારે માટે લીલાં શાકભાજી લાવીશ. દરરોજ તમને તાજું શાક મળે તે માટે હું પ્રબંધ કરીશ."

એ કોમળ તથા સ્નેહાળ આંખોમાં દ્રષ્ટિ પરોવતાં મને લાગ્યું કે હું આ બહેન અને તેમના જેવી અન્ય વ્યક્તિઓની સેવામાં મારું જીવન ન્યોછાવર કરી શકીશ. અન્ય કોઈપણ વસ્તુ કરતાં આ નાનકડી ઘટનાએ મને વિશેષ પ્રભાવિત કરી. અમે ત્યાંથી નીકર્યાં તે પહેલાં ઓકીનાવાના નાહા (Naha)ના નાનકડા ચર્ચમાં અમારી જાતને સમર્પિત કરવાનો નિર્ણય અમે લઈ ચૂક્યાં હતાં. મેં કદી અકીતોશીને એ અંગે પૂછ્યું નથી, અને ત્યાંના વિશ્વાસીઓના પ્રેમ અને મિત્રતાનો સ્પર્શ હું પામું તેવા કોઈ ચોક્કસ હેતુથી પેલી ખાસ સભાઓનું આયોજન તેમણે કર્યું હતું કે કેમ તે વિશે મને વિચારો આવ્યા કરે છે.

અમે ત્યાં જવાનો નિર્ણય કર્યો છે તે જાણ્યા પછી, લોકો એક એરકંડિશનર (વાતાનુકૂલ યંત્ર) મળે તે માટે પ્રાર્થના કરવા લાગ્યા. ત્યાંની આબોહવા આખું વર્ષ ગરમ અને ભેજવાળી રહે છે, અને રાતે પણ ગરમીમાં ઘટાડો થતો નથી. આવી સખત ગરમીથી ટેવાવું કોઈને પણ માટે મુશ્કેલ છે. મારે માટે તો એ ખાસ સમસ્યા હતી.

વ્યક્તિના હાથ અને પગ મોટરકારની અંદર તેને ઠંડા રાખવાના યંત્રો જેવું જ કામ કરે છે તેની મને અકસ્માત થયો ત્યાં સુધી ખબર ન હતી. રક્ત શરીરની શિરાઓ અને ધમનીઓમાંથી પસાર થતાં ઠંડું પડે છે. આથી સામાન્ય મનુષ્યો સખત ગરમીમાં પણ રાહત અનુભવે છે. પરંતુ મેં તો એક હાથે અને ઘૂંટણ સુધીના બંને પગ ગુમાવ્યા હતા. મારા શરીરનું તાપમાન તો બીજી સામાન્ય વ્યક્તિઓ કરતાં થોડું ઊંચું રહે છે,

તેથી ગરમીની ઋતુમાં મને વધુ કષ્ટ પડે છે.

ચર્ચના લોકોની આર્થિક સ્થિતિની જેમ મિશનરીઓ પણ મારી આ સમસ્યાથી પરિચિત હતા. તેઓને એ ખબર હતી કે ઇચ્છા હોવા છતાં સ્થાનિક લોકો દ્વારા કોઈ વિશેષ મદદ મળી શકશે નહિ. તેથી તેમણે અમને ૨૮૦ ડોલરની કીમતનું એરકંડિશનર ખરીદી આપ્યું.મેં તે માટે ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર માન્યો.

અમે ટોકિયો છોડ્યું તે પહેલાં અમારું જૂનું રેફ્રિજરેટર, સીવવાનું મશીન, અને કપડાં ધોવાનું મશીન અમારા મિત્રોને આપી દીધાં. અમારા નવા સેવાકાર્યમાં તેમને વહાણ દ્વારા લઈ જવાના પૈસા અમારી પાસે ન હતા. અને તે ખરેખર એટલા પૈસા ખર્ચના માટે યોગ્ય હતા કે કેમ તે પણ અમને સમજાતું ન હતું. પરંતુ એ નિર્ણયથી મને દુઃખ થયું. એ સાધનોથી હું ટેવાઈ ગઈ હતી. પરંતુ જો અમે એ જૂનાં સાધનોને વેચ્યાં હોત, તો થોડાંક નવાં ખરીદવા માટે અમને થોડાં નાણાં મળ્યાં હોત.

"આપણે આપણાં સાધનો વેચી શક્યાં ન હોત," મારા પતિએ મને કહ્યું, "આપણા મિત્રો પાસે એ ખરીદવાનાં નાણાં નથી ને તેમને એમની ખરેખર જરૂર છે."

"પણ આપણે કરીશું શું ?" હું રેફ્રિજરેટર વિના ઓકીનાવાના લગભગ સમશીતોષ્ણ કટિબંધના હોય તેવા ગરમ હવામાનમાં ફ્રીઝ વગર કેવી રીતે ચલાવી શકીશ, કેવી રીતે વોશિંગ મશીન વિના કપડાં ધોઈ શકીશ, અને અમારી પુત્રીઓ માટે હાથે કપડાં કેવી રીતે સીવી શકીશ, તે વિશે હું ચિંતિત હતી.

"ઈશ્વર આપણે માટે બધી વ્યવસ્થા કરશે."

હું જાણતી હતી કે આવા બીજા પ્રસંગોએ ઈશ્વરે અમારે માટે વ્યવસ્થા ગોઠવી હતી, અને તેમના પર પૂરો ભરોસો રાખવા માટે મને શિક્ષણ મળ્યું હતું. છતાં, ઈશ્વરની ઇચ્છા મને એક પાઠ શીખવવાની હતી. તે જરૂર બધું જ પૂરું પાડવાના હતા, છતાં મને લાગે કે મેં કંઈ ત્યાગ કર્યો છે તેવું મને તેમણે માનવા દીધું.

ઓકીનાવામાં અમે ચર્ચનું સેવાકાર્ય આરંભ્યું તે પછી ઘર ચલાવવાનાં

એ ઉપયોગી સાધનો વિના મેં ચલાવ્યું. પછી ત્યાંના એક બીજા ચર્ચમાં અમેરિકન નૌકાદળના એક અમેરિકન ધર્મસેવક સભા ચલાવવા આવ્યા, અને તેમણે અકીતોશીને અનુવાદ કરવાનું સોંપ્યું. અમને ત્યાં કમાન્ડર હાથાવેનો પરિચય થયો અને તે અમારા મિત્ર બની ગયા. નાતાલ સમયે તે અમારે ઘેર રેફ્રિજરેટર, આપોઆપ કપડાં ધોતું વોશિંગ મશીન ન બીજા થોડાંક નાનાં સાધનો લઈને આવ્યા. અમે જે ભેટમાં આપ્યાં હતાં તેમના કરતાં એ સાધનો ઘણાં ચડિયાતાં હતાં. ફરી વાર ઈશ્વરે મને દર્શાવ્યું કે અમારે કશાની ચિંતા કરવાની જરૂર ન હતી. તે અમારી સંભાળ લેતા જ આવ્યા છે.

અમે ઓકીનાવામાં આવ્યાં તે પ્રસંગ હું ક્યારેય ભૂલી શકીશ નહિ. એવું લાગ્યું કે ચર્ચના બધા જ સભ્યો અમારો સત્કાર કરવા આવ્યા હતા. અમને હતુ કે તેઓમાંથી કેટલાક અમારી સાથે અમારા જૂના મકાનમાં આવશે, પણ કોઈ જ આવ્યું નહિ. અમે એ વિશે ટીકા પણ કરી.

પછી અમે ઘેર પહોંચ્યાં અને અંદર પ્રવેશ્યાં. જે ક્ષણે અમે દરવાજો ખોલ્યો તે જ ક્ષણે તેમના અદ્રશ્ય થઈ જવાનું કારણ અમને સમજાયું. મકાનનો અંદરનો ભાગ સંપૂર્ણપણે નવો બનાવવામાં આવ્યો હતો. કાગળનાં પાર્ટીશનો નવાંનકોર હતાં, અને ફર્શ પર વાંસની નવી ચટાઈઓ હતી. ટેબલ પર અમારે માટે આકર્ષક ભોજન તૈયાર હતું.

"અમે જણતાં હતાં કે આપ સૌ ભૂખ્યાં હશો," મંડળીની સ્મિત કરતી મહિલાઓએ અમને કહ્યું, "તેથી અમે ત્યાંથી વહેલા નીકળીને અહીં આવી આપને માટે ભોજન તૈયાર કર્યું."

ઓકીનાવાનાં ચાર વર્ષ અમારી સાથે જે સુમેળભર્યો વ્યવહાર થવાનો હતો તેનો એ એક નમૂનો હતો. એ ભલા અને ઉદાર સભ્યો જીવનને અમારે માટે થોડું વધુ સુખમય (રાહતવાળું) બનાવવા અને અમને ખુશ કરવા સતત પ્રયત્નશીલ રહેતા. જેમ પેલા યુદ્ધના સમયે રાજા દાવીદને (૨ શમૂએલ ૨૩ : ૧૩-૧૭) બેથલેહેમના પોતાના પ્રિય કૂવાનું પાણી પીવાની ઈચ્છા થઈ અને તેમના વફાદાર સાથીઓ મોતને મુઠ્ઠીમાં મૂકી ત્યાંથી પાણી લઈ આવ્યા ત્યારે દાવીદને જેવી લાગણી થઈ

હશે તેવી જ લાગણી આ લોકોના ત્યાગમુક્ત આચરણથી મને થતી હતી. અલબત્ત, અમને ખબર હતી જ કે તેઓ એ બધું અમારે માટે કરતા ન હતા, માત્ર પ્રભુ ઈસુ પ્રત્યેના તેમના નિઃસીમ પ્રેમને કારણે તેઓ એ બધું કરતા હતા.

અમે જ્યારે ૩,૦૦,૦૦૦ ની વસ્તી ધરાવતા ઓકીનાવાના પાટનગરમાં ગયાં, ત્યારે ત્યાં વીસથી પચીસ ખ્રિસ્તીઓ હતા, અને થોડાંક બાળકો હતાં. એટલો નાનો સમૂહ પોતાના પાળકનું અને તેમના કુટુંબનું ભરણપોષણ કરતો હતો; તદ્દુપરાંત બાઈબલસ્કૂલના વિદ્યાર્થીઓને પમ આંશિક મદદ કરતો હતો. તેઓ હજુ ગરીબ હતા અને પોતાની પ્રતિજ્ઞાઓ પૂરી કરવા બલિદાનો આપતા, પરંતુ ઈશ્વર તેમની વચ્ચે કામ કરતા હતા.

અમે જાપાનમાં હતાં ત્યારે અકીતોશીને વર્લ્ડ લિટરેચર ક્રુઝેડના જાપાની (ડિરેક્ટર) અધ્યક્ષ સાથે પરિચય થયો હતો. તે જાણતા હતા કે ઓકીનાવામાં સાહિત્યવિતરણનું કાર્ય મંદ હતું અને અધ્યક્ષ તે વિશે સચિંત હતા. જો જાપાની ખ્રિસ્તીઓ એ અંગેનું ખર્ચ ઉઠાવવા તૈયાર થાય, તો થોડુંઘણું થઈ શકે તેવું તેમને કહેવામાં આવ્યું. આ વિશ્વવ્યાપી ક્રુઝેડના બજેટમાં ઓકીનાવા માટે ધનની કોઈ વ્યવસ્થા ન હતી.

કેટલાક લોકોએ ફંડ એકઠું કરવાની જવાબદારી સ્વીકારી, પરંતુ ત્યાંને માટે જરૂરી એવી ખાસ ટ્રાક્ટો લખવા માટે કોઈ ન હતું . અકીતોશીએ કેટલીક શિક્ષિત અને લખી શકે તેવી વ્યક્તિઓનો સંપર્ક સાધ્યો, પરંતુ કોઈ તે લખવા તૈયાર ન થયા.

"આપ શા માટે પોતે લખતા નથી ?" મેં તેમને પૂછ્યું.

"એવું લાગે છે કે હવે મારે જ ટ્રાક્ટો લખવી પડશે."

તેમનામાં ટ્રાક્ટો લખવાની આટલી ક્ષમતા છે, અથવા કદાચ ઈશ્વરે તેમને વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું તે વિશે મને ખબર નથી, પરંતુ તેમણે લખેલ ટ્રાક્ટને સારો લોકાદર સાંપડ્યો . ટ્રાક્ટો વહેંચવી અથવા કોરસ્પોન્ડન્સ કોર્સ (પત્રવ્યવહાર દ્વારા અપાતું શિક્ષણ)ના કાગળ બહાર મોકલવાનું કામ વિશેષ મુશ્કેલ ન હતું, પરંતુ પાઠોને સુધારવાનું કામ

અઘરું હતું. કેટલાક લોકોમાં એવું કાર્ય કરવાની ક્ષમતા હતી, પરંતુ તે કામમાં એટલા બધા વ્યસ્ત હતા કે તેઓ મદદ કરી શકે તેમ ન હતા, અથવા એવું તેમણે જણાવ્યું.

"આપણે હવે શું કરીએ ?" તેમણે મને પૂછ્યું

હું થોડીક વ્યાકુળતા અનુભવવા લાગી, કારણ, હું તેમના કહેવાનો આશય થોડોક સમજી હતી. "આપણે પણ ઘણું કામ રહે છે," મેં તેમને યાદ દેવડાવ્યું.

"પરંતુ આ પાઠો તો સમગ્ર પ્રોજેક્ટના હૃદયસમા છે."

૫૦૦ થી ૬૦૦ જેટલા કોરસ્પોન્ડન્સ કોર્સોથી સુધારવા માટે ઈશ્વર મને સમય અને શક્તિ આપે તે માટે અમે પ્રાર્થના કરવા લાગ્યાં, ત્યારે જણાયું કે હઝકિયાને (૨ રાજા ૨૦ : ૮-૧૧. યશાયા ૩૮ : ૮) માટે ઈશ્વરે કર્યું હતું તેમ ઈશ્વરે મારે માટે સૂર્યને સ્થિર રહેવાનો આદેશ ન આપ્યો, પરંતુ મને તેવા જ પ્રભાવનો અનુભવ થયો. કોઈ રીતે હું કોરસ્પોન્ડન્સ કોર્સીઝ સુધારવા લાગી અને તેમ કરવામાં મને પ્રસન્નતાની અનુભૂતિ પણ થવા લાગી. ઈશ્વર જ્યારે માર્ગદર્શન આપે છે ત્યારે આપણે શું શું કરી શકીએ છીએ !

મેરી અને રૂથને ઓકીનાવા સાથે અનુકૂળ થવામાં અમારા કરતાં પણ વધુ મુશ્કેલી પડી. જાપાનમાં જે શાળામાં અભ્યાસ કરતી હતી તે ઉત્તમ પ્રકારની હતી. નિર્ધન પરિવારોનાં બાળકો પણ ત્યાં સાફસૂથરાં થઈને આવતાં. તે આજ્ઞાધીન પણ હતાં. શિક્ષકો પણ સંસ્કારી હતા અને તેમને પોતાના વર્ગો અને બાળકોની ચિંતા રહેતી.

ઓકીનાવામાં તેમણે જોયું કે મોટા ભાગના તેમના સહાધ્યાયીઓ ગંદાં કપડાં પહેરીને આવતા અને તેમનાં હાથમોં પણ ધોયા વગરનાં હોય, આથી આ બંને છોકરીઓને ભારે આઘાત લાગ્યો. મોટા ભાગના વર્ગો તે સાવ શિસ્તવિહોણા હતા તે જોઈને અને બાળકોની અશિષ્ટ અને ક્યારેક બીભત્સ વાતો સાંભળીને તો તેઓને ભારે ધ્રાસકો પડ્યો

અને શિક્ષકો !

મેરી એક દિવસ રડતાં રડતાં ઘેર આવી. તે અતિ કોમળ હૃદયની

હતી.

"મમ્મી, તમે જાણો છો કે અમારા શિક્ષકે એક વિદ્યાર્થીને શું કહ્યું?" તેમણે કહ્યું, "જો તું ફરી એવું કરીશ, તો હું તને મારી નાખીશ." તેણે આંસુ ભરેલી આંખે મારી સામે જોયું. "શું તે ખરેખર તેને મારી નાખશે?"

તેણે આવી વાત ક્યારેય સાંભળી ન હતી અને એક શિક્ષક પાસેથી આવું સાંભળી તે ગભરાઈ ગઈ.

રૂથની સમસ્યા તો મેરીની સમસ્યા કરતાં પણ વધારે મોટી હતી. પાંચમા ધોરણના તેના વર્ગમાં એક છોકરો હતો, જે તેને કાયમ સતાવતો હતો. દરરોજ તે કોઈ ને કોઈ નવી રીતે તેને અપમાનિત કરતો. તે તેના વાળ ખેંચતો અથવા બીજાની હાજરીમાં તેની મજાક ઉડાવતો. તે તેનાં પુસ્તકોની બેગ છીનવી લેતો, અને તેમાંથી વસ્તુઓ બહાર કાઢી બીજાં બાળકોને બતાવતો. તે રૂથનું સ્વાધ્યાયલેખન પડાવી લેતો અને પાછું આપતો નહિ. તેણે રૂથને એટલી હદ સુધી ચીડવી કે તેને સ્કૂલ પ્રત્યે ધૃણા થઈ ગઈ.

શરૂઆતમાં તો અમારી નાની દીકરીમાં જે પરિવર્તન આવી ગયું હતું તે અમે સમજી શકતાં ન હતાં. પહેલાં તો તેને સ્કૂલે જવામાં ખૂબ આનંદ આવતો હતો. હવે તેને જવાનું ગમતું ન હતું. પહેલાં તો તેણે એવું કારણ અમને બતાવ્યું નહિ, પરંતુ જ્યારે અમે દબાણ કર્યું, ત્યારે એ છોકરા વિશે બધું જણાવી દીધું. આ વિષય પર પ્રાર્થના કર્યા પછી, અકીતોશીએ આ સમસ્યા અંગે તેના શિક્ષકને મળવાનું નક્કી કર્યું, અને રૂથને બીજા વર્ગમાં ફેરવવાની પણ વ્યવસ્થા કરવામાં આવી.

તેને બીજા વર્ગમાં બદલવામાં આવે તે પહેલાં ઈશ્વરે દરમ્યાનગીરી કરી. અમારી પારિવારિક પ્રાર્થના દરમ્યાન આ વિષય આવ્યો, અને રૂથે આમાં પોતાનો પણ દોષ હતો, તેવું સ્વીકાર્યું.

"મેં પણ તેની સાથે સારો વ્યવહાર કર્યો નથી," તેણે કહ્યું. "ઈસુ જેવો ઇચ્છે તેવો વર્તાવ મેં તેની સાથે કર્યો નથી."

"કદાચ, આ જ સમસ્યા છે," અકીતોશીએ કહ્યું. "કદાચ આ છોકરો તારી સાથે મિત્રતા બાંધવા માગે છે અને તારું ધ્યાન આકર્ષિત કરવા

માટે એવો વર્તાવ કરે છે."

રૂથ એ વાત સમજી શકી નહિ; પરંતુ અકીતોશીએ તેને કહ્યું કે, જોકે છોકરાનો વ્યવહાર સારો નથી, છતાં તેણે તે છોકરા પ્રત્યે પ્રેમ દર્શાવવો જોઈએ. બીજે દિવસે રૂથ તે છોકરા પાસે ગઈ અને તેણે પોતાના વર્તન માટે ખેદ વ્યક્ત કર્યો.

તેનો આખો વ્યવહાર સંપૂર્ણ રીતે બદલાઈ ગયો. "હું એ બધું એટલા માટે કરતો હતો કે હું મિત્રતા બાંધવા ઉત્સુક હતો," તેણે કહ્યું. "મારે કોઈ મિત્રો નથી."

તે પછી એ છોકરાએ કોઈ દિવસ રૂથને હેરાન કરી નહિ.

જોકે મેરી અને રૂથને ક્યારે પણ ઓકીનાવાની સ્કૂલો જાપાનની સ્કૂલો જેવી લાગી નહિ, છતાં તેમને પરિસ્થિતિનો સ્વીકાર કરવાની તાલીમ મળી, અને પોતા કરતાં જેઓ જુદી રીતે વિચારતાં હોય તેમની સાથે પણ વ્યવહાર કરવાનું શિક્ષણ પ્રાપ્ત થયું.

અમે જાપાન પાછાં ફર્યાં ત્યારે કેન એન્ડરસન ફિલ્મો સાથે સંકળાયેલા કેન એન્ડરસન ખ્રિસ્તી ફિલ્મો માટે સંવાદ-વર્ણન ( sound track) બનાવવા માટેની સેવામાં જોડાય તેવા કોઈ જાપાની ખ્રિસ્તીની શોધમાં હતા. એ સમયે, તેમણે અમારે વિશે સાંભળ્યું ન હતું, અથવા ન અમે તેને ઓળખતા હતા, પરંતુ ઈશ્વર કામ કરતા હતા. જ્યાં જ્યાં જાપાની ભાષા બોલાય છે તેવા વિશ્વના સર્વ ભાગોમાં અને અમેરિકામાં પણ પ્રભુના મહિમાનું કારણ બને તેવી એક તદ્દન ભિન્ન સેવામાં તે અમને જોડવા માગતા હતા. જ્યારથી તેમણે અમારાં હૃદયોને સ્પર્શ્યા અને અમને તેમની નિકટ આણ્યાં ત્યારથી એ સેવા માટે ઈશ્વર અમને તૈયાર કરતા હતા.

# પ્રકરણ : ૧૩

જાપાનમાંના ખ્રિસ્તીઓ દ્વારા યોગ્ય પ્રતિભાવ ન મળતાં એન્ડરસન નિરાશા અનુભવતા હતા. જાપાની ખ્રિસ્તીઓને ફિલ્મો તો ગમતી હતી અને જાપાની ભાષામાં એ ફિલ્મો ઉપલબ્ધ હોય તો અત્યંત ઉપયોગી નીવડે એવું પણ તેમને લાગતું હતું, પરંતુ ખર્ચની વાત આવતાં તેઓ ગભરાતા હતા. જ્યાં કંઈ નાણાંની વાત આવે ત્યાં અત્યંત રૂઢિચુસ્ત હોવાને કારણે નાણાંની વ્યવસ્થા થઈ શકે તેવું તેઓ માનતા ન હતા. કોઈને પ્રયત્ન કરવાની ઈચ્છા પણ થતી ન હતી.

અંતે એન્ડરસન ઓકીનાવા આવ્યા, અને એક ખ્રિસ્તી મિશનરી રેડિયો સ્ટેશનના કાર્યકારી ડિરેક્ટરને મળ્યા અને પોતાની ઈચ્છા વ્યક્ત કરી. મિ. ઓસ્ટીને અમુક વ્યક્તિઓને એકત્રિત કરવાની સંમતિ દર્શાવી, અને અકીતોશીને તેમાં ભાગ લેવાનું આમંત્રણ મળ્યું.

ઈશ્વર મારા પતિને તે મિટિંગ માટે તૈયાર કરતા હતા. તે એક વિશિષ્ટ પ્રકારની બેચેની અનુભવતા હતા. તેમને હજુ પણ અમારા ચર્ચના સભ્યો પર પ્રેમ હતો અને ઉપદેશ કરવામાં તે સંતૃપ્તિ અનુભવતા, પરંતુ ઈશ્વર અમારે માટે કોઈ નવી યોજના ઘડી રહ્યા હતા એવા વિચાર તેમને આવ્યા કરતા હતા. અમે બંનેએ તે વિશે ઘણી પ્રાર્થના કરી, પરંતુ મેરી અને રૂથને તે અંગે કશું પણ જણાવ્યું નહિ. ઓકીનાવા છોડવાની યોજના વિશે અમને સંપૂર્ણપણે ખાતરી ન થયા ત્યાં સુધી એ દિશામાં તેઓ વિચારતી થાય એવું અમે ઈચ્છતાં ન હતાં.

પરંતુ અમે જાણતાં નં હતાં કે અકીતોશી મિ. એન્ડરસનને મળવા અને તેમની ફિલ્મો જોવા રેડિયો સ્ટેશને ગયા ત્યારે ઈશ્વરની યોજનામાં અમારે માટે જવાની વ્યવસ્થા થઈ ચૂકી હતી. એન્ડરસને અકીતોશીને પોતાનું એક કાર્ડ આપ્યું જેમાં મથાળે નાના અક્ષરોમાં નીચે પ્રમાણે લખવામાં આવ્યું હતું :

"જો હું નહિ, તો કોણ ?

જો અત્યારે જ નહિ, તો ક્યારે ?"

આ શબ્દો મારા પતિના મનમાં જાણે કે વાગવા લાગ્યા, સળગવા લાગ્યા, અને પછીને થોડા દિવસોમાં તો એ જ શબ્દો તેમના મનમાં પડઘાવા લાગ્યા. પછી એ જ શબ્દો દ્વારા ઈશ્વર ઓકીનાવાના ચર્ચમાંથી ઉપાડીને અમને પેસિફિક મહાસાગરને પેલે પાર અને અજાણ્યા પ્રદેશોમાં તથા અજાણ્યા લોકોમાં દોરી ગયા.

જે લોકો એ રેડિયો સ્ટેશનમાં ફિલ્મો જોવા એકઠા થયા હતા તે તેમનાથી અત્યંત પ્રભાવિત થયા અને તે ફિલ્મો દ્વારા કેવી ઝડપથી ખ્રિસ્ત માટે લોકો પાસે જઈ શકાય તેનું દર્શન તેમને મળ્યું હતું. અનેક પ્રશ્નો પુછાયા, જેમાંથી મોટા ભાગના અકીતોશીએ પૂછ્યા હતા અને ત્યારે એ નાનકડા ખંડમાં એકત્રિત થયેલા જાપાની ખ્રિસ્તીઓને પ્રતીતિ થઈ ચૂકી કે આપણી જાપાની ભાષામાં આવી સારી ફિલ્મો હોય તો ઘણો લાભ થાય.

જોકે, અકીતોશીને આ મિટિંગનો અર્થ સમજવામાં ભારે ગેરસમજ થઈ. તેમણે તો વિચાર્યું કે મિ. એન્ડરસન માણસોને પગાર પર નિયુક્ત કરવા માગતા હતા. એ હૃષ્ટપુષ્ટ અમેરિકન બે કે ત્રણ ફિલ્મો માટે જાપાની ભાષામાં સંવાદ-વર્ણન (sound track ) બનાવવા ઉપરાંત બીજું શું શું કરવા માગતા હતા તેની અકીતોશીને ખબર ન હતી. તેમની પાસે તો પ્રભુની સેવાનું પૂર્ણસમયી કામ હતું અને તે બીજા કોઈને માટે કામ કરવા ઉત્સુક ન હતા. પરંતુ આ અમેરિકને મારી પત્નીને મળવું જ જોઈએ એવી ભાવના તેમના મનમાં જન્મી હતી. એવી લાગણી શા માટે તેમને થઈ એ વિશે એ સમયે તેમને કોઈ અર્થ સમજાયો ન હતો.

"યોનેકોની વાત અદ્‌ભુત છે. મને લાગે છે કે આપે તે સાંભળવી જોઈએ," તેમણે એન્ડરસનને કહ્યું.

એન્ડરસન માયાળુ હતા, પરંતુ તેમના ઉત્તરો ઉડાઉ અને કશી વાતમાં બંધાઈ ન જવાય તે પ્રકારના હતા. તેમણે કહ્યું કે તે જરૂર યોનેકોને મળશે અને તેની વાત સાંભળશે, પરંતુ તેમને રસ માત્ર ઔપચારિક

હતો. અકીતોશીએ તેમની મનોવૃત્તિ વિશે ધાર્યું કે તે અમારી જીવનકથા ઉપરથી ચિત્ર ઉતારવાની શક્યતા વિશે અમને બહુ ઉત્તેજિત કરવા માગતા ન હતા. પાછળથી અમેરિકામાંનાં તેમનાં જાહેર સંભાષણોમાં અમે તેમને એ પ્રસંગનું આવું વર્ણન કરતાં સાંભળ્યા.

"જ્યારે 'એન્ડી' મને મળ્યા, ત્યારે કેવી રીતે હું ભલાઈ દર્શાવું અને છતાં ખોટી આશાઓ ન આપી બેસું તે અંગે હું ઊંડી કાળજી લેતો હતો. જ્યાં કંઈ હું જાઉં છું ત્યાં લોકો 'બેન- હૂર' ને 'ટેન કમાન્ડમેન્ટ્સ'ને ધ્યાનમાં રાખી પોતાની કથાઓનાં એવાં જ ચિત્રો બનશે તેવું માની મને વાર્તાઓ લઈને મળે છે.

"તમારે આ ફલાણા ભાઈ કે બહેનને મળવું જ પડશે," તેઓ કહેતા. " તેમની વાત તો અદ્‌ભુત છે. તે સાચ્ચે જ મહાન છે !"

"અને સામાન્ય રીતે એ વાર્તા અદ્‌ભુત હોય છે - તેમને માટે. કમનસીબે, વાર્તા ઉપરથી સારી ફિલ્મ બની શકે તે માટે તેમાં કૌતુક (suspense), અભિપ્રેરણા (motivation), અને લાગણીના પ્રક્ષોભ (excitement)નાં તત્ત્વો હોવાં જોઈએ. તેથી જ્યારે અજાણ્યા લોકો તેમની કથા લઈ મારી પાસે આવે છે ત્યારે હું ધ્રૂજી ઊઠું છું.

"નિખાલસતાથી કહેતાં, મને લાગ્યું કે 'એન્ડી'ની વાત પણ તેવી જ છે. તેમની પત્નીના જીવનની કંટાળાજનક વાત સાંભળવાની હશે એમ માનીને હું તેમને ઘેર ગયો. પરંતુ તેને બદલે એ તો મેં ભાગ્યે જ સાંભળી હોય તેવી એક રોમાંચક કથા હતી."

એ ચા પીવા માટે અમારે ઘેર આવ્યા ત્યારે તે શું વિચારતા હતા તેની મને ખબર નથી. જો મને તેની ખબર હોત, તો હું મારા અનુભવોમાં તેમને સહભાગી બનાવવાનો કદાચ વિરોધ કરત, અને મને ખાતરી છે કે અકીતોશીએ પોતાનું મોં બંધ રાખ્યું હોત. પરંતુ ઈશ્વર ઇચ્છતા હતા કે મારી જીવનકથા પ્રગટ થાય તેથી જ તે એન્ડરસનને અમારે ઘેર લાવ્યા.

મારા પતિ મારે માટે દુભાષિયાનું કે ભાષાંતર કરનારનું કામ કરતા હતા ત્યારે તેમના ચહેરા પર જે ભાવ ઊપસતા હતા તે હું ક્યારે પણ ભૂલી શકીશ નહિ. મિ. એન્ડરસનની આંખો ચમકી રહી હતી, તે

આગળની તરફ ઝૂક્યા, અને તે વિકસતા જતા કથાનકનો એકેએક શબ્દ પકડવા આતુર દેખાતા હતા.

"અવિશ્વસનીય !" તેમણે ધીમેથી કહ્યું, "વિલક્ષણ !"

હું શેખી કરવા માગતી નથી. આ તો તેમનો પ્રતિભાવ હતો.

જ્યારે મેં મારી વાત પૂરી કરી ત્યારે વાર્તામાંથી ચોક્કસ ફિલ્મ બનાવવાની શક્યતાઓ હતી તેવું તેમણે નક્કી કરી લીધું હતું. આ વિશે ઉત્તેજના અનુભવવી કે કેમ તે અંગે અમે પણ અનિશ્ચિત હતાં. આ યોજના (project)ના અંતિમ સ્વરૂપ વિશે તે પોતે પણ બહુ આશાવાદી ન હતા. નાણાંનું રોકાણ કરનાર પૂંજીપતિઓને આમાં રસ લેતા તે કરી શકશે કે કેમ તે અંગે પણ તેમને કશી ખાતરી ન હતી.

તેમણે મારી વાર્તાની સંક્ષિપ્ત રૂપરેખા (synopsis) લખી નાખી અને પોતાના વિતરકો પાસે મોકલી આપી. વિતરકોના પ્રતિભાવો બહુ પ્રોત્સાહપ્રેરક ન હતા. તેમને વાર્તા રસપ્રદ તો લાગી, પરંતુ અમેરિકન ચર્ચો (ખ્રિસ્તી મંડળીઓ) આવી ફિલ્મનો કેવો ઉપયોગ કરી શકશે તે અંગે તેમના મનમાં શંકા હતી. એક વર્ષ પછી ભારતમાં કામ કરનાર એક ખ્રિસ્તી ડૉક્ટરે (ડૉ. જ્યોફ્રે લેહમેન) 'યોનેકો' ફિલ્મ બનાવવા માટે જરૂરી નાણાં પૂરાં પાડ્યાં.

પરંતુ એવું બન્યું તે પહેલાં અકીતોશી 'ઇન્ટરનેશનલ ફિલ્મ્સ' સાથે ઘનિષ્ઠ રીતે સંકળાઈ ગયા હતા, અને બે ફિલ્મોનાં સંવાદ -વર્ણન (sound track) વગેરેનો જાપાની ભાષામાં અનુવાદ કરી રહ્યા હતા. જેમ જેમ તે કામ કરતા ગયા તેમ તેમ તેમણે ફિલ્મોમાં પૂરા સમયની સેવા આપવી જોઈએ તેવી તેમને ખાતરી થતી ગઈ. જ્યારે અમને પણ ચોક્કસ રીતે જણાયું કે આ તો ઈશ્વરની યોજના હતી ત્યારે તે અમેરિકન મિશનરી તે અંગે કહેવા ગયા અને પાંચ છ ચર્ચ આગેવાનો સાથે એક મિટિંગ ગોઠવવામાં આવી. અમે ત્યાંથી ખસવાનો વિચાર કરતા હતા તે વિશે તેમને જરાસરખી કલ્પના પણ ન હતી. આ સમાચારથી તેઓ સ્તબ્ધ બની ગયા. પરંતુ તેમણે સહર્ષ તેનો સ્વીકાર કર્યો.

"તાહારા-સેન્સી, હું જાણું છું કે ઈશ્વરે તમને વિશેષ આશીર્વાદોથી

નવાજ્યા છે," એક વ્યક્તિએ કહ્યું. "અમને માત્ર અમારા ચર્ચની સભ્યસંખ્યા વધે તેમાં જ મુખ્ય રસ નથી. ઈશ્વરને માટે આત્માઓ જીતવાના કાર્યમાં અમે કોઈની પણ સાથે સાથસહકાર આપવા ખુશી છીએ."

"અમારે ચર્ચ માટે પાસ્ટરની જરૂર તો છે, પરંતુ આપ જવા માટે સ્વતંત્ર છો. અમે માનીએ છીએ કે ઈશ્વર તમને તેડી રહ્યા છે અને અમે પણ આપ તેમની આજ્ઞાનું પાલન કરો તેવું ઈચ્છીએ છીએ."

અમે ત્યાંથી નીકળ્યાં તે પહેલાં તેમણે અમને જણાવ્યું કે તેઓ તો આર્થિક રીતે પણ અમને સહાય કરવા તૈયાર છે, પણ તેમની પાસે નાણાં નથી. અમે તે સારી રીતે જાણતાં હતાં. એક પાળકના ભરણપોષણની જવાબદારી ઉપાડવામાં પણ તેઓ કેટલો મોટો ભોગ આપતા હતા તેની અમને જાણ હતી.

"આપ ક્રિશ્ચિયન ફિલ્મોમાં અમારા મિશનરી થશો," એક વયોવૃદ્ધ માણસે અકીતોશીને કહ્યું. "અમે અમારી પ્રાર્થનાઓમાં આપને ધરી રાખીશું."

અમે 'ફિલ્મ દ્વારા ધર્મસેવા'માં જોડાવાનું નક્કી કર્યું તે પહેલાં, કેન એન્ડરસને વિયેટનામમાં તૈયાર થતી ફિલ્મ 'The Peacemakers'માં રેકોર્ડિંગ ટેક્નિશિયન તરીકે કામ કરવા પોતાની સાથે જવાનું સૂચવ્યું.

"એન્ડી, અમે તેમને તે માટે કશો પગાર આપી શકીશું નહિ," તેમણે કહ્યું. ધ્વનિ સાથે સંકળાયેલ તંત્રજ્ઞ (sound man) માટે બજેટમાં કશી વ્યવસ્થા નથી, પરંતુ અમે તમને આવવાજવાનો અને અન્ય ખર્ચ આપી શકીશું."

અકીતોશી એક મહિનો બહારગામ રહ્યા. ફિલ્મનિર્માણની તેમની તાલીમ શરૂ થઈ ગઈ હતી.

જ્યારે 'યોનેકો' ફિલ્મના શૂટિંગનો આરંભ થયો, ત્યારે અમે ચર્ચ(ખ્રિસ્તી મંડળી)માંથી રાજીનામું આપી દીધું, અને ઓકીનાવા છોડ્યું. એ અમારા જીવનના સૌથી દુઃખી દિવસોમાંનો એક દિવસ હતો.

લોકોને સાંત્વન આપતાં અને તેમનું રુદન અટકાવવા માટે અમે

કહ્યું, "અમે ફરી પાછાં આવીશું." પણ દરેક વ્યક્તિ જાણતી હતી કે પહેલાં જેવું હતું તેવું તો ક્યારે પણ થશે જ નહિ.

જ્યારે ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ ગયું અને માત્ર એડિટિંગનું કામ બાકી રહ્યું ત્યારે 'યોનેકો' ફિલ્મના પ્રચાર માટે, અને ફિલ્મનિર્માણના કાર્યમાં વધુ વિશાળ બનાવવા અમેરિકા જવાનું અમને ગમશે કે કેમ તે અંગે એન્ડરસને અમને પૂછ્યું.

મને આમ તો જાપાનમાં રહેવાનું ગમ્યું હોત, પણ આ વખતે મને સંપૂર્ણપણે સમજાઈ ગયું હતું કે આ સમસ્ત યોજનામાં ઈશ્વરનો હાથ હતો. તેથી ફરી એક વાર એક નવા સ્થાનમાં એક નવા પ્રકારની ધર્મસેવા કરવા માટે અમે પ્રસ્થાન કર્યું. ઈશ્વરે જેને માટે અમને તૈયાર કર્યાં હતાં તે કાર્યમાં જોડાવા અમે જઈ રહ્યાં હતાં. હવે આ અમારું સેવાકાર્ય હતું - જાપાનમાં ખ્રિસ્તી ફિલ્મો તૈયાર કરવી.

અમને થોડા જ સમયમાં સમજાઈ ગયું કે અમે કલ્પ્યું હતું તે કરતાં ઘણા મોટા પ્રમાણમાં 'યોનેકો' ફિલ્મ વ્યાપક સેવાકાર્ય કરવાની હતી. જાપાનમાં ખાસ કરીને યુવાનવર્ગમાં આત્મહત્યાની સમસ્યા ખૂબ મોટી છે. ત્યાં 'યોનેકો'ને સુંદર આવકાર મળ્યો. જે મારા જેવો જ માર્ગ અપનાવવાનો વિચાર કરતાં હતાં તેવાં નિરાશ અને દુઃખી યુવકયુવતીઓને ફિલ્મ જોઈને જીવન જીવવાનું નવું બળ પ્રાપ્ત થયું, એક નવી પ્રેરણા મળી. ભૂખ્યાં હૃદયો તૃપ્ત થયાં, એ રીતે ઘણા આત્માઓને બચાવી શકાયા.

અમેરિકામાં આ ફિલ્મ દર્શાવાઈ ત્યારે તેનો પ્રતિભાવ જોઈને અમારાં હૃદયોમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ. સામાન્યતઃ પહેલાં અમે પરદા પર ફિલ્મ બતાવતા, પછી હું મારી વાત કહેતી, અને અકીતોશી તેનો અનુવાદ કરતા. અમે ઘણાંને બચાવ પામતા જોયા અને સેંકડો નવા અમેરિકનોને મિત્રો બનાવ્યા.

હવે અમે જાપાન પાછાંફર્યાં છીએ. અકીતોશી 'ઇન્ટરનેશનલ ફિલ્મ્સ'માં કામ કરે છે. અમે વિશ્વાસપૂર્વક આશા રાખીને ભવિષ્ય પ્રતિ નિહાળીએ છીએ, અને જાણીએ છીએ કે પરમેશ્વરની ક્ષિતિજો ઘણી ઘણી

વિશાળ છે., અને તે અમારી પાસેથી આથી પણ વધુ મહત્ત્વપૂર્ણ સેવા લઈ શકે છે. મને સર્વનાશમાંથી બચાવી અને કોમળતાથી મારો હાથ પકડી તે જ મને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પ્રતિ દોરી ગયા અને ત્યાર પછી સંપૂર્ણ સમર્પિતતાનું જીવન ગાળવા મને પ્રેરી તે માટે હું તેમની ખૂબ ખૂબ આભારી છું.

મારા જીવનમાં ઘણી આપત્તિઓ આવી તેમ છતાં, મારી પુત્રીઓએ મને કદી પણ રડતાં જોઈ નથી. જો તે રાતે શિંજુકુ રેલવે સ્ટેશને ચાલતી ગાડી સામે મેં પડતું નાખ્યું ન હોત, તો સંભવતઃ હું મારા ઉદ્ધાર માટે મુક્તિદાતા ખ્રિસ્ત પર વિશ્વાસ મૂકવાથી વંચિત રહી જાત.

આ જ કારણથી હું મારા નામને અનુરૂપ મહિલા બની શકી છું. ઈશ્વર અને તેમની અપાર કરુણા, પ્રેમ, જાગરૂક માર્ગદર્શન અને સંભાળને કારણે હું યોનેકો (બની શકી) છું - ડાંગરની દીકરી - પ્રસન્નતાની પુત્રી.

*****

2BGY2

GUJARAT CHRISTIAN LITERATURE BOARD · 1852

ગુજરાત ટ્રેક્ટ ઍન્ડ બુક સોસાયટી · ૧૮૫૪

GCBS